સપ્તતિકા કર્મગ્રંથ



સંપાદક : પં. રસિકલાલ શાંતિલાલ મહેતા

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વ સાહૂણં
એસો પંચ નમુક્કારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં.

પૂજ્યપાદ સુવિશાલગચ્છાધિપતિ આ. ભ. શ્રી વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજા તથા પૂ. પ્રવચન પ્રભાવક આ. ભ. શ્રી વિજય ગુણશીલસૂરીશ્વરજી મ. સા. ના સદુપદેશથી શ્રી દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર અને પૌષધશાળા અમદાવાદના જ્ઞાનદ્રવ્યમાંથી આ પુસ્તક પ્રકાશિત થયું છે.

જ્ઞાનદ્રવ્યમાંથી આ પુસ્તક પ્રકાશિત થયું હોવાથી શ્રાવકવર્ગે ઉચિત મૂલ્ય– જ્ઞાન દ્રવ્યમાં જમા કરાવી પુસ્તક વાંચવા વિનંતિ.

સપ્તતિકા કર્મગ્રંથ

: પ્રેરણા :

પ્રવચન પ્રભાવક પૂ. આચાર્ય દેવ
શ્રીમદ્ વિજય **ગુણશીલસૂરીશ્વરજી** મ. સા.

: સંપાદક :

પં. રસિકલાલ શાંતિલાલ મહેતા (સુઈગામવાળા)

: આર્થિક સહકાર :

શ્રી દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર અને પૌષધશાળા ટ્રસ્ટ
ટંકશાળ પાસે, કાલુપુર રોડ,
અમદાવાદ – ૩૮૦૦૦૧.

: પ્રકાશક :

આત્મશ્રેય ચેરીટિબલ ટ્રસ્ટ
ઉમેશચંદ્ર ભોગીલાલ શાહ
C/o. એચ. ભોગીલાલ એન્ડ કંપની
દુકાન નં. k. ૭/૮, નવમી ગલી,
મંગલદાસ માર્કેટ, મુંબઈ–૪૦૦ ૦૦૨.

સપ્તતિકા કર્મગ્રંથ :-

(છઠ્ઠા કર્મગ્રંથનું સુંદર સરલ વિવેચન)

કિંમત રૂા. ૧૦૦/-

દ્વિતીય સંસ્કરણ :-

વિ. સં. ૨૦૬૨

પ્રાપ્તિ સ્થાન :-

(૧) ઉમેશચન્દ્ર ભોગીલાલ શાહ
એચ.ભોગીલાલ એન્ડ કંપની
દુકાન નં. k. ૭/૮, નવમી ગલી,
મંગલદાસ માર્કેટ,
મુંબઈ-૪૦૦ ૦૦૨.

(૨) પં. રસિકલાલ શાંતિલાલ મહેતા
૩૦૧, કુમુદચન્દ કૃપા,
હિન્દુ મિલન મંદિર સામે,
સોની ફળિયા,
સુરત-૩૯૫ ૦૦૩.

(૩) શ્રી લક્ષ્મીશ્રીજી ધર્મારાધન નિકેતન ટ્રસ્ટ
૧૦, દશાપોરવાડ સોસાયટી,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

(૪) શ્રી દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર
ટંકશાળ પાસે, કાલુપુર રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

પ્રકાશક :-

આત્મ શ્રેય ચેરીટેબલ ટ્રસ્ટ

મુંબઈ-૪૦૦ ૦૦૨.

મુદ્રક :-

જયંત પ્રિન્ટરી

૩૫૨/૫૪, ગીરગામ રોડ, મુરલીધર મંદિર કમ્પાઉન્ડ, ઠાકુરદ્વાર,
મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન : ૨૨૦૫ ૭૧૭૧

સંપાદકીય નિવેદન...

અનાદિ અનંત સંસારના સ્વરૂપને બતાવનાર વીતરાગ ભગવંતોએ જીવોની ભિન્ન-ભિન્ન અવસ્થાનું કારણ કર્મ કહ્યું છે. આ કર્મને જુદા જુદા દર્શનકારો ઈશ્વરની ઈચ્છા, પ્રારબ્ધ, વાસના, નસીબ આદિ શબ્દો રૂપે બતાવે છે.

આ કર્મનું વર્ણન જૈન દર્શનના આગમ ગ્રંથોમાં ઘણું વિસ્તૃત સ્વરૂપે છે અને તે આગમ ગ્રંથોમાંથી ઉધ્ધરીને પૂર્વાચાર્યોએ કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ, કર્મગ્રંથ, લોકપ્રકાશ આદિમાં બાલજીવોને સમજાવી શકાય તે રીતે વર્ણવ્યું છે.

આ જ રીતે ચંદ્રર્ષિ મહત્તરાચાર્યે બીજા અગ્રાયણી પૂર્વમાંથી ઉધ્ધરીને બંધ-ઉદય અને સત્તા વિષે તેના સ્થાનો, ભાંગા તેમજ બંધસ્થાનક ઉપર ઉદયસ્થાનક અને ઉદયસ્થાનક ઉપર સત્તાસ્થાનો ઘટાવવા પૂર્વક **સપ્તતિકા** ગ્રંથ રૂપે રચના કરી છે.

જૈન દર્શનના આ ગ્રંથોનો અભ્યાસ પૂ. ગુરુ ભગવંતોની નિશ્રામાં જિજ્ઞાસુઓ-મુમુક્ષુઓ કરે છે. તેમજ ભારતભરમાં અજોડ શતાધિક વર્ષથી ચાલતી શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં પણ કર્મસાહિત્યનું ઊંડાણથી અભ્યાસ કરાવવા સાથે સંસ્કૃત-પ્રાકૃત ભાષાનું પણ જ્ઞાન કરાવી સારા વિદ્વાનો તૈયાર કરે છે. બીજી પણ કેટલીક સંસ્થાઓ તત્ત્વજ્ઞાનના અભ્યાસ માટે સક્રિય પ્રયત્ન કરી રહી છે તે અનુમોદનીય છે.

મેં મહેસાણા શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં અભ્યાસ કર્યો. ત્યારબાદ ત્યાં જ અભ્યાસ કરાવ્યો. ત્યારબાદ અમદાવાદ શ્રી સરસ્વતીબેન દલપતભાઈ જૈન પાઠશાળામાં અને શ્રી જૈન વિદ્યાશાળા વિગેરે સંસ્થાઓમાં કર્મગ્રંથાદિનો અભ્યાસ કરાવવાનો યોગ મળ્યો.

કર્મના વિષયમાં દેવેન્દ્રસૂરિ મહારાજે પાંચ કર્મગ્રંથ બનાવ્યા. તે પાંચ કર્મગ્રંથનો અભ્યાસ કર્યા પછી જ આ સપ્તતિકાનો અભ્યાસ કરવો સરળ પડે છે તેથી સપ્તતિકા કર્મગ્રંથને **છઠ્ઠો કર્મગ્રંથ** કહેવાય છે અને તે નામ જ વધારે પ્રચલિત છે.

આ ગ્રંથનો વારંવાર અભ્યાસ કરાવતાં વધારે વિસ્તારથી સમજાવવા પ્રયત્ન કર્યો. પ્રથમ મોહનીય કર્મના સંવેધમાં બંધસ્થાનકના બંધભાંગા ઉપર દરેક ઉદયસ્થાનક અને ઉદયભાંગા અને તેના ઉપર જુદા જુદા સત્તાસ્થાનો ઘટાવ્યાં. જુદા જુદા સમકિતમાં શ્રેણીમાં વેદ આશ્રયી દરેકના ઉદયભાંગા ઉપર પણ સત્તાસ્થાનો ઘટાવ્યાં.

તે રીતે નામકર્મમાં પણ દરેક બંધસ્થાનકના જુદા જુદા જીવ પ્રાયોગ્ય બંધભાંગા ઉપર જુદા જુદા ઉદયસ્થાનકો, ઉદયભાંગા અને ઉદયભાંગા ઉપર સત્તાસ્થાનો ઘટાવ્યાં.

આ નામકર્મનો સંવેધ તે વખતે અભ્યાસ કરતાં પૂ. આ. ભ. કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાવર્તી પૂ. ચંદ્રલત્તાશ્રીજી મ. ના શિષ્યા પૂ. જ્યોતિમાલાશ્રીજીના શિષ્યા પૂ. સા. જિનદર્શિતાશ્રીજી મ. એ વિસ્તારથી લખ્યો.

ત્યારબાદ વિ. સં. ૨૦૫૧ ના ચાતુર્માસમાં પૂજ્યપાદ પરમ શાસન પ્રભાવક વ્યાખ્યાન-વાચસ્પતિ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના સમુદાયવર્તી પ્રવર્તિની પૂ. સાધ્વીજી શ્રી લક્ષ્મીશ્રીજી મ. ના સુશિષ્યા પૂ. સાધ્વીજી શ્રી નિર્મમાશ્રીજી મ., પૂ. સા. શ્રી ઈન્દુરેખાશ્રીજી મ. આદિ ચાતુર્માસ હતા ત્યારે તેમના સાધ્વીજી ભગવંતોને આઠે કર્મનો સંવેધ ઉદયભાંગા ઉપર સત્તાસ્થાન ઘટાવવા પૂર્વક તેમજ જીવસ્થાનક અને ગુણસ્થાનક ઉપર પણ જુદા જુદા બંધસ્થાનકના બંધભાંગાનો ઉદયસ્થાન ઉદયભાંગા અને તેના ઉપર સત્તાસ્થાન ઘટાવવાપૂર્વક સંવેધ કરાવ્યો અને તે સંવેધ વિસ્તારથી પૂ. સાધ્વીજી શ્રી દિવ્યગિરાશ્રીજી મ. સા. એ લખ્યો.

આમ વિસ્તારથી સંવેધ લખ્યા પછી બાસઠ માર્ગણામાં પણ બંધસ્થાનક ઉપર ઉદયસ્થાન અને સત્તાસ્થાનનો સંવેધ કરાવ્યો અને તે પણ બાસઠ માર્ગણા ઉપર વિસ્તૃત તે સંવેધ પૂ. સા. શ્રી દિવ્યગિરાશ્રીજીએ લખ્યો. આ રીતે આ વિસ્તારથી લખાણ તૈયાર કરવામાં ભણનારાં પૂ. સાધ્વીજી ભગવંતોના અથાગ પ્રયત્ન કારણભૂત છે.

આ લખાણ તૈયાર થયા પછી પછીના વર્ષે પૂ. બાપજી મ. ના સમુદાયના પૂ. સા. શ્રી ભાવવર્ધનાશ્રીજી મ. આદિ તેમજ પૂ. સા. શ્રી સર્વોદયાશ્રીજી મ. ના સાધ્વીજી ભગવંતો પૂ. સા. લાવણ્યશ્રીજી (સરકારી ઉપાશ્રયવાળા) મ. સા. ના સા. શ્રી કાશ્મીરાશ્રીજી મ. ના શિષ્યાઓ વિગેરેને ભણાવતી વખતે લખાણમાં જ્યાં જણાય ત્યાં ઉદયભાંગા ઉપર વધારે સ્પષ્ટતા પૂર્વક સત્તાસ્થાનો ઘટાવ્યાં. આ લખાણ પૂ. સા. ભાવવર્ધનાશ્રીજી મ. આદિએ ફરી પ્રેસકોપી જેવું લખી આપ્યું.

આ ગ્રંથ પ્રકાશિત કરતાં પૂર્વે આ વિષયના પ્રખર વિદ્વાન કર્મ સાહિત્યના અજોડ સર્જક પૂ. આ. ભ. વીરશેખર સૂરીશ્વરજી મ. સા. ને વાંચવા મોકલ્યું. પૂજ્યશ્રી અતિ વ્યસ્ત હોવા છતાં પણ સમય આપી સંપૂર્ણ લખાણ તપાસી સુધારા-વધારા સૂચવ્યાં. તે મુજબ આ લખાણ તૈયાર થયું. પૂ. આચાર્ય ભગવંત આ વિષયના અજોડ અભ્યાસુ હોવાથી ઘણી જગ્યાએ નવું પણ જાણવા મળ્યું, તે બદલ પૂજ્યશ્રીનો ખૂબ ઋણી છું.

તેમજ કર્મપ્રકૃતિ આદિ ગ્રંથના ઊંડા ચિંતક પૂ. પં. અભયશેખર વિ. ગણિ પાસેથી પણ ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિનું લખાણ તૈયાર કરવામાં ઘણું જાણવા મળ્યું છે. તે બદલ પૂજ્યશ્રીનો પણ આભારી છું.

પૂ. સા. મ. પુષ્પલત્તાશ્રીજી મ. તથા પૂ. પુષ્પદન્તાશ્રીજી મ. સાહેબે પ્રુફ રિડીંગમાં ઘણી સહાય કરી છે. તેથી તેઓશ્રીને પણ વંદના સાથે યાદ કરું છું.

વળી કર્મગ્રંથ કર્મપ્રકૃતિના ચિંતક વ્યાકરણાચાર્ય પં. માણેકલાલભાઈએ પણ આ મેટર વાંચી આપેલ છે અને યોગ્ય સ્થાને સુધારા પણ સૂચવ્યા છે. તેમજ મારા વડીલબંધુ પં. વર્ય ધીરૂભાઈનું પણ કેટલુંક માર્ગદર્શન મળ્યું છે. તેથી તેઓના પણ સહકારને આ સ્થળે યાદ કરું છું.

આ સપ્તતિકા ગ્રંથ છપાવતી વખતે કોઈ શાસ્ત્રીય ભૂલ ન રહી જાય તેથી ચાલુ પ્રુફ વખતે કેટલુક કેટલુક મેટર પં. રતિલાલ ચીમનલાલ, પં. ચન્દ્રકાન્ત સંઘવી, પં. વસંતલાલ નરોત્તમદાસ પાસે વંચાવેલ.

તેમજ ઉપશમશ્રેણી અને ક્ષપક શ્રેણીનું લખાણ વયોવૃદ્ધ પં. વર્ય છબીલદાસ ભાઈએ તેમની તબીયતની અનુકૂળતા ન હોવા છતાં વાંચી યોગ્ય સુધારા સૂચવેલ છે. તે બદલ તે સર્વ પંડિતવર્યોને કૃતજ્ઞભાવે યાદ કરું છું.

આ ગ્રંથનું વિસ્તૃત લખાણ તૈયાર કરવામાં સપ્તતિકા ગ્રંથ (મહેસાણા પાઠશાળા) સપ્તતિકાભાષ્ય (હર્ષ પુષ્પામૃત ગ્રંથમાળા) સપ્તતિચૂર્ણી, કમ્મપયડી ભા.૧/૨ આદિ ગ્રંથોની સહાય મળી છે. તેથી એ સર્વે પ્રકાશક સંસ્થાનો આભારી છું.

આ ગ્રંથ પ્રકાશિત કરવા અંગે પૂજ્યપાદ જૈન શાસનના મહાન જ્યોતિર્ધર, તપગચ્છ શિરોમણિ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના પરમ તપસ્વી શિષ્યરત્ન વૈરાગ્યનિધિ પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રશીલ વિજયજી ગણિવરના વિદ્વાન શિષ્યરત્ન વાત્સલ્યનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણશીલસૂરીશ્વરજી મ. સા. ની પ્રેરણા મળી અને તેઓશ્રીના સદુપદેશથી આત્મશ્રેય પ્રકાશન સંસ્થાએ આ ગ્રંથ પ્રકાશિત કરવાનું નક્કી કર્યું. તે બદલ પૂજ્યશ્રીનો તથા સંસ્થાનો હું આભારી છું.

અંતમાં આ મેટર તૈયાર કરવામાં જે જે અધ્યયન કરનારા પૂ. સાધ્વીજી ભગવંતોએ ચિંતનમાં સહાયતા કરી છે, જે બધાના નામોનો ઉલ્લેખ કરી શકાયો નથી તે સર્વેનો હું આભાર માનું છું. પ્રાંતે આ ગ્રંથ શીઘ્રતાથી પ્રકાશિત થાય તે માટે વારંવાર પ્રેરણા આપનાર પૂ. સા. શ્રી નિર્મમાશ્રીજી તથા પૂ. સા. શ્રી ઈન્દુરેખાશ્રીજી મ. નો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરવા સાથે વિરમું છું.

અભ્યાસુ વર્ગને લખાણમાં જ્યાં ક્ષતિ દેખાય ત્યાં ધ્યાન દોરવા અવશ્ય ભલામણ.

૩૦૧, કુમુદચન્દ્ર કૃપા,
સોની ફળીયા.
હિન્દુ મિલન મંદિર સામે.

ભવદીય
રસિકલાલ શાન્તિલાલ મહેતા
(સુઈગામવાળા) સુરત.

પ્રકાશકીય ...

સપ્તતિકા...કર્મગ્રંથ... ખૂબ જ જટિલ છે. ગહન વિષય છે. કર્મના સૂક્ષ્મ પદાર્થોનું ગહન ચિંતન છે.

અમારા પરમ ઉપકારી ગુરુદેવ પૂજ્યપાદ તપાગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના સમુદાયવર્તિની પ્રવર્તિની પૂ. સાધ્વીજી શ્રી જયાશ્રીજી મ. ના નિશ્રાવર્તિની પૂ. સા. શ્રી નિર્મમાશ્રીજી મ. ના શિષ્યા, પૂ. સા. શ્રી ઈન્દુરેખાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી દિવ્યગિરાશ્રીજી વિ. સં. ૨૦૫૧ ના સુરતના ચાતુર્માસમાં પંડિતજી રસિકભાઈ પાસે કર્મગ્રંથનો સુંદર અભ્યાસ કરતા હતા... !

એ કર્મગ્રંથ વિષયક સુંદર લખાણ એમણે તૈયાર કરેલું, ત્યારે જ અમે પ્રકાશિત કરવાની ભાવના વ્યક્ત કરેલી. આજે આ ગ્રંથ પંડિતજી રસિકભાઈ શાંતિલાલ મહેતાના વિદ્વત્તાપૂર્વકના સંપાદન તળે.

પ્રવચન પ્રભાવક પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય ગુણશીલસૂરીશ્વરજી મ. સા. ના સદુપદેશથી અમારી સંસ્થા પ્રકાશિત કરી રહી છે તે અમારા માટે ગૌરવની વાત છે.

પ્રસ્તુત ગ્રંથમાં ઉદાર હાથે સહાય કરનારા સંઘો આદિ ભાગ્યશાળીઓનો અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથને સુંદર, સુરેખ બનાવવા જયંત પ્રિન્ટરીના માલિક શ્રી છોટુભાઈએ સુંદર મહેનત કરી છે તે બદલ તેઓના પણ આભારી છીએ.

પ્રાંતે કર્મ વિષયક સાહિત્યનું ચિંતન-મનન કરી આપણે સૌ શીઘ્રતાથી કર્મરહિત બનીએ એ જ મનોકામના.

લિ. ઉમેશચન્દ્ર ભોગીલાલ શાહ

(દ્વિતિયાવૃત્તિ પ્રસંગે)

અમારા ટ્રસ્ટ તરફથી વિ. સં. ૨૦૫૬માં પ્રકાશિત થયેલ સપ્તતિકા કર્મગ્રંથની-નકલો-અલભ્ય થઈ જતા સુવિશાલગચ્છાધિપતિ પૂ. પા. આ. ભ. શ્રી વિજય હેમભૂષણસૂરીશ્વરજી મ. સા., પૂ. આ. ભ. શ્રી વિજય ગુણશીલ સૂ. મ. સા. ના સદુપદેશથી શ્રી દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર અને પૌષધશાળા અમદાવાદના જ્ઞાનદ્રવ્યના અપૂર્વ આર્થિક સહયોગના કારણે આ પુસ્તકની દ્વિતિયાવૃત્તિ પ્રકાશિત કરીએ છીએ..

લિ. પ્રકાશક

પ્રાસંગિક...

સપ્તતિકા નામનો આ કર્મગ્રંથ પૂ. શ્રી ચન્દ્રર્ષિમહત્તરાચાર્યશ્રી રચિત છે અને પ્રથમના પાંચ કર્મગ્રંથો પૂ. દેવેન્દ્રસૂરીશ્વરજી રચિત છે. આ છઠ્ઠા કર્મગ્રંથમાં આઠ મૂલકર્મોના તથા એકેક કર્મના બંધસ્થાનક, ઉદયસ્થાનક અને સત્તાસ્થાનકના સંવેધભાંગાનું સુંદર વર્ણન છે. સામાન્યપણે તથા ચૌદ જીવસ્થાનક, ચૌદ ગુણસ્થાનક અને બાસઠ માર્ગણા ઉપર આ સંવેધભાંગાનું વિવરણ કર્મ સંબંધી બીજી ઘણી સૂક્ષ્મ માહિતીનો પ્રકાશ આપનાર છે.

''કર્મગ્રંથોનો અભ્યાસ'' એ જૈનદર્શનમાં પાયાનો અભ્યાસ છે. છઠ્ઠા કર્મગ્રંથ ઉપર મુખ્યત્વે મહેસાણા પાઠશાળાથી પ્રકાશિત વિવેચન અત્યારે વધુ આધારભૂત છે. છતાં વર્ષો પૂર્વેનું આ લખાણ હોવાથી અતિશય સંક્ષિપ્ત છે અને તેને વધુ વિસ્તૃત કરવાની અતિશય આવશ્યકતા હતી.

પંડિતવર્ય શ્રી રસિકભાઈ છેલ્લા ૫૦/૫૫ વર્ષોથી પૂ. સાધુ-સાધ્વીજી મહારાજશ્રીઓને ભણાવે છે. કર્મગ્રંથના વિષયો તેઓશ્રીએ વારંવાર ભણાવ્યા છે, જેથી તે વિષયમાં તેઓનો અત્યન્ત બહોળો અનુભવ છે. તેઓની ધારણાશક્તિ, ચિંતનશક્તિ અને પૂર્વાપર અવિરોધપણે સંકલન કરવાની શક્તિ સારી છે. તેઓની પાસે અભ્યાસ કરતાં પૂ. સાધ્વીજી મહારાજશ્રીઓએ યથાયોગ્ય આ કાચુ લખાણ કરેલું. ત્યારબાદ આ લખાણને વ્યવસ્થિત કરી પ્રકાશિત કરવાથી અભ્યાસક વર્ગને બહુ લાભ થશે. એમ વિચારી **પંડિતવર્ય શ્રી રસિકભાઈ**એ પોતાનો અમુલ્ય સમય કાઢીને આ લખાણ વ્યવસ્થિત પાકુ તૈયાર કર્યું તથા કર્મગ્રંથના અનુભવી વિદ્વાનોને બતાવી યથાયોગ્ય સુધારા-વધારા કરી સુંદર લખાણ તૈયાર કર્યું.

બંધસ્થાનકના એક એક ભાંગા ઉપર ઉદયસ્થાનકના પ્રત્યેક ભાંગા વાર સત્તાસ્થાનો જણાવીને તેઓએ જૈન શાસનના અભ્યાસકવર્ગનો ઘણો જ ઉપકાર કર્યો છે. ભાંગે ભાંગે સત્તાસ્થાનો સમજાવવાં અને તે પાછ બાસઠ માર્ગણાઓ ઉપર શોધી કાઢવાં એ અતિશય ઉંડા અભ્યાસ વિના શક્ય નથી. ઘણા વર્ષોથી છઠ્ઠા કર્મગ્રંથ ઉપર આવા વિશિષ્ટ, સ્પષ્ટ, સરળ અને સૂક્ષ્મ વિવેચનની ઘણી જ જરૂર હતી, જે **શ્રી રસિકભાઈ**એ આ જરૂરિયાત પૂરી પાડી છે. તેથી તેઓ ઘણા જ ધન્યવાદને પાત્ર છે. આવા વિષયો લખવામાં પૂર્વાપર ઘણા ગ્રંથો વાંચવા પડે છે, પાઠો મેળવવા પડે છે, કેટલીક યુક્તિઓ જોડવી પડે છે. આ બધી પૂર્ણતા આ ગ્રંથમાં પ્રાયઃ છે.

અન્તે આ ગ્રંથ જૈન સમાજમાં વધારે ને વધારે ભણાતો રહે કે જેથી લેખકની મહેનત વધુ સફળતાને પામે.

લિ. **ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**

બે બોલ...

ષષ્ટ કર્મગ્રંથ એ ભિન્ન-ભિન્ન ગતિ આદિમાં કર્મના બંધ ઉદય અને સત્તાનું સ્પષ્ટીકરણ કરતો એક લગભગ બે હજાર વર્ષથી પણ પુરાતન પ્રાચીન ગ્રન્થ છે. એનું ભાંગાઓનું ગણિત એટલું અટપટું છે કે જેથી એવી કહેણી પ્રચલિત બની છે કે - 'મોહનીય મુંઝાવે' 'નામ નચાવે'.

વિદ્વદ્વર્ય પં. શ્રી રસિકભાઈએ પૂ. સાધ્વીજી મ. સાહેબને અધ્યયન કરાવતાં નોટો બનાવરાવીને અટપટા ગણિતને સ્પષ્ટ કરવા સારો પ્રકાશ પાથર્યો છે.

અનુપયોગાદિના કારણે આ વિષયમાં કંઈ સ્ખલનાઓ થઈ હોય તો તેનું પરિમાર્જન કરવા આ વિષયના સ્વાધ્યાયપ્રેમીઓની પાસે તેનું સંશોધન કરાવીને નોટોને પુસ્તક સ્વરૂપ આપવા પ્રયત્ન કર્યો છે.

આ સંબંધી કેટલાક ભાગનું મેં પણ નિરીક્ષણ કર્યું છે. પંડિતજીનો આ પ્રયત્ન ખરેખર તેના અભ્યાસીઓને સુંદર માર્ગદર્શન આપનારો બનશે એવી મારી ધારણા છે.

અધ્યાપક **રતિલાલ ચીમનલાલ દોશી**

મારું કંઈક ...

મહર્ષિ ચન્દ્રમહત્તરાચાર્યકૃત સપ્તતિકા (છઠ્ઠો) કર્મગ્રંથ કે જેમાં અનેક પ્રકારના બંધ ઉદય અને સત્તાના સંવેધને લગતા અનેકવિધ ભાંગાઓ ભરપૂર આ મહાનગ્રંથ છે. જેના વિવરણો જુદી જુદી રીતે જુદા જુદા લેખકો તરફથી બહાર પડેલાં છે.

તે આ મહાગ્રંથને બાળ જીવોને સારી રીતે સમજવા માટે તે બધા બહાર પડેલા ગ્રંથોની દૃષ્ટિએ વિશેષ સંસ્કરણ કરવા પૂર્વક **પં. રસિકભાઈએ** અથાક્ પ્રયત્ન કર્યો છે અને બહુ સારી રીતે સમજાણમાં આવી જાય એવી શૈલી રાખીને આ ગ્રંથને ખૂબ સારી રીતે પુષ્ટ કરવામાં આવ્યો છે. જેથી આ ગ્રંથ વિદ્વદ્ભોગ્ય રહ્યો છે. એટલું નહી પણ બાળભોગ્ય પણ બની શકશે તે માટે પં. શ્રી રસિકભાઈને ખૂબ-ખૂબ અભિનંદન ઘટે છે.

છબીલદાસભાઈ કેશરીચંદ સંઘવી
સુરત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

સપ્તતિકા છઠ્ઠા કર્મગ્રંથના સંપાદન પ્રસંગે અભિપ્રાય

પંડિત શ્રી રસિકલાલ શાન્તિલાલ મહેતાએ સપ્તતિકા છઠ્ઠા કર્મગ્રંથના સંપાદનમાં બંધ ઉદય સત્તાના સંવેધનું, સંવેધના ભાંગાઓનું વિસ્તૃત વિવેચન કરી અભ્યાસક વર્ગની ઘણા સમયની જરૂરિયાત પૂરી કરવા પ્રયત્નો કરેલ છે તેમ જાણાય છે.

પંડિત શ્રી રસિકલાલભાઈએ ઘણા વર્ષો સુધી પૂ. સાધુ-સાધ્વીજી મ. સાહેબોને કર્મગ્રંથોનો અભ્યાસ કરાવેલ છે. તેથી તેમના અનુભવ અભ્યાસક વર્ગને આ ગ્રંથના જ્ઞાનમાં રસ જાગૃત થાય તેમજ કર્મ સાહિત્યના બીજા ગ્રંથોના અભ્યાસમાં આગળ વધે તે આશયથી કરાયેલો આ પ્રયાસ પ્રશંસનીય છે.

આ કર્મગ્રંથના જ્ઞાનથી અનાદિકાલથી સંસારમાં કર્મબન્ધમાં ફસાયેલા જીવો કર્મના સ્વરૂપની વિચારણા આધ્યાત્મિક વિકાસ માટે પ્રયત્નો કરી સમ્યક્ત્વ પ્રાપ્ત કરી ક્ષપક શ્રેણી આરંભી મોક્ષ પ્રાપ્તિ કરવા સમર્થ બને તેવી આશા રાખીએ છીએ.

આ સપ્તતિકા છઠા કર્મગ્રંથના સંપાદનમાં જીવસ્થાનક, ગુણસ્થાનક અને માર્ગણા સ્થાનોના બંધ ઉદય સત્તાનો સંવેધ પદચોવીસી ઉદય ભાંગા વિગેરે વિસ્તારથી સ્પષ્ટ કરી અભ્યાસક વર્ગ સપ્તતિકા સંગ્રહ વિગેરે ગ્રંથોના અભ્યાસ માટે તત્પર બને તેવા પ્રયત્નો કરેલ છે.

મેં આ ગ્રંથનું જે મેટર વાંચેલ છે તેમાં અભ્યાસક વર્ગની જીજ્ઞાસા સંતોષવા કરેલ પ્રયત્નો ઉપશમશ્રેણી, ક્ષપકશ્રેણીના વિવેચનમાં કરેલ પ્રયત્ન ઘણો જ પ્રશંસનીય છે.

કર્મ સાહિત્યના બીજા ગ્રંથો તેમજ અભ્યાસક વર્ગને ઉપયોગી બીજા સાહિત્યનું સંપાદન માટે પ્રયત્નો કરવા આશા રાખું છું.

શાસન દેવને પ્રાર્થના કરું છું કે અભ્યાસ વર્ગ આ ગ્રંથના અભ્યાસ દ્વારા કર્મ સાહિત્યનું જ્ઞાન પ્રાપ્ત કરી અધ્યાત્મિક વિકાસ કરવા સમર્થ બને તેવી અભિલાષા રાખું છું.

પં. રત્નસાગર એપાર્ટમેન્ટ,
ગોપીપુરા કાજીનું મેદાન,
સુરત.

શ્રી માણેકલાલ હરગોવનદાસ સોનેજી
ગરાંબડીવાળા
સાહિત્ય શાસ્ત્રી, ડી. બી. એડ.

આ પુસ્તક વિશે કેટલાક અભિપ્રાયો – સમાલોચના

ધર્મશ્રધ્ધાસંપન્ન સુશ્રાવક પં.રસિકભાઈ,

સપ્તતિકા પુસ્તક જોયું. મહેનત પ્રશંસનીય છે. ભાંગાના ગણિતને સરળ બનાવવા ઘણો પ્રયત્ન કર્યો છે. કેટલીક વાતો વિચારણીય છે. તે અંગે વિચારી યોગ્ય કરશો એ જ

અભયશેખરસૂરિના ધર્મલાભ

શ્રાધ્ધવર્ય શ્રુતાનુરાગી પંડિતવર્ય રસિકભાઈ,

તમારી મોકલેલ સપ્તતિકા કર્મગ્રંથ મળેલ છે. તેમાં અધ્યાપન કરાવતાં જો અશુધ્ધિ જણાશે તો જણાવીશું. અધ્યયન માટે ખૂબ ઉપયોગી થશે. અભ્યાસીને સરળ પડે તેવું છે.

પં. મુક્તિચન્દ્રવિજય
ગણિ મુનિચન્દ્રવિજયના ધર્મલાભ

તપોવનમાં સંસ્કૃત પાઠશાળા ચાલે છે. તેમાં ૩૨ બાળકો ભણે છે. તેમાં છઠ્ઠા કર્મગ્રંથથી તમારું પુસ્તક ખૂબ જ અનુકૂળ અને સરળ છે.

છઠ્ઠો કર્મગ્રંથ તમારા પુસ્તકના આધારે ભણાવ્યો હતો. પદાર્થોની છણાવટના કારણે પુસ્તક બહુ પ્રિય લાગ્યું હતું. ભણનારને પણ સરળ પડે તેવું લખાણ છે.

હાલ પાંચમાં કર્મગ્રંથનો પાઠ ચાલુ છે, તેથી તમારો પણ જોઈ શકાશે.

મુનિ જિતરક્ષિત વિજયના ધર્મલાભ

પાટણથી પં. ચન્દ્રકાન્તભાઈએ સપ્તતિકાના બાસઠીયાનું મેટર વાંચવા મળ્યું ,વાંચ્યું. ઘણો રસ પડ્યો. ખૂબ સુંદર મહેનતથી તૈયાર કર્યું છે. આ સાથે એક કાગળ મૂકેલ છે તેમાં ઉમેરવા લાયક નિયમો લખ્યા છે. જે ઉમેરવા યોગ્ય લાગે તો આપ જોશો. સદ્‌ભાગ્યે આગળનું મેટર પણ વાંચવા મળ્યું.

આપનો પ્રયત્ન ખૂબ પ્રશસ્ય છે. આપની અપૂર્વજ્ઞાનભક્તિ શીઘ્ર કેવલજ્ઞાન સંસૂચક છે.

પુણ્યદન્તાશ્રીજીના ધર્મલાભ

અનુક્રમણિકા

(૧)	મંગલાચરણ-મૂળકર્મનો સંવેધ-બંધાદિ	૧૧ થી ૧૪
(૨)	જ્ઞાનાવરણીય-અંતરાય-દર્શનાવરણીય સંવેધ	૧૫ થી ૧૭
(૩)	ગોત્ર-વેદનીય-આયુષ્યનો સંવેધ	૧૮ થી ૨૧
(૪)	મોહનીયકર્મના બંધાદિ અને સંવેધ	૨૨ થી ૩૯
(૫)	નામકર્મના બંધસ્થાનકાદિ તથા બંધભાંગા	૪૦ થી ૪૯
(૬)	નામકર્મના ઉદયસ્થાન-ભાંગા-સત્તાસ્થાન	૫૦ થી ૬૯
(૭)	નામર્કનો સંવેધ	૭૦ થી ૧૧૫
(૮)	જીવસ્થાનકમાં જ્ઞાના૰ દર્શ૰ અંત૰	૧૧૬ થી ૧૧૭
(૯)	જીવસ્થાનકમાં વેદનીય-આયુષ્ય-ગોત્ર	૧૧૮ થી ૧૨૧
(૧૦)	જીવસ્થાનકમાં મોહનીય કર્મ સંવેધ	૧૨૨ થી ૧૨૪
(૧૧)	જીવસ્થાનકમાં નામકર્મનો સંવેધ	૧૨૫ થી ૧૪૫
(૧૨)	ગુણસ્થાનકમાં જ્ઞાના૰ અંત૰ દર્શનાવરણીય	૧૪૬ થી ૧૪૮
(૧૩)	ગુણસ્થાનકમાં વેદનીય-ગોત્ર-આયુષ્ય	૧૪૯ થી ૧૫૪
(૧૪)	ગુણસ્થાનકમાં મોહનીયના બંધાદિ અને સંવેધ	૧૫૫ થી ૧૬૪
(૧૫)	ગુણસ્થાનકમાં યોગ-ઉપયોગ-લેશ્યા ગુણિત સંવેધ	૧૬૫ થી ૧૮૦
(૧૬)	ગુણસ્થાનકમાં નામકર્મના બંધાદિ અને સંવેધ	૧૮૧ થી ૨૨૪
(૧૭)	માર્ગણામાં મૂળકર્મના બંધાદિ અને સંવેધ	૨૨૫ થી ૨૨૮
(૧૮)	માર્ગણામાં જ્ઞાના૰ અંત૰ દર્શનાવરણીય	૨૨૯ થી ૨૩૮
(૧૯)	માર્ગણામાં વેદનીયકર્મના સંવેધભાંગા	૨૩૯ થી ૨૪૨
(૨૦)	માર્ગણામાં આયુષ્યકર્મના સંવેધભાંગા	૨૪૩ થી ૨૫૦
(૨૧)	માર્ગણામાં ગોત્રકર્મના સંવેધભાંગા	૨૫૧ થી ૨૫૭
(૨૨)	માર્ગણામાં મૂળ છકર્મનું ચંત્ર	૨૫૮ થી ૨૬૦
(૨૩)	માર્ગણામાં મોહનીયકર્મના સંવેધ	૨૬૧ થી ૨૮૩
(૨૪)	માર્ગણામાં નામકર્મનો સંવેધ	૨૮૪ થી ૪૨૦
(૨૫)	ગુણસ્થાનકમાં પ્રકૃતિબંધ	૪૨૧ થી ૪૨૨
(૨૬)	ઉપશમશ્રેણી	૪૨૩ થી ૪૪૪
(૨૭)	ક્ષપકશ્રેણી	૪૪૫ થી ૪૬૦

श्री शंखेश्वर पार्श्वनाथाय नमः
श्री महावीर स्वामिने नमः
श्री गौतम स्वामिने नमः

महर्षि श्री चंद्रमहत्तराचार्यकृत (षष्ठ)

सप्ततिका कर्मग्रंथ

मंगल अने अभिधेय

सिध्धपएहिं महत्थं, बंधोदयसंतपयडिठाणाणं ।
वुच्छं सुण संखेवं, नीसंदं दिट्ठिवायस्स ॥१॥

गाथार्थ : सिध्ध थया छे पदो जेने विषे एवा ग्रंथो वडे बंध, उदय अने सत्तानी प्रकृतिओना स्थानो रूप महान अर्थवाळा, दृष्टिवाद सूत्रना ઝરણારૂપ संक्षेपने हुं कहीश ते तमे सांभळो ॥ १ ॥

आ ग्रंथनी ७० गाथा होवाथी तेनुं नाम सप्ततिका कर्मग्रंथ छे.

आ कर्मग्रंथ **दृष्टिवाद** नामना १२मां अंगना निःस्यंद (ઝરણા) रूप छे. ते दृष्टिवादमां पांच विभाग छे. १ परिकर्म, २ सूत्र, ३ प्रथमानुयोग, ४ पूर्वगत अने ५ चूलिका, तेमां **पूर्वगत** नामना चोथा भागमां चौद पूर्व छे. तेमां **अग्रायणी** नामना बीजा पूर्वनी चौदवस्तु छे. तेमां पांचमी वस्तुनां वीश प्राभृत छे. तेमां चोथा **कर्मप्राभृत** नामना प्राभृतमां २४ अनुयोग द्वार छे. तेमां त्रीजा बंधोदयसत्ताना अनुयोग द्वारनो संक्षेप आ ग्रंथमां छे. माटे तेने दृष्टिवादना ઝરણા रूप कह्यो छे. तेथी आ ग्रंथ शास्त्रनुं मूळ अने सर्वज्ञवचन-वाक्य छे तेम जाणवुं.

कइ बंधंतो वेअइ, कइ-कइ वा संत पयडि ठाणाणि ।
मूलुत्तर पगईसुं, भंगविगप्पा मुणेअव्वा ॥२॥

गाथार्थ :(जीव) केटली प्रकृतिओ बांधतो होय त्यारे केटली प्रकृतिओ भोगवे छे अने केटली बांधतो होय, केटली उदयमां होय त्यारे केटली प्रकृतिओ सत्तामां होय, तेना मूळ अने उत्तर प्रकृतिने विशे भांगाना विकल्पो जाणवा योग्य छे. ॥ २॥

बंधमां उदय अने बंध अने उदयमां सत्ता घटाववी-समजाववी ते संवेध कहेवाय छे.

મૂળ – પ્રકૃતિનો બંધોદય સત્તા સંવેધ

अट्ठविह सत्त छ बंधएसु, अट्ठेव उदय संतंसा ।
एगविहे तिविगप्पो, एग विगप्पो अबंधंमि ॥ ३॥

ગાથાર્થ : આઠ, સાત અને છ ના બંધને વિશે આઠનો ઉદય અને આઠની સત્તા હોય છે. એકના બંધને વિશે ત્રાણ ભાંગા અને બંધના અભાવમાં એક વિકલ્પ છે. ॥ ૩ ॥

આ ગાથામાં મૂળ કર્મનો બંધ-ઉદય અને સત્તાનો સંવેધ કહેલ છે તે બંધ સ્થાનક વિગેરે આ પ્રમાણે છે.

મૂળ કર્મના બંધસ્થાનાદિ
મૂળપ્રકૃતિનાં

બંધસ્થાન :- ૪ (ચાર) ૮નું, ૭નું, ૬નું, ૧નું
ઉદયસ્થાન :- ૩ (ત્રાણ) ૮નું, ૭નું, ૪નું
સત્તાસ્થાન :- ૩ (ત્રાણ) ૮નું, ૭નું, ૪નું

મૂળપ્રકૃતિના સંવેધભાંગા ૭ છે

	બંધ	ઉદય	સત્તા	ગુણ.	કાળ	
					જ.	ઉ.
(૧)	૮	૮	૮	૧ થી ૭ (૩જા વિના)	અંત.	અંત.
(૨)	૭	૮	૮	૧ થી ૯	અંત.	*
(૩)	૬	૮	૮	૧૦ મે	એક સમય	અંત.
(૪)	૧	૭	૮	૧૧ મે	”	”
(૫)	૧	૭	૭	૧૨ મે	અંત.	અંત.
(૬)	૧	૪	૪	૧૩ મે	”	દેશોન પૂર્વકોડ વર્ષ
(૭)	૦	૪	૪	૧૪ મે	અંત.	અંત.

* અંતર્મુહુર્ત ન્યૂન પૂર્વકોડના ત્રીજા ભાગ સહિત છ માસ ન્યૂન ૩૩ સાગરોપમ.

જીવસ્થાનને વિશે મૂળપ્રકૃતિના સંવેધ ભાંગા

सत्तट्ठबंध अट्ठुदय-संत तेरससु जीवठाणेसु ।
एगंमि पंच भंगा, दो भंगा हुंति केवलिणो ॥ ४॥

ગાથાર્થ : તેર જીવભેદને વિશે સાતનો બંધ, આઠનો ઉદય, આઠની સત્તા અને આઠનો બંધ,

આઠનો ઉદય, આઠની સત્તા હોય અને એક સંજ્ઞી પર્યાપ્તા જીવભેદને વિશે પાંચ ભાંગા હોય અને કેવલીને વિશે બે ભાંગા હોય ॥૪॥

આ ગાથામાં જીવસ્થાનને વિશે મૂળપ્રકૃતિના સંવેધ ભાંગા કહેલા છે તે આ પ્રમાણે :

અહીં કેવલીને સંજ્ઞીથી અલગ કહેવાનું કારણ કેવલીને દ્રવ્યમન છે તેથી અસંજ્ઞી નથી અને ભાવ મન નથી તેથી સંજ્ઞી પણ નથી તેથી કેવલી **નો સંજ્ઞી-નો અસંજ્ઞી** કહેવાય છે. માટે કેવલીના ભાંગાનો સમાવેશ સંજ્ઞીમાં કર્યો નથી.

જીવસ્થાનને વિશે મૂળપ્રકૃતિના સંવેધ ભાંગા

જીવસ્થાન	કુલ ભાંગા	બંધ	ઉદય	સત્તા	ક્યારે હોય ?
૧ થી ૧૩	૨	(૧)૮	૮	૮	આયુ:બંધ કાળે
જીવભેદને		(૨)૭	૮	૮	આયુર્બંધકાળ વિના હંમેશ
સજ્ઞી પર્યાપ્તાને	૫	(૧)૮	૮	૮	આયુર્બંધકાળે
		(૨)૭	૮	૮	આયુર્બંધકાળ વિના શેષકાળે
		(૩)૬	૮	૮	સૂક્ષ્મસંપરાયે
		(૪)૧	૭	૮	ઉપશાંત મોહે
		(૫)૧	૭	૭	ક્ષીણમોહે
કેવલીને	૨	(૧)૧	૪	૪	સયોગિ કેવલીને
		(૨)૦	૪	૪	અયોગિ કેવલીને

ગુણસ્થાનને વિશે મૂળ પ્રકૃતિના ભાંગા

अट्ठसु एगविगप्पो, छस्सुवि गुणसन्निएसु दुविगप्पा ।
पत्तेअं पत्तेअं, बंधोदय संतकम्माणं ॥५॥

ગાથાર્થ : આઠ ગુણસ્થાનકે દરેક વિષે એક ભાંગો છ ગુણસ્થાનકે દરેકને વિષે બે વિકલ્પો બંધ, ઉદય, સત્તાપ્રકૃતિ સ્થાનોના સંવેધ ભાંગા જાણવા ॥ ૫ ॥

આ ગાથાને વિશે મૂળપ્રકૃતિના સંવેધ ભાંગા ગુણસ્થાનોને વિશે જણાવ્યા છે. ૧ થી ૭ ગુણ૦ (ત્રીજા વિના) માં બે સંવેધભાંગા અને ૩જા તથા ૮ થી ૧૪ સુધી દરેક ગુણ૦માં એક એક ભાંગા હોય.

ગુણસ્થાનને વિશે મૂળપ્રકૃતિના સંવેધ ભાંગા

ગુણસ્થાન	કુલ ભાંગા	બંધ	ઉદય	સત્તા	
૧	૨	(૧)૮	૮	૮	આયુઃબંધ કાળે
		(૨)૭	૮	૮	આયુઃબંધ કાળ વિના
૨	૨	(૧)૮	૮	૮	આયુઃબંધ કાળ વિના
		(૨)૭	૮	૮	
૩	૧	(૧)૭	૮	૮	અહીં આયુષ્ય ન બંધાય
૪	૨	(૧)૮	૮	૮	આયુઃબંધ કાલે
		(૨)૭	૮	૮	આયુઃબંધ કાળ વિના
૫	૨	(૧)૮	૮	૮	આયુઃબંધ કાળ વિના
		(૨)૭	૮	૮	
૬	૨	(૧)૮	૮	૮	આયુઃબંધ કાળ વિના
		(૨)૭	૮	૮	
૭	૨	(૧)૮	૮	૮	છઠ્ઠા ગુણ૦થી આયુઃબંધ
		(૨)૭	૮	૮	કરતો આવે તો
૮	૧	(૧)૭	૮	૮	
૯	૧	(૧)૭	૮	૮	
૧૦	૧	(૧)૬	૮	૮	
૧૧	૧	(૧)૧	૭	૮	
૧૨	૧	(૧)૧	૭	૭	
૧૩	૧	(૧)૧	૪	૪	
૧૪	૧	(૧)૦	૪	૪	

મૂળ પ્રકૃતિના બંધોદય સત્તા સંવેધ ભાંગા

ભાંગા નં.	બંધ	ઉદય	સત્તા	જીવભેદ	ગુણસ્થાને	કાળ
૧	૮	૮	૮	૧૪	૧,૨,૪,૫,૬,૭	જઘ.અંત.ઉત્કૃ.અંત.
૨	૭	૮	૮	૧૪	૧ થી ૯ ગુણઠાણે	જઘ.અંત.ઉત્કૃ.અંત. ન્યૂન પૂર્વકોડ વર્ષના ત્રીજા ભાગ સહિત ૬ માસ ન્યૂન ૩૩ સાગ.

ભાંગા નં.	બંધ	ઉદય	સત્તા	જીવભેદ	ગુણસ્થાને	કાળ
૩	૬	૮	૮	સંજ્ઞી પર્યાપ્તા	૧૦મે	જઘ.૧સમય,ઉત્કૃ.અંત.
૪	૧	૭	૮	સંજ્ઞી પર્યાપ્તા	૧૧મે	જઘ.૧સમય,ઉત્કૃ.અંત.
૫	૧	૭	૭	સંજ્ઞી પર્યાપ્તા	૧૨મે	જઘ.અંત.,ઉત્કૃ.અંત.
૬	૧	૪	૪	કેવલી	૧૩મે	જઘ.અંત.ઉત્કૃ.દેશોન પૂર્વકોડ વર્ષ
૭	૦	૪	૪	કેવલી	૧૪મે	પાંચ હ્રસ્વાક્ષર ઉચ્ચાર પ્રમાણ (અંતર્મુહૂર્ત)

આ પ્રમાણે મૂળ પ્રકૃતિના સંવેધભાંગા સામાન્યથી, જીવસ્થાનને વિશે અને ગુણસ્થાનને વિશે કહ્યાં.

આઠ મૂળ કર્મની ઉત્તર પ્રકૃતિની સંખ્યા

पंचनवदुन्निअट्ठा-वीसा चउरो तहेव बायाला ।
दुन्नि अ पंच य भणिया, पयडिओ आणुपुव्वीए ॥ ६॥

ગાથાર્થ : પાંચ, નવ, બે, અઠ્ઠાવીસ, ચાર, બેંતાલીસ, બે અને પાંચ અનુક્રમે જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મની પ્રકૃતિઓ છે ॥૬॥

હવે ઉત્તર પ્રકૃતિને વિશે સંવેધ બતાવવો છે તેથી આ ગાથામાં આઠ કર્મની ઉત્તર પ્રકૃતિની સંખ્યા અનુક્રમે કહી છે.

ઉત્તર પ્રકૃતિને વિશે બંધોદયસત્તા સંવેધ

बंधोदयसंतंसा, नाणावरणंतराइए पंच।
बंधोवरमेवि उदय, संतंसा हुंति पंचेव ॥७॥

ગાથાર્થ : જ્ઞાના૦ અને અંતરાય કર્મને વિશે બંધ, ઉદય અને સત્તા પાંચ પ્રકૃતિની સાથે છે અને બંધ અટકે છતે ઉદય અને સત્તામાં પાંચ પ્રકૃતિઓ હોય છે.॥ ૭ ॥

જ્ઞાના૦ અને અંતરાય બન્નેના સંવેધ ભાંગા વિ. સમાન છે, તેથી તે બન્નેનો સંવેધ આ ગાથામાં સાથે બતાવ્યો છે.

કર્મ		
જ્ઞાનાવરણીય અંતરાય	બંધસ્થાનક	એક-પાંચ પ્રકૃતિનું ૧ થી ૧૦ ગુણ
	ઉદયસ્થાનક	એક-પાંચ પ્રકૃતિનું ૧ થી ૧૨ ગુણ
	સત્તાસ્થાનક	એક-પાંચ પ્રકૃતિનું ૧ થી ૧૨ ગુણ

જ્ઞાના૦ અને અંતરાયના સંવેધ ભાંગા કુલ ૨ છે

	બંધ	ઉદય	સત્તા	ગુણઠાણે	કાળ
(૧)	૫	૫	૫	૧ થી ૧૦	અનાદિ અનંત
(૨)	૦	૫	૫	૧૧/૧૨	અનાદિ સાન્ત સાદિ સાન્ત જ-એક સમય ઉ. સંત૦

દર્શનાવરણના સંવેધ ભાંગા

बंधस्स य संतस्स य, पगइट्ठाणाइ तिण्णि तुल्लाइं।
उदयठाणाईं दुवे, चउ पणगं दंसणावरणे ॥८॥

ગાથાર્થ : દર્શના૦ કર્મના બંધસ્થાન અને સત્તાસ્થાન નવ, છ, ચાર એમ ત્રણ સરખા છે અને ઉદયસ્થાન ચાર તથા પાંચ પ્રકૃતિના એમ બે છે.॥ ૮ ॥

બંધસ્થાનક ગુણ. કાળ

(૧) ૯નું ૧ થી ૨ અભવ્યઃ-અનાદિઅનંત, ભવ્યઃ-અનાદિસાંત,પતિતઃ-સાદિસાંત
(પતિતને આશ્રયી જ૰ધ.અંત.ઉત્કૃ.દેશોન અર્ધ પુદ્ગલ પરા.કાળ)

(૨) ૬નું ૩થી૮/૧ સુધી જ૰ધ.અંત.ઉત્કૃ.સાધિક ૧૩૨ સાગરોપમ

(૩) ૪નું ૮/૨થી ૧૦ સુધી જ૰ધ. ૧ સમય, ઉત્કૃ.અંત.

ઉદયસ્થાનક ગુણસ્થાન

(૧) ૪નું ૧ થી ૧૨

(૨) *૫નું ૧ થી ૧૧
ક્ષપકને નિદ્રાનો ઉદય માનીએ તો ૧ થી ૧૨/દ્વિચરમ સમય સુધી

	સત્તાસ્થાનક	**ગુણસ્થાન**	**કાળ**
(૧)	૯નું	ક્ષપકને ૧થી૯/૧ ભાગ ઉપ. ૧ થી ૧૧	અભવ્યઃ-અનાદિ અનંત, ભવ્યઃ- અનાદિ સાંત
(૨)	૬નું	ક્ષપકને ૯/૨ થી ૧૨/દ્વિ.	ચરમ સમય સુધી જ૰ધ.અંત.ઉત્કૃ.અંત.
(૩)	૪નું	૧૨માના ચરમ સમયે	જ૰ધ. ૧ સમય. ઉત્કૃ. ૧ સમય

* ૧ થી ૬ ગુણ૦ સુધી ૫ના ઉદયના પેટા ભાંગા-૫ અને ૭ થી ૧૧ ગુણ સુધી ૫ના ઉદયના પેટા ભાંગા-૨

बीआवरणे नवबंधएसुं, चउपंचउदय नवसंता।
छच्चउबंधे चेवं, चउबंधुदए छलंसा य ॥९॥

उवरयबंधे चउपण, नवंस चउरुदय छच्चचउ संता ।
वेअणिआउयगोए, विभज्ज मोहं परं वुच्छं ॥१०॥

ગાથાર્થ : દર્શના૦ કર્મને વિશે નવના બંધમાં ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા હોય છે. એ પ્રમાણે છ અને ચારના બંધને વિશે પણ છે. અને ચારના બંધમાં ચારનો ઉદય અને છની સત્તા પણ હોય છે. ॥૯॥

ગાથાર્થ : બંધના અભાવમાં ચાર અથવા પાંચનો ઉદય નવની સત્તા છે તથા ચારનો ઉદય છ અથવા ચારની સત્તા હોય છે. વેદનીય, આયુ, ગોત્રના ભાંગા કહીને મોહનીયના ભાંગા કહીશું. ॥૧૦॥

નિદ્રા અધ્રુવોદયી છે તેથી જ્યારે નિદ્રાનો ઉદય હોય ત્યારે પાંચનો ઉદય અને શેષકાળે ચારનો ઉદય હોય છે.

સપ્ત્તિચૂર્ણિકાર વિગેરે કેટલાક આચાર્યો ક્ષપક શ્રેણીવાળા અતિવિશુધ્ધ હોવાથી તેઓને નિદ્રાનો ઉદય માનતા નથી. (જૂઓ સપ્ત્તિચૂર્ણિ ગા-૮ તથા કર્મપ્રકૃતિ ઉદી. ગા.-૧૮) તે અપેક્ષાએ દર્શનાવરણના ૧૧ સંવેધ ભાંગા થાય અને કર્મસ્તવે. ૧૨. ગુણ૦ સુધી નિદ્રાનો ઉદય માન્યો છે તે અપેક્ષાએ દર્શનાવરણના ૧૩ સંવેધભાંગા થાય.

મતાંતરે પાંચ નિદ્રાને આશ્રયી પેટા ભાંગા ૨૫ થાય અને કર્મસ્તવના મતે પેટા ભાંગા ૨૧ થાય.

દર્શનાવરણીય પછી વેદનીય અને વેદનીય પછી જો કે મોહનીય આવે તો પણ આયુષ્ય અને ગોત્ર કર્મના થોડા ભાંગા છે તેથી પહેલા તેને કહીને મોહનીય કર્મના ઘણા ભાંગા હોવાથી તેને પછી કહેશે.

દર્શનાવરણના સંવેધ ભાંગા ૧૩ (મતાંતર સહિત) છે.

	બંધ	ઉદય	સત્તા	નિદ્રાને આશ્રયી પેટા ભાંગા	ગુણસ્થાનક
(૧)	૯	૪	૯	૧	૧/૨
(૨)	૯	૫	૯	૫	૧/૨
(૩)	૬	૪	૯	૧	૩/૪/૫/૬/૭/૮ માના પ્રથમ ભાગ સુધી

□ થિણદ્ધિ ત્રિકનો ઉદયવિચ્છેદ દ્રઢા ગુણઠાણે થાય છે. તેથી ૭-૮ ગુણ૦માં નિદ્રાના ઉદયના બે વિકલ્પ ઘટે.

(૪)	૬	૫	૯	૫□	૩/૪/૫/૬/૭/૮ માના પ્રથમ ભાગ સુધી
	બંધ	ઉદય	સત્તા	નિદ્રાને આશ્રયી પેટા ભાંગા	ગુણસ્થાનક
(૫)	૪	૪	૯	૧ ૦	૮માના બીજા ભાગથી ૧૦ મા સુધી
(૬)	૪	૫	૯	૨ ૦	૮માના બીજા ભાગથી ૧૦મા સુધી
(૭)	૪	૪	૬	૧	૯/૨થી ૧૦ સુધી ક્ષપક શ્રેણીમાં
(૮)	૪	૫	૬	૨ (મતાંતરે)	૯/૨થી ૯-૧૦ ગુ૰ ક્ષપક શ્રેણીમાં
(૯)	૦	૪	૯	૧	૧૧- ઉપશમ શ્રેણીમાં
(૧૦)	૦	૫	૯	૨	૧૧- ઉપ.શ્રેણીમાં
(૧૧)	૦	૪	૬	૧	૧૨મે દ્વિચરમ સમય સુધી
(૧૨)	૦	૫	૬	૨ (મતાંતરે)	૧૨મે દ્વિચરમ સમય સુધી
(૧૩)	૦	૪	૪	૧	૧૨માના ચરમ સમયે
				૨૫ (મતાંતર સહિત)	

ગોત્ર, વેદનીય અને આયુઃ કર્મના સંવેધ ભાંગા

गोअंमि सत्त भंगा, अट्ठ य भंगा हवंति वेअणिए ।
पण नव नव पण भंगा, आउ चउक्के वि कमसो उ ॥११॥

ગાથાર્થ : ગોત્ર કર્મને વિશે સાત ભાંગા અને વેદનીય કર્મના આઠ ભાંગા હોય છે. ચારે ગતિને વિશે અનુક્રમે આયુષ્યના પાંચ, નવ, નવ અને પાંચ કુલ આ ૨૮ ભાંગા છે. ॥૧૧॥

ગોત્ર કર્મ બંધમાં પરાવર્તમાન હોવાથી સમકાળે એકનો જ બંધ ઘટે.
ગોત્ર કર્મ ઉદયમાં પરાવર્તમાન હોવાથી સમકાળે એકનો જ ઉદય ઘટે.

તેઉ વાયુમાં ઉચ્ચગોત્રને ઉવેલ્યા બાદ અને તેઉ વાઉમાંથી એકે. વિકલે. પંચે તિર્યંચમાં જાય ત્યાં શરીર પર્યાપ્તિએ પર્યાપ્ત ન થાય ત્યાં સુધી ઉચ્ચ ગોત્રની સત્તા ન હોય તેમજ અયોગી કેવલીને ચરમ સમયે એક ઉચ્ચ ગોત્રની જ સત્તા હોય છે. આ બે અવસ્થા સિવાય દરેક અવસ્થાએ બન્ને

૦ આ વિકલ્પો ઉપ૦ શ્રેણી કરનારને ૮/૨ થી ૧૦ ગુણ૦ સુધી ઘટે. ક્ષપકને તો ૯મા ગુણ૦ ના ૧લા ભાગ સુધી ઘટે, તેનાથી આગળ છની સત્તા ઘટે.

ગોત્રકર્મની સત્તા હોય છે.

કર્મ	બંધસ્થાન	ઉદયસ્થાન	સત્તાસ્થાન
ગોત્ર	૧(એક)	૧(એક)	૨(બે)
	કોઈપણ એક પ્રકૃતિનું	કોઈપણ એક પ્રકૃતિનું	૨નું
	નીચનો બંધ-અસંખ્યકાળ	ઉચ્ચનો બંધ ૧૩૨ સાગ૦	૧નું (નીચ-૧લે-ઉચ્ચ-૧૪મે)

વેદનીય કર્મ પણ બંધ અને ઉદય બન્નેમાં પરાવર્તમાન હોવાથી સમકાળે બંધ અને ઉદય એકનો ૯૪ ઘટે તથા અયોગીને ચરમ સમયે કોઈપણ એક વેદનીય સત્તામાં હોવાથી ત્યારે એકનું અને શેષકાળે ૨ પ્રકૃતિનું સત્તાસ્થાન ઘટે.

કર્મ	બંધસ્થાન	ઉદયસ્થાન	સત્તાસ્થાન
વેદનીય	૧(એક)	૧(એક)	૨(બે)
	કોઈપણ એક પ્રકૃતિનું	કોઈપણ એક પ્રકૃતિનું	૨નું (સાતા અને અસાતા)તથા
			૧નું (સાતા અથવા અસાતા)
			૧૪ માના ચરમ સમયે

આયુષ્ય કર્મ પણ બંધ, ઉદય બન્નેમાં એક વખતે એક હોવાથી બંધ અને ઉદય એક ૯૪ આયુષ્યનો ઘટે અને પરભવનું આયુષ્ય ન બાંધ્યું હોય ત્યાં સુધી એક અને પરભવના આયુ. નો બંધ કર્યો હોય ત્યારે બે આયુષ્ય સત્તામાં હોય છે.

કર્મ	બંધસ્થાન	ઉદયસ્થાન	સત્તાસ્થાન
આયુષ્ય	૧(એક)	૧(એક)	૨(બે)
	કોઈપણ એક આયુ.બાંધે	કોઈપણ એક આયુ.ઉદયમાં હોય	૨નું (ભવાંતરનું બાંધ્યું હોય ત્યારે)
			૧નું (ભવાંતરનું ન બાંધ્યું હોય ત્યારે)

ગોત્ર કર્મનો સંવેધ ભાંગા ૭ છે

ભાંગા	બંધ	ઉદય	સત્તા	ગુણસ્થાનક	કોને
૧	નીચ	નીચ	નીચ	૧લું	તિર્યંચ
૨	નીચ	નીચ	નીચ,ઉચ્ચ	૧/૨	મનુષ્ય, નારક

ભાંગા	બંધ	ઉદય	સત્તા	ગુણસ્થાનક	કોને
૩	નીચ	ઉચ્ચ	નીચ,ઉચ્ચ	૧/૨	મનુષ્ય, દેવને
૪	ઉચ્ચ	નીચ	નીચ,ઉચ્ચ	૧ થી ૫*	મનુષ્ય, તિર્યંચ, નારક
૫	ઉચ્ચ	ઉચ્ચ	નીચ,ઉચ્ચ	૧ થી ૧૦	મનુષ્ય-દેવ
૬	૦	ઉચ્ચ	નીચ,ઉચ્ચ	૧૧ થી ૧૪માના દ્વિચરમ સમય સુધી, મનુષ્યને	
૭	૦	ઉચ્ચ	ઉચ્ચ	૧૪માના ચરમ સમયે-મનુષ્યને	

* કેટલાકના મતે મનુષ્યને દેશવિરતિમાં ઉચ્ચ ગોત્રનો ૯ ઉદય હોય.

વેદનીય કર્મના સંવેધ ભાંગા ૮ છે

ભાંગા	બંધ	ઉદય	સત્તા	ગુણ ઠાણે
૧	અશાતા	અશાતા	અશાતા, શાતા	૧ થી ૬
૨	અશાતા	શાતા	અશાતા, શાતા	૧ થી ૬
૩	શાતા	અશાતા	અશાતા, શાતા	૧ થી ૧૩
૪	શાતા	શાતા	અશાતા, શાતા	૧ થી ૧૩
૫	૦	અશાતા	અશાતા, શાતા	૧૪ મે (દ્વિચરમ સમય સુધી)
૬	૦	શાતા	અશાતા, શાતા	૧૪ મે (દ્વિચરમ સમય સુધી)
૭	૦	અશાતા	અશાતા	૧૪માના ચરમ સમયે સામાન્ય કેવલીને
૮	૦	શાતા	શાતા	૧૪માના ચરમ સમયે તીર્થંકરને તથા સામા.કેવલીને

આયુષ્ય કર્મના કુલ સંવેધ ભાંગા ૨૮ છે.

નરક ગતિને વિશે આયુષ્ય કર્મના સંવેધ ભાંગા ૫ છે.

ભાંગા	બંધ	ઉદય	સત્તા	કયા ગુણઠાણે	ક્યારે
૧	૦	નરક	નરક	૧ થી ૪	બંધકાળ પૂર્વે
૨	તિર્યંચ	નરક	નરક,તિર્યંચ	૧/૨	બંધકાળે
૩	મનુષ્ય	નરક	નરક,મનુષ્ય	૧/૨/૪	બંધકાળે
૪	૦	નરક	નરક,તિર્યંચ	૧ થી ૪	બંધકાળ પછી
૫	૦	નરક	નરક,મનુષ્ય	૧ થી ૪	બંધકાળ પછી

તિર્યંચ ગતિને વિશે આયુષ્ય કર્મના સંવેધભાંગા ૯ છે

ભાંગા	બંધ	ઉદય	સત્તા	કયા ગુણસ્થાને	ક્યારે
૧	૦	તિર્યંચ	તિર્યંચ	૧ થી ૫	બંધકાળ પૂર્વે
૨	નરક	તિર્યંચ	તિર્યંચ, નરક	૧લા	બંધકાળે
૩	તિર્યંચ	તિર્યંચ	તિર્યંચ,તિર્યંચ	૧/૨	બંધકાળે
૪	મનુષ્ય	તિર્યંચ	તિર્યંચ, મનુષ્ય	૧ /૨	બંધકાળે
૫	દેવ	તિર્યંચ	તિર્યંચ,દેવ	૧/૨/૪/૫	બંધકાળે
૬	૦	તિર્યંચ	તિર્યંચ,નરક	૧ થી ૫	બંધકાળ પછી
૭	૦	તિર્યંચ,	તિર્યંચ, તિર્યંચ	૧થી ૫	બંધકાળ પછી
૮	૦	તિર્યંચ	તિર્યંચ,મનુષ્ય	૧ થી ૫	બંધકાળ પછી
૯	૦	તિર્યંચ	તિર્યંચ,દેવ	૧ થી ૫	બંધકાળ પછી

મનુષ્ય ગતિને વિશે આયુષ્ય કર્મના સંવેધભાંગા ૯ છે

ભાંગા	બંધ	ઉદય	સત્તા	કયા ગુણઠાણે	ક્યારે
૧	૦	મનુષ્ય	મનુષ્ય	૧ થી ૧૪	બંધકાળ પૂર્વે
૨	નરક	મનુષ્ય	મનુષ્ય, નરક	૧લા	બંધકાળે
૩	તિર્યંચ	મનુષ્ય	મનુષ્ય,તિર્યંચ	૧/૨	બંધકાળે
૪	મનુષ્ય	મનુષ્ય	મનુષ્ય,મનુષ્ય	૧ /૨	બંધકાળે
૫	દેવ	મનુષ્ય	મનુષ્ય,દેવ	૧ થી ૭ (૩જા વિના)	બંધકાળે
૬	૦	મનુષ્ય	મનુષ્ય,નરક	૧ થી ૭	બંધકાળ પછી
૭	૦	મનુષ્ય	મનુષ્ય, તિર્યંચ	૧થી ૭	બંધકાળ પછી
૮	૦	મનુષ્ય	મનુષ્ય, મનુષ્ય	૧ થી ૭	બંધકાળ પછી
૯	૦	મનુષ્ય	મનુષ્ય, દેવ	૧ થી ૧૧	બંધકાળ પછી

દેવ ગતિને વિશે આયુષ્ય કર્મના સંવેધભાંગા ૫ છે

ભાંગા	બંધ	ઉદય	સત્તા	કયા ગુણસ્થાને	ક્યારે
૧	૦	દેવ	દેવ	૧ થી ૪	બંધકાળ પૂર્વે
૨	તિર્યંચ	દેવ	દેવ, તિર્યંચ	૧/૨	બંધકાળે
૩	મનુષ્ય	દેવ	દેવ,મનુષ્ય	૧/૨/૪	બંધકાળે
૪	૦	દેવ	દેવ,તિર્યંચ	૧ થી ૪	બંધકાળ પછી
૫	૦	દેવ	દેવ, મનુષ્ય	૧ થી ૪	બંધકાળ પછી

નરકના ૫, તિર્યંચના ૯, મનુષ્યના ૯ અને દેવના ૫ એ પ્રમાણે આયુષ્ય કર્મના કુલ ૨૮ સંવેધ ભાંગા છે.

મોહનીય કર્મનાં ૧૦ બંધસ્થાન છે

बावीस इक्कवीसा, सत्तरस तेरसेव नव पंच ।
चउ तिग दुगं च इक्कं, बंधट्ठाणाणि मोहस्स ॥१२॥

ગાથાર્થ : બાવીસ, એકવીસ, સત્તર, તેર, નવ, પાંચ, ચાર, ત્રાણ, બે અને એક એમ કુલ મોહનીય કર્મના દશ બંધસ્થાન છે. ॥૧૨॥

પ્રકૃતિઓ						બંધસ્થાન
૧૬ કષાય	ભય,જુગુ.	હાસ્ય-રતિ અરતિ-શોક	બેમાંથી એક યુગલ	ત્રાણમાંથી એક વેદ મિથ્યાત્વ	=	૨૨
૧૬ કષાય	ભય,જુગુ.	હાસ્ય-રતિ અરતિ શોક	બેમાંથી એક યુગલ	સ્ત્રી.પુ. બેમાંથી એક વેદ	=	૨૧
અપ્રત્યાખ્યાનાદિ ૧૨ કષાય	ભય,જુગુ.	હાસ્ય-રતિ અરતિ-શોક	બેમાંથી એક યુગલ	પુરુષવેદ	=	૧૭
પ્રત્યાખ્યાનાદિ ૮કષાય	ભય,જુગુ.	હાસ્ય-રતિ અરતિ-શોક	બેમાંથી એક યુગલ	પુરુષવેદ	=	૧૩
સંજ્વલન ૪ કષાય	ભય.જુગુ.	હાસ્ય-રતિ અરતિ-શોક	બેમાંથી એક યુગલ	પુરુષવેદ	=	૯

સંજ્વલન ૪ કષાય	પુરુષવેદ	= ૫
સંજ્વલન ૪ કષાય		= ૪
સંજ્વલન માન માયા લોભ		= ૩
સંજ્વલન માયા લોભ		= ૨
સંજ્વલન લોભ		= ૧

મોહનીય કર્મના ૯ ઉદયસ્થાન છે

एगं व दो व चउरो, एत्तो एगाहिआ दसुक्कोसा।
ओहेण मोहणिज्जे, उदयट्ठाणाणि नव हुंति ॥१३॥

ગાથાર્થ :એક, બે, ચાર તેથી આગળ એક, એક પ્રકૃતિ અધિક કરતાં ઉત્કૃષ્ટ દશ સુધીના કુલ નવ ઉદયસ્થાનો સામાન્યથી મોહનીય કર્મને વિશે છે. ॥૧૩॥

પ્રકૃતિ				ઉદયસ્થાન
સંજ્વલન ૪ કષાયમાંથી ૧				= ૧
સંજ્વલન ૪ કષાયમાંથી ૧	કોઈ પણ એક વેદ			= ૨
સંજ્વલન ૪ કષાયમાંથી ૧	કોઈ પણ એક વેદ	એક યુગલ, હાસ્ય, રતિ અથવા અરતિ શોક		= ૪
સંજ્વલન ૪ કષાયમાંથી ૧	કોઈ પણ એક વેદ	એક યુગલ,	ભય	= ૫
સંજ્વલન ૪ કષાયમાંથી ૧	કોઈ પણ એક વેદ	એક યુગલ,	ભય જુગુ	= ૬
પ્રત્યાખ્યાનાદિ ૨ કષાય	કોઈ પણ એક વેદ	એક યુગલ,	ભય જુગુ	= ૭
અપ્રત્યાખ્યાનાદિ ૩ કષાય	કોઈ પણ એક વેદ	એક યુગલ,	ભય જુગુ	= ૮
અનંતાનુબંધી આદિ ૪ કષાય	કોઈ પણ એક વેદ	એક યુગલ,	ભય જુગુ	= ૯
અનંતાનુબંધી આદિ ૪ કષાય	કોઈ પણ એક વેદ	એક યુગલ,	ભય જુગુ મિથ્યા	= ૧૦

આ પ્રમાણે અહીં સામાન્યથી મોહનીયના ઉદયસ્થાનો કહ્યા છે. બીજી ઘણી રીતે નવ વિ. ઉદયસ્થાનો થાય છે. તે વિશેષથી આગળ સંવેધમાં કહેવાશે.

મોહનીય કર્મનો સત્તાસ્થાન

अट्ठय सत्त य छच्चउ, तिग दुग एगाहिआ भवे वीसा।
तेरस बारिक्कारस, इत्तो पंचाइ एगूणा ॥१४॥

संतस्स पयडिठाणाणि, ताणि मोहस्स हुंति पन्नरस।
बंधोदयसंते पुण, भंगविगप्पा बहु जाण ॥१५॥

ગાથાર્થ : ૨૮, ૨૭, ૨૬, ૨૪, ૨૩, ૨૨, ૨૧, ૧૩, ૧૨, ૧૧ પછી પાંચથી એક એક ન્યૂન કરતાં (એક સુધીના) કુલ મોહનીયના સત્તાસ્થાનો ૧૫ છે વળી બંધ, ઉદય અને સત્તાને વિષે ભાંગાના વિકલ્પો ઘણા થાય છે તેને તમો જાણો ॥૧૪-૧૫॥

મોહનીય કર્મનાં સત્તાસ્થાન

	પ્રકૃતિ			સત્તાસ્થાન
અનંતા. વિ. ૧૬ કષાય	હાસ્યાદિ-૬	૩ વેદ,	દર્શનત્રિક	= ૨૮
અનંતા. વિ. ૧૬ કષાય	હાસ્યાદિ-૬	૩ વેદ,	મિથ્યા. મિશ્ર	= ૨૭
અનંતા. વિ. ૧૬ કષાય	હાસ્યાદિ-૬	૩ વેદ,	મિથ્યા.	= ૨૬
અપ્રત્યા. વિ. ૧૨ કષાય	હાસ્યાદિ-૬	૩ વેદ,	દર્શનત્રિક	= ૨૪
અપ્રત્યા. વિ. ૧૨ કષાય	હાસ્યાદિ-૬	૩ વેદ,	સમ્ય૦ મિશ્ર.	= ૨૩
અપ્રત્યા. વિ. ૧૨ કષાય	હાસ્યાદિ-૬	૩ વેદ,	સમ્ય૦	= ૨૨
અપ્રત્યા. વિ. ૧૨ કષાય	હાસ્યાદિ-૬	૩ વેદ,	૦	= ૨૧
સંજ્વલન ૪ કષાય	હાસ્યાદિ-૬	૩ વેદ,		= ૧૩
સંજ્વલન ૪ કષાય	હાસ્યાદિ-૬	પુરુષવેદ, સ્ત્રીવેદ		= ૧૨
સંજ્વલન ૪ કષાય	હાસ્યાદિ-૬	પુરુષવેદ		= ૧૧
સંજ્વલન ૪ કષાય	૦	પુરુષવેદ		= ૫
સંજ્વલન ૪ કષાય		૦		= ૪
સંજ્વલન માન, માયા, લોભ				= ૩
સંજ્વલન માયા, લોભ				= ૨
સંજ્વલન લોભ				= ૧

મોહનીયના બંધસ્થાને ભાંગા

छब्बावीसे चउ इगवीसे, सत्तरस तेरसे दो दो।
नवबंधगे वि दुण्णि उ, इक्किकमओपरं भंगा ॥१६॥

ગાથાર્થ : બાવીસના બંધે છ, એકવીસના બંધે ચાર, સત્તર તથા તેરના બંધે બે બે અને નવના બંધે પણ બે, તેનાથી આગળ બંધસ્થાનના એક, એક બંધભાંગા છે. ॥૧૬॥

					सत्तास्थान
૨૨ બંધસ્થાનક	૨ યુગલ	×	૩ વેદ	=	૬ ભાંગા
૨૧ બંધસ્થાનક	૨ યુગલ	×	૨ વેદ	=	૪ ભાંગા
૧૭, ૧૩, ૯ બંધસ્થાનક	૨ યુગલ	×	૧ વેદ	=	૨ ભાંગા

નવનો બંધ પ્રમત્ત ગુણઠાણે હોય ત્યાં ૨ ભાંગા ઘટે. અપ્રમત્ત વિ. ગુણઠાણે અરતિ, શોક ન બાંધે તેથી એક યુગલ બાંધે તેથી ત્યાં એક જ બંધ ભાંગો ઘટે, પાંચ વિ. બંધસ્થાનકે વિકલ્પ નથી માટે ત્યાં એક-એક બંધભાંગો ઘટે.

મોહનીયના બંધસ્થાને ઉદયસ્થાન

दस बावीसे नव इगवीसे, सत्ताइ उदयकम्मंसा।
छाइ नव सत्तरसे, तेरे पंचाइ अट्ठेव ॥१७॥

ગાથાર્થ : બાવીસના બંધે સાતથી દશ સુધીના, એકવીસના બંધે સાતથી નવ સુધીના, સત્તરના બંધે છ થી નવ સુધીના, તેરના બંધે પાંચથી આઠ સુધીના ઉદયસ્થાનો છે.॥૧૭॥

૨૨ નો બંધ મિથ્યાત્વ ગુણઠાણે હોય છે. જો કે મિથ્યાત્વે બંધમાં મોહનીયની ૨૬ પ્રકૃતિ કહી છે. તે અનેક જીવ અને સર્વ કાળ આશ્રયી સમજવી. એક જીવને એક સમયે એકી સાથે ૨૨ પ્રકૃતિ બંધાય તેથી મિથ્યાત્વે ૨૨ પ્રકૃતિનું બંધસ્થાનક કહેવાય. એમ આગળના ગુણસ્થાનમાં પણ કર્મસ્તવમાં મોહનીયની સંખ્યા વધારે બતાવેલ છે પરંતુ એકી સાથે બંધાતી પ્રકૃતિના સમૂહને બંધસ્થાનક રૂપે અહીં બતાવેલ છે.

મોહનીય કર્મનો સંવેધ

મિથ્યાત્વ ગુણઠાણે અનંતાનુબંધીનો ઉદય હોય છે પરંતુ.... અનંતાનુબંધીની વિસંયોજના બાદ કોઈ જીવ મિથ્યાત્વે આવે ત્યારે ૧ આવલિકા સુધી અનંતાનુબંધીનો ઉદય ન હોય, કારણ કે કોઈ પણ કર્મ બાંધ્યા બાદ જઘન્ય અબાધાકાળ=અંતર્મુહૂર્ત પહેલા ઉદયમાં ન આવે, પરંતુ બંધની સાથે સંક્રમણ પણ શરૂ થઈ જાય છે એટલે મિથ્યાત્વે આવ્યા બાદ અપ્રત્યાખ્યાનાદિનું અનંતાનુબંધીમાં સંક્રમણ પહેલા સમયથી જ ચાલુ થઈ જાય છે અને સંક્રમણાવલિકા સકલકરણને અયોગ્ય હોવાથી ઉદયમાં આવલિકા પછી જ આવે છે માટે એક આવલિકા સુધી મિથ્યાત્વે અનંતાનુબંધીની વિસંયોજના કરીને મિથ્યાત્વે આવેલાને અનંતાનુબંધીનો ઉદય ન હોય તેથી ૨૨ના બંધમાં અનંતાનુબંધીનો ઉદય વિકલ્પે હોય છે.

અહીં બંધસ્થાનક આશ્રયીને મોહનીયનો સંવેધ સમજવો તે આ પ્રમાણેઃ-

૨૨ નો બંધ (બંધ ભાંગા-૬) ઉદયસ્થાન-ચાર (૭નું, ૮નું, ૯નું, ૧૦નું)

વિકલ્પ = કષાય વેદ યુગલ

ભાંગા = ૪ × ૩ × ૨ = ૨૪ ચોવીસી ભાંગા કહેવાય

(ક્રોધ-માન-માયા-લોભ)

×

								△	□	○	*
કષાય	વેદ	યુગલ	મિથ્યા	ભય	જુગુ	ઉ.સ્થાન	ઉ. ચોવીસી	ઉ. ભાંગા	પદ ચો	પદવૃંદ
•)૩	૧	૧	૧	૦	૦	૭	૧	૨૪	૭	૧૬૮
૪	૧	૧	૧	૦	૦	૮				
૩	૧	૧	૧	૧	૦	૮	૩	૭૨	૨૪	૫૭૬
૩	૧	૧	૧	૦	૧	૮				
૪	૧	૧	૧	૧	૦	૯				
૪	૧	૧	૧	૦	૧	૯	૩	૭૨	૨૭	૬૪૮
૩	૧	૧	૧	૧	૧	૯				
૪	૧	૧	૧	૧	૧	૧૦	૧	૨૪	૧૦	૨૪૦
						કુલ	૮	૧૯૨	૬૮	૧૬૩૨

△ ઉદયસ્થાનના જેટલા વિકલ્પ હોય તેટલી ઉદયચોવીસી થાય.

□ ઉદયચોવીસીને ચોવીસે ગુણવાથી જે આવે તેટલા ઉદયભાંગા થાય.

○ ઉદયસ્થાનને ઉદયચોવીસી સાથે ગુણવાથી પદચોવીસી થાય.

* પદચોવીસીને ચોવીસે ગુણવાથી જે આવે તે પદવૃંદ થાય.

•) અનંતાનુબંધી ક્રોધાદિ વિના = અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન ક્રોધાદિ.

× જ્યાં યુગલ-૧ લખેલ છે ત્યાં પ્રકૃતિ બે સમજવી.

૨૧ નો બંધ (બંધભાંગા-૪) ઉદયસ્થાન-૩ (૭નું, ૮નું, ૯નું)

૨૧ નો બંધ સાસ્વાદન ગુણઠાણે છે. સાસ્વાદન ગુણઠાણે અનંતાનુબંધીનો ઉદય અવશ્ય હોય છે અને મિથ્યાત્વનો ઉદય હોય નહિ.

કષાય	વેદ	×યુગલ	ભય	જુગુ	ઉ.સ્થાન	ઉ. ચોવીસી	ઉ. ભાંગા	પદ ચો	પદવૃંદ
૪	૧	૧	૦	૦	૭	૧	૨૪	૭	૧૬૮
૪	૧	૧	૧	૦	૮	૨	૪૮	૧૬	૩૮૪
૪	૧	૧	૦	૧	૮				
૪	૧	૧	૧	૧	૯	૧	૨૪	૯	૨૧૬
					કુલ	૪	૯૬	૩૨	૭૬૮

૧૭ નો બંધ (બંધ ભાંગા-૨) ઉદયસ્થાન :-૪ (૬નું, ૭ નું, ૮ નું, ૯નું)

૧૭ નો બંધ ત્રીજા અને ચોથા ગુણઠાણે છે. તેથી અનંતાનુબંધીનો ઉદય ન હોય. ત્રીજા ગુણઠાણે મિશ્ર મોહ૦ નો ઉદય હોય અને ચોથા ગુણઠાણાથી સાતમા ગુણઠાણા સુધી ક્ષાયોપશમિક સમકિતીને સમ. મોહનો ઉદય હોય અને ઉપ. અને ક્ષાયિક સમકિતીને સમ. મોહ.નો ઉદય ન હોય.

ત્રીજે અને ચોથે ગુણસ્થાનકે અનંતા. વિના ત્રાણ કષાય સમજવા. ઉદયભાંગા કરતી વખતે ક્રોધ-માન-માયા અને લોભ એમ ચાર વિકલ્પ સમજવા. આગળ પણ તે પ્રમાણે સમજવું.

૧૭ નો બંધ (મિશ્ર ગુણ૦) ઉદયસ્થાનઃ - ૩ (૭નું, ૮ નું, ૯ નું)

કષાય	વેદ	× યુગલ	મિશ્રમોહ	ભય	જુગુ	ઉ.સ્થાન	ઉ. ચોવીસી	ઉ. ભાંગા	પદ ચો	પદવૃંદ
૩	૧	૧	૧	૦	૦	૭	૧	૨૪	૭	૧૬૮
૩	૧	૧	૧	૧	૦	૮	૨	૪૮	૧૬	૩૮૪
૩	૧	૧	૧	૦	૧	૮				
૩	૧	૧	૧	૧	૧	૯	૧	૨૪	૯	૨૧૬
						કુલ	૪	૯૬	૩૨	૭૬૮

× જ્યાં યુગલ શબ્દ હોય ત્યાં બે પ્રકૃતિ સમજવી

૧૭ નો બંધ (અવિરત ગુણ૦) ઉદયસ્થાનઃ – ૪ (૬નું, ૭ નું, ૮ નું, ૯ નું)

કષાય	વેદ	યુગલ	સમ્ય.મોહ	ભય	જુગુ	ઉ.સ્થાન	ઉ. ચોવીસી	ઉ. ભાંગા	પદ ચો	પદવૃંદ
૩	૧	૧	૦	૦	૦	૬	૧	૨૪	૬	૧૪૪
૩	૧	૧	૧	૦	૦	૭				
૩	૧	૧	૦	૧	૦	૭	૩	૭૨	૨૧	૫૦૪
૩	૧	૧	૦	૦	૧	૭				
૩	૧	૧	૧	૧	૦	૮				
૩	૧	૧	૧	૦	૧	૮	૩	૭૨	૨૪	૫૭૬
૩	૧	૧	૦	૧	૧	૮				
૩	૧	૧	૧	૧	૧	૯	૧	૨૪	૯	૨૧૬
						કુલ	૮	૧૯૨	૬૦	૧૪૪૦

બન્ને ગુણ.નો ૧૭ના બંધનો સંવેધ આ પ્રમાણે–

સામાન્યથી ૧૭ના બંધે ઉદયસ્થાન : ૪ (૬નું, ૭નું, ૮નું, ૯નું)

ઉદયસ્થાન	ઉદયચોવીસી	ઉદયભાંગા	પદચોવીસી	પદવૃંદ
૬	૧	૨૪	૬	૧૪૪
૭	૪	૯૬	૨૮	૬૭૨
૮	૫	૧૨૦	૪૦	૯૬૦
૯	૨	૪૮	૧૮	૪૩૨
કુલ	૧૨	૨૮૮	૯૨	૨૨૦૮

મિશ્ર. મોહ. ના ઉદયવાળી ચોવીસી $\frac{૭}{૧}\ \frac{૮}{૨}\ \frac{૯}{૧}$ = ૪ ચોવીસી

ઉપ. ક્ષાયિક સમકિતીની ચોવીસી $\frac{૬}{૧}\ \frac{૭}{૨}\ \frac{૮}{૧}$ = ૪ ચોવીસી

ક્ષાયોપશમીક સમકિતીની ચોવીસી $\frac{૭}{૧}\ \frac{૮}{૨}\ \frac{૯}{૧}$ = ૪ ચોવીસી

૧૩ નો બંધ (બંધભાંગા-૨) ઉદયસ્થાન-૪ (૫નું, ૬નું, ૭નું, ૮નું)

મોહનીયની ૧૩ પ્રકૃતિનો બંધ પાંચમા ગુણઠાણે છે. ત્યાં અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય હોય નહી. તેથી પ્રત્યા અને સંજ્વલન બે જ કષાય ઉદયમાં હોય છે. માટે કષાયના ખાનામાં બે મૂકેલ છે.

કષાય	વેદ	યુગલ	સમ્ય૦મોહ	ભય	જુગુ	ઉ.સ્થાન	ઉ. ચોવીસી	ઉ. ભાંગા	પદ	ચો પદવૃંદ
૨	૧	૧	૦	૦	૦	૫	૧	૨૪	૫	૧૨૦
૨	૧	૧	૧	૦	૦	૬				
૨	૧	૧	૦	૧	૦	૬	૩	૭૨	૧૮	૪૩૨
૨	૧	૧	૦	૦	૧	૬				
૨	૧	૧	૧	૧	૦	૭				
૨	૧	૧	૧	૦	૧	૭	૩	૭૨	૨૧	૫૦૪
૨	૧	૧	૦	૧	૧	૭				
૨	૧	૧	૧	૧	૧	૮	૧	૨૪	૮	૧૯૨
						કુલ	૮	૧૯૨	૫૨	૧૨૪૮

ઉપશમ અથવા ક્ષાયિક સમ્ય૦ની ચોવીસી $\frac{૫}{૧}\ \frac{૬}{૨}\ \frac{૭}{૧}$ = ૪ ચોવીસી

ક્ષાયોપશમિક સમ્ય૦ની ચોવીસી $\frac{૬}{૧}\ \frac{૭}{૨}\ \frac{૮}{૧}$ = ૪ ચોવીસી

चत्तारिआइ नवबंधएसु, उक्कोस सत्तमुदयंसा।
पंचविह बंधगे पुण, उदओ दुण्हं मुणेअव्वो॥१८॥

ગાથાર્થ : નવ પ્રકૃતિના બંધસ્થાનકને વિષે ચારથી સાત સુધીના ઉદયસ્થાનો છે. વળી પાંચ પ્રકૃતિના બંધસ્થાનકને વિષે બે પ્રકૃતિનો ઉદય જાણવો. ॥૧૮॥

૯ નો બંધ (બંધભાંગા-૨) ઉદયસ્થાન :-૪ (૪નું, ૫નું, ૬નું, ૭નું)

નવનો બંધ ૬ થી ૮ ગુણ સુધી છે ત્યાં પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય નથી તેથી કષાયના ખાનામાં ૧ મુકેલ છે. કોઈપણ એક સંજ્વલન કષાય હોય.

કષાય	વેદ	યુગલ	સમ્ય૦મોહ	ભય	જુગુ	ઉ.સ્થાન	ઉ. ચોવીસી	ઉ. ભાંગા	પદ ચો	પદવૃંદ
૧	૧	૧	૦	૦	૦	૪	૧	૨૪	૪	૯૬
૧	૧	૧	૧	૦	૦	૫				
૧	૧	૧	૦	૧	૦	૫	૩	૭૨	૧૫	૩૬૦
૧	૧	૧	૦	૦	૧	૫				
૧	૧	૧	૧	૧	૦	૬				
૧	૧	૧	૧	૦	૧	૬	૩	૭૨	૧૮	૪૩૨
૧	૧	૧	૦	૧	૧	૬				
૧	૧	૧	૧	૧	૧	૭	૧	૨૪	૭	૧૬૮
						કુલ	૮	૧૯૨	૪૪	૧૦૫૬

ઉપ. અથવા ક્ષાયિક સમ્ય૦ની ચોવીસી $\frac{૪}{૧}$ $\frac{૫}{૨}$ $\frac{૬}{૧}$ = ૪ ચોવીસી

ક્ષાયોપશમીક સમ્ય૦ની ચોવીસી $\frac{૫}{૧}$ $\frac{૬}{૨}$ $\frac{૭}{૧}$ = ૪ ચોવીસી

૫ નો બંધ (બંધભાંગા-૧) ઉદયસ્થાન :- ૧ (૨ નું) ૯ ગુણમાં પહેલા ભાગે

૫નો બંધ નવમા પહેલા ભાગે ગુણઠાણામાં છે. તેથી ત્યાં સંજ્વલન ૧ કષાય અને ૧ વેદ એમ ૨ પ્રકૃતિ ઉદયમાં હોય. નવમું ગુણઠાણું શ્રેણીમાં હોય છે, તેથી સમકિત મોહનીયનો ઉદય હોય નહીં અને હાસ્યાદિ છનો ઉદય આઠમા ગુણ૦ સુધી હોવાથી નવમે હોય નહીં, તેથી ઉદયસ્થાનક (૧) બે પ્રકૃતિનું અહીં ચાર કષાય × ત્રણ વેદ, ભાંગા ૧૨ થાય, ઉદયચોવીસી થાય નહી. પદ ચોવીસી થાય. કારણ કે બે પ્રકૃતિવાળા ૧૨ ભાંગા છે.

કષાય ૪ × વેદ ૩ = ૧૨

કષાય	વેદ	ઉ. સ્થાનક	ઉ. ચોવીસી	ઉ. ભાંગા	પદ ચોવીસી	પદવૃંદ
૧	૧	૨નું	૦	૧૨	૧	૨૪

इत्तो चउबंधाइ, इक्किक्कुदया हवंति सव्वेवि ।
बंधोवरमे वि तहा, उदयाभावे वि वा हुज्जा ॥૧૯॥

ગાથાર્થ : એ પછી ચાર વિગેરે પ્રકૃતિના બંધસ્થાનકો સર્વે એક-એક પ્રકૃતિના ઉદયવાળા છે. બંધના અભાવમાં પણ તે પ્રમાણે (એક પ્રકૃતિનો ઉદય) હોય, ઉદયના અભાવમાં પણ મોહનીયની સત્તા વિકલ્પે હોય છે. ॥૧૯॥

૪ નો બંધ (બંધભાંગા-૧) ઉદયસ્થાન-૧ (૧નું) ૯ના બીજા ભાગે

પુરૂષવેદનો બંધ વિચ્છેદ નવમા ગુણઠાણે થાય ત્યારે ૪ નો બંધ થાય અને તે વખતે જ વેદનો ઉદય વિચ્છેદ થાય. તેથી સંજ્વલન ૪ કષાયમાંથી ૧ કષાયનો ઉદય ઘટે. તેથી ઉદયભાંગા ફક્ત ૪ થાય. મતાન્તરે ૪+૧૨=૧૬ ભાંગા (જૂઓ સપ્તતિવૃત્તિ અને ચૂર્ણિ)

કષાય	ઉદયસ્થાન	ઉદયભાંગા	પદવૃંદ
૧	૧નું	૪	૪

* કેટલાક આચાર્યો ચારના બંધે કેટલાક કાળ સુધી વેદોદય માને છે. તેમના મતે બે ના ઉદયના (કષાય ૪ × વેદ ૩) ૧૨ ભાંગા પણ ઘટે એટલે કુલ ૧૬ ભાંગા સંભવે તે પ્રમાણે-

કષાય	વેદ	ઉદયસ્થાન	ઉદયભાંગા	પદવૃંદ
૧	૧	૨નું	૧૨	૨૪
૧	૦	૧નું	૪	૪

આ રીતે મતાંતરે ચારના બંધે ઉદયસ્થાનક બે (૨નું અને ૧ નું) સમજવા તેથી તે મતે ૪ના બંધે કુલ ઉદયભાંગા ૨ના ઉદયના ૧૨ અને એકના ઉદયના ચાર, એમ કુલ ૧૬ ઉદયભાંગા અને પદવૃંદ ૨૮ થાય.

૩ નો બંધ (બંધભાંગો-૧) ઉદયસ્થાન-૧ (૧નું) ૯ના ત્રીજા ભાગે

નવમા ગુણઠાણે સંજ્વલન ક્રોધનો બંધ વિચ્છેદ થયા બાદ ૩નો બંધ હોય છે. સંજ્વલન ક્રોધનો બંધવિચ્છેદ અને ઉદયવિચ્છેદ સાથે થાય તેથી ત્રાણના બંધે સંજ્વલન માનાદિમાંથી એકનો ઉદય હોય. તેથી ત્રાણના બંધે ઉદયભાંગા ૩ થાય.

કષાય	ઉદયસ્થાન	ઉદયભાંગા	પદવૃંદ
૧	૧	૩	૩

(સં. માન માયા અને લોભમાંથી)

૨ નો બંધ (બંધભાંગા-૧) ઉદયસ્થાન-૧ (૧નું) ૯ના ચોથા ભાગે

નવમા ગુણઠાણે સંજ્વલન માનનો બંધ વિચ્છેદ થયા બાદ બે નો બંધ હોય છે તેમજ સંજ્વલન માયાદિમાંથી એકનો ઉદય હોય તેથી બેના બંધે ઉદયભાંગા ૨ હોય.

કષાય	ઉદયસ્થાન	ઉદયભાંગા	પદવૃંદ
૧	૧	૨	૨

(સં. માયા, લોભમાંથી)

---

* સૂક્ષ્મ લોભની જેમ સૂક્ષ્મ વેદનો ઉદય માને છે.

૧ નો બંધ (બંધભાંગા-૧) ઉદયસ્થાન-૧ (૧નું) ૯ના પાયમાં ભાગે

નવમા ગુણઠાણે સંજ્વલન માયાનો બંધ વિચ્છેદ થયા બાદ એક સંજ્વલન લોભનો બંધ અને ઉદય હોય છે. તેથી એકના બંધે ઉદયભાંગો ૧ હોય.

કષાય	ઉદયસ્થાન	ઉદયભાંગા	પદવૃંદ
૧	૧	૧	૧

(સં. લોભ)

બંધનો અભાવ

૧૦ મા ગુણઠાણે મોહનીયના બંધના અભાવમાં સૂક્ષ્મ લોભનો ઉદય હોવાથી ઉદયભાંગો ૧ ઘટે.

કષાય	ઉદયસ્થાન	ઉદયભાંગા	પદવૃંદ
૧	૧	૧	૧

(સૂક્ષ્મ લોભ)

બંધ-ઉદયના અભાવે

૧૧મા ગુણઠાણે મોહનીયનાં બંધ અને ઉદયના અભાવમાં પણ સત્તા હોય છે. ૧૨મા ગુણઠાણે ઉદયનો અભાવ છે. સત્તા પણ નથી. તેથી ગાથામાં ઉદયના અભાવમાં સત્તા વિકલ્પે કહી છે. એટલે બારમા વિ૦ગુણ૦માં સત્તા ન હોય.

મોહનીયના ઉદયસ્થાને ભાંગા

इक्कग छक्किकारस, दस सत्त चउक्क इक्कगं चेव ।
एए चउवीसगया, बार दुगिक्कंमि इक्कारा ॥२०॥

ગાથાર્થ : દશ વિગેરે ઉદયસ્થાનને આશ્રયીને અનુક્રમે એક, છ, અગ્યાર, દસ, સાત, ચાર અને એક એ પ્રમાણે ચોવીસીની સંખ્યાવાળા ભાંગા છે અને બેના ઉદયને વિશે બાર અને એકના ઉદયને વિશે અગ્યાર ભાંગા છે. ॥૨૦॥

આ ગાથામાં દશથી એક સુધીના ઉદયસ્થાનના જેટલા ભાંગા છે તેટલા જણાવે છે. દશથી ચાર સુધીના ઉદયસ્થાનની કુલ ચોવીસી ચાલીશ થાય છે અને દ્વિકોદયના ૧૨ ઉદયભાંગા પૂર્વે જણાવ્યા મુજબ અને એકોદયના અગ્યાર ભાંગા આ પ્રમાણે થાય છે. ચારના બંધમાં એકના ઉદયના ચાર ઉદયભાગા, ત્રણના બંધમાં ત્રણ, બેના બંધમાં બે, એકના બંધમાં એક અને બંધના અભાવમાં પણ એક ઉદયભાંગો એમ કુલ મળી એકના ઉદયના ૧૧ ઉદયભાંગા થાય છે.

મોહનીયની ઉદય ચોવીસી

ઉદયસ્થાન બંધસ્થાનને વિશે
ઉદયચોવીસી

	૨૨	૨૧	૧૭	૧૩	૯	
૧૦	૧ ચો.					૧
૯	૩ ચો.	૧ચો.	૨ ચો.			૬
૮	૩ ચો.	૨ ચો.	૫ ચો.	૧ ચો.		૧૧
૭	૧ ચો.	૧ ચો.	૪ ચો.	૩ ચો.	૧ ચો.	૧૦
૬			૧ ચો.	૩ ચો.	૩ ચો.	૭
૫	———	———	———	૧ ચો.	૩ ચો.	૪
૪					૧ ચો.	૧
કુલ	**૮ ચો.**	**૪ ચો.**	**૧૨ ચો.**	**૮ ચો.**	**૮ ચો.**	**૪૦ ચોવીસી કુલ**

ઉદયભાંગા તથા પદવૃંદ

નવતેસીઇસએહિં, ઉદયવિગપ્પેહિં મોહિઆ જીવા ।
અઉણુત્તરિ-સીઆલા, પયવિંદ-સએહિં વિન્નેઆ ॥૨૧॥

ગાથાર્થ : નવસો ને ત્યાસી ઉદયના વિકલ્પો વડે અને ૬૯૪૭ પદવૃંદો વડે સંસારી જીવો મોહિત થયેલા જાણવા. ॥૨૧॥

ઉદયચોવીસીને ચોવીસે ગુણવાથી ઉદયભાંગા થાય. તેથી પૂર્વે જણાવેલી

૪૦ ચો. × ૨૪ = ૯૬૦
+ ૧૨ દ્વિકોદયના
+ ૧૧ એકોદયના
૯૮૩ કુલ ઉદયભાંગા

ઉદયસ્થાનને ઉદયચોવીસી સાથે ગુણવાથી પદચોવીસી થાય તેથી

ઉદયસ્થાન		ઉદયચોવીસી		પદચોવીસી
૧૦	×	૧	=	૧૦
૯	×	૬	=	૫૪
૮	×	૧૧	=	૮૮

ઉદયસ્થાન		ઉદયચોવીસી		પદચોવીસી
૭	×	૧૦	=	૭૦
૬	×	૭	=	૪૨
૫	×	૪	=	૨૦
૪	×	૧	=	૪
				કુલ ૨૮૮

પદ ચોવીસીને ચોવીસે ગુણવાથી પદવૃંદ થાય તેથી

૨૮૮ × ૨૪ = ૬૯૧૨

બેના ઉદયના ૧૨ × ૨ + ૨૪ દ્વિકોદયના પદવૃંદ

એકના ઉદયના ૧૧ × ૧ + ૧૧ એકોદયના પદવૃંદ

૬૯૪૭ પદવૃંદ કુલ

પદવૃંદ-ઉદયમાં રહેલ બધી પ્રકૃતિના સમુહને પદવૃંદ કહેવાય.

અન્યમતે ઉદયભાંગા તથા પદવૃંદ

नव पंचाणउअसए, उदयविगप्पेहिं मोहिआ जीवा ।
अउणुत्तरि एगुत्तरि, पयविंदसएहिं विन्नआ ॥२२॥

ગાથાર્થ : મતાંતરે ૯૯૫ ઉદયવિકલ્પો વડે અને ૬૯૭૧ પદવૃંદો વડે સંસારી જીવો મોહિત થયેલા જાણવા. ॥૨૨॥

અન્ય આચાર્યો ચારના બંધે કેટલાક કાળ સુધી વેદનો ઉદય માને છે તેથી બેનો ઉદય માને છે. તેથી પૂર્વોક્ત ૯૮૩ માં ૪ના બંધના દ્વિકોદયના ૧૨ ભાંગા ઉમેરવાથી ૯૯૫ ઉદયભાંગા થાય.

પૂર્વોક્ત ૬૯૪૭ પદવૃંદમાં ૪ ના બંધના દ્વિકોદયના ૨૪ પદવૃંદ ઉમેરવાથી ૬૯૭૧ પદવૃંદ થાય.

બંધસ્થાને સત્તાસ્થાન

तिन्नेव य बावीसे, इगवीसे अट्ठवीस सत्तरसे ।
छच्चेव तेर नव बंधएसु, पंचेव ठाणाणि ॥२३॥

ગાથાર્થ : બાવીસના બંધે ત્રણ સત્તાસ્થાન, એકવીસના બંધે એક અટ્ઠાવીસ પ્રકૃતિનું સત્તાસ્થાન, સત્તરના બંધે છ સત્તાસ્થાન અને તેર અને નવના બંધને વિષે પાંચ, પાંચ સત્તાસ્થાનો હોય છે. ॥૨૩॥

૨૨ ના બંધે સંવેધ

બાવીસના બંધે ૨૮, ૨૭, ૨૬ નું એ ત્રાણ સત્તાસ્થાન હોય છે. બાવીસનો બંધ મિથ્યાદૃષ્ટિને હોય છે. પૂર્વે ઉપ. અથવા ક્ષાયો. સમકિત પામેલો જીવ મિથ્યાત્વે આવ્યા બાદ અંતર્મુહૂર્ત પછી સમ્ય૦ મોહ૦ની ઉદ્વલના કરે ૭ તેને ઉવેલતા પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ થાય. જ્યાં સુધી ઉવેલે નહિં ત્યાં સુધી ૨૮ ની સત્તા હોય તેમજ અનંતા૦ના ઉદય રહિત જીવને પાણ નિશ્ચે ૨૮ની સત્તા હોય છે. કારાણ અનંતા૦ની વિસંયોજના કરી મિથ્યાત્વે આવેલો જીવ ૨૪ની સત્તાવાળો મિથ્યાત્વના નિમિત્તે અનંતાનુબંધી પ્રથમ સમયથી બાંધવા માંડે તેમજ એક આવલિકા પર્યંત જ અનંતા૦ના ઉદય રહિત હોય છે. તેથી નિશ્ચે તે જીવ ૨૮ની સત્તાવાળો હોય. અનં૦ના ઉદયવાળા મિથ્યાત્વીને સમકિત મોહના ઉદ્વલના કરેલ ને ૨૭ ની સત્તા, તે પ્રમાણે પલ્યો. ના અસંખ્યાતમા ભાગે મિશ્ર મોહના ઉદ્વલના કરેલા ને ૨૬ ની સત્તા અને અનાદિ મિથ્યાદૃષ્ટિને પાણ ૨૬ની સત્તા હોય છે.

બંધસ્થાન	ઉદયસ્થાન	અનંતા૦ઉદયવાળી ચોવીસી-ભાંગા	અનંતા૦ઉદયરહિત ચોવીસી-ભાંગા	સત્તાસ્થાન
૨૨	૭	૦ - ૦	૧ - ૨૪	૨૮
૨૨	૮	૧ - ૨૪		૨૮,૨૭,૨૬
૨૨	૮		૨ - ૪૮	૨૮
૨૨	૯	૨ - ૪૮		૨૮,૨૭,૨૬
૨૨	૯		૧ - ૨૪	૨૮
૨૨	૧૦	૧ - ૨૪	૦ - ૦	૨૮,૨૭,૨૬

૨૧ ના બંધે સંવેધ

એકવીસનો બંધ સાસ્વાદને હોય છે. સાસ્વાદન ગુણઠાણું ઉપ. સમ્ય.થી પડતાને હોય છે. તેથી ત્યાં નિશ્ચે એક ૨૮ પ્રકૃતિનું જ સત્તાસ્થાન હોય છે.

બંધસ્થાન	ઉદયસ્થાન	ઉદય ચો.	ઉદયભાંગા	સત્તાસ્થાન
૨૧	૭	૧	૨૪	(૧) ૨૮
૨૧	૮	૨	૪૮	(૧) ૨૮
૨૧	૯	૧	૨૪	(૧) ૨૮

સત્તરના બંધે ૨૮, ૨૭, ૨૪, ૨૩, ૨૨, ૨૧ એ છ સત્તાસ્થાન હોય છે. સત્તરનો બંધ મિશ્ર તથા અવિરત ગુણઠાણે છે. તેમાંથી મિશ્રે ૨૮, ૨૭, ૨૪. એ ત્રાણ સત્તાસ્થાન છે. ૨૮ ની સત્તાવંત જીવ મિથ્યાત્વથી કે અવિરતિ ગુણ૦થી મિશ્રે આવે ત્યારે ૨૮ ની સત્તા

તથા સમ્ય. મોહ. ને ઉવેલી મિથ્યાત્વેથી મિશ્રે આવે તેને ૨૭ ની સત્તા અને અનંતા. નો વિસંયોજક અવિરતિગુણ૦થી મિશ્રે આવે ત્યારે તેને ૨૪ ની સત્તા.

અવિરત. ગુણઠાણે ૨૮, ૨૪, ૨૩, ૨૨, ૨૧ એ પાંચ સત્તાસ્થાન છે.

૨૮ ની સત્તા ઉપશમ તેમજ ક્ષાયો. સમકિતીને હોય છે.

અનંતા.ના વિસંયોજક ઉપશમ તેમજ ક્ષાયો. સમકિતીને ૨૪ની સત્તા, તેમજ કોઈ ક્ષાયોપશમ સમકિતી મનુષ્ય ક્ષાયિક સમકિત પામવાનો પ્રારંભક અનંતા.નો ક્ષય કરી મિથ્યા. નો ક્ષય કરે ત્યારે ૨૩ ની સત્તા અને તે મનુષ્યગતિમાં જ હોય

ત્યારબાદ મિશ્રનો ક્ષય કરે ત્યારે ૨૨ ની સત્તા.

૨૨ ની સત્તાવાળો સમ્ય. મોહ. નો ક્ષય કરતો છેલ્લા (અંતર્મુહૂર્ત) ગ્રાસમાં વર્તતો કોઈક પૂર્વ બધ્ધાયુ જીવ કાળ કરે તો કાળ કરી ચારે ગતિમાં જાય તેથી ૨૨ ની સત્તાવાળો ચારે ગતિમાં હોય. ત્યાં સમ. મોહના છેલ્લા ગ્રાસનો ક્ષય કરી ૨૧ ની સત્તાવાળો થાય અને ક્ષાયિક સમ. પ્રાપ્ત કરે. તેથી ૨૩ અને ૨૨ ની સત્તા ક્ષાયો. સમકિતીને હોય અને ૨૧ ની સત્તા ક્ષાયિક સમકિતીને હોય છે.

૧૭ નો બંધનો ૩ જા અને ૪ થા ગુણ૦માં સંવેધ

ઉદયસ્થાનક	મિશ્ર મોહ. વાળી ચો. અને ભાંગા	ઉપ. યા ક્ષાયિક સમ.ની ચો. અને ભાંગા	ક્ષયો. સમ.ની ચો. અને ભાંગા	સત્તાસ્થાન ※
૬		૧ - ૨૪		૨૮,૨૪,૨૧
૭	૧ - ૨૪			૨૮,૨૭,૨૪
૭		૨ - ૪૮		૨૮,૨૪,૨૧
૭			૧ - ૨૪	૨૮,૨૪,૨૩,૨૨
૮	૨ - ૪૮			૨૮,૨૭,૨૪
૮		૧ - ૨૪		૨૮,૨૪,૨૧
૮			૨ - ૪૮	૨૮,૨૪,૨૩,૨૨
૯	૧ - ૨૪			૨૮,૨૭,૨૪
૯			૧ - ૨૪	૨૮,૨૪,૨૩,૨૨

તેરનો બંધ પાંચમા ગુણઠાણે છે અને નવનો બંધ છ, સાત અને આઠમા ગુણઠાણે છે. ત્યાં પૂર્વની જેમ ઉપ. સમ્ય૦ને ૨૮, ૨૪ અને ક્ષાયિક સમકિતીને ૨૧ નું સત્તાસ્થાન અને ક્ષાયોપશમિક સમકિતીને ૨૮, ૨૪, ૨૩, ૨૨ એ ચાર સત્તાસ્થાન જાણવા.

※ ઉપશમ સમ્યકત્વની ૨૮, ૨૪ નું અને ક્ષાયિક સમ્યકત્વીને ૨૧ નું સત્તાસ્થાન હોય. તેમ ૧૩ અને ૯ બંધસ્થાનકમાં પણ સમજવું.

૨૨ ની સત્તા દેવ, નારકી તથા અસંખ્ય વર્ષના આયુષ્યવાળા યુગ૦ મનુષ્ય તિર્યંચને હોઈ શકે છે અને સંખ્યાત વર્ષના આયુવાળા મનુષ્યને ક્ષાયિક સમકિત પામતી વખતે જ અબધ્ધાયુ. કે બધ્ધાયુ૦ ને પણ હોય તેમ સમજવું.

૧૩ ના બંધનો સંવેધ
પાંચમા ગુણ. માં

બંધસ્થાન	ઉદયસ્થાન	ઉપ. અને ક્ષાયિક સમ.ની ચો. અને ભાંગા	ક્ષાયો. સમ્ય. ની ચો. અને ભાંગા	સત્તાસ્થાન 卐
૧૩	૫	૧ - ૨૪		૨૮,૨૪,૨૧
૧૩	૬	૨ - ૪૮		૨૮,૨૪,૨૧
૧૩	૬		૧ - ૨૪	૨૮,૨૪,૨૩,૨૨
૧૩	૭	૧ - ૨૪		૨૮,૨૪,૨૧
૧૩	૭		૨ - ૪૮	૨૮,૨૪,૨૩,૨૨
૧૩	૮		૧ - ૨૪	૨૮,૨૪,૨૩,૨૨

૯ ના બંધે સંવેધ
૬-૭ અને ૮ મા ગુણ.માં

બંધસ્થાન	ઉદયસ્થાન	ઉપ. અને ક્ષાયિક સમ.ની ચો. અને ભાંગા	ક્ષાયો. સમ. ની ચો. અને ભાંગા	સત્તાસ્થાન 卐
૯	૪	૧ - ૨૪		૨૮,૨૪,૨૧
૯	૫	૨ - ૪૮		૨૮,૨૪,૨૧
૯	૫		૧ - ૨૪	૨૮,૨૪,૨૩,૨૨
૯	૬	૧ - ૨૪		૨૮,૨૪,૨૧
૯	૬		૨ - ૪૮	૨૮,૨૪,૨૩,૨૨
૯	૭		૧ - ૨૪	૨૮,૨૪,૨૩,૨૨

ક્ષયોપશમ સમ્યક્ત્વવાળાં ઉદયસ્થાનક ૮ મા ગુણ૦ માં ન હોય કારણ કે આઠમાથી શ્રેણી હોય તેથી ત્યાં ઉપ. કે ક્ષાયિક સમ્યકત્વ જ હોય.

卐 ઉપશમ સમ્યકત્વીની ૨૮, ૨૪ ની સત્તા, અને ક્ષાયિકને ૨૧ની સત્તા જાણવી.

पंचविह चउविहेसु, छछक्क सेसेसु जाण पंचेव ।
पत्तेअं पत्तेअं, चत्तारि अ बंधवुच्छेए ॥२४॥

ગાથાર્થ : પાંચના અને ચારના બંધને વિષે છ, છ સત્તાસ્થાનો જાણવા અને બાકીના બંધસ્થાનોને વિષે દરેકને પાંચ-પાંચ સત્તાસ્થાન જાણવા અને બંધનો વિચ્છેદ થયે છતે ચાર સત્તાસ્થાન જાણવા.

પાંચના બંધને વિષે ૨૮, ૨૪, ૨૧, ૧૩, ૧૨, ૧૧ એ છ સત્તાસ્થાન અને ચારના બંધને વિષે ૨૮, ૨૪, ૨૧, ૧૧, ૫ અને ૪ છ સત્તાસ્થાન છે. પાંચ વિ. બંધસ્થાનો નવમા ગુણઠાણે છે. ત્યાં ૨૮ અને ૨૪ એ બે સત્તાસ્થાન ઉપશમ સમકિતીને ઉપશમ શ્રેણીમાં હોય છે અને ૨૧નું સત્તાસ્થાન ક્ષાયિક સમકિતીને ઉપશમ શ્રેણીમાં હોય છે અને ક્ષપકશ્રેણીમાં જ્યાં સુધી આઠ કષાય ક્ષય ન થાય ત્યાં સુધી ૨૧નું સત્તાસ્થાન ઘટે. ૧૩, ૧૨, ૧૧, ૫, ૪ એ પાંચ સત્તાસ્થાન ક્ષપક શ્રેણીમાં હોય છે.

પુરૂષવેદે શ્રેણી ચડે તેને પાંચના બંધે બેના ઉદયે પ્રથમ ૮ કષાયનો અંત૦ પછી ક્ષય થાય ત્યારે ૧૩નું સત્તાસ્થાન ત્યારબાદ અંત૦ પછી નપું. વેદનો ક્ષય થાય ત્યારે ૧૨નું ત્યારબાદ અંત૦ પછી સ્ત્રીવેદના ક્ષયે ૧૧નું સત્તાસ્થાન તેમાંથી જ્યારે હાસ્યાદિ-૬ નો અંતર્મુહૂર્તે ક્ષય થાય ત્યારે પુરૂષવેદનો બંધ અટકી જાય એટલે ૪ ના બંધમાં ૧ ના ઉદયે ૫ ની સત્તા ઘટે પછી પુરૂષવેદના સમયન્યુન બે આવ૦ પછી ક્ષયે ૪ ની સત્તા ઘટે.

સ્ત્રીવેદે શ્રેણી ચડે તેને પાંચના બંધે બેના ઉદયે પ્રથમ ૮ કષાયના ક્ષયે ૧૩ નું સત્તાસ્થાન ત્યારબાદ નપું. વેદના ક્ષયે ૧૨ ની સત્તા ત્યારબાદ સ્ત્રીવેદનો સત્તામાંથી ક્ષય થાય ત્યારે જ પુરૂષવેદનો બંધ અટકી જાય તેથી સ્ત્રીવેદીને ૪ ના બંધમાં ૧ ના ઉદયે ૧૧ ની સત્તા ઘટે અને ત્યારબાદ હાસ્યાદિ-૬ અને પુરૂષવેદનો સાથે ક્ષય થતાં ૪ ની સત્તા ઘટે.

નપું. વેદે શ્રેણી ચડે તેને પાંચના બંધે ૨ ના ઉદયે પ્રથમ ૮ કષાયના ક્ષયે ૧૩ ત્યારબાદ નપું. વેદ અને સ્ત્રીવેદનો સાથે ક્ષય થાય છે અને તે જ સમયે પુરૂષવેદનો બંધ અટકે છે. તેથી નપું. વેદીને ૪ ના બંધમાં ૧ના ઉદયે ૧૧ ની સત્તા ઘટે. ત્યારબાદ હાસ્યાદિ-૬ અને પુરૂષવેદનો ક્ષય એક સાથે થતાં ૪ ની સત્તા ઘટે.

સ્ત્રીવેદીને ૫ નું અને નપુ. વેદીને ૧૨ નું અને ૫ નું સત્તાસ્થાન ઘટતું નથી. ૫ ના બંધે વેદનો ઉદય છે એટલે ૧૨ ભાંગામાંથી ૪ પુરૂષવેદીના, ૪ સ્ત્રીવેદીના અને ૪ નપું. વેદીના ભાંગા છે. પણ ૪ ના બંધે વેદનો ઉદય નથી છતાં જે વેદમાંથી આવેલો હોય તેની અપેક્ષાએ સત્તાસ્થાન ઘટાવ્યા છે. એટલે ઉદયભાંગા વેદ સિવાય કષાયના ૪ (ચાર) જ છે.

બંધસ્થાન	ઉદયસ્થાન	ઉદયભાંગા	સત્તાસ્થાન
૫	૨ નું	૧૨	૨૮,૨૪,૨૧,૧૩,૧૨,૧૧ (છ)
	ઉદયભાંગા ઉપર આ પ્રમાણે		
૫ ના બંધે (પુ. વેદીને)	૨ નું	૪	૨૮,૨૪,૨૧,૧૩,૧૨,૧૧ (છ)
૫ ના બંધે (સ્ત્રી. વેદીને)	૨ નું	૪	૨૮,૨૪,૨૧,૧૩,૧૨ (પાંચ)
૫ ના બંધે (નપું. વેદીને)	૨ નું	૪	૨૮,૨૪,૨૧,૧૩ (ચાર)
૪	૧ નું	૪	૨૮,૨૪,૨૧,૧૧,૫,૪ (છ)
૪ (પુ. વેદથી આવેલાને)	૧ નું	૪	૨૮,૨૪,૨૧,૫,૪ (પાંચ)
૪ (સ્ત્રી વેદથી આવેલાને)	૧ નું	૪	૨૮,૨૪,૨૧,૧૧,૪ (પાંચ)
૪ (નપું. વેદથી આવેલાને)	૧ નું	૪	૨૮,૨૪,૨૧,૧૧,૪ (પાંચ)

ક્ષપકને સંજ્વલન કષાયની જે પ્રકૃતિનો બંધ વિચ્છેદ થાય તેની સત્તા બંધવિચ્છેદ થયા પછી પણ સમય ન્યૂન બે આવલિકા સુધી હોય છે. તેથી ત્રણના બંધે ૪ ની સત્તા, બેના બંધે ૩ ની સત્તા, એકના બંધે ૨ ની સત્તા સમયન્યૂન બે આવલિકા સુધી અને અબંધક થયા પછી પણ ૧ ની સત્તા અંતર્મુહૂર્ત હોય છે. તેથી ત્રણ વિ. બંધસ્થાને ૨૮, ૨૪, ૨૧ એ ત્રણ સત્તાસ્થાન ઉપશમ શ્રેણીમાં ઘટે અને ૪, ૩, ૨, ૧ વિ. સત્તાસ્થાન ક્ષપક શ્રેણીમાં હોય છે. ૧૦ મા ગુણઠાણે બંધાભાવે ૨૮,૨૪,૨૧,૧ એ ચાર સત્તાસ્થાન ઘટે અને ૧૧મા ગુણઠાણે બંધ અને ઉદયના અભાવમાં ૨૮,૨૪,૨૧ એ ત્રણ સત્તાસ્થાન ઘટે.

બંધસ્થાન	ઉદયસ્થાન	ઉદયભાંગા	સત્તાસ્થાન
૩	૧	૩	૨૮,૨૪,૨૧,૪,૩
૨	૧	૨	૨૮,૨૪,૨૧,૩,૨
૧	૧	૧	૨૮,૨૪,૨૧,૨,૧
૦	૧	૧	૨૮,૨૪,૨૧,૧
૦	૦	૦	૨૮,૨૪,૨૧,

મોહનીય કર્મના સામાન્યથી બંધ-ઉદય-સત્તાસ્થાન

दसनवपन्नरसाइं, बंधोदय संत पयडिठाणाणि ।
भणिआणि मोहणिज्जे, इत्तो नामं परं वुच्छं ॥२५॥

ગાથાર્થ : મોહનીય કર્મને વિષે દશ બંધ સ્થાનક, નવ ઉદય સ્થાનક અને પંદર સત્તા સ્થાનક કહ્યા હવે આગળ નામકર્મના કહીશું ॥ ૨૫ ॥

મોહનીય કર્મમાં ઉદય ભાંગા ઉપર (ઉદયભાંગા ગુણિત) સત્તાસ્થાન

ઉદય સ્થાન	કયા ગુણ.	કોને	ઉદય ચોવીશી	ઉદય ભાંગા		સત્તા સ્થાન		ઉદય ભાંગા ઉપર સત્તાસ્થાન કયા
૧૦	મિથ્યાત્વે	અનં. ઉદયવાળાને	૧	૨૪	×	૩	-	૨૮,૨૭,૨૬
૯	મિથ્યાત્વે	અનં. ઉદયવાળાને	૨	૪૮	×	૩	-	૨૮,૨૭,૨૬
	મિથ્યાત્વે	અનં. ઉદયરહિતને	૧	૨૪	×	૧	-	૨૮
૯	**સાસ્વાદને**		૧	૨૪	×	૧	-	૨૮
૯	મિશ્રે		૧	૨૪	×	૩	-	૨૮,૨૭,૨૪
૯	અવિરત ગુ.	ક્ષાયોપશમ સમ્યકત્વીને	૧	૨૪	×	૪	-	૨૮,૨૪,૨૩,૨૨
૮	મિથ્યાત્વે	અનં.સહિતને	૧	૨૪	×	૩	-	૨૮,૨૭,૨૬
૮	મિથ્યાત્વે	અનં.રહિતને	૨	૪૮	×	૧	-	૨૮
૮	સાસ્વાદને		૨	૪૮	×	૧	-	૨૮
૮	મિશ્રે		૨	૪૮	×	૩	-	૨૮,૨૭,૨૪
૮	અવિરત ગુ.	ક્ષાયિક ઉપશમ સમ્ય	૧	૨૪	×	૩	-	*૨૮,૨૪,૨૧
૮	અવિરત ગુ.	ક્ષાયોપશમ	૨	૪૮	×	૪	-	૨૮,૨૪,૨૩,૨૨
૮	દેશવિતરતિ ગુ.	ક્ષાયોપશમ	૧	૨૪	×	૪	-	૨૮,૨૪,૨૩,૨૨
૭	મિથ્યાત્વે	અનં. રહિત	૧	૨૪	×	૧	-	૨૮
૭	સાસ્વાદને		૧	૨૪	×	૧	-	૨૮
૭	મિશ્રે		૧	૨૪	×	૩	-	૨૮,૨૭,૨૪
૭	અવિરત ગુણ.	ક્ષાયિક, ઉપશમ	૨	૪૮	×	૩	-	૨૮,૨૪,૨૧
૭	અવિરત ગુણ.	ક્ષાયોપશમ સમ્ય.	૧	૨૪	×	૪	-	૨૮,૨૪,૨૩,૨૨
૭	દેશવિરતિ	ક્ષાયિક, ઉપ.	૧	૨૪	×	૩	-	૨૮,૨૪,૨૧
૭	દેશવિરતિ	ક્ષાયો.	૨	૪૮	×	૪	-	૨૮,૨૪,૨૩,૨૨
૭	પ્રમત-અપ્રમત	ક્ષાયો.	૧	૨૪	×	૪	-	૨૪,૨૪,૨૩,૨૨
૬	અવિરતિ ગુણ.	ક્ષાયિક, ઉપ.	૧	૨૪	×	૩	-	૨૮,૨૪,૨૧
૬	દેશવિરત	ક્ષાયિક, ઉપ.	૨	૪૮	×	૩	-	૨૮,૨૪,૨૧
૬	દેશવિરત	ક્ષાયો.	૧	૨૪	×	૪	-	૨૮,૨૪,૨૩,૨૨

*ક્ષાયિક સમ્યકત્વીને ૨૧નું અને ઉપશમ સમ્યક્ત્વીને ૨૮, ૨૪નું સત્તાસ્થાન હોય.

ઉદય સ્થાન	ક્યાગુણ.	કોને	ઉદય ચોવીશી	ઉદય ભાંગા	સત્તા સ્થાન	ઉદય ભાંગા ઉપર સત્તા સ્થાન ક્યા
૬	પ્રમત્ત-અપ્રમત્ત અપૂ.	ક્ષાયિક,ઉપ.	૧	૨૪ ×	૩	- ૨૮,૨૪,૨૧
૬	પ્રમત્ત-અપ્રમત્ત	ક્ષાયો.	૨	૪૮ ×	૪	- ૨૮,૨૪,૨૩,૨૨
૫	દેશવિરતિ	ક્ષાયિક. ઉપ.	૧	૨૪ ×	૩	- ૨૮,૨૪,૨૧
૫	પ્રમત્ત-અપ્રમત્ત અપૂ.	ક્ષાયિ.ઉપ	૨	૪૮ ×	૩	- ૨૮,૨૪,૨૧
૫	પ્રમત્ત-અપ્રમત્ત	ક્ષાયો.	૧	૨૪ ×	૪	- ૨૮,૨૪,૨૩,૨૨
૪	પ્રમત્તથીઅપૂ.	ક્ષાયિ.ઉપ.	૧	૨૪ ×	૩	- ૨૮,૨૪,૨૧
૨	૯મે	બન્ને શ્રેણીમાં સાથે વિવક્ષા કરવાથી	પુ.	૪ × ૬	-	૨૮,૨૪,૨૧,૧૩,૧૨,૧૧
			સ્ત્રી.	૪ × ૫	-	૨૮,૨૪,૨૧,૧૩,૧૨
			નપુ.	૪ × ૪	-	૨૮,૨૪,૨૧,૧૩
૧	૯મે	"	૪ ના બંધે	૧ × ૬	-	૨૮,૨૪,૨૧,૧૧,૫,૪
			૩ ના બંધે	૧ × ૫	-	૨૮,૨૪,૨૧,૪,૩
			૨ ના બંધ	૧ × ૫	-	૨૮,૨૪,૨૧,૩,૨
			૧ ના બંધે	૧ × ૫	-	૨૮,૨૪,૨૧,૨,૧
૧	૧૦મે	"	અબંધ	૧ × ૪	-	૨૮,૨૪,૨૧,૧
૦	૧૧મે		અબંધ	૦	-	૨૮,૨૪,૨૧

નામકર્મનાં બંધસ્થાનક

तेवीस पण्णवीसा, छव्वीसा अट्ठवीस गुणतीसा।
तीसेगतीसमेगं, बंधट्ठाणाणि नामस्स ॥२६॥

ગાથાર્થ : ૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦,૩૧ અને ૧ પ્રકૃતિના બંધસ્થાનો નામકર્મના કુલ ૮ જાણવા ॥૨૬॥

નામકર્મમાં બંધસ્થાનક માટે ઉપયોગી નિયમો

૧) પરાઘાત અને ઉચ્છ્વાસ-સ્થિર-શુભનો બંધ પર્યાપ્તનામની સાથે જ હોય છે.
૨) ઉદ્યોત નામનો બંધ તિર્યંચગતિની સાથે જ હોય
૩) આતપ નામનો બંધ એકે. જાતિની સાથે જ હોય

૪) આતપ ઉદ્યોત અને યશ નામનો બંધ સૂક્ષ્મ અપર્યાપ્ત અને સાધારણ નામની સાથે હોય નહિ.
૫) દેવગતિ નામ અને નરકગતિ નામકર્મ સાથે અપર્યાપ્ત નામકર્મનો બંધ હોય નહિ.
૬) તિર્યંચગતિ નામકર્મની સાથે સ્થાવર દશકની બધી અશુભ પ્રકૃતિનો બંધ હોઈ શકે.
૭) મનુષ્ય ગતિ નામકર્મની સાથે સ્થાવર-સૂક્ષ્મ અને સાધારણ નામ વિના સ્થાવર દશકની અશુભ પ્રકૃતિઓનો બંધ થઈ શકે.
૮) નરકગતિ નામકર્મ સાથે સંસ્થાન, વિહાયોગતિ, અસ્થિર આદિ શક્ય બધી અશુભ પ્રકૃતિઓનો જ બંધ થાય છે.
૯) દેવગતિ નામકર્મ સાથે અસ્થિર, અશુભ અને અપયશના બંધ થઈ શકે, બાકીની બધી શુભ પ્રકૃતિઓ જ બંધાય છે.
૧૦) છ સંઘયણ અને મધ્યનાં ચાર સંસ્થાન નામનો બંધ તિર્યંચગતિ અને મનુષ્ય ગતિની સાથે જ થાય.

એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધસ્થાન

૨૩ વિ. ૮ બંધસ્થાનક નામકર્મના કહ્યા. તેમાં તિર્યંચ પ્રાયોગ્ય ૫ બંધસ્થાન છે. ૨૩, ૨૫, ૨૬, ૨૯, ૩૦ તેમાં પણ એકેન્દ્રિય પ્રાયોગ્ય ૩ બંધસ્થાન છે. ૨૩,૨૫,૨૬.

અપર્યા. એકે. પ્રાયોગ્ય - પર્યા. એકે. પ્રાયોગ્ય - બાદર પર્યા. એકે પ્રાયોગ્ય

	૨૩	૨૫	૨૬
૯	નામની ધ્રુવબંધી ૯	નામની ધ્રુવબંધી ૯	નામની ધ્રુવબંધી ૯
૧૦	તિર્યંચગતિ	તિર્યંચગતિ	તિર્યંચગતિ
૧૧	તિર્યંચાનુપૂર્વી	તિર્યંચાનુપૂર્વી	તિર્યંચાનુપૂર્વી
૧૨	એકે. જાતિ	એકે. જાતિ	એકે. જાતિ
૧૩	ઔદારિક શરીર	ઔદારિક શરીર	ઔદારિક શરીર
૧૪	હુંડક	હુંડક	હુંડક
૧૫	સ્થાવર	સ્થાવર	સ્થાવર
૧૬	સૂક્ષ્મ-બાદર	સૂક્ષ્મ-બાદર	બાદર
૧૭	અપર્યાપ્ત	પર્યાપ્ત	પર્યાપ્ત
૧૮	સાધારણ-પ્રત્યેક	સાધારણ-પ્રત્યેક	પ્રત્યેક
૧૯	અસ્થિર	સ્થિર-અસ્થિર	સ્થિર-અસ્થિર
૨૦	અશુભ	શુભ-અશુભ	શુભ-અશુભ

૨૧	દૌર્ભાગ્ય	દૌર્ભાગ્ય	દૌર્ભાગ્ય
૨૨	અનાદેય	અનાદેય	અનાદેય
૨૩	અપયશ	યશ-અપયશ	યશ-અપયશ
૨૪		પરાઘાત	પરાઘાત
૨૫		શ્વાસોશ્વાસ	શ્વાસોશ્વાસ
૨૬			આતપ અથવા ઉદ્યોત

અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩ નો બંધ મિથ્યાદષ્ટિ તિર્યંચ અને મનુષ્ય કરે છે. ૨૩ ના બંધના ભાંગા ૪ આ પ્રમાણે થાય છે.

(૧) સૂક્ષ્મ-સાધારણ (૩) બાદર-સાધારણ
(૨) સૂક્ષ્મ-પ્રત્યેક (૪) બાદર-પ્રત્યેક

એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫નું બંધસ્થાન પર્યાપ્ત મિથ્યાદષ્ટિ તિર્યંચ, અને મનુષ્ય બાંધે છે અને બંધભાંગા ૨૦ આ પ્રમાણે થાય છે. દેવો બા૦૫૦ પ્રત્યેકનો બંધ કરે.

''પર્યાપ્તની સાથે જ પરાઘાત અને શ્વાસોશ્વાસ બંધાય છે'' તેથી ૨૩ પ્રકૃતિમાં પરાઘાત અને શ્વાસોશ્વાસ ઉમેરવાથી ૨૫નું બંધસ્થાન થાય છે. ૨૫ ના બંધસ્થાનમાં સૂક્ષ્મ કે બાદર, સાધારણ કે પ્રત્યેક, સ્થિર કે અસ્થિર, શુભ કે અશુભ, યશ કે અપયશ એમ પાંચ પ્રકૃતિઓ વિકલ્પવાળી બંધાય છે. તેમાં સ્થિર, શુભ યશના પ્રતિપક્ષી સહિત ૮ ભાંગા નીચે પ્રમાણે થાય છે.

૧	સ્થિર	શુભ	યશ
૨	સ્થિર	અશુભ	યશ
૩	અસ્થિર	શુભ	યશ
૪	અસ્થિર	અશુભ	યશ
૫	સ્થિર	શુભ	અપયશ
૬	સ્થિર	અશુભ	અપયશ
૭	અસ્થિર	શુભ	અપયશ
૮	અસ્થિર	અશુભ	અપયશ

''સૂક્ષ્મ તથા સાધારણની સાથે યશ ન બંધાય''

તેથી પર્યા. એકે. પ્રાયો. ૨૫ના બંધના ૨૦ ભાંગા નીચે પ્રમાણે થાય છે.

બાદર પર્યાપ્ત પ્રત્યેકની સાથે યશ-અપયશના	૮ ભાંગા
બાદર પર્યાપ્ત સાધારણની સાથે અપયશના	૪ ભાંગા
સૂક્ષ્મ પર્યાપ્ત પ્રત્યેકની સાથે અપયશના	૪ ભાંગા
સૂક્ષ્મ પર્યાપ્ત સાધારણની સાથે અપયશના	૪ ભાંગા
	૨૦

૨૬ નું બંધસ્થાન બાદર પર્યાપ્ત પ્રત્યેક એકેન્દ્રિય પ્રાયોગ્ય મિથ્યાદષ્ટિ તિર્યંચ, મનુષ્ય અને દેવો બાંધે.

૨૫ પ્રકૃતિમાં આતપ અથવા ઉદ્યોત ઉમેરવાથી ૨૬નું બંધસ્થાન થાય છે. ''આતપ અથવા ઉદ્યોત બાદર પર્યાપ્ત પ્રત્યેકની સાથે જ બંધાય'' એટલે કે આતપ અને ઉદ્યોતનો બંધ સૂક્ષ્મ અને સાધારણ અને અપ. નામ. કર્મ સાથે થાય નહી.

તેથી ૨૬ ના બંધમા સ્થિર, શુભ, યશ એ ત્રણ પ્રકૃતિ જ પ્રતિપક્ષ બંધાય છે. માટે ૨૬ના બંધસ્થાનના ૧૬ ભાંગા નીચે પ્રમાણે થાય છે.

બાદર પર્યાપ્ત પ્રત્યેક આતપની સાથે સ્થિર-અસ્થિર, શુભ અશુભ, યશ-અપયશના ૮ ભાંગા
બાદર પર્યાપ્ત પ્રત્યેક ઉદ્યોતની સાથે સ્થિર-અસ્થિર, શુભ અશુભ, યશ-અપયશના ૮ ભાંગા
૧૬

એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩ ના બંધના ૦૪ ભાંગા
એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫ ના બંધના ૨૦ ભાંગા
એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૬ ના બંધના ૧૬ ભાંગા

કુલ ૪૦ ભાંગા થાય

બેઈન્દ્રિય પ્રાયોગ્ય બંધસ્થાન ૩ છે. ૨૫, ૨૯, ૩૦

૨૫ પ્રકૃતિ

૯	નામની ધ્રુવબંધી ૯	૧૬	છેવટ્ઠુ સંઘયણ	૨૩	દુર્ભગ
૧૦	તિર્યંચગતિ	૧૭	ત્રસ	૨૪	અનાદેય
૧૧	તિર્યંચાનુપૂર્વી	૧૮	બાદર	૨૫	અપયશ
૧૨	બેઈન્દ્રિય જાતિ	૧૯	અપર્યાપ્ત		

૧૩	ઔદારિક શરીર	૨૦	પ્રત્યેક
૧૪	ઔદારિક અંગોપાંગ	૨૧	અસ્થિર
૧૫	હુંડક સંસ્થાન	૨૨	અશુભ

અપર્યાપ્ત એકે. પ્રાયો. ૨૩ પ્રકૃતિમાં ઔદા. અંગોપાંગ અને છેવટ્ઠુ સંઘયાણ ઉમેરવાથી ૨૫નું બંધસ્થાન અપર્યા. બેઈન્દ્રિય પ્રાયોગ્ય થાય, તેમાં એકે. જાતિના બદલે બેઈ. જાતિ કહેવી. તેમજ સ્થાવરના બદલે ત્રસ તથા સૂક્ષ્મ-બાદર સાધારણ-પ્રત્યેક એ વિકલ્પના બદલે બાદર-પ્રત્યેક જાણવાં. બેઈન્દ્રિયાદિની સાથે સૂક્ષ્મ અને સાધારણ નામનો બંધ થાય નહી.

અપર્યાપ્ત બેઈન્દ્રિય પ્રાયોગ્ય ૨૫નું બંધસ્થાન મિથ્યાદષ્ટિ મનુષ્ય અને તિર્યંચ બાંધે.

અહિં એક પણ પ્રકૃતિ વિકલ્પવાળી નથી માટે અપર્યાપ્ત બેઈન્દ્રિય પ્રાયોગ્ય ૨૫ ના બંધસ્થાનનો ૧ ભાંગો થાય.

પૂર્વોક્ત ૨૫માં પરાઘાત, શ્વાસોશ્વાસ, અશુભ વિહાયોગતિ અને દુઃસ્વર એ ૪ પ્રકૃતિ ઉમેરવાથી પર્યાપ્ત બેઈન્દ્રિય પ્રાયોગ્ય ૨૯નું બંધસ્થાન થાય અને અહીં અપર્યાપ્ત નામને બદલે પર્યાપ્તનામકર્મ સમજવું.

પર્યાપ્ત બેઈન્દ્રિય પ્રાયોગ્ય ૨૯નું બંધસ્થાન મિથ્યાદષ્ટિ મનુષ્ય અને તિર્યંચ બાંધે. ૨૯ ના બંધમાં સ્થિર, શુભ, યશ એ ત્રણ પ્રતિપક્ષી બંધાતી હોવાથી ૨૯ના બંધસ્થાનના ૮ ભાંગા ઘટે (સ્થિરાદિ-શુભાદિ-યશાદિના ભાંગા માટે જૂઓ પા. ૪૨)

પૂર્વોક્ત ૨૯માં ઉદ્યોત ઉમેરવાથી પર્યાપ્ત બેઈન્દ્રિય પ્રાયોગ્ય ૩૦નું બંધસ્થાન થાય.

પર્યાપ્ત બેઈન્દ્રિય પ્રાયોગ્ય ૩૦નું બંધસ્થાન મિથ્યાદષ્ટિ મનુષ્ય અને તિર્યંચ બાંધે. ૩૦ ના બંધમાં પણ સ્થિર, શુભ, યશ એ ત્રણ પ્રતિપક્ષી બંધાતી હોવાથી ૩૦ના બંધસ્થાનના ૮ ભાંગા થાય.

આ પ્રમાણે બેઈ પ્રાયો. ૨૫ ના બંધનો		૧	ભાંગો
બેઈ પ્રાયો. ૨૯ ના બંધનો		૮	ભાંગો
બેઈ પ્રાયો. ૩૦ ના બંધનો		૮	ભાંગો

કુલ ૧૭ ભાંગા થાય

એજ રીતે તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય પ્રાયોગ્ય બંધસ્થાન અને બંધભાંગા થાય છે. ફક્ત બેઈ. જાતિના સ્થાને તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય જાતિ કહેવી. તેથી વિકલેન્દ્રિય પ્રાયોગ્ય બંધસ્થાનોના બંધભાંગા કુલ ૫૧થાય.

પંચે તિર્યંચ પ્રાયોગ્ય બંધસ્થાન ૩ છે - ૨૫, ૨૯, ૩૦

અપ. તિ. પ્રા. ૨૫ પ્રકૃતિ

૯	નામની ધ્રુવબંધી ૯	૧૫	છેવટ્ઠુ સંઘયણ	૨૧	અસ્થિર
૧૦	તિર્યંચગતિ	૧૬	હુંડક સંસ્થાન	૨૨	અશુભ
૧૧	તિર્યંચાનુપૂર્વી	૧૭	ત્રસ	૨૩	દુર્ભગ
૧૨	પંચેન્દ્રિયજાતિ	૧૮	બાદર	૨૪	અનાદેય
૧૩	ઔદારિક શરીર	૧૯	અપર્યાપ્ત	૨૫	અપયશ
૧૪	ઔદારિક અંગોપાંગ	૨૦	પ્રત્યેક		

અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૫નું બંધસ્થાનક મિથ્યાદૃષ્ટિ તિર્યંચ અને મનુષ્ય બાંધે. ૨૫ના બંધસ્થાનનો ૧ ભાંગો જાણવો. આ બંધસ્થાનકે એકે પ્રકૃતિ વિકલ્પવાળી નથી માટે એક ભાંગો ૯૪ થાય છે.

૫. તિર્યંચ પ્રા. ૨૯ પ્રકૃતિ

૯	નામની ધ્રુવબંધી ૯	૧૭	બેમાંથી એક વિહાયોગતિ	૨૫	સુસ્વર-દુસ્વર
૧૦	તિર્યંચગતિ	૧૮	ત્રસ	૨૬	આદેય-અનાદેય
૧૧	તિર્યંચાનુપૂર્વી	૧૯	બાદર	૨૭	યશ-અપયશ
૧૨	ઔદારિક શરીર	૨૦	પર્યાપ્ત	૨૮	પરાઘાત
૧૩	ઔદારિક અંગોપાંગ	૨૧	પ્રત્યેક	૨૯	શ્વાસોશ્વાસ
૧૪	પંચેન્દ્રિય જાતિ	૨૨	સ્થિર-અસ્થિર		
૧૫	છમાંથી એક સંઘયણ	૨૩	શુભ-અશુભ		
૧૬	છમાંથી એક સંસ્થાન	૨૪	સુભગ-દુર્ભગ		

પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૯નું બંધસ્થાન મિથ્યાત્વી તથા સાસ્વાદની ચારે ગતિના જીવો બાંધે છે.

૨૯ના બંધસ્થાનમાં ૯ પ્રકૃતિ પ્રતિપક્ષ બંધાતી હોવાથી ૪૬૦૮ ભાંગા નીચે પ્રમાણે થાય છે.

૬ સંઘયણ × ૬ સંસ્થાન	=	૩૬
૩૬ × ૨ વિહાયોગતિ	=	૭૨
૭૨ × ૨ સ્થિર-અસ્થિર	=	૧૪૪
૧૪૪ × ૨ શુભ-અશુભ	=	૨૮૮
૨૮૮ × ૨ સુભગ-દુર્ભગ	=	૫૭૬
૫૭૬ × ૨ સુસ્વર-દુસ્વર	=	૧૧૫૨
૧૧૫૨ × ૨ આદેય-અનાદેય	=	૨૩૦૪
૨૩૦૪ × ૨ યશ-અપયશ	=	૪૬૦૮

પૂર્વોક્ત ૨૯માં ઉદ્યોત ઉમેરવાથી પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ નું બંધસ્થાન થાય, તેના બંધક પણ મિથ્યાત્વી અને સાસ્વાદની ચારે ગતિના જીવો છે.

૩૦ના બંધસ્થાનમાં પણ પૂર્વની જેમ ૯ પ્રકૃતિ પ્રતિપક્ષ બંધાતી હોવાથી ૩૦ના બંધસ્થાનના બંધભાંગા પણ ૪૬૦૮ થાય છે

પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૫ના બંધસ્થાનના	૧	ભાંગા
પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ના બંધસ્થાનના	૪૬૦૮	ભાંગા
પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ના બંધસ્થાનના	૪૬૦૮	ભાંગા

પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય કુલ ૯૨૧૭ બંધભાંગા થાય

એકેન્દ્રિય પ્રાયોગ્ય	૪૦	ભાંગા
વિકલેન્દ્રિય પ્રાયોગ્ય	૫૧	ભાંગા
પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય	૯૨૧૭	ભાંગા
તિર્યંચ ગતિ પ્રાયોગ્ય કુલ	૯૩૦૮	**બંધભાંગા થાય.**

તિર્યંચ ગતિ પ્રાયોગ્ય ૯૩૦૮ ભાંગા બંધસ્થાનક વાર આ પ્રમાણે-

૨૩ના બંધસ્થાનકમાં	૪
૨૫ના બંધસ્થાનકમાં	૨૪
૨૬ના બંધસ્થાનકમાં	૧૬
૨૯ના બંધસ્થાનકમાં	૪૬૩૨
૩૦ના બંધસ્થાનકમાં	૪૬૩૨
કુલ	૯૩૦૮

મનુષ્ય પ્રાયોગ્ય બંધસ્થાન ૩ છે. - ૨૫, ૨૯, ૩૦

અપર્યા. મનુષ્ય પ્રાયોગ્ય ૨૫ના બંધસ્થાનની પ્રકૃતિ પૂર્વે પંચે તિર્યંચ પ્રાયોગ્ય ૨૫માં જણાવ્યા મુજબ જાણવી. ફક્ત મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વીનો તફાવત જાણવો.

અપર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય ૨૫નું બંધુસ્થાન યુગ. તેઉ-વાયુ વિના મિથ્યાદષ્ટિ તિર્યંચ અને મનુષ્ય બાંધે. ૨૫ના બંધસ્થાનનો ભાંગો ૧ તિર્યંચની જેમ જાણવો.

પર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ના બંધસ્થાનની પ્રકૃતિ પૂર્વે તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ના બંધની જેમ જાણવી, ગત્યાદિમાં ફેરફાર પૂર્વની જેમ જાણવો. ૨૯નું બંધસ્થાન મિથ્યાત્વી અને સાસ્વાદની ચારે ગતિના જીવો બાંધે પરંતુ તેઉ-વાઉ-યુ. મનુષ્ય-તિર્યંચ અને સાતમી નારકી ન બાંધે અને મિશ્ર અને અવિરત સમ્યદષ્ટિ નારકી અને દેવતા બાંધે છે.

તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ના બંધની જેમ ૯ પ્રતિપક્ષી પ્રકૃતિ અહીં પણ બંધાય છે. તેથી પર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ના બંધસ્થાનના ૪૬૦૮ ભાંગા જાણવા.

પૂર્વોક્ત ૨૯ના બંધમાં જિનનામ ઉમેરવાથી પર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦નું બંધસ્થાન થાય છે. ૩૦ નું બંધસ્થાન સમ્યગ્દ્રષ્ટિ દેવ અને નારકી બાંધે છે. જિનનામની સાથે બધી શુભ પ્રકૃતિ જ બંધાય છે. ફક્ત સ્થિર, શુભ, યશ એ ત્રણ પ્રતિપક્ષી પણ બંધાય છે.

તેથી પર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ ના બંધસ્થાનના ૮ ભાંગા જાણવા.

અપર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય ૨૫ના બંધસ્થાનનો	૧	ભાંગો
પર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ના બંધસ્થાનના	૪૬૦૮	ભાંગા
પર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ના બંધસ્થાનના	૮	ભાંગા
મનુષ્ય પ્રાયોગ્ય કુલ	**૪૬૧૭**	**બંધભાંગા થાય.**

દેવ પ્રાયોગ્ય બંધસ્થાન - ૪ છે. -૨૮, ૨૯, ૩૦, ૩૧

૨૮ પ્રકૃતિ

૯ નામની ધ્રુવબંધી ૯	૧૬ ત્રસ	૨૩ સુસ્વર
૧૦ દેવગતિ	૧૭ બાદર	૨૪ આદેય
૧૧ દેવાનુપૂર્વી	૧૮ પર્યાપ્ત	૨૫ યશ-અપયશ
૧૨ પંચેન્દ્રિય જાતિ	૧૯ પ્રત્યેક	૨૬ શુભ વિહાયોગતિ
૧૩ વૈક્રિય શરીર	૨૦ સ્થિર-અસ્થિર	૨૭ પરાઘાત
૧૪ વૈક્રિય અંગોપાંગ	૨૧ શુભ-અશુભ	૨૮ શ્વાસોશ્વાસ
૧૫ સમચતુઃ સંસ્થાન	૨૨ સુભગ	

દેવ પ્રાયોગ્ય ૨૮ નો બંધ મિથ્યાત્વી થી દેશવિરત સુધીના ૫૦ તિર્યંચો અને ૧ થી ૮ ગુણસ્થાન સુધીના ૫૦ મિથ્યા. અને પર્યા. અપ. સમ્યગ્દ્રષ્ટિ મનુષ્યો બાંધે. ૨૮ ના બંધસ્થાનમાં સ્થિર શુભ યશ એ ત્રણ પ્રતિપક્ષી બંધાતી હોવાથી દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધસ્થાનના ૮ ભાંગા થાય.

અપ. યુગ. મિથ્યા. મનુષ્યતિર્યંચ પણ દેવ પ્રા. ૨૮નો બંધ કરે.

પૂર્વોક્ત ૨૮ માં જિનનામ ઉમેરવાથી દેવ પ્રાયોગ્ય ૨૯ નું બંધસ્થાન થાય છે. તેના બંધક ૪ થી ૮ ગુણસ્થાન સુધીના મનુષ્યો છે. ૨૯ ના બંધસ્થાનમાં સ્થિર શુભ યશ એ ત્રણ જ પ્રતિપક્ષી બંધાતી હોવાથી દેવ પ્રાયોગ્ય ૨૯ ના બંધસ્થાનના ૮ ભાંગા થાય છે.

પૂર્વોક્ત ૨૮ માં આહારક દ્વિક ઉમેરવાથી દેવ પ્રાયોગ્ય ૩૦ નું બંધસ્થાન થાય છે. તેના બંધક અપ્રમત અને અપૂર્વકરણ ગુણસ્થાનવાળા મનુષ્યો જ છે. ૩૦ ના બંધસ્થાનમાં સ્થિર, શુભ, યશ એ શુભ પ્રકૃતિઓ જ બંધાય છે.

તેથી કોઈ વિકલ્પ ન હોવાથી દેવ પ્રાયોગ્ય ૩૦ ના બંધસ્થાનનો ૧ ભાંગો જ થાય.

પૂર્વોક્ત ૨૮ માં આહારક દ્વિક, જિનનામ ઉમેરવાથી દેવ પ્રાયોગ્ય ૩૧ નું બંધસ્થાન થાય છે. તેના બંધક અપ્રમત અને અપૂર્વકરણવાળા મનુષ્યો જ છે. અહીં પણ બધી શુભ પ્રકૃતિઓ જ બંધાતી હોવાથી દેવ પ્રાયોગ્ય ૩૧ ના બંધસ્થાનનો ૧ ભાંગો થાય.

દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધસ્થાનના	૮	ભાંગા
દેવ પ્રાયોગ્ય ૨૯ ના બંધસ્થાનના	૮	ભાંગા
દેવ પ્રાયોગ્ય ૩૦ ના બંધસ્થાનના	૧	ભાંગા
દેવ પ્રાયોગ્ય ૩૧ ના બંધસ્થાનના	૧	ભાંગા
દેવ પ્રાયોગ્ય કુલ	૧૮	બંધભાંગા

નરક પ્રાયોગ્ય બંધસ્થાન-૧છે-૨૮

૨૮ પ્રકૃતિ

૯ નામની ધ્રુવબંધી ૯	૧૬ ત્રસ	૨૩ દુઃસ્વર
૧૦ નરકગતિ	૧૭ બાદર	૨૪ અનાદેય
૧૧ નરકાનુપૂર્વી	૧૮ પર્યાપ્ત	૨૫ અપયશ
૧૨ પંચેન્દ્રિય જાતિ	૧૯ પ્રત્યેક	૨૬ પરાઘાત
૧૩ વૈક્રિય શરીર	૨૦ અસ્થિર	૨૭ શ્વાસોશ્વાસ
૧૪ વૈક્રિય અંગોપાંગ	૨૧ અશુભ	૨૮ અશુભ વિહાયોગતિ
૧૫ હુંડક સંસ્થાન	૨૨ દુર્ભગ	

નરક પ્રાયોગ્ય ૨૮ના બંધક મિથ્યાદૃષ્ટિ પ.સંજ્ઞી અસંજ્ઞી પં. તિર્યંચ અને પ. સંજ્ઞી મનુષ્યો છે.

નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધસ્થાનમાં એક પણ વિકલ્પ નથી તેથી ૨૮ ના બંધસ્થાનનો ૧ ભાંગો થાય છે.

અહીં શક્ય અશુભ બંધાય એટલે કે નરક ગતિની સાથે ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક પં. જાતિ વિગેરે શુભ પણ બંધાય છે. માટે નરક ગતિની સાથે શક્ય અશુભ એમ લખેલ છે. બધી પ્રતિપક્ષ રહિત પ્રકૃતિઓ જ બંધાય છે. તેથી વિકલ્પ નથી.

દેવગતિ પ્રાયોગ્ય બંધવિચ્છેદ થયે છતે ૮ મા ગુણ. ના સાતમા ભાગથી ૯ મા અને ૧૦ મા ગુણઠાણે અપ્રાયોગ્ય એક યશકીર્તિ બાંધે તેથી ૧ નું બંધસ્થાનક

તેથી અપ્રાયોગ્ય બંધનો ૧ ભાંગો છે.

(કોઈ પણ ગતિ પ્રાયોગ્ય ન હોવાથી અપ્રાયોગ્ય કહેવાય)

બધા બંધસ્થાને ભાંગાની સંખ્યા

चउपणवीसा सोलस, नवबाणउईसया य अडयाला।
एयालुत्तर छायालसया, इक्किक्क बंधविही ॥२७॥

ગાથાર્થ : ૨૩વિ, બંધસ્થાનને આશ્રયીને અનુક્રમે ૪, ૨૫, ૧૬, ૯, ૯૨૪૮, ૪૬૪૧, ૧ અને ૧ એટલા બંધના ભાંગા જાણવા.

કુલ બંધભાંગા ૧૩૯૪૫ નીચે પ્રમાણે છે.

ગતિ પ્રાયોગ્ય	૨૩	૨૫	૨૬	૨૮	૨૯	૩૦	૩૧	૧	કુલ
એકે પ્રાયોગ્ય	૪	૨૦	૧૬						૪૦
વિકલે. પ્રાયોગ્ય		૩			૨૪	૨૪			૫૧
પંચે. તિ. પ્રાયોગ્ય		૧			૪૬૦૮	૪૬૦૮			૯૨૧૭
મનુષ્ય પ્રાયોગ્ય		૧			૪૬૦૮	૮			૪૬૧૭
દેવ પ્રાયોગ્ય				૮	૮	૧	૧		૧૮
નારક પ્રાયોગ્ય				૧					૧
અપ્રાયોગ્ય								૧	૧
કુલ	**૪**	**૨૫**	**૧૬**	**૯**	**૯૨૪૮**	**૪૬૪૧**	**૧**	**૧**	**-૧૩૯૪૫**

वीसीगवीसा चउवीसगाउ, एगाहिआ य इगतीसा।
उदयट्ठाणाणि भवे, नव-अट्ठ य हुंति नामस्स ॥२८॥

ગાથાર્થ : ૨૦, ૨૧ ૨૪ થી માંડીને એક એક પ્રકૃતિ અધિક કરતાં ૩૧ સુધી અને ૯ અને ૮ પ્રકૃતિના એ પ્રમાણે નામકર્મના ઉદયસ્થાનો છે.

૨૦નું, ૨૧નું, ૨૪નું, ૨૫નું, ૨૬નું ૨૭નું ૨૮નું, ૨૯નું, ૩૦નું, ૩૧નું, ૯નું અને ૮ પ્રકૃતિનું એમ કુલ નામકર્મના ૧૨ ઉદયસ્થાન છે.

કોનાં	**ક્યાં ઉદયસ્થાન**
એકેન્દ્રિયનાં	૨૧,૨૪,૨૫,૨૬,૨૭
વિકલેન્દ્રિયનાં	૨૧,૨૬,૨૮,૨૯,૩૦,૩૧
સામા. તિર્યંચ	૨૧,૨૬,૨૮,૨૯,૩૦,૩૧
વૈક્રિય તિર્યંચ	૨૫,૨૭,૨૮,૨૯,૩૦
સામા. મનુષ્ય	૨૧,૨૬,૨૮,૨૯,૩૦
વૈક્રિય મનુષ્ય	૨૫,૨૭,૨૮,૨૯,૩૦
આહા. મનુષ્ય	૨૫,૨૭,૨૮,૨૯,૩૦
કેવલિ મનુષ્ય	૨૦,૨૧,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧,૯,૮
નારક	૨૧,૨૫,૨૭,૨૮,૨૯
દેવ	૨૧,૨૫,૨૭,૨૮,૨૯,૩૦

"દરેક જીવને વિગ્રહગતિમાં ૨૧ પ્રકૃતિનો ઉદય હોય છે." લબ્ધિ અપર્યાપ્તાને હંમેશાં બે જ ઉદયસ્થાન હોય છે. તેથી સામા. મનુ. તિર્યં. નાં દરેકમાંથી પ્રથમના બે ઉદયસ્થાન લબ્ધિ અપર્યાપ્તાને પણ જાણવાં. (અહીં અપર્યાપ્તા એટલે લબ્ધિ અપર્યાપ્તા સમજવા.)

પ્રથમના બે ઉદયસ્થાનમાં પર્યાપ્તા એટલે લબ્ધિ પર્યાપ્તા અને અપર્યાપ્તા એટલે લબ્ધિ અપર્યાપ્તા એમ બન્ને પ્રકારના જીવો જાણવા.

એકેન્દ્રિયના (ઉદયસ્થાન : ૨૧નું, ૨૪નું, ૨૫નું, ૨૬નું, ૨૭નું)

એકેન્દ્રિયને ૨૧નું ઉદયસ્થાન વિગ્રહગતિમાં હોય છે.

૨૧ પ્રકૃતિ એકેન્દ્રિયને વિગ્રહગતિમાં

૧૨	ધ્રુવોદયી નામકર્મની ૧૨	૧૭	સૂક્ષ્મ-બાદર
૧૩	તિર્યંચગતિ	૧૮	પર્યાપ્ત-અપર્યાપ્ત
૧૪	તિર્યંચાનુપૂર્વી	૧૯	દૌર્ભાગ્ય
૧૫	એકે. જાતિ	૨૦	અનાદેય
૧૬	સ્થાવર	૨૧	યશ-અપયશ

અહીં ૨૧ના ઉદયમાં સૂક્ષ્મ, પર્યાપ્ત અને યશ એ ત્રણ પ્રતિપક્ષી ઉદયમાં છે.

"સૂક્ષ્મ તથા લબ્ધિ અપર્યાપ્તને યશનો ઉદય ન હોય"

તેથી એકેન્દ્રિયના ૨૧ના ઉદયસ્થાનના ૫ ભાંગા થાય છે.

(૧) બાદર પર્યાપ્તા અપયશ
(૨) બાદર પર્યાપ્તા યશ
(૩) બાદર અપર્યાપ્તા અપયશ
(૪) સૂક્ષ્મ પર્યાપ્તા અપયશ
(૫) સૂક્ષ્મ અપર્યાપ્તા અપયશ

એકેન્દ્રિયનું ૨૪ નું ઉદયસ્થાન ઉત્પત્તિસ્થાનના પ્રથમ સમયથી ઘટે.

પૂર્વોક્ત ૨૧માં (૧) ઔદારિક શરીર (૨) હુંડક સંસ્થાન (૩) ઉપઘાત (૪) પ્રત્યેક-સાધારણ એ ૪ પ્રકૃતિ ઉમેરવાથી અને આનુપૂર્વી કાઢવાથી ૨૪નું ઉદયસ્થાન થાય છે. અહીં પ્રત્યેક-સાધારણ પણ પ્રતિપક્ષી ઉદયમાં હોય છે.

તેથી એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૪ના ઉદયસ્થાનના ૧૦ ભાંગા નીચે પ્રમાણે થાય.

(૧) બાદર પ્રર્યાપ્ત પ્રત્યેક યશ
(૨) બાદર પર્યાપ્ત પ્રત્યેક અપયશ
(૩) બાદર પર્યાપ્ત સાધારણ યશ
(૪) બાદર પર્યાપ્તા સાધારણ અપયશ
(૫) બાદર અપર્યાપ્ત પ્રત્યેક અપયશ
(૬) બાદર અપર્યાપ્ત સાધારણ અપયશ
(૭) સૂક્ષ્મ પર્યાપ્ત પ્રત્યેક અપયશ
(૮) સૂક્ષ્મ પર્યાપ્ત સાધારણ અપયશ
(૯) સૂક્ષ્મ અપર્યાપ્ત પ્રત્યેક અપયશ
(૧૦) સૂક્ષ્મ અપર્યાપ્ત સાધારણ અપયશ

૫૦બા૦વાયુકાય વૈક્રિય શરીર બનાવે ત્યારે પણ ૨૪નો ઉદય હોય છે તેને બાદર, પર્યાપ્ત પ્રત્યેક અપયશ પ્રકૃતિ ઉદયમાં હોય છે. તેની પ્રતિપક્ષી ઉદયમાં ન હોય કારણ કે "તેઉ, અને વાયુને

સાધારણ અને યશનો ઉદય ન હોય'' તેથી વૈક્રિય-વાયુકાયને ૨૪ના ઉદયસ્થાનનો ૧ ભાંગો ઘટે. એમ કુલ એકેન્દ્રિયના ૨૪ના ઉદયસ્થાનના ૧૧ ભાંગા થાય.

એકેન્દ્રિયનું ૨૫નું ઉદયસ્થાન લબ્ધિ પર્યાપ્તા એવા શરીર પર્યાપ્તિ એ પર્યાપ્ત એકેન્દ્રિયને હોય છે.

પૂર્વોક્ત ૨૪ માં પરાઘાત ઉમેરવાતી એકે. ને ૨૫નું ઉદયસ્થાન હોય છે.

''પરાઘાતનો ઉદય લબ્ધિ પર્યાપ્તાને જ હોય છે.''

તેથી ૨૫ના ઉદયસ્થાનના ૬ ભાંગા નીચે પ્રમાણે થાય છે.

(૧) બાદર પર્યાપ્તા પ્રત્યેક યશ
(૨) બાદર પર્યાપ્તા પ્રત્યેક અપયશ
(૩) બાદર પર્યાપ્ત સાધારણ યશ
(૪) બાદર પર્યાપ્ત સાધારણ અપયશ
(૫) સૂક્ષ્મ પર્યાપ્ત પ્રત્યેક અપયશ
(૬) સૂક્ષ્મ પર્યાપ્ત સાધારણ અપયશ

બાદર વાયુકાયને વૈક્રિય શ૰ કરતાં શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને પરાઘાત ઉમેરવાથી ૨૫ના ઉદયસ્થાનનો ૧ ભાંગો ૨૪ના ઉદયસ્થાનની જેમ થાય છે. તેથી એકેન્દ્રિયના ૨૫ના ઉદયસ્થાનના કુલ ભાંગા ૭ થાય છે.

એકેન્દ્રિયનું ૨૬નું ઉદયસ્થાન-શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તાને પૂર્વોક્ત ૨૫માં શ્વાસોશ્વાસ ઉમેરવાથી અથવા શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને શ્વાસોશ્વાસના અનુદયમાં આતપ અથવા ઉદ્યોત ઉમેરવાથી થાય છે.

શ્વાસોશ્વાસ સહિત ૨૬ના ઉદયસ્થાનના ૬ ભાંગા ૨૫ના ઉદયની જેમ છે.

''ઉદ્યોતનો ઉદય બાદર પર્યાપ્તા પ્રત્યેક અને સાધારણ ને જ હોય છે. પરંતુ સૂક્ષ્મ અને લબ્ધિ અપ. ને ન થાય. તેથી ઉદ્યોત સહિત ૨૬ના ઉદયસ્થાનના ૪ ભાંગા નીચે પ્રમાણે છે.''

(૧) બાદર પર્યાપ્ત પ્રત્યેક યશ ઉદ્યોત
(૨) બાદર પર્યાપ્ત પ્રત્યેક અપયશ ''
(૩) બાદર પર્યાપ્ત સાધારણ યશ ઉદ્યોત
(૪) બાદર પર્યાપ્ત સાધારણ અપયશ ''

''આતપનો ઉદય બાદર પર્યાપ્ત પ્રત્યેકને જ હોય છે.'' અને તે પૃથ્વીકાયને જ હોય. સૂક્ષ્મ-અપર્યાપ્તા અને સાધારણ જીવોને હોય નહી તેથી આતપ સહિત ૨૬ના ઉદયસ્થાનના ૨ ભાંગા નીચે પ્રમાણે છે.

(૧) બાદર પર્યાપ્તા પ્રત્યેક યશ આતપ

(૨) બાદર પર્યાપ્તા પ્રત્યેક અપયશ આતપ

બાદર વાયુકાયને વૈક્રિય કરતાં શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તાને પૂર્વોક્ત ૨૫માં શ્વાસોશ્વાસ ઉમેરવાથી ૨૬નો ઉદય થાય છે. તેનો ૧ ભાંગો પૂર્વોક્ત રીતે થાય છે.

''તેઉ વાયુને આતપ અને ઉદ્યોતનો ઉદય ન હોય'' તેથી તેના ભાંગા થાય નહિ.

એકેન્દ્રિયને શ્વાસોશ્વાસ સહિત ૨૬ના ઉદયસ્થાનના	૬ ભાંગા
ઉદ્યોત સહિતના	૪ ભાંગા
આતપ સહિતના	૨ ભાંગા
વૈક્રિય વાયુકાયને શ્વાસોશ્વાસ સહિતનો	૧ ભાંગા
આ પ્રમાણે એકેન્દ્રિયને ૨૬ના ઉદયના	૧૩ ભાંગા કુલ થાય.

એકેન્દ્રિયનું ૨૭નું ઉદયસ્થાન શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તને શ્વાસોશ્વાસ સહિત ૨૬માં આતપ અથવા ઉદ્યોત ઉમેરવાથી થાય છે. અહીં ઉદ્યોત સહિત ૪ ભાંગા અને આતપ સહિત ૨ ભાંગા ઉપર જણાવ્યા મુજબ જાણવા.

વૈક્રિય વાયુકાયને આતપ અને ઉદ્યોતનો ઉદય ન હોવાથી ૨૭ નો ઉદય ન ઘટે.

તેથી એકેન્દ્રિયને ૨૭ ના ઉદયસ્થાનના ઉદ્યોત સહિત	૪ ભાંગા
એકેન્દ્રિય ને ૨૭ ના ઉદયસ્થાનના આતપ સહતિ	૨ ભાંગા
એકેન્દ્રિય ને ૨૭ ના ઉદયના	૬ ભાંગાના કુલ થાય

એકેન્દ્રિયના ૨૧ ના ઉદયસ્થાનના	૫ ભાંગા
એકેન્દ્રિયના ૨૪ ના ઉદયસ્થાનના	૧૧ ભાંગા
એકેન્દ્રિયના ૨૫ ના ઉદયસ્થાનના	૭ ભાંગા
એકેન્દ્રિયના ૨૬ ના ઉદયસ્થાનના	૧૩ ભાંગા
એકેન્દ્રિયના ૨૭ ના ઉદયસ્થાનના	૬ ભાંગા
એકેન્દ્રિય ના	૪૨ કુલ ઉદયભાંગા છે.

બેઈન્દ્રિયના (ઉદયસ્થાન : ૨૧નું, ૨૬નું, ૨૮નું, ૨૯નું, ૩૦નું, ૩૧નું)
૨૧નું ઉદયસ્થાન વિગ્રહગતિમાં હોય છે.

૨૧ પ્રકૃતિ

૧૨ નામની ધ્રુવોદયી ૧૨ ૧૭ બાદર

૧૩ તિર્યંચગતિ	૧૮ પર્યાપ્ત-અપર્યાપ્ત
૧૪ તિર્યંચાનુપૂર્વી	૧૯ દુર્ભગ
૧૫ બેઈન્દ્રિય જાતિ	૨૦ અનાદેય
૧૬ ત્રસ	૨૧ યશ-અપયશ

''અપર્યાપ્ત નામ. વાળાને વિકલ્પવાળી બધી અશુભ ૯ ઉદયમાં હોય છે''

તેથી ૨૧ના ઉદયસ્થાનના ૩ ભાંગા નીચે પ્રમાણે થાય છે.

(૧) પર્યાપ્ત-યશ (૨) પર્યાપ્ત-અપયશ (૩) અપર્યાપ્ત-અપયશ

૨૬નું ઉદયસ્થાન ઉત્પત્તિસ્થાનના પ્રથમ સમયથી હોય.

પૂર્વોક્ત ૨૧માં (૧) ઔદારિક શરીર (૨) ઔદારિક અંગોપાંગ (૩) હુંડક સંસ્થાન (૪) છેવટ્ઠુ સંઘયણ (૫) ઉપઘાત (૬) પ્રત્યેક એ છ પ્રકૃતિ ઉમેરવાથી અને આનુપૂર્વી કાઢવાથી ૨૬નું ઉદયસ્થાન થાય છે.

૨૬ ના ઉદયસ્થાનના ૩ ભાંગા ૨૧ના ઉદયની જેમ જાણવા.

પૂર્વોક્ત ૨૬ માં (૧) પરાઘાત (૨) અશુભ વિહાયોગતિ એ બે પ્રકૃતિ ઉમેરવાથી ૨૮નું ઉદયસ્થાન થાય છે. અહીં અપર્યાપ્ત નામનો ઉદય હોય નહિ. લબ્ધિ અપર્યાપ્તાને પહેલાં બે જ ઉદયસ્થાન હોય.

૨૮નું ઉદયસ્થાન લબ્ધિ પર્યાપ્તા એવા શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને હોય છે. માટે ૨૮ના ઉદયસ્થાનના ૨ (બે) ભાંગા નીચે પ્રમાણે થાય છે.

(૧) પર્યાપ્ત-યશ (૨) પર્યાપ્ત-અપયશ

પૂર્વોક્ત ૨૮માં શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તાને શ્વાસોશ્વાસ ઉમેરવાથી અથવા શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને શ્વાસોશ્વાસના અનુદયમાં ઉદ્યોત ઉમેરવાથી ૨૯નું ઉદયસ્થાન થાય છે.

૨૮ના ઉદયસ્થાનની જેમ ૨૯ના ઉદયસ્થાનના ૨ ભાંગા ઉદ્યોત સાથે અને બે ભાંગા શ્વાસોશ્વાસ સાથે એમ બન્ને સાથે ઘટે છે તેથી ૨૯ના ઉદયસ્થાનના ૪ ભાંગા થાય છે.

શ્વાસોશ્વાસ સહિત ૨૯ના ઉદયસ્થાનમાં દુઃસ્વર અથવા સુસ્વર ઉમેરવાથી અથવા સ્વરના અનુદયમાં ઉદ્યોત ઉમેરવાથી ૩૦નું ઉદયસ્થાન થાય છે.

એટલે કે	૨૯ પ્રકૃતિ	૨૯ પ્રકૃતિ
	+૧ સ્વર અથવા	+૧ ઉદ્યોત
	૩૦	૩૦

૩૦ ના ઉદયસ્થાનમાં સુસ્વર દુસ્વર એમ બન્ને સ્વર પ્રતિપક્ષ ઉદયમાં હોય છે. તેથી ૬ ભાંગા નીચે પ્રમાણે થાય છે. વિકલેન્દ્રિયને સુસ્વર કે દુસ્વરનો ઉદય હોઈ શકે છે તેથી

(૧) પર્યાપ્ત સુસ્વર યશ
(૨) પર્યાપ્ત સુસ્વર અપયશ
(૩) પર્યાપ્ત દુઃસ્વર યશ
(૪) પર્યાપ્ત દુઃસ્વર અપયશ

સ્વરના અનુદયે ઉદ્યોત યુક્ત (૫) પર્યાપ્ત-યશ
(૬) પર્યાપ્ત-અપયશ

સ્વરથી યુક્ત ૩૦ના ઉદયસ્થાનમાં ઉદ્યોત ઉમેરવાથી ૩૧નું ઉદયસ્થાન થાય છે.
૩૧ના ઉદયસ્થાનના ૪ ભાંગા પૂર્વોક્ત સ્વરથી યુક્ત ૩૦ના ભાંગાની જેમ જાણવા.

ઉદયસ્થાન	ભાંગા	
૨૧	૩	
૨૬	૩	
૨૮	૨	
૨૯	૪	
૩૦	૬	
૩૧	૪	
કુલ બેઈન્દ્રિયના	૨૨	ઉદય ભાંગા થાય

એ પ્રમાણે તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયના છ ઉદયસ્થાને ૨૨ ભાંગા થાય છે. ફક્ત બેઈન્દ્રિય જાતિના સ્થાને તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય જાતિ જાણવી.

બેઈન્દ્રિય	૨૨	
તેઈન્દ્રિય	૨૨	
ચઉરિન્દ્રિય	૨૨	
કુલ વિકલેન્દ્રિયના	૬૬	ઉદયભાંગા થાય છે.

પંચેન્દ્રિય તિર્યંચના (ઉદયસ્થાનઃ- ૨૧નું, ૨૬નું, ૨૮નું, ૨૯નું, ૩૦નું, ૩૧નું)

૨૧નું ઉદયસ્થાન વિગ્રહગતિમાં હોય છે.

૨૧ પ્રકૃતિ

(૧૨) નામકર્મની ધ્રુવોદયી ૧૨ (૧૭) બાદર

(૧૩) તિર્યંચગતિ
(૧૪) તિર્યંચાનુપૂર્વી
(૧૫) પંચેન્દ્રિયજાતિ
(૧૬) ત્રસ
(૧૮) પર્યાપ્તા-અપર્યાપ્તા
(૧૯) સુભગ-દુર્ભગ
(૨૦) આદેય-અનાદેય
(૨૧) યશ-અપયશ

લબ્ધિ અપર્યાપ્તાને વિકલ્પવાળી બધી અશુભ ૭૪ ઉદયમાં હોય છે. અને પર્યાપ્તાને સુભગ-આદેય-યશ એ ત્રણ પ્રતિપક્ષી ઉદયમાં હોય છે. તેથી

૨૧ ના ઉદયસ્થાનના ૯ ભાંગા નીચે પ્રમાણે થાય છે.

(૧) પર્યાપ્ત સૌભાગ્ય આદેય યશ
(૨) પર્યાપ્ત સૌભાગ્ય આદેય અપયશ
(૩) પર્યાપ્ત સૌભાગ્ય અનાદેય યશ
(૪) પર્યાપ્ત સૌભાગ્ય અનાદેય અપયશ
(૫) પર્યાપ્ત દૌર્ભાગ્ય આદેય યશ
(૬) પર્યાપ્ત દૌર્ભાગ્ય આદેય અપયશ
(૭) પર્યાપ્ત દૌર્ભાગ્ય અનાદેય યશ
(૮) પર્યાપ્ત દૌર્ભાગ્ય અનાદેય અપયશ
(૯) અપર્યાપ્ત દૌર્ભાગ્ય અનાદેય અપયશ

૨૬નું ઉદયસ્થાન ઉત્પત્તિસ્થાનના પ્રથમ સમયથી હોય છે.

પૂર્વોક્ત ૨૧માં (૧) ઔદારિક શરીર (૨) ઔદારિક અંગોપાંગ (૩) ૬ સંઘયણમાંથી ૧ સંઘયણ (૪) ૬ સંસ્થાનમાંથી એક સંસ્થાન (૫) ઉપઘાત (૬) પ્રત્યેક એ છ ઉમેરવાથી અને આનુપૂર્વી કાઢવાથી ૨૬નું ઉદયસ્થાન થાય છે.

૨૬ના ઉદયસ્થાનમાં અપર્યાપ્તા નામ વાળાને વિકલ્પવાળી બધી અશુભ ઉદયમાં હોવાથી તેનો ૧ ભાંગો અને પર્યાપ્તા નામ. વાળાને ૬માંથી ૧ સંઘયણ, ૬માંથી ૧ સંસ્થાન અને સુભગ, આદેય અને યશ પ્રતિપક્ષી ઉદયમાં હોઈ શકે છે. તેથી તેના ૨૮૮ ભાંગા નીચે પ્રમાણે થાય છે.

સંઘયણ		સંસ્થાન		સુભગ-દુર્ભગ		આદેય-અનાદેય		યક્ષ-અપયશ	
૬	×	૬	×	૨	×	૨	×	૨	= ૨૮૮

૨૬ના ઉદયસ્થાનના પર્યાપ્તના ૨૮૮ + ૧ અપર્યાપ્તાને તેથી કુલ ભાંગા ૨૮૯ થાય છે. લબ્ધિ અપ. ને બધી વિકલ્પવાળી અશુભ ઉદયમાં હોય છે માટે.

૨૮નું ઉદયસ્થાન લબ્ધિ પર્યાપ્તાને શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને હોય છે.

પૂર્વોક્ત ૨૬ માં (૧) પરાઘાત (૨) બેમાંથી એક વિહાયોગતિ ઉમેરવાથી ૨૮નું ઉદયસ્થાન થાય છે.

૨૮ ના ઉદયસ્થાનમાં પૂર્વોક્ત ૨૮૮ ભાંગા × ૨ વિહાયોગતિ કુલ ૫૭૬ ભાંગા થાય છે.

પૂર્વોક્ત ૨૮માં શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તાને શ્વાસોશ્વાસ ઉમેરવાથી અથવા ઈન્દ્રિય પર્યાપ્તિએ પર્યાપ્તાને શ્વાસોશ્વાસના અનુદયમાં ઉદ્યોત ઉમરેવાથી ૨૯નું ઉદયસ્થાન થાય છે.

૨૯ના ઉદયસ્થાનના શ્વાસોશ્વાસ સહિત પૂર્વની જેમ ૫૭૬ ભાંગા અને શ્વાસોશ્વાસના અનુદયે ઉદ્યોત સહિત પૂર્વની જેમ ૫૭૬ ભાંગા એટલે કુલ **૧૧૫૨** ભાંગા થાય છે.

૩૦નું ઉદયસ્થાન-શ્વાસોશ્વાસ સહિત ૨૯ ના ઉદયસ્થાનમાં દુઃસ્વર કે સુસ્વર ઉમેરવાથી અથવા સ્વરના અનુદયમાં ઉદ્યોત ઉમેરવાથી થાય છે.

પૂર્વોક્ત ૫૭૬ ભાંગા × ૨ સ્વર = ૧૧૫૨ ભાંગા સ્વર સહિત ૩૦ ના ઉદયસ્થાનના અને સ્વરના અનુદયે ઉદ્યોત સહિત ૩૦ ના ઉદયસ્થાનના પૂર્વોક્ત **૫૭૬** ભાંગા એટલે કુલ ૩૦ ના ઉદયસ્થાનના ૧૭૨૮ ભાંગા થાય છે.

૩૧નું ઉદયસ્થાન સ્વરથી યુક્ત ૩૦ના ઉદયમાં ઉદ્યોત ઉમેરવાથી થાય છે.

૩૧ના ઉદયસ્થાનના ૧૧૫૨ ભાંગા પૂર્વોક્ત સ્વરથી યુક્ત ૩૦ના ઉદયના ભાંગાની જેમ જાણવા.

સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના કુલ ઉદયભાંગા આ પ્રમાણે

ઉદયસ્થાન	ભાંગા
૨૧	૯
૨૬	૨૮૯
૨૮	૫૭૬
૨૯	૧૧૫૨
૩૦	૧૭૨૮
૩૧	૧૧૫૨
કુલ	**૪૯૦૬ ઉદયભાંગા છે.**

વૈક્રિય તિર્યંચના (ઉદયસ્થાન : ૨૫નું, ૨૭નું, ૨૮નું, ૨૯નું, ૩૦નું)

વૈક્રિય તિર્યંચને ૨૧નું ઉદયસ્થાન ન ઘટે તે સિવાયના ઉદયસ્થાનો પૂર્વે સામાન્ય તિર્યંચના જણાવ્યા મુજબ તિર્યંચને વૈક્રિય શરીર કરતા ઘટે છે. ઔદારિક દ્વિકના સ્થાને ઉદયમાં વૈક્રિય દ્વિક જાણવું. પંપ તિર્યંચને વૈક્રિય લબ્ધિ હોય. માટે પરંતુ

વૈક્રિય તિર્યંચને સંઘયણનો ઉદય હોય નહિ. તેથી ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦ એ પાંચ ઉદયસ્થાનો વૈક્રિય તિર્યંચને હોય છે.

વૈક્રિય તિર્યંચને સુભગ-આદેય-યશ એ ત્રણ જ પ્રતિપક્ષી ઉદયમાં હોય છે. બાકીની જે પ્રતિપક્ષ પ્રકૃતિ હતી તે શુભ જ હોય છે. જેમ કે સમચતુરસ સંસ્થાન, શુભ વિહાયોગતિ, સુસ્વર આ શુભ પ્રકૃતિઓ જ વૈક્રિયતિર્યંચને ઉદયમાં હોય પરંતુ તેની પ્રતિપક્ષ અશુભ પ્રકૃતિઓ ઉદયમાં ન હોય. તેથી ઉદયભાંગા નીચે પ્રમાણે થાય છે.

સામાન્ય તિર્યંચ	**વૈક્રિય તિર્યંચ**	**ભાંગા**	
૨૬ ના ઉદયસ્થાનના સ્થાને	૨૫ નું ઉદયસ્થાન	૮	
૨૮ ના ઉદયસ્થાનના સ્થાને	૨૭ નું ઉદયસ્થાન	૮	
૨૯ ના ઉદયસ્થાનના સ્થાને	૨૮ નું ઉદયસ્થાન	શ્વાસો. ૮ ઉદ્યોત. ૮	૧૬
૩૦ ના ઉદયસ્થાનના સ્થાને	૨૯ નું ઉદયસ્થાન	સ્વર. ૮ ઉદ્યોત. ૮	૧૬
૩૧ ના ઉદયસ્થાનના સ્થાને	૩૦ નું ઉદયસ્થાન	૮	
	વૈક્રિય તિર્યંચના કુલ	**૫૬**	**ઉદયભાંગા થાય**

એકેન્દ્રિયના	૪૨
વિકલેન્દ્રિયના	૬૬
સામાન્ય તિર્યંચના	૪૯૦૬
વૈક્રિય તિર્યંચ	૫૬
તિર્યંચના કુલ	**૫૦૭૦ ઉદયભાંગા છે.**

સામાન્ય મનુષ્યના (ઉદયસ્થાન :- ૨૧નું, ૨૬નું, ૨૮નું, ૨૯નું, ૩૦નું)

સામાન્ય મનુષ્યના ભાંગા તથા ઉદયસ્થાનો સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચની જેમ જાણવા. તફાવત એટલો કે તિર્યંચના ૨૯/૩૦/૩૧ ના ઉદયમાં જે ઉદ્યોતનો ઉદય છે તે મનુષ્યને ન હોય. તેથી તેના ભાંગા બાદ કરવા તેમજ ૩૧નું ઉદયસ્થાન ઉદ્યોત સહિત છે. માટે તે ન ઘટે. કારણ કે ઉદ્યોતનો ઉદય સંયમીને જ હોય અને તે પણ વૈક્રિય કે આહારક શરીરને વિશે હોય છે. મનુષ્યને મૂળ શરીરમાં ઉદ્યોતનો ઉદય ન હોય.

ઉદયસ્થાનમાં પ્રકૃતિઓ સામાન્ય તિર્યંચમાં કહ્યા મુજબ જાણવી. ફક્ત તિર્યંચગતિ અને તિર્યંચાનુપૂર્વીના સ્થાને મનુષ્યગતિ અને મનુષ્યાનુપૂર્વી જાણવી.

સામાન્ય મનુષ્યના ઉદયભાંગા નીચે પ્રમાણે થાય છે.

ઉદયસ્થાન	ભાંગા	
૨૧	૯	
૨૬	૨૮૯	
૨૮	૫૭૬	
૨૯	૫૭૬	
૩૦	૧૧૫૨	
સામાન્ય મનુષ્યના	૨૬૦૨	કુલ ઉદયભાંગા થાય છે.

વૈક્રિય મનુષ્યનાં (ઉદયસ્થાન - ૫: - ૨૫નું, ૨૭નું, ૨૮નું, ૨૯નું, ૩૦નું)

વૈક્રિય મનુષ્યના ઉદયસ્થાન તેમજ ઉદયભાંગા વૈક્રિય તિર્યંચની જેમ જ થાય છે. પરંતુ ૨૮/૨૯ અને ૩૦નું ઉદયસ્થાન જે ઉદ્યોત સહિત છે. તેમાં તિર્યંચને ઉદ્યોતના ઉદયે ૮/૮/૮ ભાંગા છે. તેના સ્થાને વૈક્રિય મનુષ્યને ઉદ્યોતના ઉદયે ૧/૧/૧ ભાંગો જ ઘટે, કારણ કે ઉદ્યોતનો ઉદય વૈક્રિય શરીર બનાવનાર યતિને જ હોય અને યતિને બધી શુભ પ્રકૃતિઓ જ ઉદયમાં હોય છે. યતિ સિવાય લબ્ધિ ફોરવનાર મનુષ્યને ઉદ્યોતનો ઉદય ન હોય.

તેથી વૈક્રિય મનુષ્યના ઉદયભાંગા આ પ્રમાણે થાય છે.

ઉદયસ્થાન			ભાંગા	
૨૫			૮	
૨૭			૮	
૨૮	શ્વાસો. સહિત	૮ }	૯	
૨૮	ઉદ્યોત. સહિત	૧ }		
૨૯	સ્વર. સહિત	૮ }	૯	
૨૯	ઉદ્યોત. સહિત	૧ }		
૩૦	સ્વર અને ઉદ્યોત. સહિત	૧	૧	
વૈક્રિય મનુષ્યના			૩૫	કુલ ઉદય ભાંગા થાય છે.

આહારક મનુષ્યનાં (ઉદયસ્થાન - ૫: - ૨૫નું, ૨૭નું, ૨૮નું, ૨૯નું, ૩૦નું)

આહારક મનુષ્યના ઉદયસ્થાન તેમજ ઉદયભાંગા વૈક્રિય મનુષ્યની જેમ થાય છે. ફક્ત વૈક્રિયદ્વિકના સ્થાને આહારકદ્વિકનો ઉદય જાણવો. તેમજ આહારક શરીરનો ઉદય ફક્ત યતિને જ

હોય છે અને યતિને બધી પ્રતિપક્ષ શુભપ્રકૃતિ ૯૪ ઉદયમાં હોય છે. તેથી આહારક શરીરીને દરેક વિકલ્પમાં ઉદયસ્થાને ૧-૧ ભાંગો ૯૪ થશે.

તેથી આહારક મનુષ્યના ઉદયભાંગા નીચે પ્રમાણે થાય છે.

ઉદયસ્થાન		ઉદય ભાંગા	
૨૫		૧	
૨૭		૧	
૨૮	શ્વાસો. સહિત	૧	કુલ-૨
	ઉદ્યોત સહિત	૧	
૨૯	સ્વર સહિત	૧	કુલ-૨
	ઉદ્યોત સહિત	૧	
૩૦	સ્વર, ઉદ્યોત સહિત	૧	
આહારક મનુષ્યના		૭	કુલ ઉદયભાંગા થાય છે.

કેવલી મનુષ્ય

કેવલી મનુષ્યને કુલ દશ ઉદયસ્થાન હોય છે. ૨૦/૨૧/૨૬/૨૭/૨૮/૨૯/૩૦/૩૧/૯/૮

કેવલી મનુષ્ય બે પ્રકારના હોય છે. (૧) સામાન્ય કેવલી (૨) તીર્થંકર કેવલી, તેમાં સામાન્ય કેવલીને સંસ્થાન-વિહાયોગતિ-સ્વર એ ત્રણ પ્રતિપક્ષી પ્રકૃતિ પણ ઉદયમાં હોય છે. પરંતુ તીર્થંકર કેવલીને બધી શુભ ૯૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે. તેથી તીર્થંકર કેવલીને દરેક ઉદયસ્થાને ૧/૧ ભાંગો ૯૪ ઘટે.

સામાન્ય કેવલીને ૨૦ પ્રકૃતિનું ઉદયસ્થાન

૧૨ નામકર્મની ધ્રુવોદયી ૧૨
૧૩ મનુષ્યગતિ
૧૪ પંચેન્દ્રિય જાતિ
૧૫ ત્રસ
૧૬ બાદર
૧૭ પર્યાપ્ત
૧૮ સુભગ
૧૯ આદેય
૨૦ યશ

સામાન્ય કેવલીને પૂર્વોક્ત ૨૦ પ્રકૃતિનો ઉદય કેવલી સમુદ્‌ઘાતમાં ૩/૪/૫ મા સમયે કાર્મણ કાયયોગમાં વર્તતા હોય ત્યારે હોય છે.

તેથી ૨૦ ના ઉદયસ્થાનનો ૧ ભાંગો જાણવો.

તીર્થંકર કેવલીને તેમાં જિનનામ ઉમરેવાથી ૨૧ નો ઉદય થાય તેમાં ૧ ભાંગો હોય, કાર્મણ કાયયોગના વ્યાપાર વખતે કેવલી સમુદ્‌ઘાતમાં ૩-૪ અને ૫મા સમયે હોય.

પૂર્વોક્ત ૨૦ અને ૨૧ પ્રકૃતિમાં (૧) ઔદારિક શરીર (૨) ઔદારિક અંગોપાંગ (૩) છમાંથી એક સંસ્થાન (૪) વજ્રઋષભનારાચ સંઘયણ (૫) પ્રત્યેક અને (૬) ઉપઘાત એ છ ઉમેરવાથી સામાન્ય કેવલીને ૨૬નું ઉદયસ્થાન અને તીર્થંકર કેવલીને ૨૭ નું ઉદયસ્થાન કેવલી સમુદ્‌ઘાતમાં ૨/૬/૭ માં સમયે ઔદારિક મિશ્રયોગમાં વર્તતા હોય ત્યારે ઘટે છે.

સામાન્ય કેવલીને ૨૬ના ઉદયસ્થાનમાં ૬ માંથી કોઈપણ ૧ સંસ્થાન ઉદયમાં હોવાથી ૬ ભાંગા ઘટે.

તીર્થંકર કેવલીને સમચતુરસ્ર સંસ્થાન જ હોય તેથી ૨૭ ના ઉદયે ૧ ભાંગો થાય.

પૂર્વોક્ત ૨૬ અને ૨૭ માં (૧) પરાઘાત (૨) શ્વાસોશ્વાસ (૩) બેમાંથી એક વિહાયોગતિ અને (૪) બેમાંથી એક સ્વર એ ચાર પ્રકૃતિ ઉમેરવાથી સામાન્ય કેવલીને ૩૦ નું ઉદયસ્થાન અને તીર્થંકર કેવલીને ૩૧ નું ઉદયસ્થાન ઘટે છે. તે બન્ને ઉદયસ્થાન કેવલી સમુદ્‌ઘાતમાં ૧/૮ માં સમયે ઔદારિક કાયયોગમાં વર્તતા હોય ત્યારે અને સંપૂર્ણ શરીરસ્થ (ભવસ્થ) હોય ત્યારે પણ તેરમા ગુણ. માં હોય છે.

સામાન્ય કેવલીને ૩૦ ના ઉદયસ્થાનના ૬ સંસ્થાન × ૨ વિહાયોગતિ × ૨ સ્વર = ૨૪ ભાંગા હોય છે.

તીર્થંકર કેવલીને ૩૧ના ઉદયનો ૧ ભાંગો હોય કારણ કે બધી પ્રકૃતિઓ શુભ હોય.

પૂર્વોક્ત ૩૧ અને ૩૦માંથી સ્વરનો રોધ કરે ત્યારે તીર્થંકર કેવલીને ૩૦નો ઉદય અને સામાન્ય કેવલીને ૨૯નો ઉદય હોય છે.

સામાન્ય કેવલીને ૨૯ના ઉદયસ્થાનના ૬ સંસ્થાન × ૨ વિહાયોગતિ = ૧૨ ભાંગા હોય છે અને તીર્થંકર કેવલીને સ્વરનિરોધે ૩૦ના ઉદયે ૧ ભાંગો હોય.

ઉપર જણાવેલી ૩૦ અને ૨૯માંથી શ્વાસોશ્વાસ રૂંધે ત્યારે તીર્થંકર કેવલીને ૨૯નો ઉદય અને સામાન્ય કેવલીને ૨૮નો ઉદય હોય છે.

સામાન્ય કેવલીને ૨૮ના ઉદયસ્થાનના ૬ સંસ્થાના × ૨ વિહાયોગતિ = ૧૨ ભાંગા હોય છે અને તીર્થંકર કેવલીને ૨૯ના ઉદયે ૧ ભાંગો હોય.

ત્રણ યોગનો રોધ કરી અયોગી થાય ત્યારે સામાન્ય કેવલીને ૮ નો ઉદય અને તીર્થંકર કેવલીને ૯ નો ઉદય હોય છે.

૯ પ્રકૃતિ

(૧) મનુષ્ય ગતિ
(૨) પંચેન્દ્રિય જાતિ
(૩) ત્રસ
(૪) બાદર
(૫) પર્યાપ્ત
(૬) સુભગ
(૭) આદેય
(૮) યશ
(૯) જિનનામ

સામાન્ય કેવલીને જિનનામ ન હોવાથી ૮ ના ઉદયસ્થાનનો ૧ ભાંગો ઘટે અને તીર્થંકર કેવલીને ૯ ના ઉદયે ૧ ભાંગો ઘટે.

સામાન્ય કેવલીના	ઉદયસ્થાન	ભાંગા	તીર્થંકર કેવલીના	ઉદયસ્થાન	ભાંગા
ભવસ્થને	૩૦	૨૪		૩૧	૧
સ્વર નિરોધે	૨૯	૧૨		૩૦	૧
ઉચ્છવાસ નિરોધે કેવલી. સમુ.	૨૮	૧૨		૨૯	૧
૨-૬-૭ સમયે	૨૬	૬		૨૭	૧
૩-૪-૫ સમયે	૨૦	૧		૨૧	૧
અયોગીમાં	૮	૧		૯	૧
	કુલ	**૫૬**	**ભાંગા થાય**	**કુલ ભાંગા**	**૬ થાય**

ઉપરોક્ત કેવલી મનુષ્યના ૫૬+૬=૬૨ ભાંગા થાય છે. પરંતુ સામાન્ય કેવલી મનુષ્યના ૨૬/૨૮/૨૯/૩૦ એ ઉદયસ્થાનોના ભાંગા સામાન્ય મનુષ્યના ભાંગામાં અંતર્ગત થાય છે. માટે તેને અલગ ગણવા નહીં કારણ કે સામાન્ય મનુષ્યની જેમ જ પ્રકૃતિઓ ઉદયમાં છે.

તેથી ૨૦ અને ૮ ના ઉદયસ્થાનનો ૧/૧ ભાંગો અને તીર્થંકર કેવલીના ૬ ભાંગા એ પ્રમાણે કેવલી મનુષ્યના કુલ નવા ૮ ભાંગા થાય છે.

મનુષ્યના કુલ **૨૬૫૨** ઉદયભાંગા નીચે પ્રમાણે થાય છે.

સામાન્ય મનુષ્ય	૨૬૦૨	ઉદયભાંગા
વૈક્રિય મનુષ્ય	૩૫	ઉદયભાંગા
આહારક મનુષ્ય	૭	ઉદયભાંગા
કેવલી મનુષ્ય	૮	ઉદયભાંગા
મનુષ્યના	**૨૬૫૨**	કુલ ઉદયભાંગા થાય.

દેવતાના (ઉદયસ્થાન : ૨૧નું, ૨૫નું, ૨૭નું, ૨૮નું, ૨૯નું, ૩૦નું)

દેવને ૨૧ નું ઉદયસ્થાન વિગ્રહગતિમાં હોય છે.

૨૧ પ્રકૃતિ

૧૨ નામકર્મની ધ્રુવોદયી ૧૨	૧૬ ત્રસ	૨૦ આદેય-અનાદેય
૧૩ દેવગતિ	૧૭ બદર	૨૧ યશ-અપયશ
૧૪ દેવાનુપૂર્વી	૧૮ પર્યાપ્ત	
૧૫ પંચેન્દ્રિય જાતિ	૧૯ સુભગ-દુર્ભગ	

૨૧ના ઉદયમાં સુભગ-આદેય-યશ એ ત્રણ પ્રતિપક્ષ ઉદયમાં હોય છે. તેથી ૨૧ ના ઉદયસ્થાનના ૮ ભાંગા જાણવા.

પૂર્વોક્ત ૨૧માં (૧) વૈક્રિય શરીર (૨) વૈક્રિય અંગોપાંગ (૩) સમચતુરસ સંસ્થાન (૪) પ્રત્યેક અને (૫) ઉપઘાત એ પાંચ ઉમેરવાથી અને દેવાનુપૂર્વીને કાઢવાથી ૨૫નું ઉદયસ્થાન થાય છે.

૨૫નું ઉદયસ્થાન ઉત્પત્તિ સ્થાનના પ્રથમ સમયથી હોય છે.

૨૫ના ઉદયસ્થાનના પણ ભાંગા પૂર્વની જેમ ૮ થાય છે.

પૂર્વોક્ત ૨૫માં (૧) પરાઘાત (૨) શુભવિહાયોગતિ એ બે ઉમેરવાથી ૨૭નું ઉદયસ્થાન થાય છે તે શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને હોય છે.

૨૭ના ઉદયસ્થાનના પણ ભાંગા પૂર્વની જેમ ૮ થાય છે.

પૂર્વોક્ત ૨૭માં શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તાને શ્વાસોશ્વાસ ઉમેરવાથી અથવા ઈન્દ્રિય પર્યાપ્તિએ પર્યાપ્તને શ્વાસોશ્વાસના અનુદયમાં ઉદ્યોત ઉમેરવાથી ૨૮નું ઉદયસ્થાન થાય છે.

૨૮ના ઉદયસ્થાનના શ્વાસોશ્વાસ સહિત ૮ ભાંગા અને શ્વાસો. ના અનુદયે ઉદ્યોત સહિત ૮ ભાંગા એમ કુલ ૧૬ ભાંગા થાય છે.

દેવને ૨૮માં ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તને સુસ્વર ઉમેરવાથી અથવા શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તને સ્વરના અનુદયમાં ઉદ્યોત ઉમેરવાથી ૨૯નું ઉદયસ્થાન થાય છે.

૨૯ના ઉદયસ્થાનના ભાંગા ૨૮ના ઉદયસ્થાનની જેમ ૧૬ થાય છે.

પૂર્વોક્ત સ્વર સહિત ૨૯માં ઉદ્યોત ઉમેરવાથી ૩૦નું ઉદયસ્થાન થાય છે.

૩૦ના ઉદયસ્થાનના ભાંગા પૂર્વની જેમ ૮ જાણવા.

દેવના કુલ ઉદયભાંગા

ઉદયસ્થાન	ભાંગા	
૨૧	૮	
૨૫	૮	
૨૭	૮	
૨૮	૧૬	
૨૯	૧૬	
૩૦	૮	
દેવ પ્રાયોગ્ય	૬૪	કુલ ઉદયભાંગા થાય છે.

નારકીના (ઉદયસ્થાન - ૫ : ૨૧નું, ૨૫નું, ૨૭નું, ૨૮નું, ૨૯નું)

૨૧નો ઉદય વિગ્રહગતિમાં હોય છે.

૨૧ પ્રકૃતિ

૧૨ નામની ધ્રુવોદયી ૧૨	૧૬ ત્રસ	૧૯ દુર્ભગ
૧૩ નરકગતિ	૧૭ બાદર	૨૧ અનાદેય
૧૪ નરકાનુપૂર્વી	૧૮ પર્યાપ્ત	૨૧ અપયશ
૧૫ પંચેન્દ્રિય જાતિ		

નારકીને પરાવર્તમાન બધી અશુભ પ્રકૃતિઓ ૭૪ ઉદયમાં હોય છે. તેથી નારકીને દરેક ઉદયસ્થાનને ૧-૧ ભાંગો જાણવો.

પૂર્વોક્ત ૨૧માં (૧) વૈક્રિય શરીર (૨) વૈક્રિય અંગોપાંગ (૩) હુંડક સંસ્થાન (૪) પ્રત્યેક અને (૫) ઉપઘાત એ ૫ ઉમેરવાથી અને નરકાનુપૂર્વી. કાઢવાથી ૨૫નું ઉદયસ્થાન થાય છે તે ઉત્પત્તિસ્થાનના પ્રથમ સમયથી શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થાય ત્યાં સુધી હોય છે.

પૂર્વોક્ત ૨૫માં (૧) પરાઘાત (૨) અશુભ વિહાયોગતિ ઉમેરવાથી ૨૭નું ઉદયસ્થાન થાય છે તે શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને હોય છે.

પૂર્વોક્ત ૨૭ માં શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તાને શ્વાસોશ્વાસ ઉમેરવાથી ૨૮નું ઉદયસ્થાન થાય છે.

પૂર્વોક્ત ૨૮ માં દુઃસ્વર ઉમેરવાથી ૨૯નું ઉદયસ્થાન ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તને હોય છે. એટલે સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તાને હોય છે.

નારકીને ઉદ્યોતનો ઉદય હોય નહિ.

નરકના કુલ ઉદયભાંગા

ઉદયસ્થાન	ઉદયભાંગા
૨૧	૧
૨૫	૧
૨૭	૧
૨૮	૧
૨૯	૧
નરકના પ્રાયોગ્ય	૫ કુલ ઉદયભાંગા થાય.

આ પ્રમાણે બધા જીવોના કુલ ઉદયભાંગા

એકેન્દ્રિય પ્રાયોગ્ય	૪૨
વિકેલેન્દ્રિય પ્રાયોગ્ય	૬૬
સામા. તિર્યંચ પ્રાયોગ્ય	૪૯૦૬
વૈક્રિય તિર્યંચ પ્રાયોગ્ય	૫૬
સામા. મનુષ્ય પ્રાયોગ્ય	૨૬૦૨
વૈક્રિય મનુષ્ય પ્રાયોગ્ય	૩૫
આહારક મનુષ્ય પ્રાયોગ્ય	૭
કેવલી મનુષ્ય પ્રાયોગ્ય	૮
દેવતા પ્રાયોગ્ય	૬૪
નારકી પ્રાયોગ્ય	૫
કુલ ઉદયભાંગા	૭૭૯૧

ઉદયને લગતા કેટલાક નિયમ

૧. સૂક્ષ્મ નામકર્મનો ઉદય પૃથ્વી-અપ-તેઉ-વાઉ અને સાધારણ વનસ્પતિકાયને હોય, પ્રત્યેક વનસ્પતિકાય અને બેઇન્દ્રિય આદિ જીવોને ન હોય.

૨. અપર્યાપ્ત નામકર્મનો ઉદય મનુષ્ય-તિર્યંચોને હોય છે. દેવ નારકીને હોય નહીં.

૩. સાધારણ નામનો ઉદય વનસ્પતિકાયને જ હોય છે. બીજા ને ન હોય.

૪. દુર્ભગ-અનાદેય-અપયશનો ઉદય દેશવિરતિ આદિ ગુણવાળા જીવોને ન હોય.

૫. નીચગોત્રનો ઉદય નારકી-તિર્યંચ અને મનુષ્યોને હોય. દેવોને ન હોય.

૬. આતપ નામકર્મનો ઉદય પૃથ્વીકાયને જ હોય અને તે બાદર પૃથ્વીકાયને જ હોય. બીજા જીવોને ન હોય.

૭. ઉદ્યોત નામકર્મનો ઉદય બાદર તિર્યંચોને હોય તેમજ ઉત્તર વૈક્રિયવાળા દેવ અને ઉત્તર (આહારક-અને વૈક્રિય) શરીરવાળા મનુષ્યોને હોય. શેષ જીવોને ન હોય એટલે નારકી અસંયમી મનુષ્ય તથા તેઉકાય-વાયુકાય અને સૂક્ષ્મજીવોને ઉદ્યોતનો ઉદય ન હોય.

૮. ઉચ્ચગોત્રનો ઉદય તિર્યંચ અને નારકીને ન હોય.

૯. નારકી અને અસંજ્ઞીને નપુંસકવેદનો જ ઉદય હોય. બીજા વેદનો ઉદય ન હોય.

૧૦. દેવોને નપુંસકવેદનો ઉદય ન હોય. નીચ ગોત્રનો ઉદય ન હોય.

૧૧. પરાઘાત-ઉશ્વાસ અને સ્વરનામનો ઉદય લબ્ધિ પર્યાપ્તા (પર્યાપ્ત નામ.ના ઉદયવાળા)ને શરીર પર્યાપ્તિ પછી હોય.

૧૨. આતપ અને ઉદ્યોતનો ઉદય ઉશ્વાસ અને સ્વર કુલીમ કર્મ પહેલાં અને પછી પણ થાય.

૧૩. લબ્ધિ અપર્યાપ્તા જીવોને પોતાનાં પહેલાં બે ઉદયસ્થાન જ હોય.

૧૪. તીર્થંકર કેવલી સિવાય ૨૧નું ઉદયસ્થાન વિગ્રહગતિમાં હોય.

ઉદયસ્થાને ભાંગા

इक्क बिआलिक्कारस, तित्तीसा छस्सयाणि तित्तीसा ।
बारस सत्तरससयाण , हिगाणिबिपंचसीइ हिं ॥२९॥

अउणत्तीसिक्कारस, सयाणिहिअ सत्तरपंचसट्ठीहिं ।
इक्किक्कगं च वीसा, दट्ठुदयंतेसु उदयविही ॥३०॥

ગાથાર્થ : વીસ પ્રકૃતિથી આઠ પ્રકૃતિ સુધીના ઉદયસ્થાનોના ભાંગા અનુક્રમે ૧, ૪૨, ૧૧, ૩૩, ૬૦૦, ૩૩, ૧૨૦૨, ૧૭૮૫, ૨૯૧૭, ૧૧૬૫, ૧ અને ૧ હોય છે. ॥૨૯-૩૦॥

ઉદયસ્થાનકના ભાંગાનો કોઠો આ પ્રમાણે.

ગતિ પ્રાયોગ્ય	૨૦	૨૧	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૯	૮	કુલ
એકેન્દ્રિય		૫	૧૧	૭	૧૩	૬							૪૨
વિકલેન્દ્રિય		૯			૯		૬	૧૨	૧૮	૧૨			૬૬
સામાન્ય તિર્યંચ		૯			૨૮૯		૫૭૬	૧૧૫૨	૧૭૨૮	૧૧૫૨			૪૯૦૬
સામાન્ય મનુષ્ય		૯			૨૮૯		૫૭૬	૫૭૬	૧૧૫૨				૨૬૦૨
વૈક્રિય તિર્યંચ				૮		૮	૧૬	૧૬	૮				૫૬
વૈક્રિય મનુષ્ય				૮		૮	૯	૯	૧				૩૫
આહારક મનુષ્ય				૧		૧	૨	૨	૧				૭
કેવલી મનુષ્ય	૧	૧				૧	૦	૧	૧	૧	૧	૧	૮
દેવ		૮		૮		૮	૧૬	૧૬	૮				૬૪
નારક		૧		૧		૧	૧	૧					૫
કુલ	૧	૪૨	૧૧	૩૩	૬૦૦	૩૩	૧૨૦૨	૧૭૮૫	૨૯૧૭	૧૧૬૫	૧	૧=	૭૭૯૧

કુલ ઉદયભાંગા ૭૭૯૧ થાય

નામકર્મના સત્તાસ્થાન

तिदुनउई गुणनउई, अडसी छलसी असीइ गुणसीइ ।
अट्ठ य छप्पन्नत्तरि, नव अट्ठ य नामसंताणि ॥३१॥

ગાથાર્થ : ૯૩, ૯૨, ૮૯, ૮૮, ૮૬, ૮૦, ૭૯, ૭૮, ૭૬, ૭૫, ૯ અને ૮ પ્રકૃતિના નામકર્મના સત્તાસ્થાનો જાણવા ॥૩૧॥

સર્વ પ્રકૃતિ સત્તામાં હોય ત્યારે ૯૩નું સત્તાસ્થાન હોય.
જિનનામ વિના સર્વ પ્રકૃતિ સત્તામાં હોય ત્યારે ૯૨નું સત્તાસ્થાન હોય.
આહારક ચતુષ્ક વિના સર્વ પ્રકૃતિ સત્તામાં હોય ત્યારે ૮૯નું સત્તાસ્થાન હોય.
જિનનામ અને આહારક ચતુષ્ક વિના સર્વ પ્રકૃતિ સત્તામાં હોય ત્યારે ૮૮નું સત્તાસ્થાન હોય.
આ ચાર સત્તાસ્થાન પ્રથમ સત્તાચતુષ્ક કહેવાય છે.
૮૮ની સત્તાવાળો એકેન્દ્રિય દેવદ્વિક અથવા નરકદ્વિકની ઉદ્વલના કરે ત્યારે ૮૬નું સત્તાસ્થાન.*
૮૬ સત્તાવાળો એકેન્દ્રિય જીવ વૈક્રિયષટ્કની ઉદ્વલના કરે ત્યારે ૮૦નું સત્તાસ્થાન.
૮૦ ની સત્તાવાળો તેઉ-વાઉ, મનુષ્યદ્વિકની ઉદ્વલના કરે ત્યારે ૭૮નું સત્તાસ્થાન.
૮૬-૮૦-૭૮ આ ત્રણ સત્તાસ્થાન અધ્રુવસત્તાત્રિક કહેવાય છે.
(જુઓ સપ્તતિકા ગા. ૨૯ ની મલયગિરિજી ટીકા)

પ્રથમ સત્તાચતુષ્કવાળો ક્ષપક શ્રેણી ચડે ત્યારે નવમા ગુણઠાણાના પહેલા ભાગે નામકર્મની ૧૩ પ્રકૃતિનો ક્ષય થાય ત્યારે અનુક્રમે ૮૦, ૭૯, ૭૬, ૭૫ એ ચાર સત્તાસ્થાન થાય. (બીજું સત્તાચતુષ્ક) તે નવમા ગુણસ્થાનના બીજા ભાગથી ચૌદમા ગુણસ્થાનના દ્વિચરમ સમય સુધી હોય છે. ચૌદમાના દ્વિચરમ સમયે ૭૧ પ્રકૃતિનો ક્ષય થાય ત્યારે સામાન્ય કેવલીને ૮ નું સત્તાસ્થાન અને તીર્થંકર કેવલી ૯નું સત્તાસ્થાન હોય છે તે ચૌદમા ગુણસ્થાનના ચરમ સમયે હોય છે.

૮૦ નું સત્તાસ્થાન બે વિવક્ષાએ આવે છે પણ સંખ્યા તરીકે એક જ છે માટે તેને બે વખત ન ગણતાં એક જ વખત ગણ્યું છે. એટલે કુલ સત્તાસ્થાન ૧૨ થયા.

જો એકેન્દ્રિયપણું પામ્યા પછી ત્યાં અંતર્મુહૂર્ત કરતાં વધારે રહે તો પ્રથમ દેવદ્વિક અથવા નરકદ્વિકની ઉદ્વલના થાય ત્યાર પછી બાકીનું દ્વિક અને વૈક્રિયચતુષ્કની ઉદ્વલના થાય.

તેઉ-વાયુના ભવમાં અંતર્મુહૂર્ત કરતાં વધારે રહે તો મનુષ્યદ્વિકની ઉદ્વલના શરૂ કરે.

આહારક ચતુષ્કની ઉદ્વલના અવિરતિ કરે.

દરેક ઉદ્વલના કરતાં પલ્યોપમનો અસં. ભાગ કાળ થાય. આ ઉદ્વલના અગુણફલ કહેવાય અને તે પલ્યોઠના અસંઠભાગકાળે થાય. ૪ થી ઉપરના ગુણસ્થાનકમાં ગુણહન ઉદ્વલના હોય.

નામકર્મના સામાન્યની બંધ-ઉદય-સત્તાસ્થાન

अट्ठ य बारस बारस, बंधोदय संतपयडिठाणाणि ।
ओहेणाएसेण य, जत्थ जहासंभवे विभजे ॥३२॥

ગાથાર્થ : નામકર્મના બંધ, ઉદય અને સત્તાના સ્થાનો અનુક્રમે આઠ, બાર અને બાર છે. તે સામાન્યથી અને વિશેષથી જ્યાં જેટલા સંભવે ત્યાં તેટલા વિકલ્પ કરવા. ॥૩૨॥

નામકર્મના બંધસ્થાન આઠ, ઉદયસ્થાન બાર અને સત્તાસ્થાન બાર છે તે ઓઘથી એટલે સામાન્યથી અને આદેશથી એટલે વિશેષથી એટલે કયા બંધસ્થાને કેટલી ઉદયમાં અને કેટલી સત્તામાં હોય તેનો હવે વિસ્તાર વિચારવાનો છે. અર્થાત્ વિસ્તારથી સંવેધ કરવાનો છે જે હવે આગળ કહેવામાં આવે છે.

સામાન્યથી બંધ, ઉદય અને સત્તાનો સંવેધ

નવપણગોદયસંતા, તેવીસે પન્નવીસ છવ્વીસે ।
અટ્ઠ ચઉરટ્ઠવીસે, નવ સગિગુણતીસતીસંમિ ॥૩૩॥

ગાથાર્થ : ત્રેવીસ, પચીસ અને છવ્વીસના બંધે નવ નવ ઉદયસ્થાન અને પાંચ પાંચ સત્તાસ્થાન હોય છે. અટ્ઠાવીસના બંધે આઠ ઉદયસ્થાન અને ચાર સત્તાસ્થાન હોય છે. ઓગણત્રીસ અને ત્રીસના બંધે નવ ઉદયસ્થાન અને સાત સત્તાસ્થાન હોય છે. ॥૩૩॥

૨૩ ના બંધનો સંવેધ

૨૩ નો બંધ **બંધ ભાંગા ૪**

ઉદયસ્થાન :- નવ - ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧

ઉદયભાંગા :- ૭૭૦૪

સત્તાસ્થાન :- પાંચ - ૯૨, ૮૮, ૮૬, ૮૦, ૭૮

૨૩ નો બંધ અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય છે. તેથી તેના બંધક જીવો એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય છે (આહારક મનુષ્ય, કેવલી મનુષ્ય, દેવો અને નારકી ન બાંધે) તેથી ૭૭૦૪ ઉદયભાંગા નીચે પ્રમાણે થાય છે.

એકેન્દ્રિયના-૪૨, વિકલેન્દ્રિયના-૬૬, સામાન્ય તિર્યંચના-૪૯૦૬, વૈક્રિય તિર્યંચના-૫૬, સામાન્ય મનુષ્યના-૨૬૦૨, વૈક્રિય મનુષ્યના-૩૨ (ઉદ્યોતવાળા ૩ ભાંગા ન ઘટે) એ પ્રમાણે કુલ ૭૭૦૪ ઉદયભાંગા થાય છે. (વૈક્રિય મનુષ્યના ઉદ્યોતવાળા ૩ આહારક મનુષ્યના ૭, કેવલી મનુષ્યના-૮, દેવના ૬૪ અને નારકીના-૫ એ પ્રમાણે કુલ ૮૭ ઉદય ભાંગાવાળા જીવો ૨૩ નો બંધ ન કરે)

૨૩ ના બંધે ૯૩ વિગેરેની સત્તા ન હોવાનાં કારણો :-

જિનનામની સત્તાવાળો તિર્યંચ પ્રાયોગ્ય બંધ ન કરે તેથી અહીં ૯૩ અને ૮૯ નું સત્તાસ્થાન ન ઘટે તેમજ ૭૯, ૭૬, ૭૫, ૯ અને ૮ એ સત્તાસ્થાનો ક્ષપક શ્રેણીમાં અને કેવલી ભગવંતના છે. માટે એ સત્તાસ્થાનો પણ ન ઘટે કારણ કે તે સત્તાવાળા ક્ષપક કે કેવલી એકે ૦ પ્રાયોગ્ય બંધ કરે નહીં.

સામાન્યથી સંવેધ*
૨૩નો બંધ-બંધ ભાંગા-૪

ઉદય સ્થાન ૯	ઉદયભાંગા ૭૭૦૪	કુલ	સત્તાસ્થાનપાંચ
૨૧ એકે.ના-૫, વિકલે.ના-૯, સા. તિર્યંચના-૯, સા. મ. ના ૯		૩૨	- ૯૨,૮૮,૮૬,૮૦,૭૮
૨૪ એકેન્દ્રિયના-૧૧		૧૧	- ૯૨,૮૮,૮૬,૮૦,૭૮
૨૫ એક.ના-૭, વૈક્રિય તિર્યંચના-૮, વૈક્રિય મનુષ્યના ૮		૨૩	- ૯૨,૮૮,૮૬,૮૦,૭૮
૨૬ એકે.ના-૧૩, વિકલે.ના-૯, સા. તિર્યંચના-૨૮૯, સા.મ.ના ૨૮૯		૬૦૦	- ૯૨,૮૮,૮૬,૮૦,૭૮
૨૭ એકે.ના-૬, વૈક્રિય તિર્યંચના-૮, વૈક્રિય મનુષ્યના ૮		૨૨	- ૯૨,૮૮,૮૬,૮૦
૨૮ વિકલે.ના-૬, સામા. તિર્યં.ના-૫૭૬, વૈ.તિ.ના-૧૬, સા.મ.ના-૫૭૬, વૈ.મ.ના ૮		૧૧૮૨	- ૯૨,૮૮,૮૬,૮૦
૨૯ વિકલે.ના-૧૨, સા. તિ. ના ૧૧૫૨, વૈ. તિ.ના-૧૬, સા.મ.ના-૫૭૬, વૈ. મ. ના ૮		૧૭૬૪	- ૯૨,૮૮,૮૬,૮૦
૩૦ વિકલે.ના-૧૮, સા. તિ. ના-૧૭૨૮, વૈ. તિના-૮, સા. મ.ના-૧૧૫૨		૨૯૦૬	- ૯૨,૮૮,૮૬,૮૦
૩૧ વિકલે.ના-૧૨, સામાન્ય તિર્યંચના-૧૧૫૨		૧૧૬૪	- ૯૨,૮૮,૮૬,૮૦
કુલ		૭૭૦૪	

કુલ નવ ઉદયસ્થાને ૪૦ સત્તાસ્થાન ઘટે

એકેન્દ્રિયના ૨૧ અને ૨૪ ના ઉદયસ્થાનમાં ૫-૫ સત્તાસ્થાન સંભવે, કારણ તેઉ વાયુમાંથી મનુષ્યદ્વિકની ઉદ્વલના કરી એકેન્દ્રિય-વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચમાં જાય ત્યાં શરીર પર્યાપ્તિ પુરી ન કરે ત્યાં સુધી ૭૮ ની સત્તા પ્રાપ્ત થાય. ત્યારબાદ મનુ.દ્વિક બાંધે, એકેન્દ્રિયના ૨૫ વિ. ઉદયસ્થાનમાં તેઉ-વાયુને સાધારણ અને યશનો ઉદય ન હોય તેથી.... (૧) બાદર-પર્યાપ્ત-પ્રત્યેક અપયશ, (૨) સૂક્ષ્મ-પર્યાપ્ત-પ્રત્યેક-અપયશ એ બે ઉદયભાંગા જ તેઉ વાયુને ઘટે. ત્યાં પાંચ સત્તાસ્થાન હોય અને તે સિવાયના (પૃથ્વી-અપ-વનસ્પતિના) ઉદયભાંગે ૪-૪ સત્તાસ્થાન હોય. ૨૭નો ઉદય આતપ અથવા ઉદ્યોત સહિત છે. તેનો ઉદય તેઉ-વાયુને ન હોય માટે ૨૭ના ઉદયભાંગે ૪-૪ સત્તાસ્થાન સંભવે.

વૈક્રિય વાયુકાયને વૈક્રિય શરીરનામ ઉદયમાં છે. તેથી વૈક્રિય ષટ્ક સત્તામાં પણ હોય જ માટે ૮૦નું સત્તાસ્થાન ન સંભવે અને વૈક્રિય ષટ્ક ઉવેલ્યા વિના મનુષ્યદ્વિક ન ઉવેલે તેથી ૭૮નું પણ સત્તાસ્થાન ન સંભવે તેથી તેને દરેક ઉદયભાંગે ૯૨/૮૮/૮૬ એ ત્રણ સત્તાસ્થાન સંભવે.

---

*અહીં સામાન્યથી એટલે પ્રથમ સંક્ષેપમાં - પછી બધા બંધભાંગાનો ભેગો સંવેધ લખ્યો છે.

વિકલેન્દ્રિયને ૨૧ અને ૨૬ના ઉદયસ્થાને ૫-૫ સત્તાસ્થાન અને શેષ ઉદયભાંગે ૪-૪ સત્તાસ્થાન સંભવે.

સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચને ૨૧ અને ૨૬ ના ઉદયભાંગે ૫-૫ સત્તાસ્થાન અને શેષ ઉદયભાંગે ૪-૪ સત્તાસ્થાન સંભવે.

પૃથ્વી-અપ-વન. વિકલેન્દ્રિય અને તિર્યંચોને ૭૮ની સત્તા પ્રથમના બે ઉદયસ્થાન સુધી હોય. શરીર પર્યાપ્તિએ પર્યાપ્ત થયા પછી મનુષ્યદ્વિક અવશ્ય બાંધે, તેથી પછીના ઉદય સ્થાનોમાં તેઓને ૭૮ની સત્તા ન હોય. ફક્ત તેઉ-વાયુને હોય.

સામાન્ય મનુષ્યને દરેક ઉદયભાંગે ૪-૪ સત્તાસ્થાન સંભવે, કારણ મનુષ્યને મનુષ્યદ્વિક નિશ્ચે સત્તામાં હોય છે.

*વૈક્રિય તિર્યંચ અને વૈક્રિય મનુષ્યને દરેક ઉદયભાંગે ૯૨/૮૮ એ બે સત્તાસ્થાન હોય છે કારણ વૈક્રિય ષટ્ક સત્તામાં હોય છે તથા વૈક્રિય લબ્ધિ ફોરવતાં પં.તિર્યંચ-મનુષ્યને દેવદ્વિક અને નરકદ્વિક સત્તામાં હોય છે. તેથી ૮૬/૮૦ /૭૮ એ ત્રણ સત્તાસ્થાન ન ઘટે.

૨૩ ના બંધે વિશેષથી ઉદયભાંગા ઉપર સત્તાસ્થાન સંવેધ

૨૧નો ઉદય	**ઉદયભાંગા**	**સત્તાસ્થાન**
એકેન્દ્રિયના	૫	(૫) ૯૨,૮૮,૮૬,૮૦,૭૮
વિકલેન્દ્રિયના	૯	(૫) ૯૨,૮૮,૮૬,૮૦,૭૮
સામા. તિર્યંચના	૯	(૫) ૯૨,૮૮,૮૬,૮૦,૭૮
સામા. મનુષ્યના	૯	(૪) ૯૨,૮૮,૮૬,૮૦
૨૪નો ઉદય	**ઉદયભાંગા**	**સત્તાસ્થાન**
એકેન્દ્રિયના	૧૦	(૫) ૯૨,૮૮,૮૬,૮૦,૭૮
વૈક્રિય વાઉકાયના	૧	(૩) ૯૨,૮૮,૮૬

*જો કે વૈક્રિય તિર્યંચ અને વૈક્રિય મનુષ્ય આ ૨૩નું બંધસ્થાનક બાંધે તેમ કહ્યું છે. પરંતુ કેટલાકના મત પ્રમાણે તેના ભાંગા ગણ્યા નથી. તેથી ૭૭૦૪ને બદલે ૭૬૧૬નો સંવેધ સમજવો. એટલે કે તેમના મતે વૈ. તિ. અને વૈ. મ. ૨૩નું બંધ સ્થાનક ન બાંધે. સપ્તતિકા ભાષ્ય ગા. ૧૨૪ની ટીકામાં

૨૫નો ઉદય	**ઉદયભાંગા**	**સત્તાસ્થાન**
તેઉ-વાયુ વિનાના એકે૦	૪	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
તેઉ-વાયુ સહિત એકે૦	૨	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
વૈક્રિય વાયુકાયના	૧	૩ (૯૨,૮૮,૮૬)
વૈક્રિય તિર્યંચના	૮	૨ (૯૨, ૮૮)
વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨,૮૮)
૨૬નો ઉદય	**ઉદયભાંગા**	**સત્તાસ્થાન**
તેઉ-વાઉ રહિત એકે૦	૧૦	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
તેઉ-વાઉ સહિત એકે૦	૨	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
વૈક્રિય વાઉના	૧	૩ (૯૨,૮૮,૮૬)
સામા. તિર્યંચના	૨૮૯	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
વિકલેન્દ્રિયના	૯	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
સામા. મનુષ્યના	૨૮૯	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૭નો ઉદય	**ઉદયભાંગા**	**સત્તાસ્થાન**
એકેન્દ્રિયના	૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
વૈક્રિય તિર્યંચના	૮	૨ (૯૨, ૮૮)
વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨, ૮૮)
૨૮નો ઉદય	**ઉદયભાંગા**	**સત્તાસ્થાન**
વિકલેન્દ્રિયના	૬*	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
સામા. તિર્યંચના	૫૭૬*	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
વૈક્રિય તિર્યંચના	૧૬	૨ (૯૨, ૮૮)
સામા. મનુષ્યના	૫૭૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨, ૮૮)
૨૯નો ઉદય	**ઉદયભાંગા**	**સત્તાસ્થાન**
વિકલેન્દ્રિયના	૧૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
સામાન્ય તિર્યંચના	૧૧૫૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
વૈક્રિય તિર્યંચના	૧૬	૨ (૯૨,૮૮)
સામાન્ય મનુષ્યના	૫૭૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨,૮૮)

*કેટલાક આચાર્યોના મતે તિર્યંચોને સર્વ ઉદયસ્થાને ૭૮ની સત્તા કહી છે (જૂઓ સપ્તતિકાભાષ્ય ગા. ૧૭૯) એટલે મનુષ્યદ્વિકની ઉદ્વલના કરી આવેલાને તિર્યંચમાં સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત થયા પછી મનુષ્ય દ્વિક બાંધે.

૩૦નો ઉદય	ઉદયભાંગા	સત્તાસ્થાન
વિકલેન્દ્રિયના	૧૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
સામા. તિર્યંચના	૧૭૨૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
વૈક્રિય તિર્યંચના	૮	૨ (૯૨,૮૮)
સામા. મનુષ્યના	૧૧૫૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૩૧નો ઉદય	**ઉદયભાંગા**	**સત્તાસ્થાન**
વિકલેન્દ્રિયના	૧૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
સામા. તિર્યંચના	૧૧૫૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)

એકે. ના ૨૫ના ઉદયના સાત ઉદયભાંગા છે. તે બધા એકે.ને ન ઘટે. પરંતુ નીચે મુજબ પૃથ્વીકાયાદિને ઘટે તેથી તેઉ. વાઉ. ને પણ સંભવે તેમાં ૫ સત્તાસ્થાન અને જે ભાંગા તેઉકાય-વાઉકાયને ન ઘટે તે ભાંગામાં ૨૫ના ઉદયથી શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા પૃથ્વીકાયઆદિ ૩ને મનુષ્યદ્વિકનો બંધ થાય જ એટલે ૭૮ની સત્તા ન ઘટે. એકે૦ ના ૨૫ના ઉદયના સાત ભાંગામાંથી

૧ પૃથ્વી-અપ. માં ત્રણ ભાંગા ઘટે.

(૧) પર્યા. સૂક્ષ્મ પ્રત્યેક અયશ (૨) પર્યા. બા. પ્રત્યેક અયશ (૩) પર્યા. બાદર પ્રત્યેક યશ

૨ વનસ્પતિકાયમાં પાંચ ભાંગા

(૧) પર્યા. બા. પ્રત્યેક અયશ (૨) પર્યા. બા. પ્રત્યેક યશ (૩) પર્યા. સૂ. સાધા, અયશ

(૪) પર્યા. બા. સાધા, યશ (૫) પર્યા. બા. સાધા, અયશ

૩ તેઉકાયમાં બે ભાંગા

(૧) પર્યા. બા. પ્રત્યેક અયશ (૨) પર્યા સૂક્ષ્મ પ્રત્યેક અયશ

૪ વાયુકાયમાં ઉપરના બે તથા (૩) વૈ. વા. નો એક કુલ ત્રણ ભાંગા ઘટે

તેથી તેઉ-વાયુ. માં ન ઘટતા ૪ ભાંગામાં ૭૮ ની સત્તા ન હોય.

૨૫ના ઉદયસ્થાનની જેમ ૨૬ ઉદયે ઉચ્છવાસ સહિતના તેઉ-વાઉમાં ન ઘટતા ૪+૨ આતપવાળા અને ૪ ઉદ્યોતવાળા કુલ ૧૦ ભાંગે ૪ સત્તાસ્થાન અને તેઉ-વાઉ (વૈ. વા સિવાય) માં ઘટતા ૨ ભાંગામાં ૭૮ની સત્તા સહિત પાંચ સત્તાસ્થાન ઘટે.

૨૫ ના બંધનો સંવેધ

૨૫ નો બંધઃ બંધભાંગા ૨૫ (એકે. પ્રા. ૨૦, વિકલે. પ્રા. ૩, અપર્યા, તિર્યં. પ્રા. ૧, અપર્યા. મ. પ્રા. ૧)

ઉદયસ્થાનઃ- નવ-૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧ **ઉદયભાંગાઃ**-૭૭૬૮

સત્તાસ્થાનઃ- પાંચ-૯૨,૮૮,૮૬,૮૦,૭૮

૨૫ નો બંધ એકે. અપર્યા. વિકલે., અપર્યા. તિર્યંચ અને અપર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય છે. સામાન્યથી ૨૫ના બંધક જીવો એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય અને દેવો છે. (આહારક મનુષ્ય, કેવલી મનુષ્ય અને નારક ૨૫નો બંધ ન કરે) તેથી ૭૭૬૮ ઉદયભાંગા નીચે પ્રમાણે થાય છે.

જ્યાં જ્યાં સામાન્ય કેવલીના ઉદયભાંગા હોય ત્યાં ત્યાં ૭૯/૭૫ ની સત્તા અને તીર્થંકર ભગવાનના ઉદયભાંગા હોય ત્યાં ૮૦/૭૬ ની સત્તા. સામા. મનુષ્યના ૩૦ ના ઉદયના ૭૨ ભાંગામાં ૧ના બંધની જેમ બીજા અને ત્રીજા સંઘયણના ૪૮ ભાંગે ૯૩ આદિ ચાર સત્તાસ્થાન મતાન્તરે બે અને પહેલા સંઘયણના સર્વ શુભ પ્રકૃતિવાળા એક ભાંગે ૯૩ વિ. આઠ અને પહેલા સંઘયણના શેષ ૨૩ ભાંગે છ સત્તાસ્થાન છે. તથા ચૌદમા ગુણઠાણે ૯ ના ઉદયે તીર્થંકર ભગવંતને દ્વિચરમ સમય પર્યંત ૮૦/૭૬ અને ચરમ સમયે ૯નું એ પ્રમાણે ૯ના ઉદયે ત્રણ અને ૧૪મા ગુણઠાણે ૮ના ઉદયે સામાન્ય કેવલીને દ્વિચરમ સમય પર્યંત ૭૯/૭૫ અને ચરમ સમયે ૮નું એ પ્રમાણે ૮ના ઉદયે ત્રણ સત્તાસ્થાનો સંભવે છે.

અબંધકનો ઉદયભાંગા ઉપર સત્તાસ્થાનનો સંવેધ

	ઉદયભાંગે	સત્તાસ્થાન
૨૦ના ઉદયે સામાન્ય કેવલીના	૧	૨ (૭૯, ૭૫)
૨૧ના ઉદયે તીર્થંકર કેવલીના	૧	૨ (૮૦,૭૬)
૨૬ના ઉદયે સામાન્ય કેવલીના	૬	૨ (૭૯,૭૫)
૨૭ના ઉદયે તીર્થંકર કેવલીના	૧	૨ (૮૦,૭૬)
૨૮ના ઉદયે સામાન્ય કેવલીના	૧૨	૨ (૭૯,૭૫)
૨૯ના ઉદયે સામાન્ય કેવલીના	૧૨	૨ (૭૯,૭૫)

૨૯ના ઉદયે તીર્થંકર કેવલીના	૧	૨ (૮૦,૭૬)
	૧૩	
૩૦ના ઉદયે ૨જા અને ૩જા સંઘયણના	૪૮	૪ (૯૩,૯૨,૮૯,૮૮) (મતાં-૯૨,૮૮)
૩૦ના ઉદયે પ્રથમ સંઘ.નો સર્વશુભવાળો	૧	૮ (૯૩,૯૨,૮૯, ૮૮,૮૦,૭૯,૭૬,૭૫)
૩૦ના ઉદયે પ્રથમ સંઘયણના શેષ	૨૩	૬ (૯૩,૯૨,૮૯,૮૮,૭૯,૭૫)
૩૦ના ઉદયે સ્વર નિરોધવાળો તીર્થં. કેવલીનો	૧	૨ (૮૦,૭૬)
	૭૩	
૩૧ના ઉદયે તીર્થંકર કેવલીના	૧	૨ (૮૦,૭૬)
૯ના ઉદયે તીર્થંકર કેવલીના	૧	૩ (૮૦,૭૬,૯)
૯ના ઉદયે સામાન્ય કેવલીના	૧	૩ (૭૯,૭૫,૮)

આ પ્રમાણે અબંધકનો સંવેધ જાણવો.

આ પ્રમાણે આઠેય કર્મને વિશે સામાન્યથી સંવેધ સમજવો.

तिविगप्प पगइठाणेहिं, जीवगुणसन्निएसु ठाणेसु ।
भंगा पउंजियव्वा, जत्थ जहा संभवो भवइ ॥३५॥

ગાથાર્થ : બંધ, ઉદય અને સત્તારૂપ ત્રણ વિકલ્પના પ્રકૃતિ સ્થાનોએ કરી જીવ સંજ્ઞાવાળા અને ગુણસંજ્ઞાવાળા સ્થાનોને વિષે જ્યાં જેટલાનો સંભવ હોય ત્યાં તેટલા ભાંગા જોડવા.

જે પ્રમાણે આઠ કર્મની પ્રકૃતિના સ્થાન અને તેના સંવેધ ભાંગા કહ્યા. તે જ પ્રમાણે ૧૪ જીવસ્થાન અને ૧૪ ગુણસ્થાનને વિષે બંધ, ઉદય અને સત્તાના જ્યાં જેટલા ભાંગા સંભવે ત્યાં તેટલા ભાંગા જોડવા. (ઘટાવવા.)

સામાન્ય (ઓધ) સંવેધ સમાપ્ત

જીવસ્થાનકને વિશે જ્ઞાનાવરણીય અને અંતરાયકર્મના ભાંગા :-

तेरससु जीव संरवेवणसु नाणंतराय-तिविगप्पो।
इक्कम्मि तिदुविगप्पो, करणं पइ इत्थ अविगप्पो ॥३६॥

ગાથાર્થ : તેર જીવભેદને વિષે જ્ઞાનાવરણીય અને અંતરાયકર્મનો ત્રણ વિકલ્પવાળો એક ભાંગો, અને એક પર્યાપ્તાસંજ્ઞી જીવભેદને વિષે-ત્રણ અને બે વિકલ્પવાળા ભાંગા અને દ્રવ્યમનવાળાને આશ્રયીને કેવલીને અહીં વિકલ્પનો અભાવ છે. ॥૩૬॥

ચૌદ જીવસ્થાનને આશ્રયી જ્ઞાનાવરણીય અને અંતરાય કર્મના ભાંગા જણાવે છે. પ્રથમ તેર જીવભેદને વિષે જ્ઞાનાવરણીય અને અંતરાય કર્મનો બંધ, ઉદય અને સત્તા એ ત્રણ વિકલ્પવાળો ભાંગો હોય છે અને સંજ્ઞી પર્યાપ્તાને વિષે ત્રણ વિકલ્પવાળો અને બે વિકલ્પવાળો એ પ્રમાણે ૨ ભાંગા હોય છે તેમજ દ્રવ્યમનને, આશ્રયીને અને પૂર્વના મનને આશ્રયીને સયોગી કેવલી અને અયોગી ભવસ્થ કેવલીને સંજ્ઞીને વિષે ગણીએ તો જ્ઞાનાવરણીય અને અંતરાયનો અવિકલ્પ છે. એટલે કે બંધ, ઉદય અને સત્તામાંથી એક પણ વિકલ્પ ન હોય.

અબંધ, પાંચનો ઉદય, પાંચની સત્તા ૧૧ મા અને ૧૨ મા ગુણઠાણે સંભવે છે. તેથી તેના વિના તેર જીવભેદને વિષે ત્રણ વિકલ્પવાળો એક ભાંગો જ સંભવે. તેઓને એ ગુણસ્થાનનો અભાવ છે અને સંજ્ઞી પર્યાપ્તાને સર્વે ગુણઠાણા સંભવે માટે વિકલ્પો પણ બધા સંભવે છે.

૧૩ જીવભેદમાં જ્ઞાનાવરણીય અને અંતરાયનો સંવેધ

કર્મ	જીવભેદ	બંધ	ઉદય	સત્તા	વિકલ્પ
જ્ઞાનાવરણીય - (૧૩)		(૧) ૫	૫	૫	(૧)
- સંજ્ઞી પર્યાપ્તામાં બે સંવેધભાંગા					
જ્ઞાનાવરણીય -		(૧) ૫	૫	૫	
		(૨) ૦	૫	૫	
અંતરાય	૧ થી ૧૩ જીવભેદ	(૧) ૫	૫	૫	(૧)
	સંજ્ઞી પર્યાપ્તો	(૧) ૫	૫	૫	(૨)
		(૨) ૦	૫	૫	

જીવસ્થાને દર્શનાવરણીયના ભાંગા

તેરે નવ ચઉ પણગં, નવ સંતેગંમિ ભંગમિક્કારા।
વેઅણિ-આઉય-ગોએ, વિભજ્જ મોહં પરં વુચ્છં ॥૩૭॥

ગાથાર્થ : તેર જીવભેદને વિષે દર્શનાવરણ કર્મનો નવનો બંધ, ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા હોય છે અને એક જીવભેદને વિષે અગિયાર ભાંગા હોય છે. વેદનીય,આયુષ્ય અને ગોત્રકર્મને વિષે વિકલ્પોને કહીને પછી મોહનીય કર્મને કહીશું ॥૩૭॥

દર્શનાવરણીયના ભાંગા ચૌદ જીવભેદને વિષે જણાવે છે. પ્રથમના તેર જીવભેદને વિષે ૨ ભાંગા-નવનો બંધ ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા હોય છે અને એક જીવભેદને વિષે (સંજ્ઞી પર્યાપ્તાને વિષે) અગિયાર ભાંગા હોય છે. હવે વેદનીય આયુષ્ય અને ગોત્રકર્મના બંધ, ઉદય અને સત્તાના પ્રકૃતિસ્થાનો અને ભાંગા જણાવશે (અહિં મતાંતરવાળા બે ભાંગાની વિવક્ષા કરી નથી)

દર્શનાવરણીયનો સંવેધ...

જીવભેદ	વિકલ્પ	બંધ	ઉદય	સત્તા	પેટાભાંગા
(૧૩) ૧થી ૧૩	૨	(૧) ૯	૪	૯	૧
		(૨) ૯	૫	૯	૫
(૧) સંજ્ઞી પર્યાપ્તો	૧૧	(૧) ૯	૪	૯	૧
		(૨) ૯	૫	૯	૫
		(૩) ૬	૪	૯	૧
		(૪) ૬	૫	૯	૫
		(૫) ૪	૪	૯	૧
		(૬) ૪	૫	૯	૨
		(૭) ૪	૪	૬	૧
		(૮) ૦	૪	૯	૧
		(૯) ૦	૫	૯	૨
		(૧૦) ૦	૪	૬	૧
		(૧૧) ૦	૪	૪	૧
					૨૧

પ્રથમ દર્શનાવરણીયના ૯ ૧૧ ભાંગા જાણાવ્યા તે ૯ ૧૧ ભાંગા સંજ્ઞી પર્યાપ્તાને વિષે સંભવે છે. ત્યાં જાણાવ્યા મુજબ મતાંતરે ૧૩ ભાંગા પણ સંજ્ઞી પર્યાપ્તાને વિષે સંભવે છે. ૬ ના બંધની પછીના વિકલ્પો ત્રીજા વિગેરે ગુણઠાણે ઘટે છે. ૧ થી ૧૩ જીવભેદમાં એ ગુણઠાણાનો અભાવ છે. માટે પછીના વિકલ્પો સંભવતા નથી. સંજ્ઞી પર્યાપ્તાને વિષે સર્વ ગુણઠાણાનો સંભવ છે. તેથી સર્વ વિકલ્પો સંભવે છે. અહીં અપર્યાપ્ત તે લબ્ધિ અપર્યાપ્તા જાણવા. અન્યથા સંજ્ઞી અપર્યાપ્તાને વિષે ૬ ના બંધના ભાંગા પણ ઘટી શકે. (જૂઓ પાના નં. ૧૭-૧૮)

વેદનીય અને ગોત્રકર્મના ભાંગા

पज्जत्तग-सन्निअरे, अट्ठ चउक्कं च वेअणीअभंगा।
सत्त य तिगं च गोए, पत्तेअं जीवठाणेसु ॥३८॥

ગાથાર્થ : પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયને વિષે વેદનીય કર્મના આઠ અને તેર જીવભેદને વિષે વેદનીય કર્મના ચાર ભાંગા હોય છે. ગોત્રકર્મના સંજ્ઞી પર્યાપ્તાને વિષે સાત અને તેર જીવભેદને વિષે ગોત્રકર્મના ત્રણ ભાંગા પ્રત્યેક જીવસ્થાનને વિષે જાણવા. ॥૩૮॥

વેદનીય અને ગોત્રકર્મના ભાંગા ચૌદ જીવભેદને વિષે જાણાવે છે.

વેદનીયનો અબંધક ૧૪ મા ગુણઠાણે થાય છે. તેથી છેલ્લા ચાર ભાંગા તેર જીવભેદમાં ન હોય. પ્રથમના તેર જીવભેદને વિષે પ્રથમના ચાર ભાંગા ૯ સંભવે છે અને સંજ્ઞી પર્યાપ્તને સર્વે એટલે ૮ ભાંગા સંભવે.

જીવસ્થાનને વિષે વેદનીય કર્મનો સંવેધ

જીવભેદ	વિકલ્પ	બંધ	ઉદય	સત્તા	ગુણઠાણે
૧ થી ૧૩	૪	(૧) અશાતા	અશાતા	અશાતા-શાતા	૧ થી ૬
		(૨) અશાતા	શાતા	અશાતા-શાતા	૧ થી ૬
		(૩) શાતા	અશાતા	અશાતા-શાતા	૧ થી ૧૩
		(૪) શાતા	શાતા	અશાતા-શાતા	૧ થી ૧૩
(૧)		(૧) અશાતા	અશાતા	અશાતા-શાતા	૧ થી ૬
સંજ્ઞી પર્યાપ્તો	૮	(૨) અશાતા	શાતા	અશાતા-શાતા	૧ થી ૬
		(૩) શાતા	અશાતા	અશાતા-શાતા	૧ થી ૧૩

(૪) શાતા	શાતા	અશાતા-શાતા	૧ થી ૧૩
(૫) ૦	અશાતા	અશાતા-શાતા	૧૪ ના પ્રથમ સમયથી દ્વિચરમ સમય સુધી
(૬) ૦	શાતા	અશાતા-શાતા	”
(૭) ૦	શાતા	શાતા	૧૪માના ચરમ સમયે
(૮) ૦	અશાતા	અશાતા	૧૪માના ચરમ સમયે

જીવસ્થાનને વિષે ગોત્ર કર્મનો સંવેધ

જીવભેદ	વિકલ્પ	બંધ	ઉદય	સત્તા
(૧૩) ૧થી ૧૩	૩	(૧) નીચ	નીચ	નીચ
		(૨) નીચ	નીચ	નીચ-ઉચ્ચ
		(૩) ઉચ્ચ	નીચ	નીચ-ઉચ્ચ
(૧) સંજ્ઞી પર્યાપ્ત	૭	(૧) નીચ	નીચ	નીચ
		(૨) નીચ	નીચ	ઉચ્ચ-નીચ
		(૩) નીચ	ઉચ્ચ	ઉચ્ચ-નીચ
		(૪) ઉચ્ચ	નીચ	ઉચ્ચ-નીચ
		(૫) ઉચ્ચ	ઉચ્ચ	ઉચ્ચ-નીચ
		(૬) ૦	ઉચ્ચ	ઉચ્ચ-નીચ
		(૭) ૦	ઉચ્ચ	ઉચ્ચ

તેર જીવભેદને વિષે ઉચ્ચનો ઉદય ન હોય, કારણ કે તિર્યંચમાં ઉચ્ચનો ઉદય ન હોય તેથી નીચના ઉદયવાળા ત્રણ ભાંગા સંભવે છે. અહીં પણ સંજ્ઞી અપર્યાપ્ત તે લબ્ધિ અપર્યાપ્ત જાણવો. અન્યથા ઉચ્ચનો ઉદય સંભવે. સંજ્ઞી પર્યાપ્તને વિષે ગોત્રકર્મના સર્વ ભાંગા સંભવે છે.

જીવસ્થાને આયુષ્ય કર્મના ભાંગા

पज्जत्तापज्जत्तग, समणे पज्जत्तअमण सेसेसु।
अट्ठावीसं दसगं, नवगं पणगं च आउस्स ॥३९॥

ગાથાર્થ : સંજ્ઞી પર્યાપ્તાને વિષે, સંજ્ઞી અપર્યાપ્તાને વિષે, અસંજ્ઞી પર્યાપ્તાને વિષે અને શેષ જીવભેદને વિષે આયુષ્ય કર્મના અનુક્રમે ૨૮,૧૦,૯ અને ૫ ભાંગા સંભવે છે.

ચૌદ જીવભેદને વિષે આયુષ્ય કર્મના ભાંગા જણાવે છે.

સંજ્ઞી પર્યાપ્તા ચારે ગતિના જીવો હોય છે. તેથી પહેલા આયુષ્ય કર્મમાં જણાવ્યા મુજબ નારકીના ૫, તિર્યંચના ૯, મનુષ્યના ૯ અને દેવના ૫ એ પ્રમાણે કુલ ૨૮ ભાંગા આયુ. કર્મના સંજ્ઞી પર્યાપ્તાને વિષે ઘટે છે.

અપર્યાપ્તા સંજ્ઞીને આયુ. કર્મના ૧૦ ભાંગા સંભવે છે. અહીં અપર્યાપ્તો એટલે લબ્ધિ અપર્યાપ્તો જાણવો. તે તિર્યંચ અને મનુષ્યો જ હોય છે અને તેઓ તિર્યંચ અને મનુષ્યનું જ આયુ. બાંધે, તેથી તિર્યંચના ૫ અને મનુષ્યના ૫ એ પ્રમાણે કુલ ૧૦ ભાંગા સંભવે છે.

અસંજ્ઞી પર્યાપ્તા તિર્યંચો જ હોય છે અને તેઓ ચારે ગતિનું આયુષ્ય બાંધે છે. તેથી તેઓને બંધ પૂર્વનો એક, બંધ સમયના ચાર અને બંધ પછીના ચાર એ પ્રમાણે કુલ ૯ ભાંગા તિર્યંચગતિના સંભવે. ૫. અસંજ્ઞી તિ. મરીને પહેલી નારકી, ભવનપતિ અને વ્યંતરમાં ૫૬ અંતર્દ્વિપમાં યુગલિકમાં અને સંખ્યાત વર્ષવાળા તિર્યંચ અને મનુષ્યમાં જઈ શકે માટે.

અસંજ્ઞી અપર્યાપ્તા તિર્યંચ અને મનુષ્યો બન્ને હોય છે અને તેઓ તિર્યંચ કે મનુષ્યનું જ આયુ. બાંધે તેથી તેઓને ૧૦ ભાંગા સંભવે, પરંતુ અહીં લબ્ધિ અપ., મનુ. ની કોઈ પણ કારણથી વિવક્ષા કરી નથી . તેથી અપ. અસંજ્ઞી પં. તિર્યંચ સહિત શેષ જીવસ્થાનથી ૧૧ જીવસ્થાન જાણવા અને અસંજ્ઞી અપર્યા. ની વિવક્ષા જુદી કરીએ તો શેષ ૧૦ જીવભેદ સંભવે તે બધા તિર્યંચ જ છે અને દેવ કે નારકીનું આયુ. બાંધતા નથી . તેથી બંધકાળ પૂર્વે એક, બંધ સમયે ૨ અને બંધકાળ પછી બે એ પ્રમાણે કુલ ૫ ભાંગા સંભવે.

જીવસ્થાનને આયુષ્ય કર્મનો સંવેધ

જીવભેદ	વિકલ્પ	બંધ	ઉદય	સત્તા	ક્યારે
(૧૧) સૂક્ષ્મ અપર્યા. થી અસંજ્ઞી પં.	(૧)	૦	તિર્યંચ	તિર્યંચ	બંધકાળ પૂર્વે
અપર્યા, સુધીના ૧૧	(૨)	તિર્યંચ	તિર્યંચ	તિર્યંચ-તિર્યંચ	બંધકાળે
	(૩)	મનુષ્ય	તિર્યંચ	તિર્યંચ-મનુ.	બંધકાળે
	(૪)	૦	તિર્યંચ	તિર્યંચ-તિર્યંચ	બંધકાળ પછી
	(૫)	૦	તિર્યંચ	તિર્યંચ-મનુ.	બંધકાળ પછી

જીવભેદ	વિકલ્પ	બંધ	ઉદય	સત્તા - ક્યારે
(૧૨) અસંજ્ઞી પંચે. પર્યાપ્ત		(૧) ૦	તિર્યંચ	તિર્યંચ-બંધકાળ પૂર્વે
		(૨) નરક	તિર્યંચ	તિર્યંચ-નરક-બંધકાળે
		(૩) તિર્યંચ	તિર્યંચ	તિર્યંચ-તિર્યંચ-બંધકાળે
		(૪) મનુષ્ય	તિર્યંચ	તિર્યંચ-મનુ.-બંધકાળે
		(૫) દેવ	તિર્યંચ	તિર્યંચ-દેવ-બંધકાળે
		(૬) ૦	તિર્યંચ	તિર્યંચ-નરક-બંધકાળ પછી
		(૭) ૦	તિર્યંચ	તિર્યંચ-તિર્યંચ-બંધકાળ પછી
		(૮) ૦	તિર્યંચ	તિર્યંચ-મનુ.-બંધકાળ પછી
		(૯) ૦	તિર્યંચ	તિર્યંચ-દેવ-બંધકાળ પછી
(૧૩) સંજ્ઞી અપર્યાપ્ત	૧૦	(૧) ૦	તિર્યંચ	તિર્યંચ-બંધકાળ પૂર્વે
		(૨) મનુષ્ય	તિર્યંચ	તિર્યંચ-મનુષ્ય-બંધકાળે
		(૩) તિર્યંચ	તિર્યંચ	તિર્યંચ-તિર્યંચ-બંધકાળે
		(૪) ૦	તિર્યંચ	તિર્યંચ-મનુષ્ય-બંધકાળ પછી
		(૫) ૦	તિર્યંચ	તિર્યંચ-તિર્યંચ-બંધકાળ પછી
		(૬) ૦	મનુષ્ય	મનુષ્ય-બંધકાળ પૂર્વે
		(૭) તિર્યંચ	મનુષ્ય	મનુ.-તિર્યંચ-બંધકાળે
		(૮) મનુષ્ય	મનુષ્ય	મનુ.-મનુ. બંધકાળે
		(૯) ૦	મનુષ્ય	મનુ.-તિર્યંચ-બંધકાળ પછી
		(૧૦) ૦	મનુષ્ય	મનુ. મનુ. - બંધકાળ પછી

(૧૪) સંજ્ઞી પર્યાપ્ત

સંજ્ઞી પર્યાપ્તને વિષે સામાન્યથી આયુષ્ય કર્મના પ્રથમ જાણાવ્યા મુજબ ૨૮ ભાંગા (સર્વ) સમજવા. કારણ કે ચારે ગતિના જીવો સંજ્ઞી પર્યાપ્તા હોય. (જૂઓ પાના નં. ૧૯-૨૦)

જીવસ્થાને મોહનીય કર્મના ભાંગા

अट्ठसु पंचसु एगे, एग दुगं दस य मोहबंधगए।
तिग चउ नव उदयगए, तिग तिग पन्नरस संतंमि ॥ ४०॥

ગાથાર્થ : આઠ, પાંચ અને એક જીવભેદને વિષે અનુક્રમે મોહનીયના એક બે અને દસ બંધસ્થાન, ત્રાણ, ચાર અને નવ ઉદયસ્થાન અને ત્રાણ, ત્રાણ અને પંદર સત્તાસ્થાનો હોય છે. ॥૪૦॥

સૂક્ષ્મ એકે. અપર્યા. અને પર્યા., બાદર એકે. અપર્યા., બેઈ અપર્યા., તેઈ. અપર્યા., ચઉ. અપર્યા., અસંજ્ઞી પંચે. અપર્યા., સંજ્ઞી પંચે. અપર્યા., સર્વ લબ્ધિ અપર્યા. એ પ્રમાણે આઠ જીવભેદને વિષે એક ૨૨નું બંધસ્થાન, ૮નું, ૯નું અને ૧૦નું એ ત્રાણ ઉદયસ્થાન, (તેઓને અનંતાનુબંધીનો ઉદય અવશ્ય હોય છે. માટે ૭ નું ઉદયસ્થાન ન સંભવે) અને ૨૮,૨૭, ૨૬ એ ત્રાણ સત્તાસ્થાન હોય છે.

બાદર એકે. પર્યા., બેઈ. પર્યા.,તેઈ પર્યા.,ચઉ પર્યા, અને અસંજ્ઞી પંચે.પર્યા.એ પ્રમાણે પાંચ જીવભેદને વિષે ૨ બંધસ્થાન ૨૨નું અને ૨૧નું અહીં લબ્ધિ પર્યાપ્તાને કરણ અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન ગુણસ્થાન સંભવે છે.તેથી ૨૧નું બંધસ્થાન સંભવે. ૭,૮,૯ અને ૧૦ એ ચાર ઉદયસ્થાન અને ૨૮, ૨૭, ૨૬ એ ત્રાણ સત્તાસ્થાન સંભવે છે. આ પાંચ જીવો જે પર્યાપ્ત કહ્યા તે લબ્ધિ પર્યાપ્ત સમજવા. જેથી કરણ અપ. અને કરણ પર્યાપ્ત એમ બન્ને જીવો આવી જાય છે.

સંજ્ઞી પર્યાપ્તને વિષે બંધસ્થાન,નવ, ઉદયસ્થાન અને પંદર સત્તાસ્થાન સંભવે છે.

પ્રથમ ૮ જીવભેદને વિષે અપર્યાપ્તા કહ્યા તે લબ્ધિ અપર્યાપ્તા જાણવા. લબ્ધિ અપર્યાપ્તાને પ્રથમ ગુણસ્થાનક હોય છે.

જીવભેદ : સૂક્ષ્મ એકે.અપર્યા. પર્યા.,બાદર એકે .અપર્યા.,બેઈ. અપર્યા.,તેઈ અપર્યા.,ચઉ. અપર્યા.,અસંજ્ઞી અપર્યા.,સંજ્ઞી અપર્યા.=૮ જીવભેદ.

બંધ : ૨૨,બંધ ભાંગા =૬ ઉદયસ્થાન : (ત્રાણ) ૮,૯,૧૦

સત્તાસ્થાન : ૨૮,૨૭,૨૬

અહીં અપર્યાપ્તો એટલે લબ્ધિ અપર્યાપ્ત હોવાથી તેઓને એક મિથ્યાત્વ ગુણસ્થાનક જ હોય છે.તેથી ૨૨નું એક જ બંધસ્થાન સંભવે છે તેમ જ તેઓને એક નપુંસક વેદનો જ ઉદય હોય છે. તેથી ૪ કષાય x ૨ યુગલ = ૮ ભાંગા (અષ્ટક થાય, ચોવીસી ન થાય)

૮ જીવભેદમાં મોહનીયનો સંવેધ

૨૨ નો બંધ — બંધ ભાંગા – ૬

કષાય	કોઈ એક યુગલ	વેદ (નપું.)	મિથ્યા	ભય	જુગુ.	ઉદય સ્થાન	ઉદય અષ્ટક	ઉદય ભાંગા	પદ અષ્ટક	પદવૃંદ	સત્તાસ્થાન
૪	૨*	૧	૧	૦	૦	૮	૧	૮	૮	૬૪	૨૮,૨૭,૨૬
૪	૨	૧	૧	૧	૦	૯					
૪	૨	૧	૧	૦	૧	૯	૨	૧૬	૧૮	૧૪૪	૨૮,૨૭,૨૬
૪	૨	૧	૧	૧	૧	૧૦	૧	૮	૧૦	૮૦	૨૮,૨૭,૨૬
					કુલ	૩	૪	૩૨	૩૬	૨૮૮	૩

જીવભેદ : બાદર એકે. પર્યા., બેઈ. પર્યા., તેઈ. પર્યા., ચઉ. પર્યા. અસંજ્ઞી પર્યાપ્તા* = ૫ જીવભેદ.

બંધ : ૨૨,૨૧ બંધ ભાંગા : ૧૦, **ઉદયસ્થાન** : ૭,૮,૯,૧૦, **સત્તાસ્થાન** : ૨૮,૨૭,૨૬

અહીં સાસ્વાદન ગુણ. પણ હોવાથી ૨૧ નો બંધ પણ સંભવે અને ૨૧ ના બંધમાં મિથ્યાત્વનો ઉદય ન હોવાથી ૭ નું ઉદયસ્થાન પણ સંભવે છે. તેથી ૨૨ના બંધે ૮,૯,૧૦ અને ૨૧ ના બંધે ૭,૮,૯ એ ત્રણ ઉદયસ્થાન સંભવે છે. નપું વેદનો જ ઉદય હોય છે.

*અહીં યુગલ એટલે હાસ્ય, રતિ અથવા અરતિ શોક એમ પ્રકૃતિ જાણવી.

સંવેધ આ પ્રમાણે

૨૨નો બંધ મિથ્યાત્વે હોય છે. તેથી તેનો સંવેધ ઉપર જણાવ્યા ૨૨ના બંધ પ્રમાણે જ સમજવો.

૨૧ નો બંધ

કષાય	યુગલ	વેદ (નપું.)	ભય	જુગુ	ઉદય સ્થાન	ઉદય અષ્ટક	ઉદય ભાંગા	પદ અષ્ટક	પદવૃંદ	સત્તાસ્થાન
૪	૨	૧	૦	૦	૭	૧	૮	૭	૫૬	૨૮
૪	૨	૧	૧	૦	૮	૨	૧૬	૧૬	૧૨૮	૨૮
૪	૨	૧	૦	૧	૮					
૪	૨	૧	૧	૧	૯	૧	૮	૯	૭૨	૨૮
				કુલ	૪	૪	૩૨	૩૨	૨૫૬	૧

*૫૦ અસંજ્ઞીને ચૂર્ણિકારના મતે ત્રણ વેદ હોય તેથી ૮ અષ્ટકને બદલે ૮ ચોવીસી અને ૬૪ ભાંગાને બદલે ૧૯૨ ભાંગા જાણવા.

૨૨ અને ૨૧ બન્નેનો મિશ્ર (કુલ) સંવેધ આ પ્રમાણે થાય છે.

બંધસ્થાન	બં. ભાંગા	ઉ.સ્થાન	ઉ. ભાંગા	પદ અષ્ટક	પદવૃંદ	સત્તાસ્થાન
૨૨,૨૧	૧૦	૭/૮/૯/૧૦	૬૪	૬૮	૫૪૪	૨૮,૨૭,૨૬

જીવભેદ : સંજ્ઞી પર્યાપ્તા-૧
બંધસ્થાન : ૧૦ (૨૨,૨૧,૧૭,૧૩,૯,૫,૪,૩,૨,૧) બંધ ભાંગા : ૨૧
ઉદયસ્થાન : ૯ (૧૦,૯,૮,૭,૬,૫,૪,૨,૧)
સત્તાસ્થાન : ૧૫ (૨૮,૨૭,૨૬,૨૪,૨૩,૨૨,૨૧,૧૩,૧૨,૧૧,૫,૪,૩,૨,૧)

પૂર્વે મોહનીય કર્મમાં જણાવ્યા મુજબ જ સંપૂર્ણ સંવેધ સંજ્ઞી પર્યાપ્તાને વિષે જાણવો. કારણ તેને દરેક બંધસ્થાન, ઉદયસ્થાન અને સત્તાસ્થાન સંભવે છે. (જૂઓ પાના નં. ૨૦ થી ૩૮)

પર્યાપ્ત સંજ્ઞી પંચે.માં. સંક્ષિપ્તમાં મોહનીય સંવેધ

બંધ સ્થાન	બંધ ભાંગા	ઉદય સ્થાન	ઉદય ભાંગા	પદ ચોવીસી	પદવૃંદ	સત્તાસ્થાન
૧૦	૨૧	૯	૯૮૩	૨૮૮	૬૯૪૭	૧૫
			અન્ય મતે			
૧૦	૨૧	૯	૯૯૫	૨૮૮	૬૯૭૧	૧૫

જીવસ્થાને નામકર્મના ભાંગા

पण दुग पणगं पण चउ, पणगं पणगा हवंति तिन्नेव।
पण छप्पणगं छच्छ-प्पणगं अट्ठट्ठ दसगं ति ॥ ४१॥

सत्तेव अपज्जत्ता, सामी सुहुमा य बायरा चेव।
विगलिंदिआउ तिन्नि उ, तह य अ सन्नी असन्नी अ ॥ ४२॥

ગાથાર્થ : સાતેય અપર્યાપ્તાને વિષે પાંચ બંધસ્થાન, બે ઉદયસ્થાન અને પાંચ સત્તાસ્થાન, સૂક્ષ્મ પર્યા. ને વિષે પાંચ બંધસ્થાન, ચાર ઉદયસ્થાન અને પાંચ સત્તાસ્થાન હોય છે. બાદર પર્યા. ને વિષે પાંચ બંધસ્થાન, પાંચ ઉદયસ્થાન અને પાંચ સત્તાસ્થાન . ત્રાણ વિકલેન્દ્રિય પર્યા. ને વિષે પાંચ બંધસ્થાન, છ ઉદયસ્થાન અને પાંચ સત્તાસ્થાન અસંજ્ઞી પંચે. પર્યા. ને વિશે છ બંધસ્થાન, છ ઉદયસ્થાન, પાંચ સત્તાસ્થાન અને સંજ્ઞી પર્યાપ્તાને વિષે આઠ બંધસ્થાન, આઠ ઉદયસ્થાન અને દસ સત્તાસ્થાન હોય છે. ॥૪૧-૪૨॥

સાત અપર્યાપ્તાને વિશે નામકર્મનો સંવેધ

અહીં અપર્યા. એટલે લબ્ધિ અપર્યા. સમજવા. તેઓ એકેન્દ્રિય વિકલેન્દ્રિય તિર્યંચ અને મનુ. પ્રાયો. બંધ કરે. પરંતુ દેવ, નરક પ્રાયોગ્ય બંધ, અપ્રાયોગ્ય ૧ નો બંધ તેમજ સંયમ અને સમકિત ન હોવાથી જિનનામ અને આહા. દ્વિક સહિતના બંધ સ્થાનક બાંધતા નથી. તેથી એકે. પ્રા ૪૦, વિકલે પ્રા ૫૧, પં. તિર્યંચ પ્રા. ૯૨૧૭ અને મનુ. પ્રા. ૪૬૦૯ (૩૦ ના બંધના ૮ ભાંગા ન સંભવે) એ પ્રમાણે કુલ ૧૩૯૧૭ બંધભાંગા બાંધે. (દેવના-૧૮, નારકીનો-૧, મનુ. ના ૩૦ ના બંધના-૮ અને ૧ ના બંધનો - ૧ એ પ્રમાણે કુલ ૨૮ ભાંગા ન સંભવે.)

ઉદયસ્થાન દરેકને પ્રથમનાં બે જ છે. કારણ કે શરીર પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછીનાં ઉદયસ્થાન લબ્ધિ અપર્યાપ્તાને ન હોય.

સત્તાસ્થાન ૯૩, ૮૯ જિનનામ સહિત છે. તે ન હોય તથા અહીં નહિં ઘટતાં શેષ સત્તાસ્થાન ક્ષપકશ્રેણી અને કેવલીના છે. માટે ન સંભવે એકે. વિકલે. અને પંચે. તિર્યંચ પ્રાયોગ્ય બંધ કરે ત્યારે દરેક ઉદયભાંગે પાંચ-પાંચ સત્તાસ્થાન અને મનુ. પ્રાયો. બંધ કરે ત્યારે દરેક ઉદયભાંગે ચાર-ચાર સત્તાસ્થાન સંભવે. અહીં વ્યવહાર રાશિમાં આવી પછી ૭-૮નું ગુણ૦ પામી આહા૦ ૨ બાંધી પડેલાને ૯૨ની સત્તા હોય.

(૧) સૂક્ષ્મ અપર્યાપ્ત એકેન્દ્રિય વિષે નામકર્મનો સંવેધ

બંધસ્થાન : ૫ (૨૩,૨૫,૨૬,૨૯,૩૦) બંધભાંગા : ૧૩૯૧૭

ઉદયસ્થાન : ૨ (૨૧,૨૪) ઉદયભાંગા : ૩

સત્તાસ્થાન : ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

અહીં અપર્યા. નામકર્મના ઉદયવાળા જ ઉદયભાંગા સંભવે તેથી

૨૧ના ઉદયનો (૧) સૂક્ષ્મ અપર્યા. અપયશ.

૨૪ના ઉદયના (૧) સૂક્ષ્મ અપર્યા. પ્રત્યેક અપયશ.

(૨) સૂક્ષ્મ અપર્યા. સાધારાણ અપયશ

એકે. પ્રા. ના ૪૦, વિકલે. પ્રા. ના ૫૧ અને તિર્યંચ પંચે. પ્રા. ના ૯૨૧૭ એ પ્રમાણે કુલ તિર્યંચના ૯૩૦૮ **બંધભાંગાનો સંવેધ આ પ્રમાણે.**

ઉદયભાંગા	સત્તાસ્થાન
૨૧ના ઉદયે ૧	૫ (૯૨, ૮૮, ૮૬,૮૦,૭૮)
૨૧ના ઉદયે ૨	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

અહીં દરેક બંધસ્થાનક વાર તથા બંધભાંગા ઉપર જુદો જુદો સંવેધ લખ્યો નથી. જે બંધભાંગા ઉપર સમાન હોય તે સાથે લખેલ છે એમ દરેક જીવભેદોમાં પણ સમજવું.

મનુષ્ય પ્રાયોગ્ય ૪૬૦૯ બંધભાંગાનો સંવેધ આ પ્રમાણે

	ઉદયભાંગે	સત્તાસ્થાન
૨૧ના ઉદયે	૧	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૪ના ઉદયે	૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)

મનુષ્ય પ્રાયોગ્ય બંધ કરે ત્યારે ૭૮નું સત્તાસ્થાન ઘટે નહિ.

(૨) બાદર અપર્યાપ્ત એકેન્દ્રિયને વિશે નામકર્મનો સંવેધ

બંધસ્થાન : ૫ (૨૩,૨૫,૨૬,૨૯,૩૦) બંધભાંગા : ૧૩૯૧૭

ઉદયસ્થાન : ૨ (૨૧,૨૪) ઉદયભાંગા : ૩

સત્તાસ્થાન : ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

અહીં સંવેધ સૂક્ષ્મ અપર્યા.ની જેમ થાય છે ફક્ત ઉદયભાંગા સૂક્ષ્મ નામકર્મના બદલે બાદર નામકર્મવાળા ઉદયભાંગા સમજવા તે આ પ્રમાણે

૨૧ના ઉદયનો (૧) બાદર અપર્યા. અપયશ

૨૪ના ઉદયના (૧) બાદર અપર્યા. પ્રત્યેક અપયશ

(૨) બાદર અપર્યા. સાધારણ અપયશ

એ પ્રમાણે સૂક્ષ્મના સ્થાને બાદર મૂકવાથી ૩ ઉ. ભાંગા થાય છે એકે.પ્રા ૪૦, વિકલે પ્રા. ૫૧ અને પંચે તિર્યંચ પ્રા. ૯૨૧૭ એ પ્રમાણે કુલ ૯૩૦૮ બંધભાંગાનો સંવેધ આ પ્રમાણે.

	ઉદયભાંગે	સત્તાસ્થાન
૨૧ના ઉદયે	૧	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૪ના ઉદયે	૨	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

મનુષ્યના ૪૬૦૯ બંધભાંગાનો સંવેધ આ પ્રમાણે

	ઉદયભાંગે	સત્તાસ્થાન
૨૧ના ઉદયે	૧	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૪ના ઉદયે	૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)

(૩,૪,૫) અપર્યાપ્ત વિકલેન્દ્રિયને વિશે નામકર્મનો સંવેધ

બંધસ્થાન : ૫ (૨૩,૨૫,૨૬,૨૯,૩૦) બંધભાંગા : ૧૩૯૧૭

ઉદયસ્થાન : ૨ (૨૧,૨૬) ઉદયભાંગા : ૬ ત્રણે વિકલેન્દ્રિયના

સત્તાસ્થાન : ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

અહીં અપર્યા. નામકર્મના ઉદયવાળા બે ઉ. ભાંગા સંભવે તે

૨૧ના ઉદયનો (૧) અપર્યા.અપયશ

૨૬ના ઉદયનો (૧) અપર્યા.અપયશ

એ પ્રમાણે બેઈ.તેઈ.અને ચઉ. ના સાથે મળી કુલ ૬ ઉદયભાંગા થાય.

તિર્યંચ પ્રાયોગ્ય કુલ ૯૩૦૮ બંધભાંગાનો સંવેધ આ પ્રમાણે

	ઉદયભાંગે	**સત્તાસ્થાન**
૨૧ના ઉદયે	૩	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૬ના ઉદયે	૩	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

મનુષ્ય પ્રાયો. કુલ ૪૬૦૯ બંધભાંગાનો સંવેધ આ પ્રમાણે

૨૧ના ઉદયે	૩	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૬ના ઉદયે	૩	૪ (૯૨,૮૮,૮૬,૮૦)

(૬) અસંજ્ઞી લબ્ધિ અપર્યાપ્તાઃ (૭) સંજ્ઞી લબ્ધિ અપર્યાપ્તાને વિશે નામકર્મનો સંવેધ

બંધસ્થાન : ૫ (૨૩,૨૫,૨૬,૨૯,૩૦) બંધભાંગા : ૧૩૯૧૭

ઉદયસ્થાન : ૨ (૨૧,૨૬) ઉદયભાંગા : ૪

સત્તાસ્થાન : ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

અસંજ્ઞી અને સંજ્ઞી અપર્યા. નો સંવેધ સમાન જ છે માટે સાથે જણાવેલ છે.

અસંજ્ઞી અને સંજ્ઞી અપર્યા. તિર્યંચ અને મનુષ્યો જ હોય છે અને તે લબ્ધિ અપર્યાપ્તા સમજવા. દેવ અને નારકી લબ્ધિ અપર્યા. ન હોવાથી સંજ્ઞી અપ.માં ગણ્યા નથી. તેથી ૨૧ના ઉદયનો અપર્યા. અપયશ એ ભાંગો ૧ તિર્યંચનો અને ૧ મનુ.નો કુલ ૨ તથા ૨૬ના ઉદયનો અપર્યા. અપયશ એ ભાંગો ૧ તિર્યંચનો અને ૧ મનુ.નો કુલ ૨ એ પ્રમાણે કુલ ૪ ઉદયભાંગા થાય છે. અહીં મનુ. ના દરેક ઉદયભાંગે ચાર સત્તાસ્થાન સંભવે.

તિર્યંચ પ્રાયોગ્ય કુલ ૯૩૦૮ બંધભાંગાનો સંવેધ આ પ્રમાણે

	ઉદયભાંગે	સત્તાસ્થાન
૨૧ના ઉદયે સામાન્ય તિર્યંચના	૧	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૧ના ઉદયે સામાન્ય મનુષ્યના	૧	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૬ના ઉદયે સામાન્ય તિર્યંચના	૧	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૬ના ઉદયે સામાન્ય મનુષ્યના	૧	૪ (૯૨,૮૮,૮૬,૮૦)

મનુષ્ય પ્રા.૨૫નું બંધસ્થાનક,બં.ભા.૧+૨૯ ના ૪૬૦૮ કુલ ૪૬૦૯નો સંવેધ

૨૧ના ઉદયે સામાન્ય તિર્યંચના	૧	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૧ના ઉદયે સામાન્ય મનુષ્યના	૧	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૬ના ઉદયે સામાન્ય તિર્યંચના	૧	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૬ના ઉદયે સામાન્ય મનુષ્યના	૧	૪ (૯૨,૮૮,૮૬,૮૦)

મનુષ્ય પ્રાયોગ્યબંધ હોવાથી ૭૮ ની સત્તા ન ઘટે.

(૮) સૂક્ષ્મ પર્યાપ્ત એકેન્દ્રિયને વિષે નામકર્મનો સંવેધ

બંધસ્થાન : ૫ (૨૩,૨૫,૨૬,૨૯,૩૦) બંધભાંગા : ૧૩૯૧૭

ઉદયસ્થાન : ૪ (૨૧,૨૪,૨૫,૨૬) ઉદયભાંગા : ૭

સત્તાસ્થાન : ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

બંધભાંગા પૂર્વે જણાવ્યા મુજબ જ ૧૩૯૧૭ જાણવા.

અહીં લબ્ધિ પર્યાપ્તાની વિવક્ષા કરી છે માટે લબ્ધિ પર્યાપ્તા તે કરણ અપર્યા. હોય ત્યારે અપર્યાપ્તાવસ્થાના ઉદયસ્થાનો પણ સંભવે, અહીં ૨૭ નું ઉદયસ્થાન આતપ કે ઉદ્યોત સાથે હોય છે અને સૂક્ષ્મને આતપ કે ઉદ્યોતનો ઉદય હોતો નથી. માટે ૨૭નું ઉદયસ્થાન ન ઘટે.

૨૧ના ઉદયનો (૧) સૂક્ષ્મ પર્યાપ્તા અપયશ

૨૪ના ઉદયના (૧) સૂક્ષ્મ પર્યાપ્ત પ્રત્યેક અપયશ

(૨) સૂક્ષ્મ પર્યાપ્ત સાધા. અપયશ

૨૪ના ઉદયના ૨ ભાંગા પરાઘાતથી યુક્ત કરતાં ૨૫ ના ઉદયના ૨

એ બે ભાંગા શ્વાસોશ્વાસથી યુક્ત કરતાં ૨૬ના ઉદયના ૨

એ પ્રમાણે સૂક્ષ્મ પર્યાપ્તના કુલ ૭ ઉદયભાંગા થાય.

સત્તાસ્થાનો પૂર્વે જણાવ્યા મુજબ ૫ સંભવે છે.

તિર્યંચ પ્રાયોગ્ય બંધ કરે ત્યારે પ્રથમના બે ઉદયસ્થાનના દરેક ઉદયભાંગે ૫-૫ સત્તાસ્થાન અને તેઉ.-વાયુ. ને સાધારણનો ઉદય ન હોય તેથી ૨૫ અને ૨૬ના ઉદયના સાધારણના ઉદયભાંગે ૪-૪ સત્તાસ્થાન અને પ્રત્યેકનો ઉદય તેઉ.-વાયુ. ને પણ હોય તેથી પ્રત્યેકના ૨૫ અને ૨૬ ના ઉદયના ઉદયભાંગે ૫-૫ સત્તાસ્થાન સંભવે.

મનુષ્ય પ્રાયો. બંધ કરે ત્યારે દરેક ઉદયભાંગે ૪-૪ સત્તા. સંભવે તે આ પ્રમાણે.

૯૨,૮૮,૮૬,૮૦

તિર્યંચ પ્રાયોગ્ય ૯૩૦૮ બંધભાંગાનો સંવેધ આ પ્રમાણે.

	ઉદયભાંગે	સત્તાસ્થાન
૨૧ના ઉદયે	૧	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૪ના ઉદયે	૨	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૫ના ઉદયે પ્રત્યેકના	૧	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૫ના ઉદયે સાધારણના	૧	૪ (૯૨,૮૮,૮૬,૮૦)*
૨૬ના ઉદયે પ્રત્યેકના	૧	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૬ના ઉદયે સાધારણના	૧	૪ (૯૨,૮૮,૮૬,૮૦)

મનુષ્ય પ્રાયોગ્ય ૪૬૦૯ બંધભાંગાનો સંવેધ આ પ્રમાણે

	ઉદયભાંગે	સત્તાસ્થાન
૨૧ના ઉદયે	૧	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૪ના ઉદયે	૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૫ના ઉદયે	૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૬ના ઉદયે	૨	૪(૯૨,૮૮,૮૬,૮૦)

(૯) બાદર પર્યાપ્તા એકેન્દ્રિયને વિશે નામકર્મનો સંવેધ

બંધસ્થાન : ૫ (૨૩,૨૫,૨૬,૨૯,૩૦) બંધભાંગા : ૧૩૯૧૭
ઉદયસ્થાન : ૫ (૨૧,૨૪,૨૫,૨૬,૨૭) ઉદયભાંગા : ૨૯
સત્તાસ્થાન : ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

બંધભાંગા પૂર્વે જણાવ્યા મુજબ ૧૩૯૧૭ જાણવા. અહીં પણ લબ્ધિ પર્યાપ્તાની વિવક્ષા કરી છે. તેથી કરણ અપર્યાપ્તાનાં ઉદયસ્થાનો ઘટી શકે.

બાદર એકે.ને સર્વે ઉદયસ્થાન એકેન્દ્રિયના સંભવે તેથી પાંચેય ઉદયસ્થાન ઘટે. ઉદયભાંગા ૨૯ નીચે પ્રમાણે થાય છે.

---

* સાધા૦ વનસ્પતિકાય આદિ જીવોને શરીર પર્યાપ્તિ પછી મનુષ્યદ્વિકનો બંધ અવશ્ય હોય.

૨૧ના ઉદયના	(૧) બાદર પર્યાપ્તા યશ (૨) બાદર પર્યાપ્તા અપયશ
૨૪ના ઉદયના	(૧) બાદર પર્યાપ્ત પ્રત્યેક યશ
	(૨) બાદર પર્યાપ્તા પ્રત્યેક અપયશ
	(૩) બાદર પર્યાપ્તા સાધા. યશ
	(૪) બાદર પર્યાપ્તા સાધા. અપયશ
વૈ. વાયુનો	(૫) બાદર પર્યાપ્ત પ્રત્યેક અપયશ એમ કુલ ૨૪ના ઉદયસ્થાનના પાંચ ઉદયભાંગા છે.

૨૫ના ઉદયના પૂર્વોક્ત ૫ ભાંગા પરાઘાત સાથે

૨૬ના ઉદયના પૂર્વોક્ત ૫ ભાંગા શ્વાસોશ્વાસ સાથે તથા પ્રથમ ૨૬ના ઉદયસ્થાનમાં જણાવ્યા મુજબ ઉદ્યોત સાથેના ૪ ભાંગા અને આતપ સાથેના ૨ ભાંગા એ પ્રમાણે ૨૬ના ઉદયના કુલ ૧૧ ભાંગા થાય.

૨૭ ના ઉદયના ઉદ્યોત યુક્ત ૪ અને આતપ યુક્ત ૨ એ પ્રમાણે ૬ ભાંગા થાય. આમ ૨૧ના ઉદયના ૨, ૨૪ ના ઉદયના ૫, ૨૫ના ઉદયના ૫, ૨૬ના ઉદયના ૧૧ અને ૨૭ના ઉદયના ૬ એ પ્રમાણે કુલ ૨૯ ઉદયભાંગા થાય.

સત્તાસ્થાન પૂર્વે જણાવ્યા મુજબ પાંચ જ સંભવે.

તિર્યંચ પ્રાયોગ્ય બંધભાંગે પ્રથમના બે ઉદયસ્થાન (વૈ.વાયુ વિનાના) ના ઉદયભાંગે ૫-૫ સત્તાસ્થાન ત્યારબાદ ૨૫ અને ૨૬ના તેઉ. વાયુ. ના પ્રત્યેકના અપયશના ૧ ઉદયભાંગે ૫-૫ સત્તાસ્થાન કારણ તેઉ-વાયુને સાધારણ અને યશનો ઉદય ન હોય અને વૈ. વાયુના દરેક ઉદયભાંગે ૩-૩ સત્તાસ્થાન અને શેષ ઉદયભાંગે ૪-૪ સત્તાસ્થાન ઘટે.

મનુષ્ય પ્રાયોગ્ય બંધ કરે ત્યારે સંભવતા ઉદયભાંગે ૪-૪ સત્તાસ્થાન સંભવે.

તિર્યંચના પ્રા૦૯૩૦૮ બંધભાંગાનો સંવેધ આ પ્રમાણે

	ઉદયભાંગે	સત્તાસ્થાન
૨૧ના ઉદયે	૨	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૪ના ઉદયે	૪	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૪ના ઉદયે વૈક્રિય વાયુના	૧	૩ (૯૨,૮૮,૮૬)
૨૫ના ઉદયે પૃથ્વીકાયાદિના	૩	૪(૯૨,૮૮,૮૬,૮૦)
૨૫ના ઉદયે તેઉ.અવૈ.વાયુના	૧	૫(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૫ના ઉદયે વૈક્રિય વાયુના	૧	૩(૯૨,૮૮,૮૬)

	ઉદયભાંગે	સત્તાસ્થાન
૨૬ના ઉદયે પૃથ્વાદિના	૯	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૬ના ઉદયે તેઉ.અવૈ.વાયુના	૧	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૬ના ઉદયે વૈક્રિય વાયુના	૧	૩ (૯૨,૮૮,૮૬)
૨૭ના ઉદયે પૃથ્વાદિના	૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)

મનુષ્યના ૪૬૦૯ બંધભાંગાનો સંવેધ.

તેઉ. વાયુ મનુ. પ્રાયો. બંધ ન કરે. તેથી વૈ. વાયુનો ૨૪, ૨૫ અને ૨૬ ના ઉદયના ૧-૧-૧ એ પ્રમાણે ૩ ઉદયભાંગા ન ઘટે તેથી પૂર્વોક્ત ૨૯માંથી ૩ બાદ કરતાં શેષ ૨૬ ઉદયભાંગા મનુ. પ્રાયોગ્ય બંધને વિશે સંભવે.

	ઉદયભાંગે	સત્તાસ્થાન
૨૧ના ઉદયે	૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦,)
૨૪ના ઉદયે	૪	૪ (૯૨,૮૮,૮૬,૮૦,)
૨૫ના ઉદયે	૪	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૬ના ઉદયે	૧૦	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	૬	૪(૯૨,૮૮,૮૬,૮૦)

(૧૦-૧૧-૧૨) વિકેલેન્દ્રિય પર્યાપ્તાને વિષે નામકર્મનો સંવેધ

બંધસ્થાન : ૫(૨૩,૨૫,૨૬,૨૯,૩૦) બંધભાગા : ૧૩૯૧૭
ઉદયસ્થાન : ૬(૨૧,૨૬,૨૮,૨૯,૩૦,૩૧) ઉદયભાંગા : ૬૦
સત્તાસ્થાન : ૫(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

બંધભાંગા પૂર્વે જાણાવ્યા મુજબ ૧૩૯૧૭ જાણવા.

અહીં લબ્ધિ પર્યાપ્તા હોવાથી લબ્ધિ અપર્યા.ના ૨૧ અને ૨૬ના ઉદયનો ૧-૧ ઉદયભાંગા બાદ કરતાં ૨૧ ના ઉદયે - ૨, ૨૬ના ઉદયે - ૨, ૨૮ના ઉદયે - ૨, ૨૯ના ઉદયે -૪, ૩૦ના ઉદયે - ૬, અને ૩૧ના ઉદયે - ૪ એ પ્રમાણે ૨૦ થાય છે. ત્રણેય જાતિના મળી કુલ ૬૦ ઉદયાભાંગા થાય છે.

સત્તાસ્થાન પૂર્વે જાણાવ્યા મુજબ પાંચ સંભવે

તિર્યંચ પ્રાયો. બંધ કરે ત્યારે પ્રથમના બે ઉદયસ્થાનના ઉદયભાંગે ૫-૫ સત્તાસ્થાન અને શેષ ઉદયભાંગે ૪-૪ સત્તાસ્થાન ઘટે.

મનુ. પ્રાયો. બંધ કરે ત્યારે દરેક ઉદયભાંગે ૪-૪ સત્તાસ્થાન સંભવે.

તિર્યંચ પ્રાયોગ્ય ૯૩૦૮ બંધભાંગાનો સંવેધ આ પ્રમાણે

	ઉદયભાંગે	સત્તાસ્થાન
૨૧ના ઉદયે	૬	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૬ના ઉદયે	૬	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૮ના ઉદયે	૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૯ના ઉદયે	૧૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૩૦ના ઉદયે	૧૮	૪(૯૨,૮૮,૮૬,૮૦)
૩૧ના ઉદયે	૧૨	૪(૯૨,૮૮,૮૬,૮૦)

મનુષ્ય પ્રાયોગ્ય ૪૬૦૯ બંધભાંગાનો સંવેધ આ પ્રમાણે

	ઉદયભાંગે	સત્તાસ્થાન
૨૧ના ઉદયે	૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૬ના ઉદયે	૬	૪(૯૨,૮૮,૮૬,૮૦)
૨૮ના ઉદયે	૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૯ના ઉદયે	૧૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૩૦ના ઉદયે	૧૮	૪(૯૨,૮૮,૮૬,૮૦)
૩૧ના ઉદયે	૧૨	૪(૯૨,૮૮,૮૬,૮૦)

(૧૩) અસંજ્ઞી પર્યાપ્તા પંચેન્દ્રિય વિશે નામકર્મનો સંવેધ

બંધસ્થાન : ૬(૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦) **બંધભાંગા** : ૧૩૯૨૬

ઉદયસ્થાન : ૬(૨૧,૨૬,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** : ૪૯૦૪

સત્તાસ્થાન : ૫(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

પર્યા. પંચે. અસંજ્ઞી ને એકે.પ્રા. - ૪૦, વિકલે.પ્રા. ૫૧, તિર્યંચના ૯૨૧૭, મનુષ્યના પ્રા. ૪૬૦૯, દેવ પ્રા. - ૮ (૨૮ના બંધના) નારક પ્રા. - ૧ એ પ્રમાણે કુલ ૧૩૯૨૬ બંદભાંગા ઘટે (મનુ.ના ૩૦ના ૮, દેવના ૧૦ (૨૮ના બંધ વિનાના) ૧ ના બંધનો -૧ એ પ્રમાણે કુલ ૧૯ બંધભાંગા ન સંભવે.)

પૂર્વોક્ત ૧૩૯૧૭માં દેવ પ્રાયો. અને નરક પ્રાયો. ૨૮નો પણ બંધ કરતા હોવાથી દેવના પ્રા. ૨૮ પ્રા. બંધના ૮ અને નારકી પ્રા.- ૧ એ પ્રમાણે ૯ ઉમેરવાથી ૧૩૯૨૬ બંધભાંગા થાય.

અસંજ્ઞી પર્યાપ્તા. તિર્યંચો જ હોય છે. મનુષ્યો ન હોય તેથી તિર્યંચ પંચે.ના લબ્ધિ અપર્યા.ના ૨૧ના ઉદયનો અને ૨૬ના ઉદયનો ૧-૧ ભાંગો બાદ કરતાં ૨૧ના ઉદયના - ૮, ૨૬ના ઉદયના - ૨૮૮, ૨૮ના ઉદયના - ૫૭૬, ૨૯ના ઉદયના -૧૧૫૨, ૩૦ના ઉદયના ૧૭૨૮ અને ૩૧ના ઉદયના ૧૧૫૨ એ પ્રમાણે કુલ ૪૯૦૪ ઉદયભાંગા થાય છે.

જુઓ પંચસંગ્રહ ઉદીરણાકરણ ગા. - ૨૦

અહીં અસંજ્ઞી પ૦ને વિકલેન્દ્રિય જેમ ૨૦ ઉદયભાંગા પણ કેટલાક આચાર્યો માને છે.

સત્તાસ્થાન પૂર્વની જેમ પાંચ સંભવે છે.

તિર્યંચ પ્રાયોગ્ય બંધ કરે ત્યારે પ્રથમના બે ઉદયસ્થાનના ઉદયભાંગે ૫-૫ સત્તાસ્થાન સંભવે અને શેષ ઉદયભાંગે ૪-૪ સત્તાસ્થાન ઘટે.

મનુષ્ય પ્રાયોગ્ય બંધ કરે ત્યારે દરેક ઉદયભાંગે ૪-૪- સત્તાસ્થાન સંભવે. દેવ અને નરક પ્રાયોગ્ય બંધ અપર્યાપ્તાવસ્થામાં કરે નહિ, કારણ નરક પ્રાયો. બંધ અપર્યાપ્તાવસ્થામાં થાય જ નહિં, અને દેવ પ્રાયોગ્ય બંધ અપર્યાપ્તાવસ્થામાં સમ્યગદૃષ્ટિ જ કરે. અહીં તો મિથ્યાત્વી છે. માટે એ પણ ન સંભવે તેથી ૨૮ના બંધે પર્યાપ્તાવસ્થાના ૩૦ અને ૩૧ના ઉદયના ૧૧૫૨ + ૧૧૫૨ = ૨૩૦૪ ઉદયભાંગા જ સંભવે અને દરેક ઉદયભાંગે ૯૨,૮૮, ૮૬ એ ત્રણ સત્તાસ્થાન સંભવે. અહીં ૮૬ની સત્તા તે એકે.માં વૈક્રિય ષટ્કની ઉદ્વલના કરી આવેલા ૮૦ની સત્તાવાળા અસંજ્ઞી પંચે.માં આવી સર્વ પર્યાપ્તિએ થયા બાદ વૈ. ચતુષ્ક અને દેવદ્વિક અથવા નરકદ્વિક બાંધે ત્યારે ૮૬ની સત્તા થાય. ૯૨ અને ૮૮ ની સત્તા પૂર્વની જેમ સંભવે.

તિર્યંચ પ્રાયોગ્ય ૯૩૦૮ બંધભાંગાનો સંવેધ આ પ્રમાણે

બંધસ્થાન : ૫(૨૩,૨૫,૨૬,૨૯,૩૦) **બંધભાંગા** : ૯૩૦૮

ઉદયસ્થાન : ૬(૨૧,૨૬,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** : ૪૯૦૪

સત્તાસ્થાન : ૫(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

	ઉદયભાંગે	**સત્તાસ્થાન**
૨૧ના ઉદયે	૮	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૬ના ઉદયે	૨૮૮	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૮ના ઉદયે	૫૭૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૯ના ઉદયે	૧૧૫૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૩૦ના ઉદયે	૧૭૨૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૩૧ના ઉદયે	૧૧૫૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)

મનુષ્ય પ્રાયોગ્ય ૪૬૦૯ બંધભાંગાનો સંવેધ આ પ્રમાણે

બંધસ્થાન : ૨ (૨૫,૨૯) બંધભાંગા : ૪૬૦૯

ઉદયસ્થાન : ૬ (૨૧,૨૬,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** : ૪૯૦૪

સત્તાસ્થાન : ૪ (૯૨,૮૮,૮૬,૮૦)

	ઉદયભાંગે	**સત્તાસ્થાન**
૨૧ના ઉદયે	૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૬ના ઉદયે	૨૮૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૮ના ઉદયે	૫૭૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૯ના ઉદયે	૧૧૫૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૩૦ના ઉદયે	૧૭૨૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૩૧ના ઉદયે	૧૧૫૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)

દેવ પ્રાયોગ્ય અને નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધના ૯ બંધભાંગાનો સંવેધ

બંધસ્થાન : ૧ (૨૮) **બંધભાંગા** : ૯

ઉદયસ્થાન : ૨ (૩૦,૩૧) **ઉદયભાંગા** : ૨૩૦૪ (તિર્યંચના)*

સત્તાસ્થાન : ૩ (૯૨,૮૮,૮૬)

	ઉદયભાંગે	**સત્તાસ્થાન**
૩૦ના ઉદયે	૧૧૫૨	૩ (૯૨,૮૮,૮૬)
૩૧ના ઉદયે	૧૧૫૨	૩ (૯૨,૮૮,૮૬)

(૧૪) સંજ્ઞી પર્યાપ્તાને વિશે નામકર્મનો સંવેધ

બંધસ્થાન : ૮ (૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦,૩૧,૧) **બંધભાંગા** : ૧૩૯૪૫

ઉદયસ્થાન : ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** : ૭૬૭૧

સત્તાસ્થાન : ૧૦ (૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૮,૭૬,૭૫)

સંજ્ઞી પર્યાપ્તા એટલે એકે. વિકલેન્દ્રિય વિના ચારે ગતિના પર્યાપ્તા જીવો હોય છે. તે દરેક પ્રાયોગ્ય બંધ કરે તેથી સર્વ બંધભાંગા સંભવે.

અહીં સંજ્ઞી પર્યાપ્તા તે લબ્ધિ પર્યાપ્તા સમજવા. જેથી કરણ અપ. અને કરણ પ. સંજ્ઞી લબ્ધિ પર્યાપ્તામાં ગણવા.

*અસંજ્ઞીને દેવ અને નરક પ્રા. બંધ પર્યાપ્તાવસ્થામાં જ હોય.

પંચે, તિર્યંચના અને મનુષ્યના લબ્ધિ અપર્યાપ્તાના ૨૧ અને ૨૬ ના ઉદયનો ૧/૧ ભાંગો એ પ્રમાણે કુલ ૪ ઉદયભાંગા ન સંભવે તેથી પંચે. તિર્યંચના ૪૯૦૪ મનુષ્યના - ૨૬૦૦, વૈ.તિર્યંચના-૫૬, વૈ. મનુષ્યના-૩૫, આહા. મનુષ્યના-૭, દેવના-૬૪ અને નારકીના-૫ એ પ્રમાણે ૭૬૭૧ ઉદયભાંગા સંભવે. (એકે.ના - ૪૨, વિકલે.ના ૬૬, કેવલીના - ૮ અને અપર્યા.તિર્યંચ અને મનુ.ના ૪ કુલ ૧૨૦ ઉદયભાંગા ન સંભવે.)

૯ અને ૮ નું સત્તાસ્થાન ૧૪મા ગુણઠાણે સંભવે છે. માટે અહીં એ સિવાયના ૧૦ સત્તાસ્થાન સંભવે.

કેવલીને **નો સંજ્ઞી, નો અસંજ્ઞી** કહેવાય છે. માટે અહીં સંજ્ઞીમાં કેવલીનો સમાવેશ કર્યો નથી. કેવલીની સંજ્ઞી તરીકે વિવક્ષા કરાય તો ૨૦, ૯ અને ૮ એ ત્રણ ઉદયસ્થાન અને ૯ અને ૮ નું સત્તાસ્થાન પણ સંભવે (ગા. ૩૫ની મલયગિરિજી ટીકામાં વેદનીય અને ગોત્રના ભાંગા ગણવા પ્રસંગે કેવલીને સંજ્ઞી ગણ્યા છે.)

કેવલીને સંજ્ઞીમાં ગણીએ (વિવક્ષાએ)

ઉદયસ્થાનક : ૧૧ (૨૦-૨૧-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧-૮-૯)
ઉદયભાંગા : ૭૬૭૯
સત્તાસ્થાન : ૧૨ (સર્વ) સંવેધ આ પ્રમાણે-

એકે.પ્રા. ૨૩ના બંધના-૪, ૨૫પ્રા. -૧૨ (બાદર પર્યાપ્તાના ૮ વિના) વિકલે.પ્રા. ૫૧ અને અપર્યા. પંચે તિર્યંચપ્રા.-૨૫ના બંધનો -૧ એ પ્રમાણે કુલ ૬૮ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે. કારણ કે તેના બંધક તિર્યંચ અને મનુષ્યો જ છે.

૬૮ બંધભાંગાનો સંવેધ

બંધસ્થાન : ૪ (૨૩,૨૫,૨૯,૩૦) **બંધભાંગા** : ૬૮
ઉદયસ્થાન : ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** : ૭૫૯૨
સત્તાસ્થાન : ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

એકેન્દ્રિયનો ૨૩ અને ૨૫નો બંધ વિકલે.નો ૨૫, ૨૯ અને ૩૦નો બંધ અને અપર્યા. તિર્યંચ પ્રાયોગ્ય ૨૫નો બંધ મનુષ્ય અને તિર્યંચો જ કરે છે. માટે ૨૩,૨૫,૨૯ અને ૩૦ એ ચાર બંધસ્થાન અને બંધભાંગા ઉપર જણાવ્યા મુજબ ૬૮ નો સંવેધ સમાન થાય.

૬૮ બંધભાંગા તિર્યંચ અને મનુષ્યો જ બાંધે છે. તેથી સામા. તિર્યંચના ૪૯૦૪, વૈ. તિર્યંચના ૫૬, સામા. મનુ.ના ૨૬૦૦ અને વૈ. મનુ.ના - ૩૨ (ઉદ્યોતના ૩ વિના) એ પ્રમાણે કુલ

૭૫૯૨ ઉદયભાંગા સંભવે. (અહિં સંજ્ઞી પર્યા.ના જાણાવેલા ૭૬૭૧ માંના વૈ. મનુ.ના ઉદ્યોતવાળા -૩, આહા. મનુ. ના - ૭ દેવના - ૬૪ અને નારકીના - ૫ એ પ્રમાણે કુલ ૭૯ ઉદયભાંગા ન સંભવે) એકે.૪૨, વિકલે.૬૬, અપ.તિ.૨, અપ. ૨ કુલ ૧૧૨ વિના ૨૩ના સંવેધની જેમ જાણવો. (જુઓ .પા. ૬૮)

અહીં તિર્યંચ પ્રાયોગ્ય બંધ છે. માટે જિનનામની સત્તાવાળા ૯૩ અને ૮૯ સત્તાસ્થાનો ન સંભવે અને શેષ ન ઘટતાં સત્તાસ્થાનો ક્ષપકશ્રેણી અને કેવલીના છે માટે ન સંભવે.

સામા. તિર્યંચના પ્રથમના બે ઉદયસ્થાનના ઉદયભાંગે ૫-૫ સત્તાસ્થાન અને શેષ ઉદયભાંગે ૪-૪ સત્તાસ્થાન, સામાન્ય મનુષ્યના દરેક ઉદયભાંગે ૪-૪ સત્તાસ્થાન અને વૈક્રિય તિર્યંચ અને વૈક્રિય મનુષ્યના દરેક ઉદયભાંગે ૨-૨ સત્તાસ્થાન સંભવે.

પર્યા. સંજ્ઞી જીવભેદમાં ૬૮ બંધભાંગા ઉપર સંવેધ

	ઉદયભાંગે	સત્તાસ્થાન
૨૧ના ઉદયના સામા. તિર્યંચના	૮	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
સામા. મનુષ્યના	૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૫ના ઉદયના વૈક્રિય તિર્યંચના	૮	૨ (૯૨,૮૮)
વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨,૮૮)
૨૬ના ઉદયના સામા. તિર્યંચના	૨૮૮	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
સામા. મનુષ્યના	૨૮૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયના વૈક્રિય તિર્યંચના	૮	૨ (૯૨,૮૮)
વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨,૮૮)
૨૮ના ઉદયના સામા. તિર્યંચના	૫૭૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
વૈક્રિય તિર્યંચના	૧૬	૨ (૯૨,૮૮)
સામા. મનુષ્યના	૫૭૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨,૮૮)
૨૯ના ઉદયના સામા. તિર્યંચના	૧૧૫૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
વૈક્રિય તિર્યંચના	૧૬	૨ (૯૨,૮૮)
સામા. મનુષ્યના	૫૭૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨,૮૮)

	ઉદયભાંગે	સત્તાસ્થાન
૩૦ના ઉદયના સામા. તિર્યંચના	૧૭૨૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
વૈક્રિય તિર્યંચના	૮	૨ (૯૨,૮૮)
સામા. મનુષ્યના	૧૧૫૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૩૧ના ઉદયના સામા. તિર્યંચના	૧૧૫૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)

એકે. પ્રાયોગ્ય ૨૫ના બંધના - ૮ (બાદર પર્યાપ્તના)અને ૨૬ના બંધના -૧૬ એ પ્રમાણે કુલ ૨૪ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે.

કારણ કે ચોવીસે બંધભાંગા તિર્યંચ, મનુષ્યો અને દેવો પણ બાંધે છે.

૨૪ બંધભાંગાનો સંવેધ

બંધસ્થાન : ૨ (૨૫,૨૬) બંધભાંગા : ૨૪

ઉદયસ્થાન : ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧)

ઉદયભાંગા : ૭૬૫૬

સત્તાસ્થાન : ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

૨૫અને ૨૬ એ બે બંધસ્થાન અને ૨૪ બંધભાંગા ઉપર જણાવ્યા મુજબ છે. તેમાં આ પ્રમાણે ઉદયભાંગા અને સત્તાસ્થાન હોય છે.

આ ૨૪ બંધભાંગા તિર્યંચ મનુષ્યો અને દેવો બાંધે છે. તેથી સામા. તિર્યંચના : ૪૯૦૪ વૈક્રિય તિર્યંચના - ૫૬ સામા. મનુ. ના ૨૬૦૦, વૈક્રિય મનુષ્યના ૩૨ (ઉદ્યોતના - ૩ વિના) અને દેવના-૬૪ એ પ્રમાણે કુલ ૭૬૫૬ ઉદયભાંગા સંભવે. (પૂર્વોક્ત સંજ્ઞીના ૭૬૭૧માંથી વૈ. મનુ. ના ઉદ્યોતવાળા -૩, આહા, મનુ. ના - ૭ અને નારકીના ૫ એ પ્રમાણે કુલ ૧૫ ઉદયભાંગા ન સંભવે)

૬૮ બંધભાંગામા જણાવ્યા પ્રમાણે ૭૫૯૨ ઉદયભાંગામાં સત્તાસ્થાન હોય અને દેવના ૬૪ ઉદયભાંગે ૯૨/૮૮ એ બે સત્તાસ્થાન વિશેષ સંભવે છે.

ઉપર મુજબ સત્તાસ્થાનો તે પ્રમાણે છે.

તિર્યંચ અને મનુષ્યના ઉદયભાંગે સત્તાસ્થાન ૬૮ બંધભાંગાના સંવેધમાં જણાવ્યા પ્રમાણે જાણવા. ફક્ત અહીં દેવના ૬૪ ઉદયભાંગે ૯૨/૮૮ એ બે સત્તાસ્થાન જાણવાં.

સંવેધ આ પ્રમાણે -

		ઉદયભાંગે	સત્તાસ્થાન
૨૧ના ઉદયના	સામા. તિર્યંચના	૮	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા. મનુષ્યના	૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	દેવના	૮	૨ (૯૨,૮૮)
૨૫ના ઉદયના	વૈક્રિય તિર્યંચના	૮	૨ (૯૨,૮૮)
	વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨,૮૮)
	દેવના	૮	૨ (૯૨,૮૮)
૨૬ના ઉદયના	સામા. તિર્યંચના	૨૮૮	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા. મનુષ્યના	૨૮૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયના	વૈક્રિય તિર્યંચના	૮	૨ (૯૨,૮૮)
	વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨,૮૮)
	દેવના	૮	૨ (૯૨,૮૮)
૨૮ના ઉદયના	સામા. તિર્યંચના	૫૭૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	વૈક્રિય તિર્યંચના	૧૬	૨ (૯૨,૮૮)
	સામા. મનુષ્યના	૫૭૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨,૮૮)
	દેવના	૧૬	૨ (૯૨,૮૮)
૨૯ના ઉદયના	સામા. તિર્યંચના	૧૧૫૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	વૈક્રિય તિર્યંચના	૧૬	૨ (૯૨,૮૮)
	સામા. મનુષ્યના	૫૭૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨,૮૮)
	દેવના	૧૬	૨ (૯૨,૮૮)
૩૦ના ઉદયના	સામા. તિર્યંચના	૧૭૨૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	વૈક્રિય તિર્યંચના	૮	૨ (૯૨,૮૮)
	સામા. મનુષ્યના	૧૧૫૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	દેવના	૮	૨ (૯૨,૮૮)
૩૧ના ઉદયના	સામા. તિર્યંચના	૧૧૫૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)

પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ અને ૩૦ના બંધના ૪૬૦૮ + ૪૬૦૮=૯૨૧૬ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે.

કારણ એ ૯૨૧૬ બંધભાંગા તિર્યંચ, મનુષ્યો, દેવો અને નારકો બાંધે છે.

૯૨૧૬ બંધભાંગાનો સંવેધ

બંધસ્થાન : ૨ (૨૯,૩૦) બંધભાંગા : ૯૨૧૬

ઉદયસ્થાન : ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** : ૭૬૬૧

સત્તાસ્થાન :૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

૨૯નું અને ૩૦નું બંધસ્થાન અને તેના બંધભાંગા ઉપર જણાવ્યા મુજબ જાણવા.

૯૨૧૬ બંધભાંગાના બંધક તિર્યંચ, મનુષ્યો, દેવો અને નારકો છે. તેથી સામા. તિર્યંચના ૪૯૦૪ વૈ. તિર્યંચના ૫૬ સામા., મનુ. ના ૨૬૦૦, વૈ. મનુ. ના - ૩૨ (ઉદ્યોતના ૩ વિના) દેવના ૬૪ અને નારકીના ૫ એ પ્રમાણે કુલ ૭૬૬૧ ઉદયભાંગા સંભવે (પૂર્વોક્ત સંજ્ઞી પર્યા.ના ૭૬૭૧માંથી વૈ. મનુ. ના ઉદ્યોતવાળા - ૩ અને આહા. મનુ. ના ૭ એ પ્રમાણે કુલ ૧૦ ઉદયભાંગા ન સંભવે)

ઉપર - ૨૪ બંધભાંગાના સંવેધમાં જણાવેલ ૭૬૫૬માં નારકીના ૫ ઉમેરવાથી ૭૬૬૧ ઉદયભાંગા થાય છે.

અત્રે પણ પાંચ સિવાયના સત્તાસ્થાનો નહિં સંભવવાનું કારણ ૬૮ બંધભાંગાના સંવેધમાં જણાવ્યા મુજબ જાણવું.

અહીં ૨૪ બંધભાંગાના સંવેધમાં જણાવ્યા મુજબ ઉદયભાંગે સત્તાસ્થાનો જાણવા. વિશેષતા એટલી કે નારકીના ૫ ઉદયભાંગે ૯૨/૮૮ એ બે સત્તાસ્થાનો સંભવે છે.

		ઉદયભાંગે	સત્તાસ્થાન
૨૧ના ઉદયે	સામા. તિર્યંચના	૮	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા. મનુષ્યના	૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	દેવના	૮	૨ (૯૨,૮૮)
	નારકીના	૧	૨ (૯૨,૮૮)
૨૫ના ઉદયે	વૈક્રિય તિર્યંચના	૮	૨ (૯૨,૮૮)
	વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨,૮૮)
	દેવના	૮	૨ (૯૨,૮૮)
	નારકીના	૧	૨ (૯૨,૮૮)
૨૬ના ઉદયે	સામા. તિર્યંચના	૨૮૮	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા. મનુષ્યના	૨૮૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)

		ઉદયભાંગે	સત્તાસ્થાન
૨૭ના ઉદયે	વૈક્રિય તિર્યંચના	૮	૨ (૯૨,૮૮)
	વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨,૮૮)
	દેવના	૮	૨ (૯૨,૮૮)
	નારકીના	૧	૨ (૯૨,૮૮)
૨૮ના ઉદયે	સામા. તિર્યંચના	૫૭૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	વૈક્રિય તિર્યંચના	૧૬	૨ (૯૨,૮૮)
	સામા. મનુષ્યના	૫૭૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨,૮૮)
	દેવના	૧૬	૨ (૯૨,૮૮)
	નારકીના	૧	૨ (૯૨,૮૮)
૨૯ના ઉદયે	સામા. તિર્યંચના	૧૧૫૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	વૈક્રિય તિર્યંચના	૧૬	૨ (૯૨,૮૮)
	સામા. મનુષ્યના	૫૭૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨,૮૮)
	દેવના	૧૬	૨ (૯૨,૮૮)
	નારકીના	૧	૨ (૯૨,૮૮)
૩૦ના ઉદયે	સામા. તિર્યંચના	૧૭૨૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	વૈક્રિય તિર્યંચના	૮	૨ (૯૨,૮૮)
	સામા. મનુષ્યના	૧૧૫૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	દેવના	૮	૨ (૯૨,૮૮)
૩૧ના ઉદયે	સામા. તિર્યંચના	૧૧૫૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)

અપર્યાપ્ત – મનુષ્ય પ્રાયોગ્ય ૨૫ના બંધના ૧ બંધભાંગાનો સંવેધ

બંધસ્થાન : ૧ (૨૫નું) બંધભાંગો : ૧

ઉદયસ્થાન : ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧)ઉદયભાંગા : ૭૫૯૨

સત્તાસ્થાન : ૪ (૯૨,૮૮,૮૬,૮૦)

અપર્યા.મનુ. પ્રાયો. ૨૫ના બંધના ૧ બંધભાંગાના બંધક તિર્યંચ અને મનુષ્યો જ છે. તેથી ૬૮ બંધભાંગાના સંવેધમાં જણાવ્યા મુજબ ૭૫૯૨ ઉદયભાંગા જાણવા.

સત્તાસ્થાન પૂર્વોક્ત પાંચમાંથી એક ૭૮નું અહીં નહિ સંભવે. કારણ મનુ. પ્રાયો. બંધ છે. તેથી મનુ. દ્વિક અવશ્ય સત્તામાં હોય છે. તેથી અહીં દરેક ઉદયભાંગે ૪-૪ સત્તાસ્થાન અને વૈ. તિર્યંચ અને વૈ. મનુ. ના ઉદયભાંગે પૂર્વની જેમ ૨-૨ સત્તાસ્થાન જાણવા.

અપ. મનુ. પ્રા. ૧ બંધભાંગાનો સંવેધ

		ઉદયભાંગા	સત્તાસ્થાન
૨૧ના ઉદયે	સામા. તિર્યંચના	૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	સામા. મનુષ્યના	૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૫ના ઉદયે	વૈક્રિય તિર્યંચના	૮	૨ (૯૨,૮૮)
	વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨,૮૮)
૨૬ના ઉદયે	સામા. તિર્યંચના	૨૮૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	સામા. મનુષ્યના	૨૮૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	વૈક્રિય તિર્યંચના	૮	૨ (૯૨,૮૮)
	વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨,૮૮)
૨૮ના ઉદયે	સામા. તિર્યંચના	૫૭૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	વૈક્રિય તિર્યંચના	૧૬	૨ (૯૨,૮૮)
	સામા. મનુષ્યના	૫૭૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨,૮૮)
૨૯ના ઉદયે	સામા. તિર્યંચના	૧૧૫૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	વૈક્રિય તિર્યંચના	૧૬	૨ (૯૨,૮૮)
	સામા. મનુષ્યના	૫૭૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨,૮૮)
૩૦ના ઉદયે	સામા. તિર્યંચના	૧૭૨૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	વૈક્રિય તિર્યંચના	૮	૨ (૯૨,૮૮)
	સામા. મનુષ્યના	૧૧૫૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૩૧ના ઉદયે	સામા. તિર્યંચના	૧૧૫૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)

મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ના બંધના ૪૬૦૮ બંધભાંગાનો સંવેધ

બંધસ્થાન : ૧ (૨૯નું) **બંધાભાંગા** : ૪૬૦૮
ઉદયસ્થાન : ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** : ૭૬૬૧
સત્તાસ્થાન : ૫ (૯૨,૮૯,૮૮,૮૬,૮૦)

મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ના બંધના બંધક તિર્યંચ, મનુષ્યો, દેવો અને નારકો છે. તેથી પંચે તિર્યંચ પ્રાયો. ૯૨૧૬ બંધભાંગામાં જણાવ્યા પ્રમાણે જ ૭૬૬૧ ઉદયભાંગા થાય છે.

અહીં સામા. તિર્યંચ અને સામા. મનુ.ના દરેક ઉદયભાંગે ૪-૪ સત્તાસ્થાન વૈ. તિર્યંચ, વૈ.મનુ. અને દેવના ઉદયભાંગે ૨-૨ સત્તાસ્થાન અને નારકીના ૫ ઉદયભાંગે ૯૨/૮૯/૮૮ એ ત્રણ સત્તાસ્થાન સંભવે, કારણ પૂર્વે નરકાયુ બાંધી પછી ક્ષયોપશમ સમ્યક્ત્વ પામી જિનનામ બાંધી સમ્યક્ત્વ વમી નરકમાં જાય ત્યારે મિથ્યાત્વ પામે છે. કારણ કે ક્ષાયોપશમ સમ્ય. લઈને નરકમાં જવાય નહિ. તેથી તે મિથ્યાત્વાવસ્થામાં નરકમાં અંતર્મુહૂર્ત સુધી ૮૯ની સત્તાવાળો નારક મનુષ્ય પ્રાયોગ્ય ૨૯નો બંધ કરે છે. સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત થયા પછી અંતર્મુહુર્ત બાદ સમ્યક્ત્વ પામે છે. તેથી નારકીના પાંચ ઉદયભાંગે ૮૯ની સત્તા પણ સંભવે છે. જિનનામ નહિ બાંધેલા નારકીને દરેક ઉદયસ્થાનકે ૯૨ અથવા ૮૮ની સત્તા હોય.

		ઉદયભાંગે	સત્તાસ્થાન
૨૧ના ઉદયે	સામા. તિર્યંચના	૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	સામા. મનુષ્યના	૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	દેવના	૮	૨ (૯૨,૮૮)
	નારકીના	૧	૩ (૯૨,૮૯,૮૮)
૨૫ના ઉદયે	વૈક્રિય તિર્યંચના	૮	૨ (૯૨,૮૮)
	વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨,૮૮)
	દેવના	૮	૨ (૯૨,૮૮)
	નારકીના	૧	૩ (૯૨,૮૯,૮૮)
૨૬ના ઉદયે	સામા. તિર્યંચના	૨૮૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	સામા. મનુષ્યના	૨૮૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	વૈક્રિય તિર્યંચના	૮	૨ (૯૨,૮૮)
	વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨,૮૮)
	દેવના	૮	૨ (૯૨,૮૮)
	નારકીના	૧	૩ (૯૨,૮૯,૮૮)
૨૮ના ઉદયે	સામા. તિર્યંચના	૫૭૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	વૈક્રિય તિર્યંચના	૧૬	૨ (૯૨,૮૮)
	સામા. મનુષ્યના	૫૭૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨,૮૮)

		ઉદયભાંગે	સત્તાસ્થાન
	દેવના	૧૬	૨ (૯૨,૮૮)
	નારકીના	૧	૩ (૯૨,૮૯,૮૮)
૨૯ના ઉદયે	સામા. તિર્યંચના	૧૧૫૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	વૈક્રિય તિર્યંચના	૧૬	૨ (૯૨,૮૮)
	સામા. મનુષ્યના	૫૭૬	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	વૈક્રિય મનુષ્યના	૮	૨ (૯૨,૮૮)
	દેવના	૧૬	૨ (૯૨,૮૮)
	નારકીના	૧	૩ (૯૨,૮૯,૮૮)
૩૦ના ઉદયે	સામા. તિર્યંચના	૧૭૨૮	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	વૈક્રિય તિર્યંચના	૮	૨ (૯૨,૮૮)
	સામા. મનુષ્યના	૧૧૫૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	દેવના	૮	૨ (૯૨,૮૮)
૩૧ના ઉદયે	સામા. તિર્યંચના	૧૧૫૨	૪ (૯૨,૮૮,૮૬,૮૦)

મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

બંધસ્થાન : ૩૦નું **બંધભાંગા** : ૮

ઉદયસ્થાન : ૬ (૨૧,૨૫,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગા** : ૬૯

સત્તાસ્થાન : ૨ (૯૩,૮૯)

મનુષ્ય પ્રાયોગ્ય ૩૦નો બંધ જિનનામ સહિત છે. તેના બંધકો સમ્યગ્દૃષ્ટિ દેવો અને નારકો જ છે. તે સંજ્ઞી પર્યાપ્તા જ છે. તેથી સામાન્યથી મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ના બંધનો સંવેધ જે પ્રમાણે છે. એ પ્રમાણે છે. એ પ્રમાણે જ અહીં સંવેધ જાણવો . (જૂઓ પા. નં. ૧૦૪)

ઉદયસ્થાનક	ઉદયભાંગા	સત્તાસ્થાન
૨૧ દેવના	૮	૨ (૯૩,૮૯)
નારકી	૧	૧ (૮૯)
૨૫ દેવ	૮	૨ (૯૩,૮૯)
નારકી	૧	૧ (૮૯)
૨૭ દેવ	૮	૨ (૯૩,૮૯)
નારકી	૧	૧ (૮૯)

ઉદયસ્થાનક	ઉદયભાંગા	સત્તાસ્થાન
૨૮ દેવ	૧૬	૨ (૯૩,૮૯)
નારકી	૧	૧ (૮૯)
૨૯ દેવ	૧૬	૨ (૯૩,૮૯)
નારકી	૧	૧ (૮૯)
૩૦ દેવ	૮	૨ (૯૩,૮૯)

દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધના ૮ બંધ ભાંગાનો સંવેધ

બંધસ્થાન : ૨૮નું **બંધભાંગા** : ૮
ઉદયસ્થાન : ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** : ૭૬૦૨
સત્તાસ્થાન : (૯૨,૮૮,૮૬)

દેવ પ્રાયોગ્ય ૨૮ના બંધક સમ્યગ્દૃષ્ટિ તેમજ મિથ્યાદૃષ્ટિ પંચે. તિર્યંચ અને મનુષ્યો છે. તેઓ સંજ્ઞી પર્યાપ્તા જ છે. તેથી સામાન્યથી દેવ પ્રાયોગ્ય ૨૮ના બંધની જેમજ અહીં સંવેધ જાણવો. (જુઓ પાના નં. ૮૦ થી ૮૪)

દેવ પ્રાયોગ્ય ૨૯ ના બંધના ૮ બંધ ભાંગાનો સંવેધ

બંધસ્થાન : ૨૯નું **બંધભાંગા** : ૮
ઉદયસ્થાન : ૭ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગા** : ૨૬૪૨
સત્તાસ્થાન : (૯૩,૮૯)

દેવ પ્રાયોગ્ય ૨૯નો બંધ જિનનામ સહિત છે. તેના બંધક સંજ્ઞી પર્યાપ્તા સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો જ છે. તેથી સામાન્યથી દેવ પ્રાયોગ્ય ૨૯ના બંધના સંવેધ પ્રમાણે જ અહીં સંવેધ જાણવો. (જુઓ પાના નં. ૯૬ થી ૯૮)

દેવ પ્રાયોગ્ય ૩૦ ના બંધના ૧ બંધ ભાંગાનો સંવેધ

બંધસ્થાન : ૩૦નું **બંધભાંગો** : ૧
ઉદયસ્થાન : ૨ (૨૯,૩૦) **ઉદયભાંગા** : ૧૪૮
સત્તાસ્થાન : ૧ (૯૨)

દેવ પ્રાયોગ્ય ૩૦નો બંધ આહા. દ્વિક સહિત છે. તેના બંધક અપ્રમત્ત અને અપૂર્વકરણ ગુણસ્થાનવાળા મનુષ્યો જ છે. તેથી સામાન્ય દેવ પ્રાયોગ્ય ૩૦ના બંધના સંવેધ પ્રમાણે જ અહીં સંવેધ જાણવો. (જુઓ પાના નં. ૧૦૫,૧૦૬)

દેવ પ્રાયોગ્ય ૩૧ ના બંધના ૧ બંધ ભાંગાનો સંવેધ

બંધસ્થાન : ૩૧નું **બંધભાંગો** : ૧
ઉદયસ્થાન : ૨ (૨૯,૩૦) **ઉદયભાંગા** : ૧૪૮
સત્તાસ્થાન : ૧ (૯૩)

દેવ પ્રાયોગ્ય ૩૧નો બંધ આહા. દ્વિક અને જિનનામ સહિત છે. તેના બંધક અપ્રમત અને અપૂર્વ ગુણસ્થાનવાળા મનુષ્યો જ છે. તેથી સામાન્યથી દેવ પ્રાયોગ્ય ૩૧ના બંધના સંવેધ પ્રમાણે અહીં સંવેધ જાણવો. (જુઓ પાના નં. ૧૦૭ પ્રમાણે)

નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધના ૧ બંધભાંગાનો સંવેધ

બંધસ્થાન : ૨૮નું **બંધભાંગો** : ૧
ઉદયસ્થાન : ૬ (૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** : ૩૫૪૪
સત્તાસ્થાન : ૪ (૯૨,૮૯,૮૮,૮૬)

નરક પ્રાયોગ્ય ૨૮ના બંધક સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા મિથ્યાદષ્ટિ પંચે. તિર્યંચ અને મનુષ્યો જ છે. તે સંજ્ઞી પર્યાપ્તા જ છે. તેથી સામાન્યથી નરક પ્રાયોગ્ય ૨૮ના બંધના સંવેધ પ્રમાણે જ અહીં સંવેધ જાણવો. (જુઓ પાના નં. ૮૫,૮૬ પ્રમાણે)

અપ્રાયોગ્ય ૧ ના બંધના ૧ બંધ ભાંગાનો સંવેધ

બંધસ્થાન : ૧નું **બંધભાંગા** : ૧
ઉદયસ્થાન : ૧ (૩૦નું) **ઉદયભાંગા** : ૭૨
સત્તાસ્થાન : ૮ (૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫)

અપ્રાયોગ્ય ૧ ના બંધના બંધક ૮ મા ગુણ. ના ૭મા ભાગથી ૧૦મા ગુણ. સુધીના મનુષ્યો જ છે. તેથી સામાન્યથી ૧ ના બંધના સંવેધ પ્રમાણે જ અહીં સંવેધ જાણવો. (પાના નં. ૧૦૭થી ૧૦૯ પ્રમાણે)

જો કેવલીને સંજ્ઞી ગણીઓ તો અબંધકનો સંવેધ ઓધ સંવેધની જેમ જાણવો (જુઓ પા. ૧૦૮ થી ૧૧૦)

		બંધભાંગા
૧) એકે.ના ૨૩ના. ૪, ૨૫ના-૧૨ વિકલે. - ૫૧, અપર્યા. તિ.નો ૨૫નો - ૧	=	૬૮
૨) એકે. પ્રાયો. ૨૫ના ૮ અને ૨૬ ના ૧૬	=	૨૪
૩) પર્યા. પંચે. તિ. પ્રાયો. ૨૯ના - ૪૬૦૮ અને ૩૦ના - ૪૬૦૮	=	૯૨૧૬
૪) અપર્યા. મનુષ્ય પ્રાયો. ૨૫નો - ૧	=	૧
૫) મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ના બંધના - ૪૬૦૮	=	૪૬૦૮
		કુલ ૧૩૯૧૭

આ પ્રમાણે ૧૩૯૧૭ બંધભાંગાનો સંવેધ અહીં જાણાવ્યો છે.

૧) મનુ. પ્રાયો. ૩૦ના બંધના - ૮	=	૮
૨) દેવ પ્રાયો. ૨૮, ૨૯, ૩૦ અને ૩૧ ના - ૧૮	=	૧૮
૩) નરક પ્રાયોગ્ય ૨૮ નો - ૧	=	૧
૪) અપ્રાયોગ્ય ૧ના બંધનો - ૧	=	૧
	કુલ	૨૮

આ પ્રમાણે ૨૮ બંધભાંગાનો સંવેધ સામાન્ય સંવેધની જેમ જાણવો. તેથી અહીં ફરી લખ્યો નથી તથા અબંધકનો સંવેધ ઓધ સંવેધની જેમ જાણવો. (જુઓ પા. ૧૦૮ થી ૧૧૦)

૧૩૯૧૭ + ૨૮ = ૧૩૯૪૫ બંધભાંગા

આ પ્રમાણે સંજ્ઞી પર્યા. ને વિષે ૧૩૯૪૫ બંધભાંગાનો સંવેધ જાણાવ્યો છે.

આ પ્રમાણે ચૌદ જીવસ્થાનને વિષે આઠે કર્મનો સંવેધ જાણાવ્યો.

ગુણસ્થાને જ્ઞાનાવરણ, અંતરાય અને દર્શનાવરણના ભાંગા

નાણંતરાય તિવિહમવિ, દસસુ દો હુંતિ દોસુ ઠાણેસું; ।
મિચ્છાસાણે બીએ, નવ ચઉ પણ નવ ય સંતંસા ॥૪૩॥

ગાથાર્થ : જ્ઞાના. અને અંતરાયનો દશ ગુણસ્થાનને વિષે ત્રણ પ્રકારવાળો (બંધ, ઉદય અને સત્તાને આશ્રયી) ભાંગો હોય છે અને (૧૧.૧૨ એ) બે ગુણસ્થાનને વિષે બે પ્રકારનો (ઉદય અને સત્તાવાળો) ભાંગો હોય છે. મિથ્યાત્વ અને સાસ્વાદન ગુણઠાણે દર્શનાવરણીયનો નવનો બંધ, ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા હોય છે. ॥૪૩॥

હવે આઠ કર્મના ભાંગા ૧૪ ગુણસ્થાનને વિષે જાણાવે છે. જ્ઞાનાવરણીય અને અંતરાય કર્મની પાંચ પ્રકૃતિનો બંધ, ઉદય અને સત્તાનો ભાંગો મિથ્યાત્વથી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાન સુધી હોય છે અને ૧૧ મે અને ૧૨ મે ગુણઠાણે બંધના અભાવમાં પાંચનો ઉદય અને પાંચની સત્તા હોય છે. બીજા દર્શનાવરણીય કર્મને વિષે મિથ્યાત્વ અને સાસ્વાદન ગુણઠાણે નવનો બંધ, ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા હોય છે.

मिस्साइ नियट्टीओ, छच्चउ पण नव य संतकम्मंसा ।
चउबंध तिगे चउपण, नवंस दुसु जुअल छस्संता ॥४४॥

ગાથાર્થ : મિશ્ર ગુણઠાણાથી અપૂર્વકરણ ગુણસ્થાનકના પહેલા ભાગ સુધી છનો બંધ, ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા હોય છે અને અપૂર્વકરણ આદિ ત્રણ ગુણઠાણાને વિષે ચારનો બંધ, ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા હોય છે. (ક્ષપક આશ્રયી) ૯-૧૦ ગુણસ્થાને ચારનો બંધ, ચારનો ઉદય અને છ ની સત્તા હોય છે. ॥૪૪॥

મિશ્ર ગુણઠાણાથી અપૂર્વકરણ ગુણ.ના પહેલા ભાગ સુધી છનો બંધ, ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા હોય છે. અપૂર્વકરણ ગુણ.ના બીજા ભાગથી સૂક્ષ્મસંપરાય ગુણ. સુધી ચારનો બંધ. ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા હોય છે તથા ક્ષપકશ્રેણીને આશ્રયી ૯ મે અને ૧૦ મે ગુણઠાણે ચારનો બંધ, ચારનો ઉદય અને છની સત્તા હોય છે.

અહી સપ્તતિકાકાર ક્ષપક અતિ વિશુદ્ધ હોવાથી નિદ્રાનો ઉદય ક્ષપકને માનતા નથી તેથી પાંચનો ઉદય કહ્યો નથી. કમ્મપયડી તથા સપ્તતિચૂર્ણિમાં પણ ક્ષપકને નિદ્રાનો ઉદય કહ્યો નથી. (જૂઓ કમ્મપયડીની ચૂર્ણી ગા. ૪૦ ઉદીરણાકરણ)*

उवसंते चउ पण नव, खीणे चउरुदय छच्च चउ संता ।
वेअणिआऊ अ गोए, विभज्ज मोहं परं वुच्छं ॥४५॥

ગાથાર્થ : ઉપશાંત મોહે ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા હોય છે. ક્ષીણમોહે ચારનો ઉદય અને છ અથવા ચારની સત્તા હોય છે. વેદનીય, આયુષ્ય અને ગોત્રના ભાંગા કહીને મોહનીય કર્મને કહીશું. ॥૪૫॥

૧૧મા ગુણઠાણે બંધનો અભાવ, ચારનો ઉદય અને નવની સત્તા, પાંચનો ઉદય અને નવની સત્તા હોય છે. ઉપશામકને ક્ષપક જેટલું વિશુદ્ધપણું નથી માટે નિદ્રાદ્વિકનો ઉદય હોય છે. ક્ષીણમોહે ચારનો ઉદય, છ ની સત્તા દ્વિચરમ સમય પર્યંત અને ચારનો ઉદય ચારની સત્તા ચરમ સમયે હોય છે.

કર્મસ્તવના મતે ક્ષપકને પણ નિદ્રાનો ઉદય માન્યો છે. તેથી ૯મે, ૧૦મે અને ૧૨મે નિદ્રાના ઉદયવાળા વિકલ્પ પણ સંભવે.

ગુણસ્થાનને વિષે જ્ઞાનવરણીય અને અંતરાય કર્મનો સંવેધ

ગુણસ્થાન	વિકલ્પ	બંધ	ઉદય	સત્તા
૧ થી ૧૦	૧	૫	૫	૫
૧૧ મે ૧૨ મે	૧	૦	૫	૫

*इंदिय पज्जत्तीए अणंतरे समये सव्वो वि निद्रापय – यलममुदीरगो होइ खीणकसायखवगे मोत्तूण

ગુણસ્થાનને વિષે દર્શનાવરણીય કર્મનો સંવેધ

ગુણસ્થાન	વિકલ્પ	બંધ	ઉદય	સત્તા	ક્યાં	પેટા ભાંગો
૧લું, ૨જું	૨	(૧) ૯	૪	૯		૦
		(૨) ૯	૫	૯		૫
૩ થી ૭	૨	(૧) ૬	૪	૯		
		(૨) ૬	૫	૯	(સાતમાગુણ૦૨)	૫
૮ મે	૪	(૧) ૬	૪	૯		
		(૨) ૬	૫	૯	પ્રથમ ભાગે	૨
		(૩) ૪	૪	૯	દ્વિતીય ભાગથી	
		(૪) ૪	૫	૯	સંપૂર્ણ આઠમા સુધી	૨
૯ મે	૪	(૧) ૪	૪	૯	ઉપશામકને અને ક્ષપકને	
		(૨) ૪	૫	૯	કેટલાક કાળ સુધી	૨
		(૩) ૪	૪	૬	ક્ષપકને	
		(૪) ૪	૫	૬	'' મતાંતરે	૨
૧૦ મે	૪	(૧) ૪	૪	૯		
		(૨) ૪	૫	૯	ઉપશામકને	૨
		(૩) ૪	૪	૬	ક્ષપકને	
		(૪) ૪	૫	૬	'' મતાંતરે	૨
૧૧ મે	૨	(૧) ૦	૪	૯		૨
		(૨) ૦	૫	૯		
૧૨ મે	૩	(૧) ૦	૪	૬	દ્વિચરમ સમય સુધી	
		(૨) ૦	૫	૬	કર્મસ્તવના મતે	૨
		(૩) ૦	૪	૪	ચરમ સમયે	

ગુણસ્થાને વેદનીય અને ગોત્ર કર્મના ભાંગા

चउ छस्सु दुन्नि सत्तसु, एगे चउ गुणिसु वेअणिअ भंगा।
गोए पण चउ दो तिसु, एगट्ठसु दुन्नि इक्कंमि ॥४६॥

ગાથાર્થ : વેદનીય કર્મના છ ગુણસ્થાનને વિષે ચાર ભાંગા, અપ્રમતાદિ સાત ગુણસ્થાનકને વિષે બે ભાંગા, ચૌદમા એક ગુણસ્થાનને વિષે ચાર ભાંગા હોય છે. ગોત્ર કર્મના મિથ્યાત્વે

પાંચ, સાસ્વાદને ચાર, મિશ્રાદિ ત્રણ ગુણઠાણે બે, પ્રમત્તાદિ આઠ ગુણઠાણે એક અને એક (ચૌદમે) ગુણઠાણે બે વિકલ્પ હોય છે. ॥૪૬॥

વેદનીય કર્મના ૧ થી ૬ ગુણઠાણે ચાર, ૭ થી ૧૩ ગુણઠાણે બે અને ૧૪ મે ચાર વિકલ્પ હોય છે. ગોત્ર કર્મના મિથ્યાત્વે પાંચ, સાસ્વાદને ચાર, મિશ્રથી દેશવિરત સુધી બે, પ્રમત્તથી સયોગિ કેવ. સુધી એક અને અયોગી ગુણઠાણે બે વિકલ્પ હોય છે.

ગુણસ્થાનને વિષે વેદનીય કર્મનો સંવેધ

ગુણસ્થાન	વિકલ્પ (ભાંગા)	બંધ	ઉદય	સત્તા
૧ થી ૬	૪	(૧) અશાતા	અશાતા	અશાતા-શાતા
		(૨) અશાતા	શાતા	અશાતા-શાતા
		(૩) શાતા	અશાતા	અશાતા-શાતા
		(૪) શાતા	શાતા	અશાતા-શાતા
૭ થી ૧૩	૨	(૧) શાતા	શાતા	અશાતા-શાતા
		(૨) શાતા	અશાતા	અશાતા-શાતા
૧૪ મે	૪	(૧) ૦	શાતા	અશાતા-શાતા
		(૨) ૦	અશાતા	અશાતા-શાતા
		(૩) ૦	અશાતા	અશાતા
		(૪) ૦	શાતા	શાતા

ચૌદમા ગુણસ્થાને પ્રથમના બે વિકલ્પ દ્વિચરમ સમય પર્યંત હોય છે અને છેલ્લા બે વિકલ્પ ચરમ સમયે હોય છે.

ગુણસ્થાનને વિષે ગોત્ર કર્મના ભાંગા.

ગુણસ્થાન	વિકલ્પ	બંધ	ઉદય	સત્તા
૧લું	૫	નીચ	નીચ	નીચ
		નીચ	નીચ	નીચ-ઉચ્ચ
		નીચ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
		ઉચ્ચ	નીચ	નીચ-ઉચ્ચ
		ઉચ્ચ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ

ગુણસ્થાન	વિકલ્પ	બંધ	ઉદય	સત્તા
૨જું	૪	નીચ	નીચ	નીચ-ઉચ્ચ
		નીચ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
		ઉચ્ચ	નીચ	નીચ-ઉચ્ચ
		ઉચ્ચ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
૩ થી ૫	૨	ઉચ્ચ	નીચ	નીચ-ઉચ્ચ
		ઉચ્ચ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
૬ થી ૧૦	૧	ઉચ્ચ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
૧૧ થી ૧૩	૧	૦	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
૧૪ મે	૨	૦	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
		૦	ઉચ્ચ	ઉચ્ચ

૧૪મા ગુણઠાણે પ્રથમ વિકલ્પ દ્વિચરમ સમય પર્યંત અને બીજો વિકલ્પ ચરમ સમયે હોય છે.

ગુણસ્થાનને વિષે આયુષ્ય કર્મના ભાંગા.

अट्ठच्छाहिगवीसा, सोलस वीसं च बारस छ दोसु ।
दो चउसु तीसु इक्कं, मिच्छाइसु आउए भंगा ॥४७॥

ગાથાર્થ : મિથ્યાત્વાદિ ગુણસ્થાનોને વિષે અનુક્રમે ૨૮, ૨૬, ૧૬, ૨૦, ૧૨, બે ગુણઠાણે ૬, ચાર ગુણસ્થાનને વિષે ૨ અને ત્રણ ગુણઠાણે ૧ આયુષ્ય કર્મના ભાંગા હોય છે. ॥૪૭॥

આયુષ્યના મિથ્યાત્વ ગુણઠાણે ૨૮, સાસ્વાદને ૨૬, કારણ કે મનુષ્ય અને તિર્યંચો સાસ્વાદને નરકાયુ ન બાંધે તેથી તેઓને નરકના બંધના બે ભાંગા ઓછા સમજવા, મિશ્રે ૧૬, કારણ મિશ્રમાં વર્તતા આયુષ્ય ન બાંધે તેથી બંધકાળ સિવાયના શેષ ૧૬ ભાંગા સંભવે. અવિરત ગુણઠાણે વર્તતા તિર્યંચ અને મનુષ્યો દેવાયુનો જ બંધ કરે અને દેવ અને નારકી મનુષ્ય આયુષ્યનો બંધ કરે તેથી ૨૦ ભાંગા સંભવે, દેશવિરતિ ગુણઠાણે તિર્યંચ અને મનુષ્યો જ હોય છે તેથી ૧૨ ભાંગા સંભવે, પ્રમત્તે અને અપ્રમત્તે વર્તતા મનુષ્યો દેવાયુનો જ બંધ કરે તેથી ૬ ભાંગા અને ૮ થી ૧૧ ગુણઠાણે

આયુષ્યનો બંધ ન હોય પરંતુ દેવાયુઃ બાંધી શ્રેણી ચડે તેને દેવાયુષ્યની પણ સત્તા હોય તેથી બે ભાંગા તથા ૧૨ થી ૧૪ ગુણઠાણે અબધ્ધાયુઃ હોય તેથી ૧ ભાંગો જ સંભવે.

અહીં ૮ થી ૧૧ ગુણઠાણે દેવાયુની સત્તા ઉપશમ શ્રેણીને આશ્રયી સંભવે, કારણ પૂર્વે દેવાયુ બાંધી ઉપશમ શ્રેણી કરે છે. એ સિવાયના શેષ ત્રણ આયુષ્યનો બંધક શ્રેણી કરતો નથી તથા અબધ્ધાયુ પણ ઉપશમ શ્રેણી કરે છે. એમ ઉપશામકને આશ્રયી ૨ ભાંગા અને ક્ષપકશ્રેણી તો અબધ્ધાયુષ્ક જ કરે તેથી ક્ષપકને આશ્રયી ૧ ભાંગો જ સંભવે તથા ૧૨ થી ૧૪ ગુણ. માં અબધ્ધાયુ જ હોય એટલે ૧ ભાંગો હોય.

ગુણસ્થાનને વિષે આયુષ્ય કર્મનો સંવેધ

(૧) મિથ્યાત્વે : (૨૮)

૧લા ગુણઠાણે ચારે ગતિના જીવો વર્તતા હોય છે અને તત્પ્રાયોગ્ય દરેક આયુષ્યનો બંધ કરે છે. તેથી નારકના-પાંચ, તિર્યંચના -૯, મનુષ્યના-૯ અને દેવના-૫ એ પ્રમાણે ૨૮ ભાંગા થાય છે.

સામાન્યથી આયુષ્ય કર્મના જણાવ્યા મુજબ ૨૮ ભાંગા અહીં જાણવા.

(૨) સાસ્વાદને : (૨૬)

૨જા ગુણઠાણે ચારે ગતિના જીવો વર્તતા હોય છે. મનુષ્ય અને તિર્યંચ સાસ્વાદને નરકાયુ ન બાંધે તેથી નીચે પ્રમાણે ૨૬ ભાંગા થાય છે.

	નારકના			દેવના			
	બંધ	ઉદય	સત્તા	બંધ	ઉદય	સત્તા	
૧	૦	નરક	નરક	૦	દેવ	દેવ	- બંધકાળપૂર્વે
૨	તિર્યંચ	નરક	નરક-તિર્યંચ	તિર્યંચ	દેવ	દેવ-તિર્યંચ	- બંધકાળે
૩	મનુષ્ય	નરક	નરક-મનુષ્ય	મનુષ્ય	દેવ	દેવ-મનુ.	- બંધકાળે
૪	૦	નરક	નરક-તિર્યંચ	૦	દેવ	દેવ-તિર્યંચ	- બંધકાળ પછી
૫	૦	નરક	નરક-મનુષ્ય	૦	દેવ	દેવ-મનુ.	- બંધકાળ પછી

	તિર્યંચ				મનુષ્ય			
	બંધ	ઉદય	સત્તા		બંધ	ઉદય	સત્તા	
મતિ વિ. ૪ જ્ઞાન અને ૩ અજ્ઞાનમાં ૧૪મા ગુણ. નો અભાવ હોવાથી પ્રથમના ૪ ભાંગા સંભવે.

કેવલજ્ઞાન ૧૩મા અને ૧૪મા ગુણઠાણે છે. અશાતાનો બંધ ૬ ગુણ. સુધી અને શાતાનો બંધ ૧૩ ગુણ. પર્યંત છે. તેથી પ્રથમના બે સિવાયના શેષ ૬ વિકલ્પો સંભવે છે.

	બંધ	ઉદય	સત્તા
૧	શાતા	અશાતા	શાતા-અશાતા
૨	શાતા	શાતા	શાતા-અશાતા
૩	૦	અશાતા	શાતા-અશાતા
૪	૦	શાતા	શાતા-અશાતા
૫	૦	અશાતા	અશાતા
૬	૦	શાતા	શાતા

૮) સંયમ	ઉત્તરભેદ	ભાંગા
૧)	સામા. છેદો. પરિહાર, દેશવિરતિ, અવિરતિ	૪
૨)	સૂક્ષ્મસંપરાય	૨
૩)	યથાખ્યાત	૬

સામા. છેદો. ૬ થી ૯, પરિહાર છઠ્ઠે અને સાતમે ગુણ., દેશવિરતિ પાંચમે અને અવિરતિ ૧ થી ૪ ગુણ. સુધી હોવાથી પ્રથમના ૪ ભાંગા જાણવા.

સૂક્ષ્મસંપરાય ૧૦મા ગુણઠાણે હોવાથી પ્રથમના બે અને અબંધના ચાર એ પ્રમાણે ૬ સિવાયના શેષ ૨ ભાંગા સંભવે. તે આ પ્રમાણે.

	બંધ	ઉદય	સત્તા
૧	શાતા	અશાતા	શાતા-અશાતા
૨	શાતા	શાતા	શાતા-અશાતા

યથાખ્યાત ૧૧ થી ૧૪ ગુણ. સુધી હોવાથી કેવલજ્ઞાન માર્ગણામાં જણાવ્યા મુજબ ૬ ભાંગા જાણવા.

૯) દર્શન	ઉત્તરભેદ	ભાંગા
૧)	ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન	૪
૨)	કેવલદર્શન	૬

ચક્ષુદર્શનાદિ ત્રણમાં ૧૨ ગુણ. સુધી હોવાથી પ્રથમના ૪ ભાંગા જાણવા કેવલદર્શનને કેવલજ્ઞાનમાં જણાવ્યા મુજબ ૬ વિકલ્પો જાણવા.

૧૦) લેશ્યા	ઉત્તરભેદ	ભાંગા
૧)	કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદમ, શુક્લ	૪

૧૪મા ગુણઠાણે અલેશી હોવાથી અબંધના ૪ ભાંગા ન સંભવે તેથી પ્રથમના ૪ ભાંગા જાણવા.

૧૧) ભવ્ય	ઉત્તરભેદ	ભાંગા
૧)	ભવ્ય	૮
૨)	અભવ્ય	૪

ભવ્યને સર્વે ગુણઠાણા હોવાથી પૂર્વોક્ત ૮ ભાંગા જાણવા. અભવ્યને ૧લું ગુણઠાણું હોવાથી પ્રથમના ૪ ભાંગા જાણવા.

૧૨) સમ્યક્ત્વ	ઉત્તરભેદ	ભાંગા
૧)	ઉપશમ, ક્ષાયો, મિશ્ર, સાસ્વા, મિથ્યા	૪
૨)	ક્ષાયિક	૮

ઉપશમ વિગેરે પાંચ ૧૪મા ગુણઠાણે સંભવતા ન હોવાથી પ્રથમના ૪ વિકલ્પો જાણવા. ક્ષાયિક સમ. ૪ થી ૧૪ ગુણ. સુધી હોવાથી પૂર્વોક્ત ૮ ભાંગા જાણવા.

૧૩) સંજ્ઞી	ઉત્તરભેદ	ભાંગા
૧)	સંજ્ઞી	૮
૨)	અસંજ્ઞી	૪

સંજ્ઞીને સર્વ ગુણસ્થાનક હોવાથી પૂર્વોક્ત ૮ ભાંગા જાણવા.

અસંજ્ઞીને પ્રથમના ૨ ગુણ. હોવાથી પ્રથમના ૪ ભાંગા જાણવા.

૧૪) આહારી	ઉત્તરભેદ	ભાંગા
૧)	આહારી	૪
૨)	અણાહારી	૮

૧૪ મા ગુણઠાણે આહારીપણાનો અભાવ હોવાથી ૧૪મા ગુણ. ના ૪ ભાંગા વિના શેષ ૪ ભાંગા પ્રથમના જાણવા.

અણાહારીપણું ૧લે, ૨જે, ૪થે, ૧૩મે કેવલી સમુ. માં અને ૧૪મા ગુણઠાણે હોવાથી પૂર્વોક્ત ૮ વિકલ્પો જાણવા.

૬૨ માર્ગણાને વિશે આયુષ્ય કર્મનો સંવેધ

૧) ગતિ	ઉત્તરભેદ	ભાંગા
૧)	નારકી, દેવ	૫
૨)	તિર્યંચ, મનુષ્ય	૯

નારકી અને દેવો, તિર્યંચ તથા મનુષ્યાયુનો ૬ બંધ કરે તેથી ૫ વિકલ્પો સંભવે.

દેવ ગતિમાં

બંધ	ઉદય	સત્તા
૦	દેવાયુઃ	દેવાયુઃ
તિર્યંચાયુઃ	દેવાયુઃ	તિર્યંચ-દેવાયુ
મનુષ્યાયુઃ	દેવાયુઃ	મનુ-દેવાયુ
૦	દેવાયુઃ	તિર્યંચ-દેવાયુ
૦	દેવાયુઃ	મનુ-દેવાયુ

નારકી ગતિમાં

બંધ	ઉદય	સત્તા	
૦	નરકાયુ	નરકાયુ	બંધકાળ પૂર્વે
તિર્યંચાયુઃ	નરકાયુ	તિર્યંચ-નરકાયુ	બંધકાળે
મનુષ્યાયુઃ	નરકાયુ	મનુ-નરકાયુ	બંધકાળે
૦	નરકાયુ	તિર્યંચ-નરકાયુ	બંધકાળ પછી
૦	નરકાયુ	મનુ-નરકાયુ	બંધકાળ પછી

તિર્યંચ અને મનુષ્ય ચારે ગતિનું આયુ. બાંધે છે તેથી તેઓને ૯ ભાંગા સંભવે.

તિર્યંચ ગતિમાં - ૯

બંધ	ઉદય	સત્તા
૦	તિર્યંચાયુ	તિર્યંચાયુ
નરકાયુઃ	તિર્યંચાયુ	નરક-તિર્યંચાયુ
તિર્યંચાયુ	તિર્યંચાયુ	તિર્યંચ-તિર્યંચાયુ
મનુષ્યાયુ	તિર્યંચાયુ	મનુ-તિર્યંચાયુ

મનુષ્ય ગતિમાં - ૯

બંધ	ઉદય	સત્તા	
૦	મનુષ્યાયુ	મનુષ્યાયુ	બંધકાળ પૂર્વે
નરકાયુ	મનુષ્યાયુ	નરક-મનુષ્યાયુ	બંધકાળે
તિર્યંચાયુ	મનુષ્યાયુ	તિર્યંચ-મનુષ્યાયુ	બંધકાળે
મનુષ્યાયુ	મનુષ્યાયુ	મનુ-મનુષ્યાયુ	બંધકાળે

તિર્યંચ ગતિમાં			મનુષ્ય ગતિમાં			
બંધ	ઉદય	સત્તા	બંધ	ઉદય	સત્તા	
દેવાયુ	તિર્યંચાયુ	દેવ-તિર્યંચાયુ	દેવાયુ	મનુષ્યાયુ	દેવ-મનુષ્યાયુ	બંધકાળે
૦	તિર્યંચાયુ	નરક-તિર્યંચાયુ	૦	મનુષ્યાયુ	નરક-મનુષ્યાયુ	બંધકાળે પછી
૦	તિર્યંચાયુ	તિર્યંચ-તિર્યંચાયુ	૦	મનુષ્યાયુ	તિર્યંચ-મનુષ્યાયુ	બંધકાળે પછી
૦	તિર્યંચાયુ	મનુ-તિર્યંચાયુ	૦	મનુષ્યાયુ	મનુ-મનુષ્યાયુ	બંધકાળ પછી
૦	તિર્યંચાયુ	દેવ-તિર્યંચાયુ	૦	મનુષ્યાયુ	દેવ-મનુષ્યાયુ	બંધકાળ પછી

૨) જાતિ	ઉત્તરભેદ	ભાંગા
૧)	એકે., બેઈ., તેઈ., ચઉ.	૫
૨)	પંચેન્દ્રિય	૨૮

એકે. વિ. ચાર દેવ અને નરકાયુનો બંધ ન કરે તિર્યંચ અને મનુષ્યાયુનો જ બંધ કરે તેથી ૫ વિકલ્પ સંભવે તે આ પ્રમાણે

	બંધ	ઉદય	સત્તા	
૧)	૦	તિર્યંચાયુ	તિર્યંચાયુ	બંધકાળ પૂર્વે
૨)	તિર્યંચાયુ	તિર્યંચાયુ	તિર્યંચ-તિર્યંચાયુ	બંધકાળે
૩)	મનુષ્યાયુ	તિર્યંચાયુ	મનુ-તિર્યંચાયુ	બંધકાળે
૪)	૦	તિર્યંચાયુ	તિર્યંચ-તિર્યંચાયુ	બંધકાળ પછી
૫)	૦	તિર્યંચાયુ	મનુ-તિર્યંચાયુ	બંધકાળ પછી

પંચેન્દ્રિય જીવો ચારે ગતિમાં છે. તેથી પૂર્વે જણાવ્યા મુજબ દેવ-નારકીના ૫-૫ ભાંગા અને તિર્યંચ-મનુ. ના ૯-૯ ભાંગા એ પ્રમાણે કુલ ૨૮ વિકલ્પો સંભવે છે.

૩) કાય	ઉત્તરભેદ	ભાંગા
૧)	પૃથ્વી, અપ, વન	૫
૨)	તેઉ, વાયુ	૩
૩)	ત્રસકાય	૨૮

પૃથ્વી વિ. ત્રણ તિર્યંચ અને મનુષ્યાયુનો જ બંધ કરે તેથી એકે. વિ. ને જણાવ્યા મુજબ પાંચ વિકલ્પો જાણવા.

તેઉ. વાયુ. તિર્યંચાયુનો જ બંધ કરે તેથી નીચે પ્રમાણે ૩ ભાંગા જાણવા.

	બંધ	ઉદય	સત્તા	
૧)	૦	તિર્યંચાયુ	તિર્યંચાયુ	બંધકાળ પૂર્વે
૨)	તિર્યંચાયુ	તિર્યંચાયુ	તિર્યંચ-તિર્યંચાયુ	બંધકાળે
૩)	૦	તિર્યંચાયુ	તિર્યંચ-તિર્યંચાયુ	બંધકાળ પછી

ત્રસકાય ચારે ગતિમાં હોય છે. તેથી પંચે. જાતિ માર્ગણામાં જણાવ્યા મુજબ ૨૮ ભાંગા જાણવા.

૪) યોગ	ઉત્તરભેદ	ભાંગા
૧)	મનોયોગ, વચનયોગ, કાયયોગ	૨૮

ત્રણેય યોગ ચારે ગતિમાં હોય છે. તેથી પૂર્વોક્ત ૨૮ ભાંગા જાણવા.

૫) વેદ	ઉત્તરભેદ	ભાંગા
૧)	પુરૂષવેદ, સ્ત્રીવેદ	૨૩
૨)	નપું. વેદ	૨૩

નરકગતિમાં પુરૂષવેદ અને સ્ત્રીવેદનો ઉદય નથી ફક્ત એક નપું. વેદનો જ ઉદય હોય છે. તેથી પૂર્વે જણાવેલ ૨૮ ભાંગામાંથી નરકગતિના ૫ ભાંગા બાદ કરતાં પુ.-સ્ત્રી. માર્ગણામાં ૨૩ ભાંગા જાણવા.

દેવ ગતિના જીવોને નપું. વેદનો ઉદય હોય નહીં તેથી દેવગતિના ૫ ભાંગા વિના ૨૩ ભાંગા નપુ. વેદ માર્ગણામાં જાણવા.

૬) કષાય	ઉત્તરભેદ	ભાંગા
૪)	ક્રોધ, માન, માયા, લોભ	૨૮

ચારેય કષાયનો ઉદય ચારે ગતિના જીવોને હોય છે. તેથી પૂર્વોક્ત ૨૮ ભાંગા જાણવા.

૭) જ્ઞાન	ઉત્તરભેદ	ભાંગા
૧)	મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન	૨૦
૨)	મનઃપર્યવજ્ઞાન	૬
૩)	કેવલજ્ઞાન	૧
૪)	મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન	૨૮

મતિજ્ઞાનાદિ ત્રાણેય જ્ઞાન ચારે ગતિના જીવોને હોય છે. પરંતુ તે જ્ઞાનવાળા દેવ અને નારક મનુષ્યાયુનો જ બંધ કરે તથા તિર્યંચ અને મનુષ્ય, દેવાયુનો જ બંધ કરે. તેથી તેઓને બંધકાળના શેષ ભાંગા ન સંભવે પાણ બંધ પછીના સર્વે ભાંગા સંભવે. તેથી દેવ-નારકને તિર્યંચાયુના બંધનો ૧-૧ અને તિર્યંચ-મનુષ્યને દેવાયુ વિના બંધકાળના શેષ ૩-૩ એ પ્રમાણે પૂર્વોક્ત ૨૮ માંથી ૮ બાદ કરતાં શેષ ૨૦ ભાંગા સંભવે.

(પૂર્વે કોઈ પાણ આયુષ્યનો બંધ કરી પછી મતિજ્ઞાનાદિ પ્રાપ્ત કરી શકે છે. તેથી બંધકાળ પછીના સર્વે ભાંગા ઘટે. આ પ્રમાણે જ્યાં બંધકાળ પછીના સર્વ ભાંગા સંભવતા હોય, ત્યાં આ પ્રમાણે વિચારવું.)

મનઃપર્યવજ્ઞાન સંયમીને જ હોય છે અને તે દેવાયુનો જ બંધ કરે. બંધ પછીના સર્વે ભાંગા સંભવે તેમજ બંધકાળ પહેલોનો એક એમ ૬ વિકલ્પ સંભવે છે. તે આ પ્રમાણે-

	બંધ	ઉદય	સત્તા	
૧)	૦	મનુષ્યાયુ	મનુષ્યાયુ	બંધકાળ પૂર્વે
૨)	દેવાયુ	મનુષ્યાયુ	દેવ-મનુષ્યાયુ	બંધકાળે
૩)	૦	મનુષ્યાયુ	નરક-મનુષ્યાયુ	બંધકાળ પછી
૪)	૦	મનુષ્યાયુ	તિર્યંચ-મનુષ્યાયુ	બંધકાળ પછી
૫)	૦	મનુષ્યાયુ	મનુ-મનુષ્યાયુ	બંધકાળ પછી
૬)	૦	મનુષ્યાયુ	દેવ-મનુષ્યાયુ	બંધકાળ પછી

કેવળજ્ઞાનીને આયુ. ના બંધ કાળના અને બંધ પછીના ભાંગાનો અભાવ છે. તેથી એક ભાંગો જ સંભવે છે. તે આ પ્રમાણે-

	બંધ	ઉદય	સત્તા
૧)	૦	મનુષ્યાયુ	મનુષ્યાયુ

મતિઅજ્ઞાન વિગેરે ત્રાણ અજ્ઞાન ચારે ગતિના જીવોને હોય છે. તેથી પૂર્વોક્ત ૨૮ ભાંગા સંભવે છે.

૮) સંયમ	ઉત્તરભેદ	ભાંગા
૧)	સામા. છેદો, પરિહાર	૬
૨)	સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત	૨
૩)	દેશવિરતિ	૧૨
૪)	અવિરતિ	૨૮

સામાયિક વિગેરે ત્રણ ચારિત્ર છઠ્ઠા ગુણઠાણાથી મનુષ્યોને જ હોય છે. તેઓ દેવાયુનો જ બંધ કરે. તેથી મનઃપર્યવજ્ઞાન માર્ગણામાં જણાવ્યા મુજબ ૬ વિકલ્પો જાણવા.

સૂક્ષ્મ અને યથાખ્યાત ચારિત્ર પૂર્વે આયુ. ન બાંધ્યુ હોય તેને અથવા દેવાયુનો બંધ કર્યો હોય તે મનુષ્યને જ હોય તેથી ત્યાં આયુષ્યના બંધનો અભાવ છે. તેથી ૨ વિકલ્પો સંભવે.

	બંધ	ઉદય	સત્તા
૧)	૦	મનુષ્યાયુ	મનુષ્યાયુ
૨)	૦	મનુષ્યાયુ	દેવ-મનુષ્યાયુ

દેશવિરતિ ચારિત્ર તિર્યંચ અને મનુષ્યોને જ હોય છે. એ ચારિત્રમાં વર્તતા દેવાયુનો જ બંધ કરે તેથી બંધકાળનો ૧ ભાંગો, બંધકાળના પછીના સર્વે ભાંગા તેમજ બંધકાળની પહેલાનો ૧ ભાંગો સંભવે. માટે મનઃ પર્યવજ્ઞાન માર્ગણામાં જણાવ્યા મુજબ મનુષ્યના ૬ ભાંગા અને એ પ્રમાણે તિર્યંચના ૬ ભાંગા એમ કુલ ૧૨ ભાંગા થાય છે.

અવિરતિ ચારે ગતિના જીવો તત્તત્પ્રાયોગ્ય દરેક આયુષ્યનો બંધ કરતા હોવાથી પૂર્વોક્ત ૨૮ વિકલ્પો જાણવા.

૯) દર્શન	ઉત્તરભેદ	ભાંગા
૧)	ચક્ષુદર્શન, અચક્ષુદર્શન	૨૮
૨)	અવધિદર્શન	૨૦
૩)	કેવલદર્શન	૧

ચક્ષુ-અચક્ષુ દર્શન ચારે ગતિના જીવોને હોય છે. તેથી પૂર્વોક્ત ૨૮ ભાંગા જાણવા.

અવધિદર્શનને અવધિજ્ઞાનમાં જણાવ્યા મુજબ ૨૦ વિકલ્પો જાણવા. કેવલજ્ઞાનમાં જણાવ્યા મુજબ કેવલદર્શનને વિષે ૧ વિકલ્પ જાણવો.

૧૦) લેશ્યા	ઉત્તરભેદ	ભાંગા
૧)	કૃષ્ણ, નીલ, કાપોત	૨૮
૨)	તેજો, પદ્મ	૨૧
૩)	શુક્લ	૧૬ અથવા ૨૧

કૃષ્ણાદિ ત્રણ લેશ્યા ચારે ગતિના જીવોને હોય છે અને તેઓ તત્તત્પ્રાયોગ્ય દરેક આયુષ્યનો બંધ કરતા હોવાથી પૂર્વોક્ત ૨૮ વિકલ્પો સંભવે.

તેજો પદ્મ લેશ્યા નરકગતિમાં નથી. તેથી નરકના ૫ ભાંગા ન સંભવે તેમજ તેજો પદ્મ લેશ્યાવાળા નરકાયુનો બંધ પણ ન કરે. તેથી તિર્યંચ અને મનુષ્ય એ લેશ્યામાં વર્તતા નરકાયુનો બંધ કરતા ન હોવાથી નરકાયુના બંધનો ૧-૧ એ પ્રમાણે ૭ ભાંગા પૂર્વોક્ત ૨૮માંથી બાદ કરતાં ૨૧ વિકલ્પો સંભવે (બંધ પછીના સર્વે ભાંગા સંભવે).

મંદ શુક્લ લેશ્યાવાળાને તેજો પદ્મ લેશ્યાની જેમ બંધ સંભવે છે. એ અપેક્ષાએ ત્યાં જણાવ્યા મુજબ ૨૧ વિકલ્પો જાણવા.

વિશુદ્ધ શુક્લ લેશ્યાવાળા દેવો, તિર્યંચ આયુષ્યનો પણ બંધ ન કરે તેથી તિર્યંચાયુના બંધ વિનાના શેષ ૪ ભાંગા દેવોને સંભવે.

તીવ્ર શુક્લલેશી તિર્યંચ અને મનુષ્ય દેવાયુનો જ બંધ કરે તેથી દેવાયુ વિના શેષ ત્રણ આયુષ્યના બંધ વિનાના બાકી ૬-૬ ભાંગા તિર્યંચ અને મનુષ્યને સંભવે છે. એ પ્રમાણે તીવ્ર શુક્લ લેશ્યાની અપેક્ષાએ ૧૬ ભાંગા પણ સંભવે. તે સંક્ષેપમાં આ પ્રમાણે-

મનુષ્યગતિના - ૬, દેવગતિના - ૪ અને તિર્યંચ ગતિના ૬ કુલ - ૧૬

૧૧) ભવ્ય	ઉત્તરભેદ	ભાંગા
૧)	ભવ્ય, અભવ્ય	૨૮

ભવ્ય અને અભવ્ય ચારે ગતિમાં હોય છે અને તત્તત્પ્રાયોગ્ય દરેક આયુનો બંધ કરે છે. તેથી પૂર્વોક્ત ૨૮ ભાંગા જાણવા.

૧૨) સમ્યકત્વ	ઉત્તરભેદ	ભાંગા
૧)	ઉપશમ, મિશ્ર	૧૬ (મિશ્ર. ગુણ. જેમ)
૨)	ક્ષાયિક	૧૫
૩)	ક્ષાયોપશમ	૨૦ (ચોથા ગુણ. ની જેમ)
૪)	સાસ્વાદન	૨૬
૫)	મિથ્યાત્વ	૨૮

ઉપશમ અને મિશ્ર ચારે ગતિમાં હોય છે. પરંતુ ત્યાં વર્તતો જીવ આયુષ્યનો બંધ કરતો નથી. તેથી દેવ અને નારકના બંધકાળના ૨-૨ અને તિર્યંચ તથા મનુષ્યના ૪-૪ એ પ્રમાણે ૧૨ ભાંગા પૂર્વોક્ત ૨૮માંથી બાદ કરતાં શેષ રહેલા ૧૬ ભાંગા સંભવે. બંધકાળ પહેલાનાં અને બંધકાળ પછીના સર્વે ભાંગા સંભવે.

ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિની શરૂઆત મનુષ્યો જ કરે છે. પરંતુ તેનો નિષ્ઠાપક ચારે ગતિનો જીવ હોય છે. તેથી પૂર્વે ચારમાંથી કોઈ પણ ગતિના આયુષ્યનો બંધ કર્યા પછી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે અને ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ મનુષ્ય દેવાયુનો જ બંધ કરે છે. તેથી મનુષ્યને બંધકાળ પૂર્વનો એક, બંધકાળનો એક અને બંધકાળ પછીના સર્વે એ પ્રમાણે ૬ ભાંગા મનઃપર્યવજ્ઞાન માર્ગણામાં જણાવ્યા મુજબ જાણવા. તથા

ક્ષાયિક સમકિતી દેવ અને નારકી મનુષ્યાયુનો જ બંધ કરે તેથી તેઓને બંધકાળ પૂર્વેનો એક, બંધકાળનો એક અને બંધકાળ પછીનો એક એ પ્રમાણે ૩-૩ ભાંગા સંભવે.

ક્ષાયિક સમકિતી યુગલિક તિર્યંચ દેવાયુનો જ બંધ કરે તેથી તેઓને ઉપર જણાવ્યા મુજબ ૩ ભાંગા જ સંભવે.

પૂર્વે બધ્ધાયુષ્ક ક્ષાયિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરતો મનુષ્ય સમકિત મોહનીયના છેલ્લા ગ્રાસમાં વર્તતો ભવક્ષયે કાળ કરી ચારે ગતિમાં જાય છે અથવા ક્ષાયિક સમ. ને પ્રાપ્ત કરી પછી આયુષ્ય ક્ષયે ચારે ગતિમાં જાય છે. તેથી દેવ-નારકને અને તિર્યંચને બંધકાળ પછીના સર્વે ભાંગા ન સંભવે કારણ કે ત્યાં તેને અશુભ આયુષ્યના બંધનો અભાવ છે.

માટે મનુષ્યના ૬, દેવ-નારક અને તિર્યંચના ૩-૩-૩ એ પ્રમાણે કુલ ૧૫ ભાંગા સંભવે.

ક્ષાયોપશમ સમકિતી ચારે ગતિમાં હોય છે. પરતું આ સમકિતમાં વર્તતો દેવ-નારકી મનુષ્યાયુનો અને તિર્યંચ-મનુષ્ય દેવાયુનો જ બંધ કરતા હોવાથી મતિજ્ઞાનાદિમાં જણાવ્યા પ્રમાણે ૨૦ ભાંગા સંભવે.

સાસ્વાદન સમ. ચારે ગતિમાં પ્રાપ્ત થાય છે. પરંતુ ત્યાં નરકાયુનો બંધ સંભવતો નથી. તેથી તિર્યંચ-મનુષ્યના નરકાયુના બંધકાળના ૧-૧ ભાંગા વિના શેષ ૮-૮ અને દેવ-નારકના ૫-૫ એ પ્રમાણે કુલ ૨૬ ભાંગા સંભવે છે.

મિથ્યાદ્રષ્ટિ ચારે ગતિના જીવો તત્તત્પ્રાયોગ્ય દરેક આયુનો બંધ કરતા હોવાથી પૂર્વોક્ત ૨૮ ભાંગા જાણવા.

૧૩) સંજ્ઞી	**ઉત્તરભેદ**	**ભાંગા**
૧)	સંજ્ઞી	૨૮
૨)	અસંજ્ઞી	૧૪

સંજ્ઞી જીવો ચારે ગતિમાં તત્તત્પ્રાયોગ્ય દરેક આયુ. નો બંધ કરતા હોવાથી પૂર્વોક્ત ૨૮ ભાંગા જાણવા.

અસંજ્ઞી તિર્યંચ અને મનુષ્યો ૯૯ હોય છે. તેમાં પણ અસંજ્ઞી પર્યાપ્તા તિર્યંચો ચારે ગતિનું આયુષ્ય બાંધે છે. તેથી ત્યાં તિર્યંચગતિવાળા ૯ ભાંગા જાણવા તથા

મનુષ્યો અસંજ્ઞી અપર્યાપ્તા ૯૯ હોય. તેઓ તિર્યંચ અને મનુષ્યનું ૯૯ આયુ. બાંધે તેથી તેઓને દેવ-નરકાયુના બંધકાળના અને બંધકાળ પછીના ૨-૨ એ પ્રમાણે ૪ ભાંગા વિના શેષ ૫ ભાંગા સંભવે એમ અસંજ્ઞીને કુલ ૧૪ વિકલ્પો સંભવે છે.

૧૪) આહારી	ઉત્તરભેદ	ભાંગા
૧)	આહારી	૨૮
૨)	અણાહારી	૪

આહારી ચારે ગતિના જીવો તત્તત્પ્રાયોગ્ય દરેક આયુષ્યનો બંધ કરતા હોવાથી પૂર્વોક્ત ૨૮ ભાંગા જાણવા.

અણાહારીપણું વિગ્રહગતિમાં, ૧૩ મા ગુણઠાણે કેવલી સમુ. માં અને ૧૪ મા ગુણઠાણે હોય છે. ત્યાં આયુ. નો બંધકાળ પૂર્વેનો ચારેય આયુષ્યનો ૧-૧ ભાંગો હોય છે. આમ ૪ ભાંગા સંભવે છે. તે આ પ્રમાણે -

	બંધ	ઉદય	સત્તા
૧)	૦	નરકાયુ	નરકાયુ
૨)	૦	તિર્યંચાયુ	તિર્યંચાયુ
૩)	૦	મનુષ્યાયુ	મનુષ્યાયુ
૪)	૦	દેવાયુ	દેવાયુ

૬૨ માર્ગણાને વિષે ગોત્રકર્મનો સંવેધ

૧) ગતિ	ઉત્તરભેદ	ભાંગા
૧)	નરક	૨
૨)	તિર્યંચ	૩
૩)	મનુષ્ય	૬
૪)	દેવ	૪

નરકગતિમાં નીચગોત્રનો ૯૯ ઉદય હોય છે અને એકે.માં ઉચ્ચગોત્રની ઉદ્‌વલના કર્યા પછી જો નરકમાં જાય તો તિર્યંચ પંચિ. માં બંધન કરીને ૯૯ જાય તેથી નરકગતિમાં ૨ વિકલ્પ સંભવે.

	બંધ	ઉદય	સત્તા
૧	નીચ	નીચ	નીચ-ઉચ્ચ
૨	ઉચ્ચ	નીચ	નીચ-ઉચ્ચ

તિર્યંચગતિમાં નીચગોત્રનો ૯૯ ઉદય હોય છે અને ઉચ્ચગોત્રની સંપૂર્ણ ઉદ્‌વલના તેઉ-વાયુમાં કરે ત્યાં અને તેઉ-વાયુમાં અને ઉચ્ચગોત્રનો ઉદ્‌વલક તિર્યંચગતિમાં જાય તેથી ત્યાં પણ કેટલાક સમય સુધી ઉચ્ચગોત્રની સત્તા હોતી નથી. તેથી ૩ વિકલ્પ સંભવે.

(જૂઓ સપ્તતિકા ભાષ્ય ગા. ૧૫માં ચૂર્ણિનો પાઠ)

	બંધ	ઉદય	સત્તા
૧	નીચ	નીચ	નીચ
૨	નીચ	નીચ	નીચ-ઉચ્ચ
૩	ઉચ્ચ	નીચ	નીચ-ઉચ્ચ

મનુષ્યગતિમાં તેઉ-વાયુ જાય નહિ. તેથી ફક્ત નીચગોત્રની સત્તાવાળો ભાંગો ન સંભવે અને મનુષ્યને સર્વે ગુણઠાણા હોવાથી શેષ ૬ વિકલ્પ સંભવે છે.

	બંધ	ઉદય	સત્તા
૧	નીચ	નીચ	નીચ-ઉચ્ચ
૨	નીચ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
૩	ઉચ્ચ	નીચ	નીચ-ઉચ્ચ
૪	ઉચ્ચ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
૫	૦	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
૬	૦	ઉચ્ચ	ઉચ્ચ

દેવગતિમાં ઉચ્ચગોત્રનો ઉદ્‌વલના કરેલા જાય નહિં, તેથી કેવલ નીચની સત્તાવાળો વિકલ્પ ન સંભવે અને અબંધ ૧૧માં ગુણઠાણાથી થાય છે. દેવને ૧ થી ૪ ગુણઠાણા હોવાથી અબંધના ૨ વિકલ્પ ન સંભવે શેષ ૪ ભાંગા ઘટે. તે આ...

	બંધ	ઉદય	સત્તા
★ ૧	નીચ	નીચ	નીચ-ઉચ્ચ
૨	નીચ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
★ ૩	ઉચ્ચ	નીચ	નીચ-ઉચ્ચ
૪	ઉચ્ચ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ

★ પંચ સંગ્રહ-કમ્મપયડીમાં દેવોને ઉચ્ચગોત્રનો ૯૯ ઉદય કહ્યો છે. તે મત પ્રમાણે ઉચ્ચના ઉદયવાળા બે ભાંગા જાણવા (પંચ. ભા. ૨ ઉદીરણા કરણ ગા. ૧૮)

૨) જાતિ	ઉત્તરભેદ	ભાંગા
૧)	એકે. બેઈ., તેઈ., ચઉ.	૩
૨)	પંચેન્દ્રિય	૭

એકે. વિગેરે ચારને તિર્યંચગતિમાં જણાવ્યા મુજબ ૩ ભાંગા સંભવે. પંચે. ને સર્વે ગુણઠાણા હોવાથી અને ઉચ્ચગોત્રનો ઉદ્‌વલક પંચે. તિર્યંચમાં જાય છે. તેથી સર્વે (૭) ભાંગા સંભવે.

	બંધ	ઉદય	સત્તા
૧	નીચ	નીચ	નીચ
૨	નીચ	નીચ	નીચ-ઉચ્ચ
૩	નીચ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
૪	ઉચ્ચ	નીચ	નીચ-ઉચ્ચ
૫	ઉચ્ચ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
૬	૦	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
૭	૦	ઉચ્ચ	ઉચ્ચ

૩) કાય	ઉત્તરભેદ	ભાંગા
૧)	પૃથ્વી, અપ, વન.	૩
૨)	તેઉ-વાયુ	૨
૩)	ત્રસકાય	૭

પૃથ્વી વિગેરે ત્રાણ કાયમાં ઉચ્ચગોત્રનો ઉદ્‌વલક જાય. તેથી નીચની સત્તાવાળો ભાંગો પાણ ઘટે તથા તેઓને ઉચ્ચગોત્રનો ઉદય ન હોય. તેથી તિર્યંચગતિમાં જાણાવ્યા મુજબ ૩ ભાંગા જાણવા.

તેઉ-વાયુને ઉચ્ચગોત્રનો બંધ અને ઉદય ન હોય. તેથી ૨ ભાંગા સંભવે.

તેઉ-વાયુમાં ઉચ્ચગોત્રના ઉદ્‌વલકને ફક્ત નીચની સત્તા અને સંપૂર્ણ ઉદ્‌વલના નથી કરી તેને બન્નેની સત્તા જાણવી.

	બંધ	ઉદય	સત્તા
૧	નીચ	નીચ	નીચ
૨	નીચ	નીચ	નીચ-ઉચ્ચ

ત્રસકાયને પંચેન્દ્રિયની જેમ ૭ વિકલ્પ જાણવા.

૪) યોગ	ઉત્તરભેદ	ભાંગા
૧)	મનોયોગ, વચનયોગ	૫
૨)	કાયયોગ	૬

મનોયોગ અને વચનયોગને વિષે છેલ્લો અને પહેલો ભાંગો ન સંભવે. કારણ છેલ્લો ભાંગો ૧૪મા ગુણઠાણે ઘટે છે અને ત્યાં જીવ અયોગી હોય છે. પહેલો ભાંગો ઉચ્ચગોત્રની ઉદ્‌વલના કર્યા પછી હોય છે. તેઉ-વાઉને તો આ બે યોગ જ નથી અને ઉચ્ચગોત્રની ઉદ્‌વલના કરી આવેલાને મનોયોગ અને વચનયોગની પ્રાપ્તિ સુધીમાં ઉચ્ચગોત્રનો બંધ ચાલુ થઈ જાય છે તેથી પહેલો ભાંગો પાણ ન સંભવે શેષ ૫ ભાંગા સંભવે. તે આ પ્રમાણે -

	બંધ	ઉદય	સત્તા
૧	નીચ	નીચ	નીચ-ઉચ્ચ
૨	નીચ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
૩	ઉચ્ચ	નીચ	નીચ-ઉચ્ચ
૪	ઉચ્ચ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
૫	૦	ઉચ્ચ	નીચ-ઉચ્ચ

કાયયોગ સર્વે જીવોમાં હોય છે. તેથી અયોગિ ગુણઠાણાના એક ભાંગા વિના શેષ ૬ ભાંગા સંભવે છે.

	બંધ	ઉદય	સત્તા
૧	નીચ	નીચ	નીચ
૨	નીચ	નીચ	નીચ-ઉચ્ચ
૩	નીચ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
૪	ઉચ્ચ	નીચ	નીચ-ઉચ્ચ
૫	ઉચ્ચ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
૬	૦	ઉચ્ચ	નીચ-ઉચ્ચ

૫) વેદ	ઉત્તરભેદ	ભાંગા
૧)	પુરૂષવેદ, સ્ત્રીવેદ, નપું. વેદ	૫

વેદોદયવાળા ૯ ગુણઠાણા સુધી સંભવે છે. તેથી અબંધના બે વિકલ્પ વિના શેષ ૫ ભાંગા ઘટે. (૧ થી ૯ ગુણ. સુધી વેદોદય દરેક જીવોને હોય છે.)

	બંધ	ઉદય	સત્તા
૧	નીચ	નીચ	નીચ
૨	નીચ	નીચ	નીચ-ઉચ્ચ
૩	નીચ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
૪	ઉચ્ચ	નીચ	નીચ-ઉચ્ચ
૫	ઉચ્ચ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ

૬) કષાય	ઉત્તરભેદ	ભાંગા
૧)	ક્રોધ, માન, માયા, લોભ	૫

કષાયોદય ૧૦ ગુણઠાણા સુધી હોવાથી વેદ માર્ગણામાં જણાવ્યા મુજબ ૫ વિકલ્પ જાણવા.

૭) જ્ઞાન	ઉત્તરભેદ	ભાંગા
૧)	મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન	૩
૨)	મનઃપર્યવજ્ઞાન	૨
૩)	કેવલજ્ઞાન	૨
૪)	મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન	૫
૫)	વિભંગજ્ઞાન	૪

મતિ વિગેરે ત્રણ જ્ઞાન ૪ થી ૧૨ ગુણ. સુધી હોય છે. તેથી ત્યાં નીચના બંધના ત્રણ અને ૧૪ મા ગુણઠાણાનો એક એ પ્રમાણે ચાર વિના શેષ ૩ ભાંગા સંભવે.

	બંધ	ઉદય	સત્તા
૧	ઉચ્ચ	નીચ	નીચ-ઉચ્ચ
૨	ઉચ્ચ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
૩	૦	ઉચ્ચ	નીચ-ઉચ્ચ

મનઃપર્યવજ્ઞાન ૬ થી ૧૨ ગુણ. સુધી હોય છે. તેથી ત્યાં નીચનો બંધ અને ઉદય ન હોય. અને ૧૪ મા ગુણઠાણાનો ભાંગો પણ ન સંભવે તેથી ૨ વિકલ્પ સંભવે.

	બંધ	ઉદય	સત્તા
૧	ઉચ્છ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
૨	૦	ઉચ્ચ	નીચ-ઉચ્ચ

કેવલજ્ઞાનીને ૧૩ અને ૧૪ એ બે ગુણઠાણા છે. તેથી અબંધના ૨ વિકલ્પ સંભવે.

	બંધ	ઉદય	સત્તા
૧	૦	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
૨	૦	ઉચ્ચ	ઉચ્ચ

મતિ અને શ્રુત અજ્ઞાનીને અબંધ સિવાયના શેષ ૫ ભાંગા વેદ માર્ગણામાં જણાવ્યા મુજબ જાણવા. આ બન્ને અજ્ઞાન ૧ થી ૩ ગુણ. સુધી દરેક જીવોને હોય છે.

વિભંગજ્ઞાન ઉચ્ચ ગોત્રની ઉદ્વલના કરેલો ન પામે તેથી દેવગતિ માર્ગણામાં જણાવ્યા પ્રમાણે ૪ ભાંગા જાણવા. કારણ કે વિભંગજ્ઞાન પામતાં પહેલાં ઉચ્ચનો બંધ થઈ જાય.

૮) સંયમ	ઉત્તરભેદ	ભાંગા
૧)	સામા. છેદો, પરિહાર, સૂક્ષ્મ	૧
૨)	યથાખ્યાત	૨
૩)	દેશવિરત	૨
૪)	અવિરત	૫

સામાયિક વિગેરે ચાર ચારિત્રીને નીચનો બંધ અને નીચનો ઉદય ન હોય અને બંધનો અભાવ ન હોય. તેથી એક ૭ ભાંગો સંભવે. કેટલાક આચાર્યના મતે દેશવિરતિમાં પણ ઉચ્ચનો ૭ ઉદય કહ્યો છે. તિર્યંચમાં નીચનો ઉદય હોય. (જુઓ સપ્તતિકા ભાષ્ય ગા. ૧૮ની ટીકા.)

	બંધ	ઉદય	સત્તા
૧	ઉચ્ચ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ

યથા. ચારિત્ર ૧૧ થી ૧૪ ગુણ. સુધી છે. તેથી કેવલજ્ઞાન માર્ગણામાં જણાવ્યા મુજબ ૨ ભાંગા જાણવા.

દેશવિરતિ ચારિત્રે નીચનો બંધ નથી. અને અબંધ પણ નથી. તેથી ઉચ્ચના બંધના બે વિકલ્પ સંભવે.

	બંધ	ઉદય	સત્તા
૧	ઉચ્ચ	નીચ	નીચ-ઉચ્ચ (મનુષ્યને ન હોય)
૨	ઉચ્ચ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ

અવિરતિ ચારિત્રે વેદ માર્ગણામાં જણાવ્યા પ્રમાણે ૫ ભાંગા જાણવા (૧ થી ૪ ગુણ. સુધી અવિરતિ દરેક જીવોને હોય છે.)

૯) દર્શન	ઉત્તરભેદ	ભાંગા
૧)	અચક્ષુદર્શન	૬
૨)	ચક્ષુદર્શન	૫
૩)	અવધિદર્શન	૩
૪)	કેવલદર્શન	૨

અચક્ષુદર્શન ૧ થી ૧૨ ગુણ. સુધી દરેક જીવોને હોય છે. તેથી કાયયોગમાં જણાવ્યા મુજબ ૬ ભાંગા સંભવે છે.

ચક્ષુદર્શનને વિષે મનોયોગ અને વચનયોગમાં જણાવ્યા મુજબ પહેલા અને છેલ્લા ભાંગા વિના ૫ ભાંગા જાણવા.

અવધિદર્શન ૪ થી ૧૨ ગુણ. સુધી હોવાથી મતિજ્ઞાન વિગેરે ત્રણ જ્ઞાનમાં જણાવ્યા મુજબ ત્રણ ભાંગા સંભવે છે.

કેવલદર્શનને કેવલજ્ઞાનમાં જણાવ્યા મુજબ ૨ વિકલ્પો જાણવા.

૧૦) લેશ્યા	ઉત્તરભેદ	ભાંગા
૧)	કૃષ્ણ, નીલ, કાપોત	૫
૨)	તેજો પદ્મ	૪
૩)	શુક્લ	૫

કૃષ્ણાદિ ત્રણ લેશ્યાએ વેદ માર્ગણામાં જણાવ્યા મુજબ ૫ ભાંગા જાણવા. કારણ કે એ ત્રણ લેશ્યા ૧ થી ૬ ગુણ. સુધી હોય છે.

ઉચ્ચગોત્રનો ઉદ્‌વલક તેજો પદ્મ લેશ્યાવાળો હોય નહિ. તેથી પહેલો ભાંગો ન સંભવે અને અબંધ ૧૧ મા ગુણઠાણાથી છે અને ત્યાં ફક્ત શુક્લ લેશ્યા છે. તેથી તેજો પદ્મ લેશ્યાએ દેવગતિ માર્ગણામાં જણાવ્યા મુજબ ૪ ભાંગા જાણવા.

૧૧) ભવ્ય	ઉત્તરભેદ	ભાંગા
૧)	ભવ્ય	૭
૨)	અભવ્ય	૫

ભવ્યને પંચે. માર્ગણામાં જણાવ્યા મુજબ ૭ ભાંગા જાણવા. અભવ્યને અબંધનો અભાવ હોવાથી વેદ માર્ગણામાં જણાવ્યા મુજબ છેલ્લા બે ભાંગા વિના ૫ ભાંગા જાણવા.

૧૨) સમ્યકત્વ	ઉત્તરભેદ	ભાંગા
૧)	ઉપશમ	૩
૨)	ક્ષાયિક	૪
૩)	સાસ્વાદન	૪
૪)	મિથ્યાત્વ	૫
૫,૬)	ક્ષાયો., મિશ્ર	૨

ઉપશમ સમ. ૪ થી ૧૧ ગુણ. સુધી હોય છે. તેથી મતિજ્ઞાન માર્ગણામાં જણાવ્યા મુજબ ૩ વિકલ્પો જાણવા.

ક્ષાયિક સમ. ૪ થી ૧૪ ગુણ. સુધી હોવાથી નીચના બંધ વિનાના શેષ ૪ ભાંગા સંભવે તે આ પ્રમાણે. ક્ષાયિક એવા નરક-તિર્યંચને નીચનો ઉદય હોય.

	બંધ	ઉદય	સત્તા
૧	ઉચ્ચ	નીચ	નીચ-ઉચ્ચ
૨	ઉચ્ચ	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
૩	૦	ઉચ્ચ	નીચ-ઉચ્ચ
૪	૦	ઉચ્ચ	ઉચ્ચ

ક્ષાયો. સમ ૪ થી ૭ ગુણ. સુધી અને મિશ્ર ૩જા ગુણઠાણે હોવાથી નીચના બંધનો અને અબંધનો અભાવ છે. તેથી દેશવિરતિ માર્ગણામાં જણાવ્યા મુજબ ૨ ભાંગા જાણવા.

સાસ્વાદન ૨જા ગુણ. માં છે. ઉચ્ચગોત્રનો ઉદ્‌વલક ત્યાં જાય નહિં અને ત્યાં અબંધ સંભવે નહિં. તેથી દેવગતિ માર્ગણામાં જણાવ્યા મુજબ ૪ ભાંગા ઘટે, મિથ્યાત્વે વેદ માર્ગણાની જેમ ૫ વિકલ્પો જાણવા.

૧૩) સંજ્ઞી	ઉત્તરભેદ	ભાંગા
૧)	સંજ્ઞી	૭
૨)	અસંજ્ઞી	૩

સંજ્ઞીને પંચે. માર્ગણામાં જણાવ્યા મુજબ ૭ વિકલ્પો જાણવા.

(અહીં દ્રવ્ય મનની અપેક્ષાએ કેવલીને સંજ્ઞી ગણ્યા છે)

અસંજ્ઞીને તિર્યંચગતિ માર્ગણામાં જણાવ્યા મુજબ ૩ વિકલ્પો જાણવા.

૧૪) આહારી	ઉત્તરભેદ	ભાંગા
૧)	આહારી	૬
૨)	આણાહારી	૭

૧૪મા ગુણઠાણે આહારીપણાનો અભાવ હોવાથી કાયયોગ માર્ગણામાં જણાવ્યા મુજબ આહારી માર્ગણાએ ૬ ભાંગા જાણવા.

આણાહારીપણું વિગ્રહગતિમાં, ૧૩મા ગુણઠાણે કેવલી સમુ. માં અને ૧૪મા ગુણઠાણે હોવાથી પંચે. માર્ગણાની જેમ ૭ વિકલ્પો જાણવા.

૬૨ માર્ગણાને વિષે મૂળકર્મના અને ઉત્તર ૬ કર્મના સંવેધ ભાંગા

	માર્ગણા	મૂલ કર્મ ભાંગા	જ્ઞાના. ભાંગા	દર્શ. ભાંગા	વેદ. ભાંગા	આયુ. ભાંગા	ગોત્ર. ભાંગા	અંત. ભાંગા
૧	નરક	૨	૧	૪	૪	૫	૨	૧
૨	તિર્યંચ	૨	૧	૪	૪	૯	૩	૧
૩	દેવ	૨	૧	૪	૪	૫	૪ (૨)	૧
૪	મનુષ્ય	૭	૨	૧૧	૮	૯	૬	૨
૫	એકે.	૨	૧	૨	૪	૫	૩	૧
૬	બેઈ.	૨	૧	૨	૪	૫	૩	૧

	માર્ગણા	મૂલ કર્મ ભાંગા	જ્ઞાના. ભાંગા	દર્શ. ભાંગા	વેદ. ભાંગા	આયુ. ભાંગા	ગોત્ર. ભાંગા	અંત. ભાંગા
૭	તેઈ.	૨	૧	૨	૪	૫	૩	૧
૮	ચઉ.	૨	૧	૨	૪	૫	૩	૧
૯	પંચે.	૭	૨	૧૧	૮	૨૮	૭	૨
૧૦	પૃથ્વી	૨	૧	૨	૪	૫	૩	૧
૧૧	અપ.	૨	૧	૨	૪	૫	૩	૧
૧૨	તેઉ.	૨	૧	૨	૪	૩	૨	૧
૧૩	વાઉ.	૨	૧	૨	૪	૩	૨	૧
૧૪	વન	૨	૧	૨	૪	૫	૩	૧
૧૫	ત્રસ	૭	૨	૧૧	૮	૨૮	૭	૨
૧૬	મનો.	૬	૨	૧૧	૪	૨૮	૫	૨
૧૭	વચન	૬	૨	૧૧	૪	૨૮	૫	૨
૧૮	કાય	૬	૨	૧૧	૪	૨૮	૬	૨
૧૯	પુરૂષ	૨	૧	૭	૪	૨૩	૫	૧
૨૦	સ્ત્રી	૨	૧	૭	૪	૨૩	૫	૧
૨૧	નપું.	૨	૧	૭	૪	૨૩	૫	૧
૨૨	ક્રોધ	૨	૧	૭	૪	૨૮	૫	૧
૨૩	માન	૨	૧	૭	૪	૨૮	૫	૧
૨૪	માયા	૨	૧	૭	૪	૨૮	૫	૧
૨૫	લોભ	૩	૧	૭	૪	૨૮	૫	૧
૨૬	મતિ.	૫	૨	૯	૪	૨૦	૩	૨
૨૭	શ્રુત.	૫	૨	૯	૪	૨૦	૩	૨
૨૮	અવધિ	૫	૨	૯	૪	૨૦	૩	૨
૨૯	મનઃપર્યવ	૫	૨	૯	૪	૬	૨	૨
૩૦	કેવલ	૨	૦	૦	૬	૧	૨	૦
૩૧	મતિ અ.	૨	૧	૨	૪	૨૮	૫	૧
૩૨	શ્રુત. અ.	૨	૧	૨	૪	૨૮	૫	૧
૩૩	વિભંગ	૨	૧	૨	૪	૨૮	૪	૧
૩૪	સામા.	૨	૧	૫	૪	૬	૧	૧

	માર્ગણા ભાંગા	મૂલ કર્મ ભાંગા	જ્ઞાના. ભાંગા	દર્શ. ભાંગા	વેદ. ભાંગા	આયુ. ભાંગા	ગોત્ર. ભાંગા	અંત. ભાંગા
૩૫	છેદો.	૨	૧	૫	૪	૬	૧	૧
૩૬	પરિ.	૨	૧	૨	૪	૬	૧	૧
૩૭	સૂક્ષ્મ.	૧	૧	૩	૨	૨	૧	૧
૩૮	યથા	૪	૧	૪	૬	૨	૨	૧
૩૯	દેશવિરતિ	૨	૧	૨	૪	૧૨	૨(૧)	૧
૪૦	અવિરતિ	૨	૧	૪	૪	૨૮	૫	૧
૪૧	ચક્ષુ	૫	૨	૧૧	૪	૨૮	૫	૨
૪૨	અચક્ષુ.	૫	૨	૧૧	૪	૨૮	૬	૨
૪૩	અવધિ	૫	૨	૯	૪	૨૦	૩	૨
૪૪	કેવલ	૨	૦	૦	૬	૧	૨	૦
૪૫	કૃષ્ણ	૨	૧	૪	૪	૨૮	૫	૧
૪૬	નીલ	૨	૧	૪	૪	૨૮	૫	૧
૪૭	કાપોત	૨	૧	૪	૪	૨૮	૫	૧
૪૮	તેજો	૨	૧	૪	૪	૨૧	૪	૧
૪૯	પદ્મ	૨	૧	૪	૪	૨૧	૪	૧
૫૦	શુક્લ	૬	૨	૧૧	૪	૧૬/૨૧	૫	૨
૫૧	ભવ્ય	૭	૨	૧૧	૮	૨૮	૭	૨
૫૨	અભવ્ય	૨	૧	૨	૪	૨૮	૫	૧
૫૩	ઉપશમ	૩	૨	૬	૪	૧૬	૩	૨
૫૪	ક્ષાયિક	૭	૨	૯	૮	૧૫	૪	૨
૫૫	ક્ષાયો.	૨	૧	૨	૪	૨૦	૨	૧
૫૬	મિશ્ર	૧	૧	૨	૪	૧૬	૨	૧
૫૭	સાસ્વા	૨	૧	૨	૪	૨૬	૪	૧
૫૮	મિથ્યા	૨	૧	૨	૪	૨૮	૫	૧
૫૯	સંજ્ઞી	૫/૭	૨	૧૧	૮	૨૮	૭	૨
૬૦	અસંજ્ઞી	૨	૧	૨	૪	૧૪	૩	૧
૬૧	આહારી	૬	૨	૧૧	૪	૨૮	૬	૨
૬૨	અણાહારી	૩	૧	૪	૮	૪	૭	૧

૬૨ માર્ગણાને વિષે મોહનીય કર્મનો સંવેધ

(૧) નરકગતિ

બંધસ્થાન :- ૩ - (૨૨, ૨૧, ૧૭) **બંધભાંગા** :- ૧૨
ઉદયસ્થાન :- ૫ - (૬,૭,૮,૯,૧૦) **ઉદયભાંગા** :- ૧૯૨
સત્તાસ્થાન :- ૬ - (૨૮,૨૭,૨૬,૨૪,૨૨,૨૧)

નરકગતિને વિષે ૧ થી ૪ ગુણસ્થાન છે. તેથી ૨૨ વિગેરે ત્રણ બંધસ્થાન, ૬ વિ. પાંચ ઉદયસ્થાન અને ૨૮ વિ. છ સત્તાસ્થાન સંભવે છે.

અહિં ૨૩ની સત્તા ન સંભવે કારણ કે ૨૩ની સત્તા ક્ષાયિક સમ. ના પ્રારંભકને મિથ્યા મોહ. નો ક્ષય કરે ત્યારે સંભવ છે અને તેના પ્રારંભક મનુષ્યો જ છે. તેથી ૨૩ની સત્તા મનુષ્યો સિવાય કોઈને ન સંભવે.

ક્ષાયિક સમ. નો પ્રારંભક મનુ. મિથ્યા મોહ. અને મિશ્ર મોહ. નો ક્ષય કરી સમ. મોહનો ક્ષય કરતો એક ગ્રાસ બાકી રહે ત્યારે ચારે ગતિમાંથી કોઈ પણ ગતિમાં જઈ ત્યાં પણ ક્ષાયિકનો નિષ્ઠાપક બને છે. તેથી ૨૨ અને ૨૧ની સત્તા ચારે ગતિમાં પ્રાપ્ત થાય છે.

અનંતાનુબંધીની વિસંયોજના ચારે ગતિમાં થાય છે. તેથી અહિં ૨૪ ની સત્તા ઘટે.

નરક ગતિમાં કેવળ નપું. વેદનો જ ઉદય હોય છે. તેથી ચોવીસી ન થતાં અષ્ટક થાય છે.

કષાય ૪ × ૨ યુગલ × ૧ વેદ = ૮

નરકમાં નવા ઉપ. સમ્યક્ત્વીને ૬ થી ૮ ઉદયસ્થાનક ૨૮ની સત્તા

બંધસ્થાન	બંધભાંગા	ઉદયસ્થાન	ઉદયઅષ્ટક	પદ અષ્ટક	સત્તાસ્થાન
૨૨	૬	૭,૮,૯,૧૦	૮	૬૮	૨૮,૨૭,૨૬
૨૧	૪	૭,૮,૯	૪	૩૨	૨૮
૧૭	૨	૬,૭,૮,૯	૧૨	૯૨	૨૮,૨૭,૨૪,૨૨,૨૧
કુલ ૩	૧૨	૪	૨૪	૧૯૨	૬

સંવેધ આ પ્રમાણે :-

★ ૨૨ નું બંધસ્થાનક બંધભાંગા - ૬

ઉદય સ્થાનક	ઉદય અષ્ટક	ઉદય ભાંગા	પદ અષ્ટક	પદવૃંદ	સત્તાસ્થાન
૭ નું	૧	૮		૭ × ૮ = ૫૬	૮ ભાંગે × ૧ (૨૮)
૮ નું	૩	૨૪	૨૪	૨૪ × ૮ = ૧૯૨	૧૬ × ૧ (૨૮) અ. રહિત અનં. સહિત ૮ × ૩ (૨૮,૨૭,૨૬)

૯ નું	૩	૨૪	૨૭	૨૭ × ૮ = ૨૧૬	૮ × ૧ (૨૮) અ. રહિત અનં. સહિત ૧૬ × ૩ (૨૮,૨૭,૨૬)
૧૦ નું	૧	૮	૧૦	૧૦ × ૮ = ૮૦	,, ૮ × ૩ (૨૮,૨૭,૨૬)
	૮	૬૪	૬૮	૫૪૪	

★ ૨૧ નું બંધસ્થાનક બંધભાંગા - ૪

ઉદય સ્થાનક	ઉદય અષ્ટક	ઉદય ભાંગા	પદ અષ્ટક	પદવૃંદ	સત્તાસ્થાન
૭ નું	૧	૮	૭	૭ × ૮ = ૫૬	૮ × ૧ (૨૮)
૮ નું	૨	૧૬	૧૬	૧૬ × ૮ = ૧૨૮	૧૬ × ૧ (૨૮)
૯ નું	૧	૮	૯	૯ × ૮ = ૭૨	૮ × ૧ (૨૮)
	૪	૩૨	૩૨	૨૫૬	

★ ૧૭ નું બંધસ્થાનક બંધભાંગા - ૨ (૩જું, ૪થું, ગુણ૦)

ઉદય સ્થાનક	ઉદય અષ્ટક	ઉદય ભાંગા	પદ અષ્ટક	પદવૃંદ	ભાંગા ઉપર સત્તાસ્થાન
					ઉ. ઉ. ૮ × ૧ (૨૮)
૬ નું	૧	૮	૬	૬ × ૮ = ૪૮	ક્ષા. - ઉ. ૮ × ૨ (૨૧)
૭ નું	૪	૩૨	૨૮	૨૮ × ૮ = ૨૨૪	ક્ષા. - ઉ. ૧૬ × ૨ (૨૮, ૨૧)
					મિશ્ર ૮ × ૩ (૨૮, ૨૭,૨૪)
					ક્ષાયોપ. ૮ × ૩ (૨૮, ૨૪,૨૨)
૮ નું	૫	૪૦	૪૦	૪૦ × ૮ = ૩૨૦	ઉપ. ૮ × ૧ (૨૮)
					ક્ષા. - ઉ. ૮ × ૨ (૨૧)
					મિશ્ર ૧૬ × ૩ (૨૮, ૨૭,૨૪)
					ક્ષાયોપ. ૧૬ × ૩ (૨૮, ૨૪,૨૨)
૯ નું	૨	૧૬	૧૮	૧૮ × ૮ = ૧૪૪	ઉપ. ૮ × ૧ (૨૮)
					મિશ્ર ૧૮ × ૩ (૨૮, ૨૭,૨૪)
					ક્ષાયોપ. ૮ × ૩ (૨૮, ૨૪,૨૨)
	૧૨	૯૬	૯૨	૭૩૬	(૫) ૨૮,૨૭,૨૪,૨૨,૨૧

(૨) તિર્યંચગતિ

બંધસ્થાન :- ૪ - (૨૨, ૨૧, ૧૭, ૧૩) **બંધભાંગા :-** ૧૪

ઉદયસ્થાન :- ૬ - (૫,૬,૭,૮,૯,૧૦) **ઉદયભાંગા :-** ૭૬૮

સત્તાસ્થાન :- ૬ - (૨૮,૨૭,૨૬,૨૪,૨૨,૨૧)

તિર્યંચગતિમાં ૧ થી ૫ ગુણ. હોવાથી ૨૨ વિ. ૪ બંધસ્થાન, ૫ વિ. છ ઉદયસ્થાન, ૨૮ વિ. છ સત્તાસ્થાન સંભવે છે.

બંધસ્થાન	બંધભાંગા	ઉદયસ્થાન	ઉદય ચો.	પદ ચો.	સત્તાસ્થાન
૨૨	૬	૭,૮,૯,૧૦	૮	૬૮	૨૮,૨૭,૨૬
૨૧	૪	૭,૮,૯	૪	૩૨	૨૮
૧૭	૨	૬,૭,૮,૯	૧૨	૯૨	૨૮,૨૭,૨૪,૨૨,૨૧
૧૩	૨	૫,૬,૭,૮	૮	૫૨	૨૮,૨૪
કુલ ૪	**૧૪**	**૬**	**૩૨**	**૨૪૪**	**૬**

તિર્યંચને ૧ થી ૫ ગુણઠાણા સામાન્યતિર્યંચની અપેક્ષાએ ઘટે છે અને સંખ્યાતવર્ષવાળા તિર્યંચને ક્ષાયિક સમકિત ન હોય, જ્યારે યુગલિક તિર્યંચને ક્ષાયિક સમકિત હોય પણ પાંચમું ગુણઠાણું ન હોય તેથી પાંચમા ગુણઠાણે ૫ વિગેરે ઉદયે ક્ષાયિક નહિં પણ ઉપશમ સંબંધી ચોવીશી ઘટશે. એટલે ૨૧ ની સત્તા નહિં ઘટે. માત્ર ૨૮ ની સત્તા જ ઘટશે અને ક્ષાયો. સમકિતવાળી ચોવીશીમાં ૨૨ ની સત્તા નહિં ઘટે.

આ પ્રમાણે ૬,૭,૮ ના ઉદયે પણ સમજી લેવું.

૨૨, ૨૧ ના બંધનો સંવેધ ઓધ સંવેધ પ્રમાણે જાણવો. જુઓ. પા. ૨૫, ૨૬

૧૭ અને ૧૩ ના બંધે અનંતાનુબંધીની વિસંયોજનાવાળા જીવને ક્ષાયો. સમ. હોય તેથી ક્ષાયિક કે ઉપ. વાળી ચોવીશીએ ૨૪ ની સત્તા નહિં ઘટે ક્ષાયો. સમ. ની ચોવીશીમાં ઘટશે.

સંવેધ આ પ્રમાણે :-

★ ૧૭ નું બંધસ્થાનક બંધભાંગા - ૨

ઉદય સ્થાનક	ઉદય ચો.	ઉદય ભાંગા	પદ ચો.	પદવૃંદ	સત્તાસ્થાન ઉ.ભાં.
૬નું	૧	૨૪	૬	૬ × ૨૪ = ૧૪૪	*ક્ષા. ઉ. ૨૪ × ૨ (૨૮, ૨૧)
૭ નું	૪	૯૬	૨૮	૨૮ × ૨૪ = ૬૭૨	ક્ષા. - ઉ. ૪૮ × ૨ (૨૮, ૨૧)
					મિશ્ર. ૨૪ × ૩ (૨૮, ૨૭,૨૪)
					ક્ષાયોપ. ૨૪ × ૩ (૨૮, ૨૪,૨૨)

* અહીં ક્ષાયિક સમ્યક્ત્વીને ચોવીસીને બદલે ષોડષક સમજવાં. કારણ કે ક્ષાયિક યુ. તિ. માં જ હોય તેઓને નપુ. વેદ ન હોય. તથા ક્ષાયિ.-ઉપ.ના ત્રણ ઉદયસ્થાનકે ૬૪ ભાંગે ૨૮, ૨૪, ૨૧ તથા નપુ. વેદના ૩૨ ભાંગા એક ૨૮ નું સત્તાસ્થાન હોય. ક્ષાયો.ના ત્રણ ઉદયસ્થાનકે પુ. સ્ત્રીવેદના ૬૪ ભાંગે ૨૮, ૨૪, ૨૨, ક્ષાયોના ૩ ઉદય સ્થાનકે નપુ. વેદે ૩૨ ભાંગે ૨૮, ૨૪.

ઉદય સ્થાનક	ઉદય ચો.	ઉદય ભાંગા	પદ ચો.	પદવૃંદ	સત્તાસ્થાન ઉ.ભાં.
૮ નું	૫	૧૨૦	૪૦	૪૦ × ૨૪ = ૯૬૦	ક્ષા. ઉ. ૨૪ × ૨ (૨૮, ૨૧)
					મિશ્ર ૪૮ × ૩ (૨૮, ૨૭,૨૪)
					ક્ષાયોપ ૪૮ × ૩ (૨૮, ૨૪,૨૨)
૯ નું	૨	૪૮	૧૮	૧૮ × ૨૪ = ૪૩૨	મિશ્ર ૨૪ × ૩ (૨૮, ૨૭,૨૪)
					ક્ષાયોપ ૨૪ × ૩ (૨૮, ૨૪,૨૨)
	૧૨	૨૮૮	૯૨	૨૨૦૮	(૫) ૨૮,૨૭,૨૪,૨૨,૨૧

★ તિર્યંચગતિ માર્ગણાએ ૧૩ નું બંધસ્થાન **બંધભાંગા - ૨**

ઉદય સ્થાનક	ઉદય ચો.	ઉદય ભાંગા	પદ ચો.	પદવૃંદ	સત્તાસ્થાન ઉ.ભાં.
૫નું	૧	૨૪	૫	૫ × ૨૪ = ૧૨૦	ઉપ ૨૪ × ૧ (૨૮)
૬ નું	૩	૭૨	૧૮	૧૮ × ૨૪ = ૪૩૨	ઉપ ૪૮ × ૧ (૨૮)
					ક્ષાયોપ ૨૪ × ૨ (૨૮, ૨૪)
૭ નું	૩	૭૨	૨૧	૨૧ × ૨૪ = ૫૦૪	ઉપ ૨૪ × ૧ (૨૮)
					ક્ષાયોપ ૪૮ × ૨ (૨૮, ૨૪)
૮ નું	૧	૨૪	૮	૮ × ૨૪ = ૧૯૨	ક્ષાયોપ ૨૪ × ૨ (૨૮, ૨૪)
	૮	૧૯૨	૫૨	૧૨૪૮	

૩) મનુષ્યગતિ

મનુષ્યને ૧૪ ગુણઠાણા હોવાથી બંધસ્થાન વિગેરે સર્વે સંભવે તેથી અહીં સંવેધ સામાન્યથી મોહનીય કર્મના સંવેધ મુજબ જાણવો. (જૂઓ પા. ૨૧ થી ૩૯)

૪) દેવગતિ

બંધસ્થાન :- ૩ - (૨૨, ૨૧, ૧૭) **બંધભાંગા :-** ૧૨
ઉદયસ્થાન :- ૫ - (૬,૭,૮,૯,૧૦) **ઉદયભાંગા :-** ૩૮૪
સત્તાસ્થાન :- ૬ - (૨૮,૨૭,૨૬,૨૪,૨૨,૨૧)

દેવગતિમાં ૧ થી ૪ ગુણ. હોવાથી નરકગતિમાં જણાવ્યા પ્રમાણે જ બંધસ્થાન વિગેરે સંભવે છે. વિશેષતા એટલી કે દેવગતિમાં નપું. વેદનો ઉદય હોય નહી તેથી ષોડશક થાય છે.

કષાય ૪ × ૨ યુગલ ૨ વેદ = ૧૬

બંધસ્થાન	બંધભાંગા	ઉદયસ્થાન	ઉદય ષોડ.	પદ ષોડ.	સત્તાસ્થાન
૨૨	૬	૭,૮,૯,૧૦	૮	૬૮	૨૮,૨૭,૨૬
૨૧	૪	૭,૮,૯	૪	૩૨	૨૮
૧૭	૨	૬,૭,૮,૯	૧૨	૯૨	૨૮,૨૭,૨૪,૨૨,૨૧
કુલ ૩	૧૨	૫	૨૪	૧૯૨	૬

અહીં વિસ્તૃત સંવેધ નરક ગતિ પ્રમાણે છે. પણ અષ્ટકની જગ્યાએ ષોડશક સમજવા.

(૫) એકે. (૬) બેઈ (૭) તેઈ (૮) ચઉ (૯) પૃથ્વી (૧૦) અપ. (૧૧) વન.

બંધસ્થાન :- ૨ - (૨૨, ૨૧,) **બંધભાંગા** :- ૧૦
ઉદયસ્થાન :- ૪ - (૭,૮,૯,૧૦) **ઉદયભાંગા** :- ૬૪
સત્તાસ્થાન :- ૩ - (૨૮,૨૭,૨૬)

એકે વિગેરે ૭ માર્ગણામાં પ્રથમના બે ગુણ. હોવાથી ૨૨ અને ૨૧ એ પ્રમાણે બે બંધસ્થાન સંભવે છે.

સામાન્યથી ૨૨ના બંધમાં ૭નું ઉદયસ્થાન જે અનં. રહિતનું છે. અનં. ની વિસંયોજના કરીને આવેલા છે. તે એકે. વિગેરેને ન સંભવે. કારણ ત્યાં અનં. ની વિસંયોજના કરતો નથી અને મિથ્યાત્વ ગુણઠાણે અનં. ના ઉદય વિના જીવ મરે નહિં. તેથી પૂર્વભવમાંથી આવેલો પણ ન સંભવે તેથી ૨૨ના બંધમાં ૮, ૯ અને ૧૦ એ ત્રાણ ઉદયસ્થાન સંભવે.

૨૨ અને ૨૧ નો બંધ હોવાથી ૨૮, ૨૭, ૨૬ એ ત્રાણ સત્તા. સંભવે એકે. વિ. ૭ને એક નપું. વેદનો જ ઉદય હોવાથી ચોવીશીને બદલે અષ્ટક થાય.

૨૨ના બંધમાં ૮ વિ. ત્રાણ ઉદયસ્થાન હોવાથી ૪ અષ્ટક થાય.

સામાન્ય સંવેધ

બંધસ્થાન	બંધભાંગા	ઉદયસ્થાન	ઉદય અષ્ટક	પદ અષ્ટક	સત્તાસ્થાન
૨૨	૬	૮,૯,૧૦	૪	૩૬	૨૮,૨૭,૨૬
૨૧	૪	૭,૮,૯	૪	૩૨	૨૮
કુલ ૨	૧૦	૪	૮	૬૮	૩

વિસ્તૃત સંવેધ આ પ્રમાણે :-

★ ૨૨ નું બંધસ્થાન **બંધભાંગા - ૬** **ઉદય ભાં.ઉપર**

ઉદય સ્થાનક	ઉદય અષ્ટક	ઉદય ભાંગા	પદ અષ્ટક	પદવૃંદ	સત્તાસ્થાન
૮ નું	૧	૮	૮	૮ × ૮ = ૬૪	૮ × ૩ (૨૮,૨૭,૨૬)
૯ નું	૨	૧૬	૧૮	૧૮ × ૮ = ૧૪૪	૧૬ × ૩ (૨૮,૨૭,૨૬)
૧૦ નું	૧	૮	૧૦	૧૦ × ૮ = ૮૦	૮ × ૩ (૨૮,૨૭,૨૬)
	૪	૩૨	૩૬	૨૮૮	

★ ૨૧ નું બંધસ્થાન **બંધભાંગા - ૪**

ઉદય સ્થાનક	ઉદય અષ્ટક	ઉદય ભાંગા	પદ અષ્ટક	પદવૃંદ	સત્તાસ્થાન ઉ.ભાં.
૭ નું	૧	૮	૭	૮ × ૭ = ૫૬	૮ × ૧ (૨૮)
૮ નું	૨	૧૬	૧૬	૧૬ × ૮ = ૧૨૮	૧૬ × ૧ (૨૮)
૯ નું	૧	૮	૯	૯ × ૮ = ૭૨	૮ × ૧ (૨૮)
	૪	૩૨	૩૨	૨૫૬	

૧૨) પંચેન્દ્રિય જાતિ

પંચેન્દ્રિયને સર્વે ગુણઠાણા સંભવતા હોવાથી સામાન્યથી મોહનીયના સંવેધ પ્રમાણે સંવેધ જાણવો. (જૂઓ પા. ૨૧ થી ૩૯)

૧૩) તેઉકાય **૧૪) વાઉકાય**

બંધસ્થાન :- ૧ - (૨૨ નું.) **બંધભાંગા :-** ૬
ઉદયસ્થાન :- ૩ - (૮,૯,૧૦) **ઉદયભાંગા :-** ૩૨
સત્તાસ્થાન :- ૩ - (૨૮,૨૭,૨૬)

તેઉ-વાયુને પહેલું જ ગુણ. હોવાથી એક ૨૨નો બંધ સંભવે ૭નું ઉદયસ્થાન પૂર્વે એકે. માં જણાવ્યા મુજબ ન સંભવે.

તેઉ-વાયુને એક નપું. વેદનો ઉદય હોવાથી અષ્ટક થાય છે.

બંધસ્થાન	બંધભાંગા	ઉદયસ્થાન	ઉદયઅષ્ટક	પદ અષ્ટક	સત્તાસ્થાન
૨૨	૬	૮,૯,૧૦	૪	૩૬	૨૮,૨૭,૨૬
કુલ ૧	૬	૩	૪	૩૬	૩

સંવેધ આ પ્રમાણે :-

★ ૨૨ નું બંધસ્થાન બંધભાંગા - ૬

ઉદય સ્થાનક	ઉદય અષ્ટક	ઉદય ભાંગા	પદ અષ્ટક	પદવૃંદ	સત્તાસ્થાન ઉ.ભાં.
૮ નું	૧	૮	૮	૮ × ૮ = ૬૪	૮ × ૩ (૨૮,૨૭,૨૬)
૯ નું	૨	૧૬	૧૮	૧૮ × ૮ = ૧૪૪	૧૬ × ૩ (૨૮,૨૭,૨૬)
૧૦ નું	૧	૮	૧૦	૧૦ × ૮ = ૮૦	૮ × ૩ (૨૮,૨૭,૨૬)
	૪	૩૨	૩૬	૨૮૮	

૧૫) ત્રસકાય

ત્રસકાયને સર્વે ગુણઠાણા સંભવતા હોવાથી મોહનીયના સામાન્ય સંવેધ મુજબ સંપૂર્ણ સંવેધ જાણવો. (જુઓ પા. ૨૧ થી ૩૯)

૧૬) મનોયોગ ૧૭) વચનયોગ ૧૮) કાયયોગ

મનોયોગી વિગેરે ત્રણને ૧ થી ૧૩ ગુણ. હોવાથી બંધસ્થાન વિગેરે સર્વે સંભવે માટે મોહનીયના સામાન્ય સંવેધ પ્રમાણે સંવેધ જાણવો. (જુઓ પા. ૨૧થી ૩૯)

૧૯) પુરૂષવેદ

બંધસ્થાન :- ૬ - (૨૨,૨૧,૧૭,૧૩,૯,૫) **બંધભાંગા** :- ૧૭
ઉદયસ્થાન :- ૮ - (૧૦,૯,૮,૭,૬,૫,૪,૨) **ઉદયભાંગા** :- ૩૨૪
સત્તાસ્થાન :- ૧૦ - (૨૮,૨૭,૨૬,૨૪,૨૩,૨૨,૨૧,૧૩,૧૨,૧૧)

પુરૂષવેદનો ઉદય ૧ થી ૯ ગુણ. સુધી હોય છે. (૯મા ગુણ. ના અમુક સમય સુધી જ વેદોદય હોય છે.)

૪ વિ. બંધસ્થાનો પુરૂષવેદના ઉદયવિચ્છેદ અને બંધવિચ્છેદ પછી સંભવે છે. એટલે પુરૂષવેદના બંધવિચ્છેદ સાથે જ વેદનો ઉદય વિચ્છેદ થાય છે. તેથી ત્રણેવેદીને ૪ વિ. બંધસ્થાનો ન સંભવે.

૧નું ઉદય સ્થાન વેદોદયના વિચ્છેદ પછી સંભવે છે. માટે અહીં વેદોદય માર્ગણા હોવાથી ન સંભવે.

પુરૂષવેદીને ૫ વિગેરે સત્તાસ્થાનો ૪ વિ. બંધસ્થાનોમાં સંભવે છે. તે વખતે વેદનો ઉદય ન હોવાથી એ બંધસ્થાનોનો અભાવ છે. તેથી સત્તાસ્થાનો પણ ન સંભવે.

એક પોતાના વેદનો ઉદય હોવાથી અહીં ચોવીસી ન થતાં અષ્ટક થાય છે.

અહીં ૨૨ થી ૯ સુધીના સર્વે બંધસ્થાનો સંભવતા હોવાથી મોહનીયના સામાન્ય સંવેધમાં જણાવ્યા પ્રમાણે ૪૦ અષ્ટક અને ૨૮૮ પદ અષ્ટક થાય છે પરંતુ ચોવીશી ન હોય.

૫ના બંધમાં એક પુ. વેદનો ઉદય વિવક્ષવાથી ૪ ઉદયભાંગા હોય છે. (૧૨ ઉ. ભાંગા ન થાય) કુલ ઉદયભાંગા ૩૨૪ થાય.

સામાન્ય સંવેધ કરતાં માત્ર ચોવીશીના બદલે અષ્ટક અને ઉદયભાંગામાં ઉપર પ્રમાણે તફાવત છે. તેથી અહિં ૯ના બંધ સુધીનો સંવેધ સામાન્ય સંવેધ મુજબ સંપૂર્ણ સંવેધ છે. ફક્ત ચોવીશીના બદલે પુરુષવેદમાં અષ્ટક જાણવા અને ૫ ના બંધનો સંવેધ આ પ્રમાણે-

★ બંધસ્થાન - ૫ નું **બંધભાંગા - ૧**

ઉદય સ્થાનક	ઉદય અષ્ટક	ઉદય ભાંગા	પદ અષ્ટક	પદવૃંદ	સત્તાસ્થાન ઉ.ભાં.
૧ (૨નું)	૦	૪	૦	૮	૪ × ૬ (૨૮,૨૪,૨૧,૧૩,૧૨,૧૧)

સંક્ષિપ્તમાં બધા બંધસ્થાનનો સંવેધ

બંધસ્થાન	બંધભાંગા	ઉદય સ્થાન	ઉદય અષ્ટક	પદ અષ્ટક	સત્તાસ્થાન
૨૨	૬	૧૦,૯,૮,૭	૮	૬૮	૨૮,૨૭,૨૬
૨૧	૪	૭,૮,૯	૪	૩૨	૨૮
૧૭	૨	૬,૭,૮,૯	૧૨	૯૨	૨૮,૨૭,૨૪,૨૩,૨૨,૨૧
૧૩	૨	૫,૬,૭,૮	૮	૫૨	૨૮,૨૪,૨૩,૨૨,૨૧
૯	૨	૪,૫,૬,૭	૮	૪૪	૨૮,૨૪,૨૩,૨૨,૨૧
૫	૧	૨	૦	૦	૨૮,૨૪;૨૧,૧૩,૧૨,૧૧
કુલ ૬	૧૭	૮	૪૦	૨૮૮	૧૦

૨૦) સ્ત્રીવેદ

બંધસ્થાન :- ૬ - (૨૨,૨૧,૧૭,૧૩,૯,૫) **બંધભાંગા :-** ૧૭
ઉદયસ્થાન :- ૮ - (૧૦,૯,૮,૭,૬,૫,૪,૨) **ઉદયભાંગા :-** ૩૨૪
સત્તાસ્થાન :- ૯ - (૨૮,૨૭,૨૬,૨૪,૨૩,૨૨,૨૧,૧૩,૧૨)

સ્ત્રીવેદને સર્વે પુરૂષવેદમાં જણાવ્યા મુજબ જાણવું, પરંતુ વિશેષતા એટલી કે ૧૧ વિગેરે સત્તાસ્થાનો ૪ વિગેરેના બંધમાં સંભવે છે, પરંતુ અહીં ૪ વિ. બંધસ્થાનોનો અભાવ હોવાથી સ્ત્રીવેદીને ૧૧ વિગેરે સત્તાસ્થાનો ન સંભવે. અહીં ઉદય અષ્ટકમાં સ્ત્રીવેદના ભાંગા સમજવા.*

૨૨ વિગેરે બંધસ્થાનોનો સંવેધ પુરુષવેદની જેમ તથા પના બંધનો સંવેધ આ પ્રમાણે

★ બંધસ્થાન - ૫ નું **બંધભાંગા - ૧**

ઉદય સ્થાનક	ઉદય અષ્ટક	ઉદય ભાંગા	પદ અષ્ટક	પદવૃંદ	સત્તાસ્થાન ઉ.ભાં.
૧ (૨નું)	૦	૪	૦	૮	૪ × ૫ (૨૮,૨૪,૨૧,૧૩,૧૨)

૨૧) નપુંસકવેદ

બંધસ્થાન :- ૬ - (૨૨,૨૧,૧૭,૧૩,૯,૫) **બંધભાંગા :-** ૧૭
ઉદયસ્થાન :- ૮ - (૧૦,૯,૮,૭,૬,૫,૪,૨) **ઉદયભાંગા :-** ૩૨૪
સત્તાસ્થાન :- ૮ - (૨૮,૨૭,૨૬,૨૪,૨૩,૨૨,૨૧,૧૩)

નપું. વેદીને પણ સર્વે પુરૂષવેદમાં જણાવ્યા મુજબ જાણવું પરંતુ ૧૧ વિગેરે સત્તાસ્થાનો ૪ વિગેરેના બંધમાં સંભવે છે. પરંતુ અહીં ૪ વિગેરે બંધસ્થાનનો અભાવ હોવાથી ૧૨ વિગેરે સત્તાસ્થાનો ન સંભવે. અહીં ઉદય અષ્ટકમાં નપુ. વેદ જાણવો.

૨૨ વિગેરે બંધસ્થાનોનો સંવેધ પુરૂષવેદ પ્રમાણે તથા પના બંધનો સંવેધ આ પ્રમાણે

★ બંધસ્થાન - ૫ નું **બંધભાંગા - ૧**

ઉદય સ્થાનક	ઉદય અષ્ટક	ઉદય ભાંગા	પદ અષ્ટક	પદવૃંદ	સત્તાસ્થાન ઉ.ભાં.
૧ (૨નું)	૦	૪	૦	૮	૪ × ૪ (૨૮,૨૪,૨૧,૧૩)

* નપું. વેદના ઉદયે શ્રેણી ચડનારને નપું. અને સ્ત્રીવેદના ક્ષય સાથે પુરૂષવેદનો બંધ વિચ્છેદ થાય છે. તેથી ૧૨નું સત્તાસ્થાન ન હોય. સ્ત્રી વેદના ઉદયે શ્રેણી ચડનારને સ્ત્રી વેદના ક્ષય સાથે જ પુરૂષવેદનો બંધ વિચ્છેદ થાય છે.

૨૨) ક્રોધ

બંધસ્થાન :- ૭ - (૨૨,૨૧,૧૭,૧૩,૯,૫,૪) **બંધભાંગા** :- ૧૮
ઉદયસ્થાન :- ૯ - (૧૦,૯,૮,૭,૬,૫,૪,૨,૧) **ઉદયભાંગા** :- ૨૪૪
સત્તાસ્થાન :- ૧૨ - (૨૮,૨૭,૨૬,૨૪,૨૩,૨૨,૨૧,૧૩,૧૨,૧૧,૫,૪)

ક્રોધનો ઉદય ૧ થી ૯ ગુણ સુધી હોય છે. ૯ મા ગુણ. જ્યારે ક્રોધનો ઉદય વિચ્છેદ થાય છે ત્યારે જ ક્રોધનો બંધવિચ્છેદ પણ થાય છે. તેથી ૩ વિ. બંધસ્થાનો ન સંભવે અને ત્યારે ક્રોધનો ઉદય ન હોવાથી ૩ વિગેરે સત્તાસ્થાનો પણ ન સંભવે.

એક (ક્રોધ) કષાયનો ઉદય હોવાથી ચોવીસી ન થતાં ષટ્ક થાય છે.

૧ (ક્રોધ) કષાય × ૩ વેદ × ૨ યુગલ = ૬

કષાયોદયમાં ૨૨ થી ૯ સુધીના સર્વે બંધસ્થાનો સંભવતા હોવાથી મોહનીય કર્મના સામાન્ય સંવેધમાં જણાવ્યા મુજબ ૪૦ ષટ્ક અને ૨૮૮ પદ ષટ્ક જાણવા.

૫ના બંધમાં એક કષાયનો ઉદય હોવાથી દ્વિકોદયના ૩ ભાંગા થાય.

૧ કષાય × ૩ વેદ = ૩ ભાંગા ઉદયભાંગા ઉપર સંવેધ આ પ્રમાણે

	ઉ. ભાં.	સત્તાસ્થાન
પુ.	૧ × ૬	(૨૮,૨૪,૨૧,૧૩,૧૨,૧૧)
સ્ત્રી.	૧ × ૫	(૨૮,૨૪,૨૧,૧૩,૧૨)
નપુ.	૧ × ૪	(૨૮,૨૪,૨૧,૧૩)

૪ના બંધે માત્ર ૧ કષાયનો ઉદય હોવાથી એકોદયનો ૧ ભાંગો.

આમ ૨ના ઉદયના ૩ ભાંગા અને એકોદયનો એક એ પ્રમાણે ૪ ભાંગા થાય.

અહીં ૯ના બંધ સુધી સામાન્ય સંવેધ જે આગળ કહ્યો તે પ્રમાણે સમજવો. ફક્ત ચોવીસીને બદલે ષટ્ક સમજવા તથા ચોવીસી ભાંગાને બદલે ષટ્ક ઉપર સત્તાસ્થાન સમજવા તથા ૫ અને ૪ના બંધ નો સંવેધ આ પ્રમાણે.

બંધ સ્થાન	બંધ ભાંગા	ઉદય સ્થાન	ષટ્ક	ભાંગા	પદ	ષટ્ક	પદ	વૃંદ	સત્તા સ્થાન
૫નું	૧	૧(૨નું)	૦	૩		૦		૬	૨૮,૨૪,૨૧,૧૩,૧૨,૧૧
૪નું	૧	૧(૧નું)	૦	૧		૦		૧	૨૮,૨૪,૨૧,૧૧,૫,૪
				૪				૭	

અહીં ૪ના બંધે સ્ત્રી વેદે અને નપું. વેદે ક્ષપક શ્રેણી ચડનારને ૧૧નું સત્તાસ્થાન પણ ઘટે અને પુ. વેદ વાળાને ૫નું પણ ઘટે.

બંધસ્થાન	બંધભાંગા	ઉદયસ્થાન	ઉદયષટ્ક	પદ ષટ્ક	સત્તાસ્થાન
૨૨	૬	૭,૮,૯,૧૦	૮	૬૮	૨૮,૨૭,૨૬
૨૧	૪	૭,૮,૯	૪	૩૨	૨૮
૧૭	૨	૬,૭,૮,૯	૧૨	૯૨	૨૮,૨૭,૨૪,૨૩,૨૨,૨૧
૧૩	૨	૫,૬,૭,૮	૮	૫૨	૨૮,૨૪,૨૩,૨૨,૨૧
૯	૨	૪,૫,૬,૭	૮	૪૪	૨૮,૨૪,૨૩,૨૨,૨૧
૫	૧	૨	૦	૦	૨૮,૨૪,૨૧,૧૩,૧૨,૧૧
૪	૧	૧	૦	૦	૨૮,૨૪,૨૧,૧૧,૫,૪
કુલ ૭	૧૮	૯	૪૦	૨૮૮	૧૨

પાંચના બંધે બેના ઉદયમાં ૩ ભાંગા અને ૪ના બંધે એકના ઉદયના ૧ ભાંગો હોય. કુલ ઉદય ભાંગા ૨૪૪ થાય તેમજ પદવૃંદ ૨૮૮ × ૬ = ૧૭૨૮ તેમજ બે અને એકના ઉદયનાં ૭ સહિત ૧૭૩૫ પદવૃંદ થાય.

(૨૩) માન

બંધસ્થાન :- ૮ - (૨૨,૨૧,૧૭,૧૩,૯,૫,૪,૩) **બંધભાંગા** :- ૧૯
ઉદયસ્થાન :- ૯ - (૧૦,૯,૮,૭,૬,૫,૪,૨,૧) **ઉદયભાંગા** :- ૨૪૫
સત્તાસ્થાન :- ૧૩ - (૨૮,૨૭,૨૬,૨૪,૨૩,૨૨,૨૧,૧૩,૧૨,૧૧,૫,૪,૩)

માનોદય ૧ થી ૯ ગુણ. સુધી હોય છે. માનનો બંધ અને ઉદય વિચ્છેદ સાથે જ થાય છે. તેથી બે વિ. બંધસ્થાનો ન સંભવે અને માનોદય હોવાથી બે વિ. સત્તાસ્થાનો પણ ન સંભવે.

શેષ સર્વે ક્રોધ માર્ગણામાં જણાવ્યા મુજબ જાણવું.

૫-૪-૩ ના બંધનો સંવેધ આ પ્રમાણે-

બંધ સ્થાન	બંધ ભાંગા	ઉદય સ્થાન	ષટ્ક	ભાંગા	પદષટ્ક	પદવૃંદ	સત્તા સ્થાન
૫નું	૧	૧(૨નું)	૦	૩	૦	૬	૨૮,૨૪,૨૧,૧૩,૧૨,૧૧
૪નું	૧	૧(૧નું)	૦	૧	૦	૧	૨૮,૨૪,૨૧,૧૧,૫,૪
૩નું	૧	૧(૧નું)	૦	૧	૦	૧	૨૮,૨૪,૨૧,૪,૩
				૫		૮	

અહીં ૫ના બંધે ૨ના ઉદયના ત્રણ ભાંગા છે. આ પ્રમાણે માયા અને લોભના સંવેધમાં પણ સમજવું. પાંચના બંધે બેના ઉદયના ત્રણ ઉદય ભાંગે સત્તાસ્થાન આ પ્રમાણે.

પુ. ૧ × ૬ (૨૮,૨૪,૨૧,૧૩,૧૨,૧૧)
સ્ત્રી. ૧ × ૫ (૨૮,૨૪,૨૧,૧૩,૧૨)
નપુ. ૧ × ૪ (૨૮,૨૪,૨૧,૧૩)

૨૪) માયા

બંધસ્થાન :- ૯ - (૨૨,૨૧,૧૭,૧૩,૯,૫,૪,૩,૨) **બંધભાંગા** :- ૨૦
ઉદયસ્થાન :- ૯ - (૧૦,૯,૮,૭,૬,૫,૪,૨,૧) **ઉદયભાંગા** :- ૨૪૬
સત્તાસ્થાન :- ૧૪ - (૨૮,૨૭,૨૬,૨૪,૨૩,૨૨,૨૧,૧૩,૧૨,૧૧,૫,૪,૩,૨)

માયાનો ઉદય ૧ થી ૯ ગુણ સુધી હોય છે. માયાનો બંધ, ઉદય સાથે વિચ્છેદ થતો હોવાથી ૧નો બંધ સંભવે નહીં અને માયાનો ઉદય હોવાથી ૧ની સત્તા સંભવે નહીં.

શેષ સર્વે ક્રોધ માર્ગણામાં જણાવ્યા મુજબ જાણવું.

૫-૪-૩-૨ ના બંધનો સંવેધ

બંધ સ્થાન	બંધ ભાંગા	ઉદય સ્થાન	ષટ્ક	ભાંગા	પદષટ્ક	પદવૃંદ	સત્તા સ્થાન
૫નું	૧	૧(૨નું)	૦	૩	૦	૬	૨૮,૨૪,૨૧,૧૩,૧૨,૧૧
૪નું	૧	૧(૧નું)	૦	૧	૦	૧	૨૮,૨૪,૨૧,૧૧,૫,૪
૩નું	૧	૧(૧નું)	૦	૧	૦	૧	૨૮,૨૪,૨૧,૪,૩
૨નું	૧	૧(૧નું)	૦	૧	૦	૧	૨૮,૨૪,૨૧,૩,૨
				૬		૯	

૨૫) લોભ

બંધસ્થાન :- ૧૦ - (૨૨,૨૧,૧૭,૧૩,૯,૫,૪,૩,૨,૧) **બંધભાંગા** :- ૨૧
ઉદયસ્થાન :- ૯ - (૧૦,૯,૮,૭,૬,૫,૪,૨,૧) **ઉદયભાંગા** :- ૨૪૮
સત્તાસ્થાન :- ૧૫ - (૨૮,૨૭,૨૬,૨૪,૨૩,૨૨,૨૧,૧૩,૧૨,૧૧,૫,૪,૩,૨,૧)

લોભનો ઉદય ૧ થી ૧૦ ગુણ સુધી હોવાથી બંધસ્થાન વિગેરે સર્વે સંભવે છે. શેષ સર્વે ક્રોધ માર્ગણામાં જણાવ્યા મુજબ જાણવું.

૫-૪-૩-૨-૧ તથા અબંધકનો સંવેધ

બંધ સ્થાન	બંધ ભાંગા	ઉદય સ્થાન	ષટ્ક	ભાંગા	પદષટ્ક	પદવૃંદ	સત્તા સ્થાન
૫નું	૧	૨ નું	૦	૩	૦	૬	૨૮,૨૪,૨૧,૧૩,૧૨,૧૧
૪નું	૧	૧ નું	૦	૧	૦	૧	૨૮,૨૪,૨૧,૧૧,૫,૪
૩નું	૧	૧ નું	૦	૧	૦	૧	૨૮,૨૪,૨૧,૪,૩
૨નું	૧	૧ નું	૦	૧	૦	૧	૨૮,૨૪,૨૧,૩,૨
૧નું	૧	૧ નું	૦	૧	૦	૧	૨૮,૨૪,૨૧,૨,૧
૦નું	૦	૧ નું	૦	૧	૦	૧	૨૮,૨૪,૨૧,૧
				૮		૧૧	

૨૬) મતિજ્ઞાન ૨૭) શ્રુતજ્ઞાન ૨૮) અવધિજ્ઞાન

બંધસ્થાન :- ૮ - (૧૭,૧૩,૯,૫,૪,૩,૨,૧) **બંધભાંગા :-** ૧૧
ઉદયસ્થાન :- ૮ - (૯,૮,૭,૬,૫,૪,૨,૧) **ઉદયભાંગા :-** ૫૯૯
સત્તાસ્થાન :- ૧૩ - (૨૮,૨૪,૨૩,૨૨,૨૧,૧૩,૧૨,૧૧,૫,૪,૩,૨,૧)

મતિ વિગેરે ૩ જ્ઞાન ૪થા ગુણ. થી ૧૨મા ગુણ. સુધી હોય છે તેથી ૨૨ અને ૨૧ એ બે બંધસ્થાન ન સંભવે.

૧૦નું ઉદયસ્થાન પહેલા ગુણઠાણે જ સંભવે તેથી અહીં નહીં ઘટે.

૨૬ની સત્તા પહેલા ગુણઠાણે અને ૨૭ની સત્તા પહેલા અને ત્રીજા ગુણઠાણે જ સંભવતી હોવાથી અહીં ઘટે નહિં.

બંધસ્થાન	બંધભાંગા	ઉદયસ્થાન	ઉદય ચો.	પદ ચો.	સત્તાસ્થાન
૧૭	૨	૬,૭,૮,૯	૮	૬૦	૨૮,૨૪,૨૩,૨૨,૨૧
૧૩	૨	૫,૬,૭,૮	૮	૫૨	૨૮,૨૪,૨૩,૨૨,૨૧
૯	૨	૪,૫,૬,૭	૮	૪૪	૨૮,૨૪,૨૩,૨૨,૨૧
૫	૧	૨	૧૨ ઉ.ભાં.		૨૮,૨૪,૨૧,૧૩,૧૨,૧૧
૪	૧	૧	૪ ભાં.		૨૮,૨૪,૨૧,૧૧,૫,૪
૩	૧	૧	૩ ભાં.		૨૮,૨૪,૨૧,૪,૩
૨	૧	૧	૨ ભાં.		૨૮,૨૪,૨૧,૩,૨
૧	૧	૧	૧ ભાં.		૨૮,૨૪,૨૧,૨,૧
૦	૦	૧	૧ ભાં.		૨૮,૨૪,૨૧,૧
કુલ ૮	૧૧	૮	૨૪ચો.૨૩ભાં.	૧૫૬ ૩૫ પદવૃંદ	૧૦

ઉદય ચો. ૨૪ × ૨૪ = ૫૭૬ + ૨૩ = ૫૯૯ ભાંગા તથા ૧૫૬ × ૨૪ = ૩૬૪૪ + ૩૫ ૩૭૭૯ ૫. વૃંદ થાય છે. અહીં ઉદયભાંગા ઉપર સત્તાસ્થાન વિગેરે વિસ્તાર સામાન્ય સંવેધ પ્રમાણે જાણવા. (જુઓ પાના નં. ૨૭ થી ૩૯)

૨૯) મનઃપર્યવજ્ઞાન

બંધસ્થાન :- ૬ - (૯,૫,૪,૩,૨,૧) **બંધભાંગા :-** ૭
ઉદયસ્થાન :- ૬ - (૭,૬,૫,૪,૨,૧) **ઉદયભાંગા :-** ૨૧૫
સત્તાસ્થાન :- ૧૩ - (૨૮,૨૪,૨૩,૨૨,૨૧,૧૩,૧૨,૧૧,૫,૪,૩,૨,૧)

મનઃપર્યવજ્ઞાન ૬ થી ૧૨ ગુણ. સુધી હોવાથી ૯ વિગેરે બંધસ્થાન અને ૭ વિગેરે ઉદયસ્થાનો સંભવે. ૨૬ અને ૨૭ નું સત્તા. પૂર્વે મતિજ્ઞાનમાં જાણાવ્યા મુજબ ન સંભવે.

બંધસ્થાન	બંધભાંગા	ઉદયસ્થાન	ઉદય ચો.	પદ ચો.	સત્તાસ્થાન
૯	૨	૪,૫,૬,૭	૮	૪૪	૨૮,૨૪,૨૩,૨૨,૨૧
૫	૧	૨	૧૨ ભાં.		૨૮,૨૪,૨૧,૧૩,૧૨,૧૧
૪	૧	૧	૪ ભાં.		૨૮,૨૪,૨૧,૧૧,૫,૪
૩	૧	૧	૩ ભાં.		૨૮,૨૪,૨૧,૪,૩
૨	૧	૧	૨ ભાં.		૨૮,૨૪,૨૧,૩,૨
૧	૧	૧	૧ ભાં.		૨૮,૨૪,૨૧,૨,૧
૦	૦	૧	૧ ભાં.		૨૮,૨૪,૨૧,૧
કુલ ૬	**૭**	**૬**	**૮ચો.૨૩ભાં.**	**૪૪ ચો., ૩૫-પદવૃં.**	**૧૩**

અહીં પણ વિસ્તાર સામાન્ય સંવેધમાં જાણાવ્યા પ્રમાણે છે. (જુઓ પા. ૨૮ થી ૩૯)

૩૦) કેવલજ્ઞાન

કેવલજ્ઞાન ૧૩મા અને ૧૪મા ગુણઠાણે હોવાથી મોહનીય કર્મના બંધ, ઉદય અને સત્તા વિગેરેનો અભાવ હોવાથી એક પણ વિકલ્પ ન સંભવે.

૩૧) મતિઅજ્ઞાન ૩૨) શ્રુતઅજ્ઞાન ૩૩) વિભંગજ્ઞાન

બંધસ્થાન :- ૩ - (૨૨,૨૧,૧૭) **બંધભાંગા :-** ૧૨
ઉદયસ્થાન :- ૪ - (૧૦,૯,૮,૭) **ઉદયભાંગા :-** ૩૮૪
સત્તાસ્થાન :- ૪ - (૨૮,૨૭,૨૬,૨૪)

મતિ વિગેરે ૩ અજ્ઞાન ૧ થી ૩ ગુણ. સુધી હોવાથી ૨૨ વિ. ત્રણ બંધસ્થાન ૧૦ વિ. ચાર ઉદયસ્થાન અને ૨૮ વિ. ચાર સત્તાસ્થાન સંભવે.

બંધસ્થાન	બંધભાંગા	ઉદયસ્થાન	ઉદય ચો.	પદ ચો.	સત્તાસ્થાન
૨૨	૬	૭,૮,૯,૧૦	૮	૬૮	૨૮,૨૭,૨૬
૨૧	૪	૭,૮,૯	૪	૩૨	૨૮
૧૭	૨	૭,૮,૯	૪	૩૨	૨૮,૨૭,૨૪
કુલ ૩	૧૨	૪	૧૬	૧૩૨	૪

પદ ચોવીસીને ૨૪ વડે ગુણવાથી પદવૃંદ આવે.

અહીં અજ્ઞાનને ૧ થી ૩ ગુણ. સંભવે છે. એ મતને આશ્રયી સંવેધ કર્યો છે. અહીં પણ સત્તાસ્થાનોનો વિસ્તારથી સંવેધ સામાન્ય સંવેધ જેમ જાણવો. (જુઓ પા. ૨૫ થી ૨૬)

૩૪) સામાયિક ૩૫) છેદોપસ્થાપનીય

બંધસ્થાન :- ૬ - (૯,૫,૪,૩,૨,૧) **બંધભાંગા** :- ૭
ઉદયસ્થાન :- ૬ - (૭,૬,૫,૪,૨,૧) **ઉદયભાંગા** :- ૨૧૪
સત્તાસ્થાન :-૧૩ - (૨૮,૨૪,૨૩,૨૨,૨૧,૧૩,૧૨,૧૧,૫,૪,૩,૨,૧)

સામા. અને છેદો. ચારિત્ર ૬ થી ૯ ગુણ. સુધી હોય છે. તેથી અહીં સંવેધ મનઃપર્યવ માર્ગણામાં જણાવ્યા મુજબ જાણવો. ફક્ત ૧૦મા ગુણઠાણે ૧ના ઉદયનો ૧ ભાંગો અહીં સંભવે નહીં. તેથી ૨૩ ઉ. ભાં. ના સ્થાને ૨૨ ઉ. ભાંગા સંભવે.

અહીં પણ વિસ્તૃત સંવેધ સામાન્ય સંવેધ પ્રમાણે જાણવો. (જુઓ પા. ૨૭ થી ૩૯)

૩૬) પરિહાર વિશુધ્ધિ

બંધસ્થાન :- ૧ - (૯ નું) **બંધભાંગા** :- ૨
ઉદયસ્થાન :- ૪ - (૭,૬,૫,૪) **ઉદયભાંગા** :- ૧૨૮
સત્તાસ્થાન :- ૫ - (૨૮,૨૪,૨૩,૨૨,૨૧)

પરિહાર વિ. ચારિત્ર દ્વઠ્ઠા અને ૭ મા ગુણઠાણે હોવાથી ૯નું એક બંધસ્થાન, ૪ વિગેરે ચાર ઉદયસ્થાન અને ૨૮ વિ. પાંચ સત્તા સંભવે.

બંધસ્થાન ૯ નું

બંધ ભાંગા	ઉદયસ્થાન	ઉદય ષોડ.	પદ ષોડ.	ઉદય ભાંગા	પદવૃંદ	સત્તાસ્થાન
૨	૪,૫,૬,૭	૮	૪૪	૧૨૮	૭૦૪	૨૮,૨૪,૨૩,૨૨,૨૧

સ્ત્રીવેદીને પરિહાર ચારિત્ર ન હોવાથી અહીં ષોડશક થાય છે.

ઉદયભાંગા ઉપર સત્તાસ્થાન ઓઘસંવેધની જેમ. (જુઓ પા. ૨૮)

૩૭) સૂક્ષ્મસંપરાય

બંધસ્થાન :- ૦ **બંધભાંગા :-** ૦
ઉદયસ્થાન :- ૧ - (૧નું) **ઉદયભાંગા :-** ૧
સત્તાસ્થાન :- ૪ - (૨૮,૨૪,૨૧,૧)

સૂક્ષ્મ સં. ચારિત્ર ૧૦મા ગુણઠાણે હોવાથી બંધનો અભાવ છે અને એક સૂક્ષ્મ લોભનો ઉદય હોવાથી ૧નું એક ઉદયસ્થાન સંભવે છે.

ઉપશમ શ્રેણીવાળાને આશ્રયી ૨૮, ૨૪ અને ૨૧ એ ત્રાણ સત્તા અને ક્ષપક શ્રેણી આશ્રયી ૧નું એક સત્તાસ્થાન એ પ્રમાણે કુલ ચાર સત્તાસ્થાન સંભવે છે. ૧નું સત્તાસ્થાન ક્ષપકને ૧૦ માના ચરમ સમય સુધી જ હોય.

બંધસ્થાન - ૦

ઉદયસ્થાન	ઉદયભાંગા	સત્તાસ્થાન
૧	૧	૨૮,૨૪,૨૧,૧

૩૮) યથાખ્યાત

યથાખ્યાત ચારિત્ર ૧૧ થી ૧૪ ગુણ. સુધી હોવાથી ૧૧મા ગુણઠાણે બંધ અને ઉદયના અભાવે ઉપશામકને ૨૮, ૨૪ અને ૨૧ એ ત્રાણ સત્તાસ્થાન સંભવે છે.

અહીં બંધસ્થાનક, બંધભાંગા, ઉદયસ્થાનક, ઉદયભાંગા, પદવૃન્દ ન હોય.

૩૯) દેશવિરતિ

બંધસ્થાન :- ૧ - (૧૩ નું) **બંધભાંગા :-** ૨
ઉદયસ્થાન :- ૪ - (૫,૬,૭,૮) **ઉદયભાંગા :-** ૧૯૨
સત્તાસ્થાન :- ૫ - (૨૮,૨૪,૨૩,૨૨,૨૧)

દેશવિરતિ ચારિત્ર ૫મા ગુણઠાણે હોવાથી ૧૩નું એક બંધસ્થાન ૫ વિગેરે ચાર ઉદયસ્થાન અને ૨૮ વિ. પાંચ સત્તા. સંભવે.

અહીં પાંચમાં ગુણ. ની જેમ વિસ્તારથી સંવેધ સમજવો.

બંધસ્થાન	બંધભાંગા	ઉદયસ્થાન	ઉદયયો.	પદ યો.	સત્તાસ્થાન
૧૩	૨	૫,૬,૭,૮	૮	૫૨	૨૮,૨૪,૨૩,૨૨,૨૧

૪૦) અવિરતિ

બંધસ્થાન :- ૩ - (૨૨,૨૧,૧૭) **બંધભાંગા** :- ૧૨
ઉદયસ્થાન :- ૫ - (૬,૭,૮,૯,૧૦) **ઉદયભાંગા** :- ૫૭૬
સત્તાસ્થાન :-૭ - (૨૮,૨૭,૨૬,૨૪,૨૩,૨૨,૨૧)

અવિરતિ માર્ગણાએ ૧ થી ૪ ગુણ. હોવાથી સર્વે નરકગતિ માર્ગણામાં જણાવ્યા મુજબ જાણવું પરંતુ વિશેષતા એટલી અવિરતિ ચારે ગતિના જીવ હોવાથી અષ્ટક ન થતાં ચોવીસી થાય અને અવિરતિ મનુષ્યો પણ હોવાથી ૧૭ના બંધમાં ૨૩નું સત્તાસ્થાન પણ સંભવે.

અહીં ૧ થી ૪ ગુણ. સુધીનો વિસ્તારથી સંવેધ જાણવો. (જૂઓ પા. ૧૬૪ થી ૧૬૯)
(જૂઓ પા. ૨૦ થી ૨૬)

૪૧) ચક્ષુદર્શન ૪૨) અચક્ષુદર્શન

ચક્ષુ-અચક્ષુ દર્શન ૧ થી ૧૨ ગુણ. સુધી હોવાથી બંધસ્થાનાદિ સર્વે સંભવે. મોહનીય કર્મના સામાન્ય સંવેધ પ્રમાણે સંવેધ જાણવો. (જૂઓ. પા. ૨૧ થી ૩૯)

અહીં મોહનીયનો સંપૂર્ણ સંવેધ વિસ્તારથી આગળ જણાવેલા છે તે જાણવો.

૪૩) અવધિદર્શન

અવધિદર્શન ૪ થી ૧૨ ગુણ. સુધી હોવાથી મતિજ્ઞાન વિ. ત્રણ જ્ઞાન માર્ગણામાં જણાવ્યા મુજબ સંવેધ જાણવો. (જૂઓ પા. ૨૪ થી ૩૯, તથા ૨૬૯)

૪૪) કેવલદર્શન

કેવલજ્ઞાનમાં જણાવ્યા મુજબ કેવલદર્શનને વિષે જાણવું.

૪૫) કૃષ્ણ ૪૬) નીલ ૪૭) કાપોત ૪૮) તેજો ૪૯) પદમ

બંધસ્થાન :- ૫ - (૨૨,૨૧,૧૭,૧૩,૯) **બંધભાંગા** :- ૧૬
ઉદયસ્થાન :- ૭ - (૧૦,૯,૮,૭,૬,૫,૪) **ઉદયભાંગા** :- ૯૬૦
સત્તાસ્થાન :- ૭ - (૨૮,૨૭,૨૬,૨૪,૨૩,૨૨,૨૧)

કૃષ્ણ વિ. ત્રણ લેશ્યા ૧ થી ૬ ગુણ. સુધી અને તેજો-પદમ લેશ્યા ૧ થી ૭ ગુણ. સુધી સંભવે છે.

૫ વિ. બંધસ્થાન, ૨ વિ. ઉદયસ્થાન અને ૧૩ વિ. સત્તાસ્થાનો ૯મા ગુણસ્થાનથી સંભવતા હોવાથી અહીં સંભવે નહીં.

બંધસ્થાન	બંધભાંગા	ઉદયસ્થાન	ઉદયચો.	પદ ચો.	સત્તાસ્થાન
૨૨	૬	૭,૮,૯,૧૦	૮	૬૮	૨૮,૨૭,૨૬
૨૧	૪	૭,૮,૯	૪	૩૨	૨૮
૧૭	૨	૬,૭,૮,૯	૧૨	૯૨	૨૮,૨૭,૨૪,૨૩,૨૨,૨૧
૧૩	૨	૫,૬,૭,૮	૮	૫૨	૨૮,૨૪,૨૩,૨૨,૨૧
૯	૨	૪,૫,૬,૭	૮	૪૪	૨૮,૨૪,૨૩,૨૨,૨૧
કુલ ૫	૧૬	૭	૪૦	૨૮૮	૭

કૃષ્ણાદિ ત્રણ લેશ્યાને ૧ થી ૬ ગુણઠાણા પૂર્વપ્રતિપન્નની અપેક્ષાએ છે. પરંતુ પ્રતિપદ્યમાનની વિવક્ષાએ ચાર ગુણ હોય.

અહીં ક્ષાયિક સમકિત પામતી વખતે ૨૩નું સત્તાસ્થાન હોય અને તે વખતે શુભલેશ્યા હોય તેથી કૃષ્ણાદિ ૩ લેશ્યમાં ૨૩ નું સત્તાસ્થાન ઘટી શકે નહીં. નરકમાં જતી વખતે ૨૨નું સત્તાસ્થાન ઘટી શકે. (શેષ સંવેધ માટે જૂઓ પા. ૨૦ થી ૩૬)

૫૦) શુક્લલેશ્યા

શુક્લ લેશ્યાને ૧ થી ૧૩ ગુણ. હોવાથી મોહનીયના સામાન્ય સંવેધ પ્રમાણે સર્વે જાણવું. (જૂઓ પા. ૨૧ થી ૩૯)

૫૧) ભવ્ય

ભવ્યને સર્વે ગુણઠાણા હોવાથી બંધસ્થાનાદિ સર્વે સંભવતા હોવાથી મોહનીયના સામાન્ય સંવેધ પ્રમાણે સંવેધ જાણવો. (જૂઓ પા. ૨૧ થી ૩૯)

૫૨) અભવ્ય

બંધસ્થાન :- ૧ - (૨૨ નું) **બંધભાંગા** :- ૬
ઉદયસ્થાન :- ૩ - (૧૦,૯,૮) **ઉદયભાંગા** :- ૯૬
સત્તાસ્થાન :- ૧ - (૨૬ નું)

અભવ્યને એક પહેલું જ ગુણસ્થાન હોવાથી ૨૨નું એક જ બંધસ્થાન છે. અભવ્ય અનંતા.ની વિસંયોજના કરે નહિં તેથી ૭નું ઉદયસ્થાન ન ઘટે અને ૨૭, ૨૮ નું સત્તાસ્થાન ઉપ. સમ. ની પ્રાપ્તિ પછી જ સંભવતું હોવાથી એક ૨૬ નું જ સત્તાસ્થાન સંભવે.

બંધસ્થાન	બંધભાંગા	ઉદયસ્થાન	ઉદય ચો.	પદ ચો.	સત્તાસ્થાન
૨૨	૬	૮,૯,૧૦	૪	૩૬	(૧) ૨૬નું

અનંતાના ઉદયવાળી ૪ ચો. અને ૩૬ પદ ચો. સંભવે તથા બધા ઉદયભાંગે એક ૨૬નું જ સત્તાસ્થાન હોય. અનંતાનુબંધીના ઉદયવિનાની ચોવીસી ન ઘટે.

૫૩) ઉપશમ

બંધસ્થાન :- ૮ - (૧૭,૧૩,૯,૫,૪,૩,૨,૧,૦) **બંધભાંગા :-** ૧૧
ઉદયસ્થાન :- ૭ - (૮,૭,૬,૫,૪,૨,૧) **ઉદયભાંગા :-** ૩૧૧
સત્તાસ્થાન :- ૨ - (૨૮,૨૪)

ઉપ. સમ. ૪ થી ૧૧ ગુણ. સુધી હોવાથી ૨૨ અને ૨૧ વિના શેષ ૮ બંધસ્થાન સંભવે.

૧૦ નું ઉદયસ્થાન મિથ્યાદ્રષ્ટિને તથા ૯ નું ઉદયસ્થાન બીજે, ત્રીજે અને ચોથે ગુણઠાણે ક્ષાયો. સમકિતીને હોવાથી અહીં એ બે ઉદયસ્થાન વિના શેષ ૭ ઉદયસ્થાન સંભવે.

૨૭નું અને ૨૬નું સત્તા. ૧લા અને ૩જા ગુણઠાણે સંભવતા હોવાથી અહીં ન સંભવે. અને ૨૩, ૨૨ નું સત્તા ક્ષાયો. સમ. ને હોય તથા ૨૧ વિ. સત્તા. ક્ષાયિક સમ. ને હોય છે. તેથી તે પણ ન સંભવે માટે ૨૮ અને ૨૪ એ બે સત્તા. જ સંભવે, અહીં ક્ષાયો., સમ્ય.ની ચોવીસી ન સંભવે.

★ ૨૪ની સત્તા અનં. કષાયની વિસંયોજના કરનાર ક્ષાયો. સમ્ય. ને તથા ૨૮ની સત્તા ઉપશમ સમ્યક્ત્વ પામનાર ચારે ગતિના જીવોને હોય અને ૨૪ની સત્તા ઉપશમ શ્રેણીમાં મનુષ્યને હોય. નવા ઉપ. સમ્યક્ત્વીને ૨૪ની સત્તા ન હોય.

બંધસ્થાન	બંધભાંગા	ઉદયસ્થાન	ઉદય ચો.	પદ ચો.	સત્તાસ્થાન
૧૭	૨	૬,૭,૮	૪	૨૮	૨૮,૨૪*
૧૩	૨	૫,૬,૭	૪	૨૪	૨૮,૨૪
૯	૨	૪,૫,૬	૪	૨૦	૨૮,૨૪
૫	૧	૨	૧૨ ઉ.ભાં.		૨૮,૨૪
૪	૧	૧	૪ ઉ. ભાં.		૨૮,૨૪
૩	૧	૧	૩ ઉ. ભાં.		૨૮,૨૪
૨	૧	૧	૨ ઉ. ભાં.		૨૮,૨૪
૧	૧	૧	૧ ઉ. ભાં.		૨૮,૨૪
૦	૦	૧	૧ ઉ. ભાં.	___	૨૮,૨૪
કુલ ૮	**૧૧**	**૭**	**૧૨ચો.૨૩ ઉ. ભાં.**	**૭૨**	**૨**

★ ૨૪ સત્તા ક્ષાયોપશમ સમ્યક્ત્વીને અનં. ના વિસંયોજક ચારે ગતિના જીવોને હોય. પરંતુ ઉપશમ સમ્યક્ત્વીને ઉપશમ શ્રેણી કરનાર મનુષ્યને હોય, નવા ઉપશમ સમ્યક્ત્વીને ન હોય.

* અહીં ૪-૫ ગુણ.માં ૨૪ની સત્તા તે ૬-૭ ગુણ. માં ઉપ. પામી ૨૪ની સત્તાવાળો ઉપ. શ્રેણીમાંથી પડતાં આવે. તે અપેક્ષાએ ઘટે.

૫૪) ક્ષાયિક

ક્ષાયિક સમ્ય. ને બંધસ્થાન, બંધભાંગા, ઉદયસ્થાન, ઉદયભાંગા વિગેરે સર્વે ઉપ. સમ. સમ્યક્ત્વમાં જાણાવ્યા મુજબ જાણવું પરંતુ સત્તાસ્થાન ૨૧ વિ. ૯ સંભવે. કારણ ક્ષપક શ્રેણીમાં ક્ષાયિક સમ. હોવાથી ૫ વિગેરેના બંધમાં ૧૩ વિગેરે સત્તાસ્થાનો યથાસંભવ જાણવા અને ૧૭, ૧૩ અને ૯ના બંધમાં ૨૧નું એક સત્તાસ્થાન જાણવું. ઉપશમ શ્રેણિમાં ક્ષાયિક સમ્યક્ત્વીને ૨૧નું જાણવું.

બંધસ્થાન	બંધભાંગા	ઉદયસ્થાન	ઉદય ચો.	પદ ચો.	સત્તાસ્થાન
૧૭	૨	૬,૭,૮	૪	૨૮	૨૧
૧૩	૨	૫,૬,૭	૪	૨૪	૨૧
૯	૨	૪,૫,૬	૪	૨૦	૨૧
૫	૧	૨	૧૨ ઉ.ભાં.		૨૧,૧૩,૧૨,૧૧
૪	૧	૧	૪ ઉ. ભાં.		૨૧,૧૧,૫,૪
૩	૧	૧	૩ ઉ. ભાં.		૨૧,૪,૩
૨	૧	૧	૨ ઉ. ભાં.		૨૧,૩,૨
૧	૧	૧	૧ ઉ. ભાં.		૨૧,૨,૧
૦	૦	૧	૧ ઉ. ભાં.		૨૧,૧
કુલ ૮	૧૧	૭	૧૨ચો.૨૩ભાં.	૭૨	૯

૫ના બંધનો સંવેધ **બંધ ભાં. - ૧** **ઉદયભાંગા - ૧૨**

ઉદયભાંગા

પુ. ૪ × ૪ (૨૧,૧૩,૧૨,૧૧)
સ્ત્રી. ૪ × ૩ (૨૧,૧૩,૧૨)
નપુ. ૪ × ૨ (૨૧, ૧૩)

૫૫) ક્ષાયોપશમ

બંધસ્થાન :- ૩ - (૧૭,૧૩,૯) **બંધભાંગા** :- ૬
ઉદયસ્થાન :- ૫ - (૯,૮,૭,૬,૫) **ઉદયભાંગા** :-૨૮૮
સત્તાસ્થાન :- ૪ - (૨૮,૨૪,૨૩,૨૨)

ક્ષાયો. સમ. ૪ થી ૭ ગુણ. સુધી હોય છે. તેથી ૧૭ વિ. ત્રણ બંધસ્થાન સંભવે.

૧૦ નું ઉદયસ્થાન મિથ્યાદ્રષ્ટિને અને ૪ વિ. ઉદયસ્થાનો ઉપ. કે ક્ષાયિક સમકિતીને સંભવતા હોવાથી અહીં ન સંભવે.

૨૬ અને ૨૭નું સત્તા. ૪થા ગુણ. થી ન સંભવે અને ૨૧ વિ. સત્તાસ્થાનો ક્ષાયિક સમ. વાળાને હોવાથી શેષ ચાર સત્તા. સંભવે.

અહીં ઉપ. કે ક્ષાયિક સમ. ની ચોવીસી ન સંભવે.

બંધસ્થાન	બંધભાંગા	ઉદયસ્થાન	ઉદય ચો.	પદ ચો.	સત્તાસ્થાન
૧૭	૨	૭,૮,૯	૪	૩૨	૨૮,૨૪,૨૩,૨૨
૧૩	૨	૬,૭,૮	૪	૨૮	૨૮,૨૪,૨૩,૨૨
૯	૨	૫,૬,૭	૪	૨૪	૨૮,૨૪,૨૩,૨૨
કુલ ૩	૬	૫	૧૨	૮૪	૪

૫૬) મિશ્ર

બંધસ્થાન :- ૧ (૧૭ નું)
બંધભાંગા :- ૨
ઉદયસ્થાન :- ૩ (૭,૮,૯)
ઉદયભાંગા :- ૯૬
સત્તાસ્થાન :- ૪ (૨૮,૨૭,૨૪)

મિશ્ર સમ્ય. ત્રીજા ગુણઠાણે હોવાથી ઉપર જણાવ્યા મુજબ બંધસ્થાનાદિ સંભવે છે.

બંધસ્થાન	બંધભાંગા	ઉદયસ્થાન	ઉદય ચો.	પદ ચો.	સત્તાસ્થાન
૧૭	૨	૭,૮,૯	૪	૩૨	૨૮,૨૭,૨૪

અહીં વિસ્તારથી સંવેદ ત્રીજા ગુણ. ની જેમ સમજવું. (જુઓ પા. ૧૫૫-૨૬)

૫૭) સાસ્વાદન

બંધસ્થાન :- ૧ - (૨૧નું)
બંધભાંગા :- ૨
ઉદયસ્થાન :- ૩ - (૭,૮,૯)
ઉદયભાંગા :- ૯૬
સત્તાસ્થાન :- ૧ - (૨૮નું)

સાસ્વા. સમ્ય. બીજા ગુણઠાણે હોવાથી ઉપર જણાવ્યા મુજબ બંધસ્થાનાદિ સંભવે છે.

બંધસ્થાન	બંધભાંગા	ઉદયસ્થાન	ઉદય ચો.	પદ ચો.	સત્તાસ્થાન
૨૧	૪	૭,૮,૯	૪	૩૨	૨૮

અહીં વિસ્તારથી સંવેધ સાસ્વાદન ગુણ. ની જેમ સમજવો.

૫૮) મિથ્યાત્વ

બંધસ્થાન :- ૧ - (૨૨ નું) **બંધભાંગા :-** ૬
ઉદયસ્થાન :- ૪ - (૭,૮,૯,૧૦) **ઉદયભાંગા :-** ૧૯૨
સત્તાસ્થાન :- ૩ - (૨૮,૨૭,૨૬)

મિથ્યાત્વ પહેલા ગુણ. માં હોવાથી ઉપર જણાવ્યા મુજબ બંધસ્થાનાદિ ઘટે.

બંધસ્થાન	બંધભાંગા	ઉદયસ્થાન	ઉદય ચો.	પદ ચો.	સત્તાસ્થાન
૨૨	૬	૭,૮,૯,૧૦	૮	૬૮	૨૮,૨૭,૨૬

અહીં વિસ્તારથી સંવેધ પ્રથમ ગુણ. ની જેમ સમજવો. (જુઓ પા. ૨૫)

૫૯) સંજ્ઞી

સંજ્ઞીને સર્વે ગુણઠાણા હોવાથી બંધસ્થાનાદિ સર્વે સંભવે છે. મોહનીયના સામાન્ય સંવેધ પ્રમાણે વિસ્તારથી સંવેધ જાણવો. (જુઓ પા. ૨૧ થી ૩૯)

૬૦) અસંજ્ઞી

અસંજ્ઞીને પ્રથમના બે ગુણઠાણા હોવાથી અને એક નપું. વેદનો જ ઉદય હોવાથી બંધસ્થાનાદિ અને સંવેધ એકે. માર્ગણામાં જણાવ્યા મુજબ જ જાણવો. (જુઓ. પા. ૨૬૫)

૬૧) આહારી

આહારીને ૧ થી ૧૩ ગુણઠાણા હોવાથી મોહનીયના સામાન્ય સંવેધ પ્રમાણે વિસ્તારથી સંવેધ જાણવો. (જુઓ પા. ૨૦ થી ૩૯)

૬૨) આણાહારી

બંધસ્થાન :- ૩ - (૨૨, ૨૧, ૧૭) **બંધભાંગા :-** ૧૨
ઉદયસ્થાન :- ૫ - (૬,૭,૮,૯,૧૦) **ઉદયભાંગા :-** ૩૮૪
સત્તાસ્થાન :- ૬ - (૨૮,૨૭,૨૬,૨૪,૨૨,૨૧)

આણાહારીપણું વિગ્રહગતિમાં, કેવલી સમુ. માં અને ૧૪મા ગુણઠાણે હોય છે. ૧૩મા અને ૧૪મા ગુણઠાણે મોહનીયના વિકલ્પનો અભાવ છે. વિગ્રહગતિમાં ૧લું, ૨જું અને ૪થું ગુણઠાણું સંભવે છે. તેથી ૨૨,૨૧ અને ૧૭ એ ત્રણ બંધસ્થાન ૬ થી ૧૦ સુધીના ઉદયસ્થાન અને ૨૩ વિના ૨૮ થી ૨૧ સુધીના છ સત્તાસ્થાન સંભવે છે.

૨૩ ની સત્તા ક્ષાયિક સમ.ની પ્રાપ્તિ વખતે મિથ્યા. મોહ. નો ક્ષય કરે ત્યાં હોય. અને ત્યારે જીવ કાળ કરતો નથી. તેથી વિગ્રહગતિમાં ૨૩ની સત્તા ન સંભવે.

અહીં ૧લા ગુણઠાણે અનંતા. ના ઉદય વિનાની ચોવીસી ન સંભવે. કારણ ૧લા ગુણઠાણે અનંતા. ના ઉદય વિનાનો જીવ મરણ પામતો નથી. તેથી અનંત. ના ઉદયવાળી જ ચોવીસી સંભવે. અનં. ના ઉદયવાળી ૪ ચો. ના ૯૬ ભાંગા ઉપર સંવેધ ઓઘ સંવેધની જેમ જાણવો. (જુઓ પા. ૨૦ થી ૨૭)

બંધસ્થાન	બંધભાંગા	ઉદયસ્થાન	ઉદય ચો.	પદ ચો.	સત્તાસ્થાન
૨૨	૬	૮,૯,૧૦	૪	૩૬	૨૮,૨૭,૨૬
૨૧	૪	૭,૮,૯	૪	૩૨	૨૮
૧૭	૨	૬,૭,૮,૯	૮	૬૦	૨૮,૨૪,૨૨,૨૧
૩	૧૨	૫	૧૬	૧૨૮	૬

ઉપશમ સમકિત લઈ ભવાંતરમાં જવાય નહિં. તેથી આણાહારી માર્ગણામાં ઉપશમ સમકિત ઘટે નહિં.

આણાહારી માર્ગણાને વિષે ૨૧નો સંવેધ ઓઘ સંવેધની જેમ જાણવો.

૧૭ના બંધનો સંવેધ નીચે પ્રમાણે (બંધભાંગા-૨) સિધ્ધાન્તના મતે ક્ષાયે. સમ્ય. લઈને નરકમાં જવાય. તે મત પ્રમાણે જાણવો.

ઉદયસ્થાન	ઉદય ચો.		ઉદયભાંગા	સત્તાસ્થાન
૬	૧	ક્ષાયિકની	૨૪ × ૧	(૨૧)
૭	૨	ક્ષાયિકની	૪૮ × ૧	(૨૧)
	૧	ક્ષાયોપશમની	૨૪ × ૩	(*૨૮,૨૪,૨૨)
૮	૧	ક્ષાયિકની	૨૪ × ૧	(૨૧)
	૨	ક્ષાયોપશમની	૪૮ × ૩	(૨૮,૨૪,૨૨)
૯	૧	ક્ષાયોપશમની	૨૪ × ૩	(૨૮,૨૪,૨૨)

– માર્ગણાને વિશે મોહનીયનો સંવેધ સમાપ્ત –

* આ માર્ગણામાં ક્ષાયો. સમ્ય.ના ભાંગામાં નપુ. વેદના ભાંગામાં ૨૮, ૨૪ ની સત્તા ઘટે નહી. ક્ષાયો. લઈને નરકમાં જાય નહીં, મનુ. તિર્યંચમાં પુરુષ અને સ્ત્રી પણે ઉત્પન્ન થાય.

૬૨ માર્ગણાઓને વિશે નામકર્મનાં બંધોદય સત્તાસ્થાનો

ગતિ માર્ગણાએ નામકર્મનો સંવેધ

दो छक्कट्ठ चउक्कं, पण नव इक्कार छक्कगं उदया ।
नेरइआइसु सत्ता, ति पंच इक्कारस चउक्कं ॥६४॥

ગાથાર્થ : નારકી આદિને વિશે (નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ) અનુક્રમે બે, છ, આઠ અને ચાર બંધસ્થાન; પાંચ, નવ, અગિયાર અને છ ઉદયસ્થાન; ત્રણ પાંચ અગિયાર અને ચાર સત્તાસ્થાનો છે. ॥૬૪॥

૧) નરકગતિને વિશે નામકર્મનો સંવેધ

બંધસ્થાન :- ૨ (૨૯,૩૦) **બંધભાંગા :-** ૧૩૮૩૨
ઉદયસ્થાન :- ૫ (૨૧,૨૫,૨૭,૨૮,૨૯) **ઉદયભાંગા :-** ૫
સત્તાસ્થાન :- ૩ (૯૨,૮૯,૮૮)

નારકી લબ્ધિ પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય અને લબ્ધિ પ. મનુષ્ય પ્રાયોગ્ય ૭૪ બંધ કરે તેથી પંચે. તિ. પ્રા. ૨૯ના બંધના ૪૬૦૮, મનુ. પ્રાયો. ૨૯ના બંધના ૪૬૦૮, પંચે. તિ. પ્રા. ૩૦ના બંધના ૪૬૦૮ અને મનુ. પ્રાયો. ૩૦ના બંધના ૮ એ પ્રમાણે કુલ ૧૩૮૩૨ બંધભાંગા થાય.

એકે. પ્રાયો. ૪૦. વિકલે. પ્રા. ૫૧, દેવ પ્રા. ૧૮, અપ. તિ. પ્રા. ૧, અપ, મનુ. પ્રા. ૧, નરક પ્રા. ૧, અપ્રાયોગ્ય ૧ કુલ ૧૧૩ બંધભાંગા ન બાંધે.

નારકી મનુષ્ય પ્રાયોગ્ય જિનનામ સહિત પાંચ બંધ કરે તેથી ૯૨, ૮૯, ૮૮ એ ત્રણ સત્તાસ્થાન ઘટે. આરા. દ્વિક અને જિનનામ એમ ઉભયની સત્તા નરકમાં ન હોય.

નારકીને પોતાના પાંચ ઉદયસ્થાન અને ઉદયભાંગા ૫ હોય.

તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ અને ૩૦ના બંધના ૯૨૧૬ બંધભાંગાનો સંવેધ :-

ઉદયસ્થાન :- ૫ (૨૧,૨૫,૨૭,૨૮,૨૯) **ઉદયભાંગા :-** ૫
સત્તાસ્થાન :- ૨ (૯૨,૮૮)

	ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	૧	×	૨	(૯૨,૮૮)
૨૫ના ઉદયે	૧	×	૨	(૯૨,૮૮)
૨૭ના ઉદયે	૧	×	૨	(૯૨,૮૮)
૨૮ના ઉદયે	૧	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	૧	×	૨	(૯૨,૮૮)

મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધના ૪૬૦૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૫ (૨૧,૨૫,૨૭,૨૮,૨૯) **ઉદયભાંગા :-** ૫

સત્તાસ્થાનઃ- ૩ (૯૨,૮૯,૮૮)

પૂર્વે નરકાયુ બાંધ્યા પછી ક્ષાયોપશમીક સમકિત પામી જિનનામના બંધકને નરકમાં ગયા બાદ અંતર્મુહૂર્ત સુધી મિથ્યાત્વ અવસ્થામાં મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધે ૮૯ ની સત્તા ઘટે.

	ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	૧	×	૩	(૯૨,૮૯,૮૮)
૨૫ના ઉદયે	૧	×	૩	(૯૨,૮૯,૮૮)
૨૭ના ઉદયે	૧	×	૩	(૯૨,૮૯,૮૮)
૨૮ના ઉદયે	૧	×	૩	(૯૨,૮૯,૮૮)
૨૯ના ઉદયે	૧	×	૩	(૯૨,૮૯,૮૮)

મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૫ (૨૧,૨૫,૨૭,૨૮,૨૯) **ઉદયભાંગા :-** ૫

સત્તાસ્થાનઃ- ૧ (૮૯)

મનુ.પ્રાયો.૩૦ નો બંધ જિનનામ સહિત છે. તેથી દરેક ઉદયભાંગે એક ૮૯ની જ સત્તા સંભવે.

	ઉદયભાંગે		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	૧	×	૧	(૮૯)
૨૫ના ઉદયે	૧	×	૧	(૮૯)

૨૭ના ઉદયે	૧	×	૧	(૮૯)
૨૮ના ઉદયે	૧	×	૧	(૮૯)
૨૯ના ઉદયે	૧	×	૧	(૮૯)

(૨) તિર્યંચગતિને વિશે નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૬ (૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦) **બંધભાંગા :-** ૧૩૯૨૬
ઉદયસ્થાનઃ- ૯(૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૫૦૭૦
સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

તિર્યંચને ૨૩ના બંધના-૪, ૨૫ના બંધના ૨૫,૨૬ના બંધના ૧૬,૨૮ના બંધના ૯, ૨૯ના બંધના ૯૨૪૦ અને ૩૦ના બંધના ૪૬૩૨ એ પ્રમાણે કુલ ૧૩૯૨૬ બંધભાંગા સંભવે.

દેવ પ્રાયોગ્ય ૨૯ ના બંધના ૮, ૩૦ ના બંધનો - ૧, ૩૧ ના બંધનો ૧, મનુ. પ્રાયો. ૩૦ ના બંધના ૮ અને અપ્રાયોગ્ય-૧ એમ કુલ ૧૯ બંધભાંગા ન ઘટે.

એકે.ના ૪૨, વિકલે ના ૬૬ અને સામાન્ય તિર્યંચના ૪૯૦૬ તેમજ વૈક્રિય તિર્યંચના ૫૬ એમ કુલ ૫૦૭૦ ઉદયભાંગા સંભવે.

તિર્યંચને જિનનામની સત્તાવાળા તેમજ ક્ષપકશ્રેણીના સત્તાસ્થાન ન સંભવે તેથી શેષ ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ આ પાંચ સત્તાસ્થાન ઘટે.

સામાન્યથી સંવેધ

ઉદયસ્થાન	ઉદયભાંગા		સત્તાસ્થાન
૨૧એકે.ના-૫, વિકલે ના-૯, સામા.તિર્યંચ - ૯	=	૨૩- ૫-	૯૨,૮૮,૮૬,૮૦,૭૮
૨૪એકે.૧૧	=	૧૧- ૫-	૯૨,૮૮,૮૬,૮૦,૭૮
૨૫એકે.૭, વૈ.તિ.૮	=	૧૫- ૫-	૯૨,૮૮,૮૬,૮૦,૭૮
૨૬એકે.૧૩, વિકલે.૯,સામા.તિર્યંચ.૨૮૯	=	૩૧૧- ૫-	૯૨,૮૮,૮૬,૮૦,૭૮
૨૭એકે.૬, વૈ.તિ.૮	=	૧૪- ૪-	૯૨,૮૮,૮૬,૮૦
૨૮વિકલે.૬,સામા.તિ.૫૭૬,વૈ.તિ.૧૬	=	૫૯૮-૪-	૯૨,૮૮,૮૬,૮૦
૨૯વિકલે.૧૨,સામા.તિ.૧૧૫૨,વૈ.તિ.૧૬	=	૧૧૮૦-૪-	૯૨,૮૮,૮૬,૮૦
૩૦વિકલે.૧૮,સામા.તિ.૧૭૨૮,વૈ.તિ.૮	=	૧૭૫૪-૪-	૯૨,૮૮,૮૬,૮૦
૩૧વિકલે.૧૨,સામા.તિ.૧૧૫૨	=	૧૧૬૪-૪-	૯૨,૮૮,૮૬,૮૦

વિશેષથી સંવેધ

અપર્યા.એકે.પ્રાયો.૨૩ ના બંધના ૪, પર્યા.એકે.પ્રાયો. ૨૫ના બંધના ૨૦, અપર્યા. વિકલે. પ્રાયો.૨૫ ના બંધના ૩ અને અપર્યા.પંચે.તિ.પ્રાયો.૨૫ ના બંધનો-૧, (એ પ્રમાણે ૨૫ના બંધના ૨૪) ૨૬ ના બંધના (બાદર પર્યા. એકે.પ્રાયો.) ૧૬,૨૯ના બંધના વિકલે.પ્રાયો.૨૪ અને પંચે તિ. પ્રાયો. ૪૬૦૮, ૩૦ ના બંધના વિકલે. પ્રાયો. ૨૪ અને પંચે.તિ.પ્રાયો. ૪૬૦૮ એ પ્રમાણે તિર્યંચ પ્રાયો. કુલ ૯૩૦૮ બંધભાંગાનો સંવેધ સરખો છે. તે આ પ્રમાણે.

તિર્યંચ પ્રાયો. ૯૩૦૮ બંધભાંગાનો સંવેધ

બંધસ્થાનઃ- ૫ (૨૩,૨૫,૨૬,૨૯,૩૦) **બંધભાંગા :-** ૯૩૦૮
ઉદયસ્થાનઃ- ૯(૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૫૦૭૦
સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

		ઉદયભાંગા			સત્તાસ્થાન
૨૧ના ઉદયે	એકે.ના.	૫	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	વિકલે.ના	૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સા.તિર્યંચના	૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૪ના ઉદયે	એકે.ના.	૧૦	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	વૈ.વાયુ.ના	૧	×	૩	(૯૨,૮૮,૮૬)
૨૫ના ઉદયે	એકે.ના	૪	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	તેઉ.વાયુ.ના	૨	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	વૈ.વાયુ.ના	૧	×	૩	(૯૨,૮૮,૮૬)
	વૈ. તિ.	૮	×	૨	(૯૨,૮૮)
૨૬ના ઉદયે	એકે.ના	૧૦	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	તેઉ,વાયુ.ના	૨	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	વૈ.વાયુ.ના	૧	×	૩	(૯૨,૮૮,૮૬)
	વિકલે.ના	૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સા.તિર્યંચના	૨૮૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૭ના ઉદયે	એકે.ના	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)

		ઉદયભાંગા			સત્તાસ્થાન
૨૮ના ઉદયે	વિકલે.ના.	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	વિકલે.ના.	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	વિકલે.ના.	૧૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૭૨૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૩૧ના ઉદયે	વિકલે.ના.	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

મનુષ્ય પ્રાયોગ્ય :- ૪૬૦૯ **બંધભાંગાનો સંવેધ**

બંધસ્થાનઃ- ૨ (૨૫,૨૯) **બંધભાંગા :-** ૪૬૦૯
ઉદયસ્થાનઃ- ૯(૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧)**ઉદયભાંગા :-** ૫૦૬૭
સત્તાસ્થાનઃ- ૪ (૯૨,૮૮,૮૬,૮૦)

મનુષ્ય પ્રાયોગ્ય ૨૫ ના બંધનો - ૧ અને ૨૯ ના બંધના ૪૬૦૮ બંધભાંગાની સંવેધ સમાન છે.

તેઉ, વાયુ, મનુષ્ય પ્રાયો. બંધ કરે નહિ તેથી વૈ. વાયુના ૩ ઉદયભાંગા વિના શેષ તિર્યં. ના ૫૦૬૭ ઉદયભાંગા સંભવે.

મનુષ્ય પ્રાયો. બંધ હોવાથી ૭૮ વિના શેષ ૯૨ વિગેરે ૪ સત્તાસ્થાન સંભવે. વૈ. તિ. ના ૫૬ ઉદયભાંગે ૨ સત્તાસ્થાન અને શેષ ઉદયભાંગે ૪ સત્તાસ્થાન સંભવે.

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા			સત્તાસ્થાન
૨૧ના ઉદયે	એકે.ના.	૫	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વિકલે.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સા.તિર્યંચના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૪ના ઉદયે	એકે.ના.	૧૦	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

		उदयभांगा		सत्तास्थान	
२५ના ઉદયે	એકે.ના	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૬ના ઉદયે	એકે.ના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વિકલે.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સા.તિર્યંચના	૨૮૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	એકે.ના	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૮ના ઉદયે	વિકલે.ના.	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	વિકલે.ના.	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	વિકલે.ના.	૧૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૭૨૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૩૧ના ઉદયે	વિકલે.ના.	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

देवगति प्रायो. २८ ना बंधना ८ बंधभांगानो संवेध

उदयस्थानः- ८ (२१,२५,२७,२८,२९,३०,३१) **उदयभांगा :-** ४९६०
सत्तास्थानः- ३ (९२,८८,८६)

એકે.વિકલે અને લબ્ધિ અપર્યા. પંચે. તિર્યંચો દેવ પ્રા. બંધ કરે નહિ તેથી લબ્ધિ અપર્યા. ના ૨ ઉદયભાંગા વિના સામા. તિ. ના ૪૯૦૪ અને વૈ.તિ.ના ૫૬ એ પ્રમાણે ૪૯૬૦ ઉદયભાંગા સંભવે.

સામા.તિ. ના ૩૦ અને ૩૧ના ઉદયભાંગે ૯૨ વિગેરે ત્રણ સત્તાસ્થાન અને શેષ ઉદયભાંગે ૨ સત્તાસ્થાન સંભવે.

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ ના ઉદયે	સામા.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૫ ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨, ૮૮)
૨૬ ના ઉદયે	સામા. તિ. ના	૨૮૮	×	૨	(૯૨, ૮૮)
૨૭ ના ઉદયે	વૈ. તિ. ના	૮	×	૨	(૯૨, ૮૮)
૨૮ ના ઉદયે	સામા.તિ. ના	૫૭૬	×	૨	(૯૨, ૮૮)
	વૈ. તિ. ના	૧૬	×	૨	(૯૨, ૮૮)
૨૯ ના ઉદયે	સામા. તિ. ના	૧૧૫૨	×	૨	(૯૨, ૮૮)
	વૈ. તિ. ના	૧૬	×	૨	(૯૨, ૮૮)
૩૦ ના ઉદયે	સામા. તિ. ના	૫૭૬	×	૨	(૯૨, ૮૮)
	સામા. તિ. ના	૧૧૫૨	×	૨	(૯૨, ૮૮, ૮૬)
	વૈ.તિ. ના	૮	×	૨	(૯૨, ૮૮)
૩૧ ના ઉદયે	સામા. તિ. ના	૧૧૫૨	×	૨	(૯૨, ૮૮, ૮૬)

અહીં તિર્યંચ ગતિ માર્ગણાએ તિર્યંચને દેવ પ્રા. ૨૮ ના બંધે સા. તિર્યંચના ૪૯૦૪ અને વૈ. તિ. ના ૫૬ એમ ૪૯૬૦ ઉદયભાંગા સપ્તતિકામાં તથા છઠ્ઠા કર્મગ્રંથ મહેસાણાની ચોપડીમાં બતાવ્યા છે. પરંતુ સપ્તતિકાભાષ્યમાં અપર્યા. અવસ્થામાં સંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચને ચોથું ગુણ. હોય નહિં. ફક્ત યુગલિક તિર્યંચને અપર્યા અવસ્થામાં ચોથું ગુણ. હોય અને શુભવિહાયોગતિ-સુસ્વરનો ૯૪ ઉદય કમ્મપયડીના મતે હોય તેઓ દેવ પ્રા. ૨૮ બાંધે ત્યારે યુગ. તિર્યંચના ભાંગા આ પ્રમાણે ઘટે, વળી સપ્તતિકા ભાષ્યમાં યુગ. તિર્યંચોને અશુભવિહા. નો ઉદય પણ કહ્યો છે. તેથી તે બન્ને રીતે આ પ્રમાણે ઉદયભાંગા જાણવા.

દે. પ્રા. ૨૮ નો બંધ

ઉદય સ્થાન	ઉદયભાંગા કમ્મપયડી પ્રમાણે	સત્તાભાંગા સપ્તતિકા ભાષ્ય પ્રમાણે
૨૧ ના	૮	૮
૨૬ ના	૮	૮
૨૮ ના	૮	૧૬
૨૯ ના	૧૬	૩૨
૩૦ ના	૮ (ઉદ્યોતવાળા)	૧૬
	૧૧૫૨ (સ્વરવાળા)	૧૧૫૨
૩૧ ના	૧૧૫૨	૧૧૫૨
	૨૩૫૨	૨૩૮૪

યુગલિક તિર્યંચના ૩૦ ના ઉદયના ૧૬ ભાંગા છે. તેમાંથી ઉદ્યોતવાળા ૮ ભાંગા ઘટે અને તે સિવાયના ૮ ભાંગા અને ૩૧ના ઉદયના ૮ ભાંગા. સા. તિ. ના ભાંગામાં અંતર્ગત થતા હોવાથી જુદા ગણ્યા નથી.

વળી, સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અવસ્થાવાળા સામા. તિર્યંચને ચોથું ગુણ. હોઈ શકે છે. માટે ૩૦-૩૧ ના ઉદયના (સ્વરવાળા) બધા ભાંગા સંભવી શકે અને સમકિત પામ્યા પછી સમ્યગદૃષ્ટિ તિર્યંચ વૈક્રિય લબ્ધિ ફોરવે તો વૈ.તિ.ના ભાંગા પણ અહિં ઘટે, માટે વૈ. તિ.ના ૫૬ ભાંગા ગણતાં કુલ ૨૪૦૮ ભાંગા અને યુગ.ને અશુભ વિહાયોગતિનો ઉદય માનીએ તો ૨૪૪૦ સંભવે. સત્તાસ્થાન પૂર્વની જેમ જાણવા.

મિથ્યાદૃષ્ટિ તિર્યંચ અપર્યા.અવસ્થામાં દેવપ્રાયો. બંધ કરે નહિં.

આ હકિકત ઓઘ સંવેધમાં પણ જણાવી છે. સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	યુગ.	૮	×	૨	(૯૨,૮૮)
૨૫ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૬ના ઉદયે	યુ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૭ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૮ના ઉદયે	યુ.તિ.	૮(૧૬)	×	૨	(૯૨,૮૮)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	યુ.તિ.	૧૬(૩૨)	×	૨	(૯૨,૮૮)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	યુ.તિ.ઉદ્યોતવાળા	૮(૧૬)	×	૨	(૯૨,૮૮)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સા.તિ.(સ્વરવાળા)	૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬)
૩૧ના ઉદયે	યુ.+સા.તિ.	૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬)
		૨૪૦૮-૨૪૪૦			

નરક પ્રાયોગ્ય :- ૨૮ના બંધના **૧ બંધભાંગાનો સંવેધ**
ઉદયસ્થાનઃ- ૬(૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૨૩૬૦
સત્તાસ્થાનઃ- ૩ (૯૨,૮૮,૮૬)

એકે. વિકલે. અને લબ્ધિ અને કરણ અપર્યા. તિર્યંચ પંચે.નરક પ્રાયોગ્ય બંધ કરે નહિ તેથી...

★ વૈ.તિ.ના ૫૬ અને સામા. તિ.ના ૩૦ અને ૩૧ ના ઉદયના ૨૩૦૪ એ પ્રમાણે ૨૩૬૦ ઉદયભાંગા સંભવે.

વૈ.તિ.ના ઉદયભાંગે ૨ સત્તાસ્થાન અને સામા. તિ.ના ઉદયભાંગે ૩ સત્તાસ્થાન સંભવે.

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૫ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૭ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૮ના ઉદયે	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા.તિ.ના	૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬)
૩૧ના ઉદયે	સામા.તિ.ના	૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬)

મનુષ્યગતિ માર્ગણાને વિશે નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૮ (૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦.૩૧,૧) **બંધભાંગા :-** ૧૩૯૩૭
ઉદયસ્થાનઃ- ૧૧(૨૦,૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧,૯,૮) **ઉદયભાંગા :-** ૨૬૫૨
સત્તાસ્થાનઃ- ૧૧ (૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૬,૭૫,૯,૮)

૨૩ના બંધના એકે.પ્રાયો. ૪,૨૫ ના બંધના એકે. પ્રાયો. ૨૦, વિકલે. પ્રાયો. ૩, અપર્યા. તિર્યંચ પ્રાયો. ૧ અને અપર્યા. મનુ. પ્રાયો ૧ એમ કુલ ૨૫ બંધભાંગા, ૨૬ ના બંધના એકે. પ્રાયો. ૧૬,૨૮ ના બંધના દેવ પ્રાયો. ૮ અને નરક પ્રાયો. ૧ એમ કુલ ૯ બંધભાંગા, ૨૯ ના બંધના વિકલે. પ્રા. ૨૪, પંચે.તિ.પ્રાયો. ૪૬૦૮ અને મનુ. પ્રાયો. ૪૬૦૮, દેવ પ્રાયો. ૮ એ પ્રમાણે કુલ ૯૨૪૮, ૩૦ ના બંધના વિકલે. પ્રાયો. ૨૪ અને પંચે. તિ. પ્રાયો. ૪૬૦૮, દેવ પ્રાયો. ૧ એ પ્રમાણે કુલ ૪૬૩૩, ૩૧ ના બંધનો દેવ પ્રાયો. ૧ અને ૧ ના બંધનો અપ્રાયોગ્ય ૧ એમ કુલ ૧૩૯૩૭ બંધભાંગા ઘટે.

★ સપ્તતિકામાં નરક પ્રા.૨૮ ના બંધે ૩૦, ૩૧ એમ બે ઉદય સ્થાન કહ્યાં છે. પરંતુ તે સામા. તિર્યંચની અપેક્ષાએ લખ્યા છે. વૈ.તિ. અને વૈ. મનુ.અપ.એકિ. પ્રા.૨૩ નો બંધ કરે એમ સપ્તતિકા ભાષ્ય ગા. ૧૨૬ માં કહ્યું છે. તો નરક પ્રાયોગ્ય બંધ પણ કરી શકે એમ માની અહીં બધે સંવેધ લખ્યો છે.

૩૦ ના બંધના મનુ.પ્રાયો. ૮ બંધભાંગા ન સંભવે. કારણ કે મનુષ્ય પ્રાયો. ૩૦ નો બંધ જિનનામ સહિત છે તેના બંધક દેવ-નારકી જ સંભવે પરંતુ મનુષ્યો ન હોય. તેથી તે ૮ બંધભાંગા વિના શેષ ૧૩૯૩૭ ભાંગા સંભવે.

સામા.મનુ.ના ૨૬૦૨, વૈ.મનુ.ના ૩૫, આહા.મનુ.ના ૭ અને કેવલી મનુ.ના ૮ એ પ્રમાણે કુલ ૨૬૫૨ ઉદયભાંગા થાય.

મનુ. ને ૭૮ નું સત્તાસ્થાન ન સંભવે તેથી શેષ ૧૧ સત્તાસ્થાનો હોય.

ઉદયસ્થાન	ઉદયભાંગા		સત્તાસ્થાન
૨૦નું સામા.કેવલી ૧	=	૧-૨ -	૭૯,૭૫
૨૧નું સામા.મનુ.૯,તીર્થંકર કેવલી ૧	=	૧૦-૭ -	૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૬
૨૫નું વૈ.મનુ.૮, આહા. મનુ. ૧	=	૯-૪ -	૯૩,૯૨,૮૯,૮૮
૨૬નું સામા.મનુ.૨૮૯	=	૨૮૯-૮ -	૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૫
૨૭નું વૈ.મનુ.૮, આહા.મનુ.૧ કેવલી મનુ.૧	=	૧૦-૬ -	૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૬
૨૮નું સામા.મનુ.૫૭૬, વૈ.મનુ.૯, આહા.મનુ.૨	=	૫૮૭-૮-	૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૫
૨૯નું સામા.મનુ.૫૭૬,વૈ.મનુ.૯, આહા.મનુ.૨, તિ.કે.૧	=	૫૮૮-૯-	૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૬,૭૫
૩૦નું સામા.મનુ.૧૧૫૨,વૈ.મનુ.૧, આહા.મનુ.૧, તિ.કે. ૧	=	૧૧૫૫-૯-	૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૬,૭૫
૩૧નું કેવલી મનુ. (તીર્થં. કે.)૧	=	૧-૨-	૮૦,૭૬
૯નું તીર્થં. કેવલી ૧	=	૧-૩-	૮૦,૭૬,૯
૮નું સામા.કેવલી ૧	=	૧-૩-	૭૯,૭૫,૮

વિશેષથી સંવેધ

તિર્યંચ પ્રાયો. ૯૩૦૮ બંધભાંગા અને મનુષ્ય પ્રાયોગ્ય ૪૬૦૯ બંધભાંગા એમ કુલ ૧૩૯૧૭ બંધભાંગાનો સંવેધ :-

બંધસ્થાનઃ- ૫ (૨૩,૨૫,૨૬,૨૯,૩૦) **બંધભાંગા :-** ૧૩૯૧૭
ઉદયસ્થાનઃ- ૭(૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગા :-** ૨૬૩૪
સત્તાસ્થાનઃ- ૪ (૯૨,૮૮,૮૬,૮૦)

૨૩ના બંધના એકે.પ્રાયો. ૪,૨૫ ના બંધના એકે. પ્રાયો. ૨૦, વિકલે. પ્રાયો. ૩, અપર્યા. તિર્યંચ પ્રા. ૧ અને અપર્યા. મનુ. પ્રાયો. ૧ એ પ્રમાણે કુલ ૨૫,૨૬ ના બંધના એકે. પ્રાયો. ૧૬, ૨૯ ના બંધના વિકલે.પ્રાયો. ૨૪, પંચે. તિ. પ્રાયો. ૪૬૦૮ અને મનુ. પ્રાયો. ૪૬૦૮ એ પ્રમાણે કુલ ૯૨૪૦, ૩૦ ના બંધના વિકલે. પ્રાયો ૨૪ અને પંચે. તિ. પ્રાયો. ૪૬૦૮ એ પ્રમાણે કુલ ૪૬૩૨ આ પ્રમાણે સર્વે મળી કુલ ૧૩૯૧૭ બંધભાંગા થાય છે.

વૈ. મનુ. ના ઉદ્યોતવાળા ૩, આહા. મનુ. ના ૭ અને કેવલી મનુ. ના ૮ એ પ્રમાણે કુલ ૧૮ ઉદયભાંગાવાળા જીવો તિર્યંચ અને મનુષ્ય પ્રાયો. બંધ ન કરે તેથી શેષ મનુષ્યના ૨૬૩૪ ઉદયભાંગા સંભવે.

તિર્યંચ અને મનુ. પ્રાયો. ૧૩૯૧૭ બંધભાંગાનો સંવેધ મનુષ્યગતિને વિશે ઘટાવીએ તો જિનનામની સત્તાવાળા અને ક્ષપકશ્રેણીના સત્તાસ્થાનો ન સંભવે. તેથી ૯૨ વિગેરે ૪ સત્તાસ્થાનો ૯૪ સંભવે.

૧૩૯૧૭ બંધભાંગાનો સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા			સત્તાસ્થાન
૨૧ના ઉદયે	સામા.મનુ.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૫ના ઉદયે	વૈ.મ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૬ના ઉદયે	સામા.મનુ.ના	૨૮૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	વૈ.મ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૮ના ઉદયે	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	સામા.મ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

દેવ પ્રાયોગ્યઃ- ૨૮ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ
ઉદયસ્થાનઃ- ૭(૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગા :-** ૨૬૪૨
સત્તાસ્થાનઃ- ૩(૯૨,૮૮,૮૬)

સામા.મનુ.ના ૩૦ ના ઉદયના ઉદયભાંગે ૯૨ વિ. ત્રાણ સત્તાસ્થાન અને એ સિવાયના શેષ સામા.મનુ.ના અને વૈ.મનુ.ના ઉદયભાંગે ૯૨,૮૮ એ બે સત્તા અને આહા. મનુ.ના ઉદયભાંગે એક ૯૨નું સત્તાસ્થાન સંભવે.

લબ્ધિ અપર્યા.મનુષ્ય,દેવ પ્રાયોગ્ય બંધ કરે નહીં તેથી સામા. મનુ. ના ૨૬૦૦, વૈ.મનુ.ના ૩૫ અને આહા. મનુ.ના ૭ એ પ્રમાણે કુલ ૨૬૪૨ ઉદયભાંગા થાય છે.

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા			સત્તાસ્થાન
૨૧ના ઉદયે	સામા.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૫ના ઉદયે	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	આ.મનુ.ના	૧	×	૧	(૯૨)
૨૬ના ઉદયે	સામા.મનુ.ના	૨૮૮	×	૨	(૯૨,૮૮)
૨૭ના ઉદયે	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	આહા.મનુ.ના	૧	×	૧	(૯૨)
૨૮ના ઉદયે	સામા.મનુ.ના	૫૭૬	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૯	×	૨	(૯૨,૮૮)
	આહા.મનુ.ના	૨	×	૧	(૯૨)
૨૯ના ઉદયે	સામા.મનુ.ના	૫૭૬	×	૨	(૯૨,૮૮)
	વૈ.મ.ના	૯	×	૨	(૯૨,૮૮)
	આહા.મનુ.ના	૨	×	૧	(૯૨)
૩૦ના ઉદયે	સામા.મનુ.ના	૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬)
	વૈ.મનુ.ના	૧	×	૨	(૯૨,૮૮)
	આહા.મનુ.ના	૧	×	૧	(૯૨)

નરક પ્રાયોગ્ય :- ૨૮ના બંધના **૧ બંધભાંગાનો સંવેધ**
ઉદયસ્થાનઃ- ૫(૨૫,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગા :-** ૧૧૮૪
સત્તાસ્થાનઃ- ૪ (૯૨,૮૯,૮૮,૮૬)

સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા સામા.મનુ. અને વૈ.મનુ. (ઉદ્યોતના ઉદય વિનાના) નરક પ્રાયોગ્ય બંધ કરે તેથી સામા.મનુ.ના ૩૦ ના ઉદયના ૧૧૫૨ અને વૈ. મનુ. ના ૩૨ એ પ્રમાણે ૧૧૮૪ ઉદયભાંગા સંભવે છે.

સામા. મનુ. ના ૩૦ ના ઉદયના બધા ઉદયભાંગે ચાર સત્તાસ્થાન અને વૈ.મનુ.ના ઉદયભાંગે બે સત્તાસ્થાન સંભવે. પૂર્વે જિનનામ બાંધેલ છે તેને આયુષ્યના છેલ્લા અંત.માં મિથ્યાત્વ પામે ત્યારે ૮૯ સત્તા હોય.

સંવેધ આ પ્રમાણે

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૫ના ઉદયે	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૭ના ઉદયે	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૮ના ઉદયે	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	સામા.મનુ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૯)

જિનનામ બાંધનાર પ્રથમ સંઘયણવાળા જ માનીએ તો ૧૧૫૨માંના પ્રથમ સંઘયણના ૧૯૨ ભાંગે ૪ અને શેષ ૯૬૦ ભાંગે ૩ સત્તાસ્થાન (૮૯ વિના) જાણવાં.

દેવ પ્રાયો. ૨૯ ના બંધના ૮,૩૦ ના બંધનો ૧, ૩૧ ના બંધનો ૧ અને અપ્રાયો ૧ ના બંધનો ૧ એ પ્રમાણે કુલ ૧૧ બંધભાંગાનો સંવેધ અને અબંધનો સંવેધ, સામાન્ય સંવેધમાં જાણાવ્યા મુજબ જ જાણવો. કારણ કે તેના બંધક ફક્ત મનુષ્યો જ છે. (જુઓ પા.૧૦૧ થી ૧૧૫)

દેવગતિ માર્ગણાને વિશે નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૪ (૨૫,૨૬,૨૯,૩૦) **બંધભાંગા :-** ૧૩૮૫૬
ઉદયસ્થાનઃ- ૬(૨૧,૨૫,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગા :-** ૬૪
સત્તાસ્થાનઃ- ૪ (૯૩,૯૨,૮૯,૮૮)

દેવો બાદર પર્યા.એકે.પ્રાયો.પર્યાપ્તા પંચે. તિ.પ્રાયો.અને પર્યાપ્તા મનુ.પ્રા.બંધ કરે છે. તેથી ૨૫ વિ. ૪ બંધસ્થાન સંભવે છે. બાદર પર્યા. એકે. પ્રાયો. ૨૫ ના બંધના ૮ અને ૨૬ ના બંધના ૧૬, ૨૯ ના બંધના પંચે. તિ. પ્રાયો. ૪૬૦૮ અને મનુ. પ્રાયો ૪૬૦૮ એ પ્રમાણે કુલ ૯૨૧૬, ૩૦ ના બંધના પંચે. તિ. પ્રાયો. ૪૬૦૮ અને મનુ. પ્રાયો. ૮ એ પ્રમાણે ૪૬૧૬, સર્વે મળી કુલ ૧૩૮૫૬ બંધભાંગા થાય છે.

એકે.પ્રા.૧૬, વિકલે પ્રા. ૫૧, અપ.તિ.પં.પ્રા.૧, અપ.મનુ.પ્રા.૧, નરક પ્રા.૧, દેવ પ્રા. ૧૮, અપ્રાયોગ્ય ૧ કુલ ૮૯ બંધભાંગા ન સંભવે.

દેવો મનુ. પ્રાયો. ૩૦ નો બંધ જિનનામ સહિત છે તે પણ કરે છે. તેથી ૯૩ વિગેરે (૯૩,૯૨,૮૯,૮૮) ચાર સત્તાસ્થાન સંભવે.

બાદર પર્યા.એકે.પ્રાયો.૨૫ ના બંધના ૮,૨૬ ના બંધના ૧૬, ૨૯ ના બંધના પંચે. તિ.

પ્રાયો. ૪૬૦૮ મનુ. પ્રાયો. ૪૬૦૮ અને ૩૦ના બંધના પંચે. તિ. પ્રાયો. ૪૬૦૮ એ પ્રમાણે કુલ ૧૩૮૪૮ બંધભાંગાનો સંવેધ સમાન છે.

બંધસ્થાનઃ- ૪ (૨૫,૨૬,૨૯,૩૦) **બંધભાંગા :-** ૧૩૮૪૮
ઉદયસ્થાનઃ- ૬(૨૧,૨૫,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગા :-** ૬૪
સત્તાસ્થાનઃ- ૨ (૯૨,૮૮)

દરેક ઉદયભાંગે બે જ સત્તાસ્થાન હોય (૯૨,૮૮)

૧૩૮૪૮ બંધભાંગાનો સંવેધ આ પ્રમાણે

	ઉદયભાંગા		**સત્તાસ્થાન**	
૨૧ના ઉદયે	૮	×	૨	(૯૨,૮૮)
૨૫ના ઉદયે	૮	×	૨	(૯૨,૮૮)
૨૭ના ઉદયે	૮	×	૨	(૯૨,૮૮)
૨૮ના ઉદયે	૧૬	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	૧૬	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	૮	×	૨	(૯૨,૮૮)

મનુષ્ય પ્રાયોગ્યઃ- ૩૦ના બંધના **૮ બંધભાંગાનો સંવેધ**
ઉદયસ્થાનઃ- ૬(૨૧,૨૫,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગા :-** ૬૪
સત્તાસ્થાનઃ- ૨(૯૩,૮૯)

મનુ.પ્રાયો. ૩૦ નો બંધ જિનનામ સહિત છે માટે ૯૩,૮૯ બે જ સત્તાસ્થાન સંભવે.

સંવેધ આ પ્રમાણે

	ઉદયભાંગા		**સત્તાસ્થાન**	
૨૧ના ઉદયે	૮	×	૨	(૯૩,૮૯)
૨૫ના ઉદયે	૮	×	૨	(૯૩,૮૯)
૨૭ના ઉદયે	૮	×	૨	(૯૩,૮૯)
૨૮ના ઉદયે	૧૬	×	૨	(૯૩,૮૯)
૨૯ના ઉદયે	૧૬	×	૨	(૯૩,૮૯)
૩૦ના ઉદયે	૮	×	૨	(૯૩,૮૯)

ગતિ માર્ગણાએ નામકર્મનો સંવેધ સમાપ્ત.

જાતિમાર્ગણાએ નામકર્મનો બંધોદયસત્તા સંવેધ

इग विगलिंदिअ सगले, पण पंच य अट्ठ बंधठाणाणि;
पण छक्किक्कारुदया, पण पण बारस य संताणि ॥६५॥

ગાથાર્થ : એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિયને વિશે અનુક્રમે પાંચ, પાંચ અને આઠ બંધસ્થાનો, પાંચ, છ અને અગિયાર ઉદયસ્થાનો અને પાંચ, પાંચ અને બાર સત્તાસ્થાનો જાણવા. ॥૬૫॥

(૫) એકેન્દ્રિય જાતિમાર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૫ (૨૩,૨૫,૨૬,૨૯,૩૦) **બંધભાંગા :-** ૧૩૯૧૭
ઉદયસ્થાનઃ- ૫(૨૧,૨૪,૨૫,૨૬,૨૭) **ઉદયભાંગા :-** ૪૨
સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

એકેન્દ્રિય જીવો મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ નો બંધ જિનનામ સહિત છે માટે કરે નહિ. તેથી તેના ૮ બંધભાંગા, દેવ અને નરક પ્રાયોગ્ય બંધ ન કરે તેથી તેના ૧૮ અને ૧ = ૧૯ બંધભાંગા અને અપ્રાયોગ્ય ૧ ના બંધનો ૧ બંધભાંગો એ પ્રમાણે કુલ ૨૮ બંધભાંગા ૧ બંધે. શેષ તિર્યંચ પ્રા. ૯૩૦૮ અને મનુષ્ય પ્રા. ૪૬૦૯ એ પ્રમાણે કુલ ૧૩૯૧૭ બંધભાંગા સંભવે. એકે.ને પોતાના ઉદયભાંગા ૪૨ ઘટે.

એકેન્દ્રિયને જિનનામની સત્તાવાળા અને શ્રેણીના સત્તાસ્થાનો ન સંભવે તેથી શેષ ૯૨ વિગેરે પાંચ સત્તાસ્થાનો સંભવે.

તિર્યંચ પ્રાયોગ્ય ૯૩૦૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૫ (૨૧,૨૪,૨૫,૨૬,૨૭) **ઉદયભાંગા :-** ૪૨
સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

સંવેધ આ પ્રમાણે

		ઉદયભાંગા		સત્તાસ્થાન
૨૧ના ઉદયે	એકેન્દ્રિયના	૫	×	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૪ના ઉદયે	એકેન્દ્રિયના	૧૦	×	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	વૈ.વાયુ.ના	૧	×	૩ (૯૨,૮૮,૮૬)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૫ના ઉદયે	એકેન્દ્રિયના	૪	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	તેઉ.વાયુના	૨	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	વૈ.વાયુના	૧	×	૩	(૯૨,૮૮,૮૬)
૨૬ના ઉદયે	એકેન્દ્રિયના	૧૦	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	તેઉ.વાયુના	૨	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	વૈ.વાયુના	૧	×	૩	(૯૨,૮૮,૮૬)
૨૭ના ઉદયે	એકેન્દ્રિયના	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

મનુષ્ય પ્રાયોગ્ય ૪૬૦૯ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૫(૨૧,૨૪,૨૫,૨૬,૨૭) **ઉદયભાંગા :-** ૩૯
સત્તાસ્થાનઃ- ૪ (૯૨,૮૮,૮૬,૮૦)

તેઉ-વાયુ મનુષ્ય પ્રાયો. બંધ કરે નહિ તેથી વૈ. વાયુ. ના ૩ ઉદયભાંગા ન સંભવે. શેષ ૩૯ ઉદયભાંગા સંભવે.

મનુ.પ્રાયો. બંધ હોવાથી ૭૮ નું સત્તાસ્થાન ન સંભવે. શેષ ચાર સત્તાસ્થાન દરેક ઉદયભાંગે સંભવે.

સંવેધ આ પ્રમાણે-

	ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	૫	×	૪	(૯૩,૮૮,૮૬,૮૦)
૨૪ના ઉદયે	૧૦	×	૪	(૯૩,૮૮,૮૬,૮૦)
૨૫ના ઉદયે	૬	×	૪	(૯૩,૮૮,૮૬,૮૦)
૨૬ના ઉદયે	૧૨	×	૪	(૯૩,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	૬	×	૪	(૯૩,૮૮,૮૬,૮૦)

(૬,૭,૮) વિકલેન્દ્રિયને વિશે નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૫ (૨૩,૨૫,૨૬,૨૯,૩૦) **બંધભાંગા :-** ૧૩૯૧૭
ઉદયસ્થાનઃ- ૬(૨૧,૨૬,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૬૬
સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

બેઈ., તેઈ., ચઉ. જાતિ માર્ગણામાં દરેકનો સંવેધ જુદો કરવો હોય તો ઉદયભાંગા ૬૬ના બદલે ૨૨ ભાંગે સંવેધ કરવો.

એકેન્દ્રિય જાતિ માર્ગણામાં જાણાવ્યા મુજબ બંધસ્થાન, બંધભાંગા અને સત્તાસ્થાન જાણવા. ઉદયસ્થાન અને ઉદયભાંગા વિકલેન્દ્રિયના જાણવા.

તિર્યંચ પ્રાયોગ્ય ૯૩૦૮ બંધભાંગાનો સંવેધ.

	ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	૯	×	૫	(૯૩,૮૮,૮૬,૮૦,૭૮)
૨૬ના ઉદયે	૯	×	૫	(૯૩,૮૮,૮૬,૮૦,૭૮)
૨૮ના ઉદયે	૬	×	૪	(૯૩,૮૮,૮૬,૮૦)
૨૯ના ઉદયે	૧૨	×	૪	(૯૩,૮૮,૮૬,૮૦)
૩૦ના ઉદયે	૧૮	×	૪	(૯૩,૮૮,૮૬,૮૦)
૩૧ના ઉદયે	૧૨	×	૪	(૯૩,૮૮,૮૬,૮૦)

મનુષ્ય પ્રાયોગ્ય ૪૬૦૯ બંધભાંગાનો સંવેધ

	ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	૯	×	૪	(૯૩,૮૮,૮૬,૮૦)
૨૬ના ઉદયે	૯	×	૪	(૯૩,૮૮,૮૬,૮૦)
૨૮ના ઉદયે	૬	×	૪	(૯૩,૮૮,૮૬,૮૦)
૨૯ના ઉદયે	૧૨	×	૪	(૯૩,૮૮,૮૬,૮૦)
૩૦ના ઉદયે	૧૮	×	૪	(૯૩,૮૮,૮૬,૮૦)
૩૧ના ઉદયે	૧૨	×	૪	(૯૩,૮૮,૮૬,૮૦)

(૯) પંચેન્દ્રિય જાતિ માર્ગણાને વિશે નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૮ (૨૩,૨૫,૨૬,૨૯,૩૦,૩૧,૧) **બંધભાંગા :-** ૧૩૯૪૫

ઉદયસ્થાનઃ- ૧૧(૨૦,૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧,૯,૮)

ઉદયભાંગા :- ૭૬૮૩

સત્તાસ્થાનઃ- ૧૨ (૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૮,૭૬,૭૫,૯,૮)

પંચેન્દ્રિય જાતિને વિશે સર્વે પ્રાયોગ્ય બંધ સંભવે તેથી સર્વે બંધભાંગા ઘટે.

એકે.ના.૪૨, વિકલે, ના ૬૬, એ પ્રમાણે ૧૦૮ ઉદયભાંગા વિના સર્વે ઉદયભાંગા સંભવે તેથી ૭૬૮૩ ઉદયભાંગા ઘટે.

પંચેન્દ્રિય જાતિને વિશે સત્તાસ્થાન સર્વે સંભવે.

એકે.પ્રાયો. ૨૩ના બંધના ૪,૨૫ ના બંધના એકે.પ્રાયો.૧૨ (બાદર પર્યાપ્ત પ્રા.વિના) વિકલે.પ્રાયો. ૩ અને અપર્યા. તિર્યંચ પ્રાયો. ૧ એમ કુલ ૧૬ અને ૨૯ ના બંધના વિકલે. પ્રાયો. ૨૪ અને ૩૦ ના બંધના વિકલે. પ્રાયો. ૨૪ એ પ્રમાણે કુલ ૬૮ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે. કારણ કે તેના બંધક પંચેન્દ્રિયમાં સામા. તિ. વૈ.તિ. સામા. મનુ. અને વૈ. મનુ. જ છે.

૬૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૫૯૬
સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

ઉપર જાણાવેલ ૬૮ બંધભાંગાના બંધક પંચેન્દ્રિય જાતિવાળા તિર્યંચ અને મનુષ્યો જ છે. તેથી સામા. તિ. ના ૪૯૦૬, વૈ. તિ.ના ૫૬ સામા. મનુ. ના ૨૬૦૨ અને વૈ. મનુ. ના ૩૨ (ઉદ્યોતના ૩ વિના) એ પ્રમાણે કુલ ૭૫૯૬ ઉદયભાંગા સંભવે.

૬૮ બંધભાંગાનો વિસ્તૃત સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	સામા.તિ.ના	૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા.મનુ.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૫ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૬ના ઉદયે	સામા.તિ.ના.	૨૮૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા.મનુ.ના	૨૮૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૮ના ઉદયે	સામા.તિ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૯ના ઉદયે	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૩૦ના ઉદયે	સામા.તિ.ના	૧૭૨૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૩૧ના ઉદયે	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

બાદર પર્યાપ્ત એકે.પ્રા.૨૫ ના બંધના ૮ અને ૨૬ ના બંધના ૧૬ એ પ્રમાણે ૨૪ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે. કારણ કે તેના બંધક સામા. તિ. - સા.મનુ.-વૈ. તિ. - વૈ. મનુ. (ઉદ્યોત વિનાના) અને દેવો છે.

૨૪ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૬૬૦
સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

સામા.તિ.ના ૪૯૦૪, વૈ.તિ.ના ૫૬, સામા.મનુ.ના ૨૬૦૨, વૈ.મનુ.ના ૩૨, દેવના ૬૪ એ પ્રમાણે કુલ ૭૬૬૦ ઉદયભાંગા સંભવે.

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	સામા.તિ.ના	૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા.મનુ.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૫ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૬ના ઉદયે	સામા.તિ.ના.	૨૮૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા.મનુ.ના	૨૮૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)

		ઉદયભાંગા			સત્તાસ્થાન
૨૮ના ઉદયે	સામા.તિ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	સામા.તિ.ના	૧૭૨૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૩૧ના ઉદયે	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

પંચે તિર્યંચ પ્રાયો. ૨૯ ના બંધના ૪૬૦૮ અને ૩૦ ના બંધના ૪૬૦૮ એ પ્રમાણે ૯૨૧૬ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૬૬૫
સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

પંચે. તિર્યંચ પ્રાયો. ૨૯ અને ૩૦ ના બંધક સામા. તિ.-સા. મનુ. -વૈ.તિ. - વૈ. મનુ. (ઉદ્યોત વિનાના) દેવ અને નારકી છે. તેથી સા. તિ. ના ૪૯૦૬, વૈ. તિ. ના ૫૬, સામા. મનુ. ના ૨૬૦૨, વૈ. મનુ. ના ૩૨, દેવના ૬૪ અને નારકીના ૫ એ પ્રમાણે કુલ ૭૬૬૫ ઉદયભાંગા સંભવે છે.

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા			સત્તાસ્થાન
૨૧ના ઉદયે	સામા.તિ.ના	૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા.મનુ.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૫ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૬ના ઉદયે	સામા.તિ.ના	૨૮૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા.મનુ.ના	૨૮૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૮ના ઉદયે	સામા.તિ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મનુ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	સામા.તિ.ના	૧૭૨૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૩૧ ના ઉદયે	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

અપર્યા.મનુ.પ્રાયો. ૨૫ ના બંધના ૧ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૫૯૬
સત્તાસ્થાનઃ- ૪ (૯૨,૮૮,૮૬,૮૦)

અપર્યા.મનુ.પ્રાયો. ૨૫ ના બંધના બંધક ૬૮ બંધભાંગામાં જણાવ્યા મુજબ છે. તેથી ૭૫૯૬ ઉદયભાંગા ત્યાં જણાવ્યા મુજબ જાણવા. વિશેષતા અહીં એટલી છે કે વૈ. તિ. વૈ. મનુ. ના ઉદયભાંગે ૨-૨ સત્તાસ્થાન અને શેષ ઉદયભાંગે ૪-૪ સત્તાસ્થાન જાણવા.

(પં.તિ.ના ૪૯૦૬, વૈ.તિ.ના ૫૬, સા.મનુ.ના ૨૬૦૨, વૈ.મનુ.ના ૩૨ કુલ ૭૫૯૬)

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	સામા.તિ.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.મનુ.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૫ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૬ના ઉદયે	સામા.તિ.ના	૨૮૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.મનુ.ના	૨૮૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૮ના ઉદયે	સામા.તિ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	સામા.તિ.ના	૧૭૨૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૩૧ના ઉદયે	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ના બંધના ૪૬૦૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૬૬૫
સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૯,૮૮,૮૬,૮૦)

મનુ.પ્રા.૨૯ ના બંધના બંધક તિર્યંચ પ્રાયો.૨૯-૩૦ બંધમાં જણાવ્યા તે છે. તેથી ૭૬૬૫ ઉદયભાંગા આ પ્રમાણે સા.તિ.ના ૪૯૦૬, વૈ.તિ.ના ૫૬, સા.મનુ.૨૬૦૨, વૈ.મનુ.ના ૩૨, દેવના ૬૪, નારકી ૫ જાણવા. અહીં વૈ. તિ., વૈ. મનુ. અને દેવના ઉદયભાંગે ૯૨,૮૮ એ બે સત્તાસ્થાન, નારકીના ૫ ઉદયભાંગે ૯૨,૮૯,૮૮ એ ત્રણ સત્તાસ્થાન અને શેષ સર્વ ઉદયભાંગે ૯૨,૮૮,૮૬,૮૦ એ ચાર સત્તાસ્થાન સંભવે છે. જિન નામ બાંધી મિથ્યાત્વ લઈ નરકમાં જાય ત્યારે ૮૯ સત્તા ઘટે.

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	સામા.તિ.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.મનુ.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૯,૮૮)
૨૫ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૩	(૯૨,૮૯,૮૮)
૨૬ના ઉદયે	સામા.તિ.ના	૨૮૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.મનુ.ના	૨૮૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૩	(૯૨,૮૯,૮૮)
૨૮ના ઉદયે	સામા.તિ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૩	(૯૨,૮૯,૮૮)

		ઉદયભાંગા			સત્તાસ્થાન
૨૯ના ઉદયે	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૩	(૯૨,૮૯,૮૮)
૩૦ના ઉદયે	સામા.તિ.ના	૧૭૨૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૩૧ ના ઉદયે	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

નરક પ્રા.૨૮ દેવ પ્રા.૨૮ થી ૩૧ મનુષ્યગતિ પ્રા.૩૦ નો સંવેધ અપ્રા.૧ સામાન્ય (ઓઘ) સંવેધની જેમ જાણવો (જુઓ પા.૮૧ થી ૯૦)

દેવ પ્રાયો. ૨૯ ના બંધક ફક્ત સમ્યગદષ્ટિ મનુષ્યો જ છે. મનુ.પ્રાયો.૩૦ ના બંધક સમ્યગદષ્ટિ દેવ અને નારક છે. દેવ પ્રાયો. ૩૦-૩૧ ના બંધક યતિ છે. અપ્રાયો. ૧ નો બંધ મનુષ્ય શ્રેણીમાં કરે છે. તેથી દેવ પ્રાયો. ૨૯ ના બંધના ૮,૩૦ ના બંધનો ૧, ૩૧ ના બંધનો ૧, મનુ. પ્રાયો.૩૦ ના બંધના ૮ અને અપ્રાયો. ૧ ના બંધનો ૧ આ પ્રમાણે ૧૯ બંધભાંગાનો સંવેધ અને અબંધનો સંવેધ, સામાન્ય સંવેધમાં જણાવ્યા મુજબ જાણવો. (જૂઓ પા.૧૦૧ થી ૧૧૦)

આ પ્રમાણે જાતિ માર્ગણાએ નામકર્મનો સંવેધ સમાપ્ત.

इअ कम्मपगइठाणाणि, सुट्ठु बंधुदयसंतकम्माणं ।
गइआइएहिं अट्ठसु, चउप्पयारेण नेयाणि ॥६६॥

ગાથાર્થ : એ પ્રમાણે બંધ, ઉદય અને સત્તા સંબંધી કર્મપ્રકૃતિના સ્થાનોને ગતિ આદિ માર્ગણા સ્થાનો વડે આઠ અનુયોગ દ્વારોને વિશે ચાર (પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ) પ્રકારે જાણવા ॥ ૬૬ ॥

કાય માર્ગણાએ નામકર્મનો સંવેધ
(૧૦) પૃથ્વીકાય માર્ગણાને વિશે નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૫ (૨૩,૨૫,૨૬,૨૯,૩૦) **બંધભાંગા :-** ૧૩૯૧૭
ઉદયસ્થાનઃ- ૫(૨૧,૨૪,૨૫,૨૬,૨૭) **ઉદયભાંગા :-** ૨૪
સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

તિર્યંચ પ્રાયો. ૯૩૦૮ અને મનુ.પ્રાયો. ૨૫ ના બંધનો ૧ અને ૨૯ ના બંધના ૪૬૦૮ એ પ્રમાણે ૧૩૯૧૭ બંધભાંગા સંભવે.

દેવ પ્રા. ૧૮, મનુ. પ્રા.૩૦ ના બંધના ૮, અ.પ્રા.૧, નરક પ્રા.૧, કુલ ૨૮ બંધભાંગા ન સંભવે. એકેન્દ્રિયો આ બંધભાંગા ન બાંધે.

(એ પ્રમાણે આગળ અપકાય અને વનસ્પતિકાય માર્ગણામાં પણ સમજવું)

૨૪ ઉદયભાંગા આ પ્રમાણે છે-

''પૃથ્વીકાયને સાધારણનો ઉદય ન હોય'' તથા ''વૈક્રિય પણ ન હોય''

૨૧ના ઉદયના ૫ ભાંગા

૧) સૂક્ષ્મ અપર્યા. અપયશ
૨) સૂક્ષ્મ પર્યા. અપયશ
૩) બાદર અપર્યા.અપયશ
૪) બાદર પર્યા. અપયશ
૫) બાદર પર્યા.યશ

૨૪ના ઉદયના ૫ ભાંગા

૧)સૂક્ષ્મ અપર્યા.પ્રત્યેક અપયશ
૨) સૂક્ષ્મ પર્યા.પ્રત્યેક અપયશ
૩) બાદર અપર્યા. પ્રત્યેક અપયશ
૪) બાદર પર્યા.પ્રત્યેક અપયશ
૫) બાદર પર્યા.પ્રત્યેક યશ

૨૫ના ઉદયના (પરાઘાત સહિતના) ૩ ભાંગા

૧) સૂક્ષ્મ પર્યા. પ્રત્યેક અપયશ
૨) બાદર પર્યા. પ્રત્યેક અપયશ
૩) બાદર પર્યા. પ્રત્યેક યશ

૨૬ના ઉદયના ૭ ઉદયભાંગા

૧) સૂક્ષ્મ પર્યા. પ્રત્યેક અપયશ
૨) બાદર પર્યા. પ્રત્યેક અપયશ
૩) બાદર પર્યા. પ્રત્યેક યશ

} શ્વાસોચ્છવાસ સહિતના

૪) બાદર પર્યા. પ્રત્યેક અપયશ
૫) બાદર પર્યા. પ્રત્યેક યશ } ઉદ્યોગ સહિતના
૬) બાદર પર્યા. પ્રત્યેક અપયશ
૭) બાદર પર્યા. પ્રત્યેક યશ } આતપ સહિતના

૨૭ના ઉદયના ૭ ઉદયભાંગા

૧) બાદર પર્યા. પ્રત્યેક અપયશ
૨) બાદર પર્યા. પ્રત્યેક યશ } ઉદ્યોગ સહિતના
૩) બાદર પર્યા. પ્રત્યેક અપયશ
૪) બાદર પર્યા. પ્રત્યેક યશ } આતપ સહિતના

ઉદયસ્થાન	ઉદયભાંગા
૨૧	૫
૨૪	૫
૨૫	૩
૨૬	૭
૨૭	૪

કુલ ૨૪ ઉદયભાંગા થાય છે.

સંવેધ આ પ્રમાણે-

તિર્યંચ પ્રાયોગ્ય ૯૩૦૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૫ (૨૧,૨૪,૨૫,૨૬,૨૭) **ઉદયભાંગા :-** ૨૪
સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

	ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	૫	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૪ના ઉદયે	૫	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૫ના ઉદયે	૩	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૬ના ઉદયે	૭	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	૪	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

મનુષ્ય પ્રાયોગ્ય ૪૬૦૯ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૫ (૨૧,૨૪,૨૫,૨૬,૨૭) **ઉદયભાંગા :-** ૨૪
સત્તાસ્થાનઃ- ૪ (૯૨,૮૮,૮૬,૮૦)

	ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	૫	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૪ના ઉદયે	૫	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૫ના ઉદયે	૩	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૬ના ઉદયે	૭	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	૪	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

(૧૧) અપકાય માર્ગણાને વિશે નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૫ (૨૩,૨૫,૨૬,૨૯,૩૦) **બંધભાંગા :-** ૧૩૯૧૭
ઉદયસ્થાનઃ- ૫(૨૧,૨૪,૨૫,૨૬,૨૭) **ઉદયભાંગા :-** ૨૦
સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

તિર્યંચ પ્રાયોગ્ય ૯૩૦૮ અને મનુ. પ્રાયો. ૪૬૦૯ એ પ્રમાણે ૧૩૯૧૭ બંધભાંગા સંભવે.

''અપકાયને સાધારણ અને આતપનો ઉદય તેમજ વૈક્રિય બાકી વાઉના ભાંગા પણ ન ઘટે.''

૨૦ ઉદયભાંગા આ પ્રમાણે થાય છે-

૨૧ના ઉદયના ૫ ભાંગા
૧) સૂક્ષ્મ અપર્યા. અપયશ
૨) સૂક્ષ્મ પર્યા. અપયશ
૩) બાદર અપર્યા.અપયશ
૪) બાદર પર્યા. અપયશ
૫) બાદર પર્યા.યશ

૨૪ના ઉદયના ૫ ભાંગા
૧)સૂક્ષ્મ અપર્યા.પ્રત્યેક અપયશ
૨) સૂક્ષ્મ પર્યા.પ્રત્યેક અપયશ
૩) બાદર અપર્યા. પ્રત્યેક અપયશ
૪) બાદર પર્યા.પ્રત્યેક અપયશ
૫) બાદર પર્યા.પ્રત્યેક યશ

૨૫ના ઉદયના (પરાઘાત સહિતના) ૩ ભાંગા

૧) સૂક્ષ્મ પર્યા. પ્રત્યેક અપયશ
૨) બાદર પર્યા. પ્રત્યેક અપયશ
૩) બાદર પર્યા. પ્રત્યેક યશ

૨૬ના ઉદયના કુલ ૫ ઉદયભાંગા

૧) સૂક્ષ્મ પર્યા. પ્રત્યેક અપયશ
૨) બાદર પર્યા. પ્રત્યેક અપયશ
૩) બાદર પર્યા. પ્રત્યેક યશ
} શ્વાસોચ્છવાસ સહિતના

૪) બાદર પર્યા. પ્રત્યેક અપયશ
૫) બાદર પર્યા. પ્રત્યેક યશ
} ઉદ્યોત સહિતના

૨૭ના ઉદયના ૨ ઉદયભાંગા

૧) બાદર પર્યા. પ્રત્યેક અપયશ
૨) બાદર પર્યા. પ્રત્યેક યશ
} ઉદ્યોત સહિતના

ઉદયસ્થાન	ઉદયભાંગા
૨૧	૫
૨૪	૫
૨૫	૩
૨૬	૫
૨૭	૨

કુલ ૨૦ ઉદયભાંગા થાય છે.

સંવેધ આ પ્રમાણે-

તિર્યંચ પ્રાયોગ્ય ૯૩૦૮ બંધભાંગાનો સંવેધ

	ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	૫	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૪ના ઉદયે	૫	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

	ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૫ના ઉદયે	૩	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૬ના ઉદયે	૫	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

મનુષ્ય પ્રાયોગ્ય ૪૬૦૯ બંધભાંગાનો સંવેધ

	ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	૫	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૪ના ઉદયે	૫	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૫ના ઉદયે	૩	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૬ના ઉદયે	૫	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

(૧૨) તેઉકાય માર્ગણાને વિશે નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૫ (૨૩,૨૫,૨૬,૨૯,૩૦) **બંધભાંગા :**-૯૩૦૮

ઉદયસ્થાનઃ- ૪(૨૧,૨૪,૨૫,૨૬) **ઉદયભાંગા :**- ૧૨

સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

તેઉકાય ફક્ત તિર્યંચ પ્રાયોગ્ય જ બંધ કરે તેથી ૯૩૦૮ બંધભાંગા જ સંભવે. શેષ ૪૬૩૭ ભાંગા ન સંભવે.

''તેઉકાયને યશનો, સાધારણનો, આતપનો, ઉદ્યોતનો ઉદય ન હોય તેમજ વૈક્રિય શરીર પાગ ન હોય.''

તેઉકાયના ૧૨ ઉદયભાંગા આ પ્રમાણે થાય છે-

૨૧ના ઉદયના ૪ ભાંગા

૧) સૂક્ષ્મ અપર્યા. અપયશ
૨) સૂક્ષ્મ પર્યા. અપયશ
૩) બાદર અપર્યા.અપયશ
૪) બાદર પર્યા. અપયશ

૨૪ના ઉદયના ૪ ભાંગા

૧)સૂક્ષ્મ અપર્યા.પ્રત્યેક અપયશ
૨) સૂક્ષ્મ પર્યા.પ્રત્યેક અપયશ
૩) બાદર અપર્યા. પ્રત્યેક અપયશ
૪) બાદર પર્યા.પ્રત્યેક અપયશ

૨૫ના ઉદયના ૨ ભાંગા
(પરાઘાત સહિત)
૧) સૂક્ષ્મ પર્યા. પ્રત્યેક અપયશ
૨) બાદર પર્યા. પ્રત્યેક અપયશ

૨૬ ના ઉદયના ૨ ભાંગા
(શ્વાસોચ્છવાસ સહિત)
૧) સૂક્ષ્મ પર્યા.પ્રત્યેક અપયશ
૨) બાદર પર્યા.પ્રત્યેક અપયશ

ઉદયસ્થાન	ઉદયભાંગા
૨૧	૪
૨૪	૪
૨૫	૨
૨૬	૨

કુલ ૧૨ ઉદયભાંગા થાય છે.

તિર્યંચ પ્રાયોગ્ય ૯૩૦૮ બંધભાંગાનો સંવેધ

	ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	૪	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૪ના ઉદયે	૪	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૫ના ઉદયે	૨	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૬ના ઉદયે	૨	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

(૧૩) વાયુકાય માર્ગણાને વિશે નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૫ (૨૩,૨૫,૨૬,૨૯,૩૦)
ઉદયસ્થાનઃ- ૪(૨૧,૨૪,૨૫,૨૬)
સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

બંધભાંગા :- ૯૩૦૮
ઉદયભાંગા :- ૧૫

વાયુકાય ફક્ત તિર્યંચ પ્રાયોગ્ય જ બંધ કરે તેથી ૯૩૦૮ બંધભાંગા સંભવે.

"વાયુકાય ને યશનો, સાધારણનો આતપનો, ઉદ્યોતનો ઉદય ન હોય."

વૈક્રિય શ.નો ઉદય હોય. (તેઉકાયના ૧૨ ભાંગામાં વૈક્રિયના ૩ ભાંગા ઉમેરતાં)

૧૫ ઉદયભાંગા આ પ્રમાણે થાય છે.

૨૧ના ઉદયના ૪ ઉદયભાંગા

૧) સૂક્ષ્મ અપર્યા. અપયશ
૨) સૂક્ષ્મ પર્યા. અપયશ
૩) બાદર અપર્યા.અપયશ
૪) બાદર પર્યા. અપયશ

૨૪ના ઉદયના ૫ ઉદયભાંગા

૧)સૂક્ષ્મ પર્યા.પ્રત્યેક અપયશ
૨) સૂક્ષ્મ અપર્યા.પ્રત્યેક અપયશ
૩) બાદર પર્યા. પ્રત્યેક અપયશ
૪) બાદર અપર્યા.પ્રત્યેક અપયશ
૫) વૈક્રિય વાયુ.નો બાદર પર્યા.પ્રત્યેક અપયશ

૨૫ના ઉદયના ૩ ભાંગા (પરાઘાત સહિત)

૧) સૂક્ષ્મ પર્યા. પ્રત્યેક અપયશ
૨) બાદર પર્યા. પ્રત્યેક અપયશ
૩) બાદર પર્યા.પ્રત્યેક અપયશ (વૈક્રિય વાઉકાયનો)

૨૬ના ઉદયના ૩ ભાંગા (શ્વાસોચ્છવાસ સહિત)

૧) સૂક્ષ્મ પર્યા.પ્રત્યેક અપયશ
૨) બાદર પર્યા.પ્રત્યેક અપયશ
૩) બાદર પર્યા. પ્રત્યેક અપયશ (વૈક્રિય વાઉકાયનો)

ઉદયસ્થાન	ઉદયભાંગા
૨૧	૪
૨૪	૫
૨૫	૩
૨૬	૩

કુલ ૧૫ ઉદયભાંગા થાય છે.

તિર્યંચ પ્રાયોગ્ય ૯૩૦૮ બંધભાંગાનો સંવેધ

	ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	૪	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૪ના ઉદયે	૪	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
વૈ.વાયુ.ના	૧	×	૩	(૯૨,૮૮,૮૬)
૨૫ના ઉદયે	૨	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
વૈ.વાયુ.ના	૧	×	૩	(૯૨,૮૮,૮૬)
૨૬ના ઉદયે	૨	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
વૈ.વાયુ.ના	૧	×	૩	(૯૨,૮૮,૮૬)

(૧૪) વનસ્પતિકાય માર્ગણાને વિશે નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૫ (૨૩,૨૫,૨૬,૨૯,૩૦) **બંધભાંગા :**-૧૩૯૧૭
ઉદયસ્થાનઃ-૫(૨૧,૨૪,૨૫,૨૬,૨૭) **ઉદયભાંગા :**- ૩૧
સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

તિર્યંચના ૯૩૦૮ અને મનુષ્યના ૪૬૦૯ એ પ્રમાણે કુલ ૧૩૯૧૭ બંધભાંગા થાય છે.

''વનસ્પતિકાયને આતપનો ઉદય ન હોય, અને પ્રત્યેક વનસ્પતિ સૂક્ષ્મ ન હોય.'' તેથી ૩૧ ઉદયભાંગા આ પ્રમાણે થાય છે-

૨૧ના ઉદયના ૫ ઉદયભાંગા

૧) સૂક્ષ્મ અપર્યા. અપયશ
૨) સૂક્ષ્મ પર્યા. અપયશ
૩) બાદર અપર્યા.અપયશ
૪) બાદર પર્યા. અપયશ
૫) બાદર પર્યા.યશ

૨૪ના ઉદયના ૮ ઉદયભાંગા

૧)સૂક્ષ્મ અપર્યા.સાધા.અપયશ
૨) સૂક્ષ્મ પર્યા. સાધા. અપયશ
૩) બાદર અપર્યા. પ્રત્યેક અપયશ
૪) બાદર અપ. સાધા. અપયશ
૫) બાદર પર્યા. પ્રત્યેક અપયશ
૬) બાદર પર્યા. પ્રત્યેક યશ
૭) બાદર પર્યા. સાધારણ અપયશ
૮) બાદર પર્યા. સાધારણ યશ

૨૫ના ઉદયના ૫ ઉદયભાંગા (પરાઘાત સહિત)

૧) સૂક્ષ્મ પર્યા. સાધારણ અપયશ
૨) બાદર પર્યા. પ્રત્યેક અપયશ
૩) બાદર પર્યા.પ્રત્યેક યશ
૪) બાદર પર્યા. સાધારણ અપયશ
૫) બાદર પર્યા. સાધારણ યશ

૨૬ના ઉદયના ૯ ઉદયભાંગા (શ્વાસોચ્છવાસ સહિત)

૧) સૂક્ષ્મ પર્યા.સાધા. અપયશ
૨) બાદર પર્યા. પ્રત્યેક અપયશ
૩) બાદર પર્યા. પ્રત્યેક યશ
૪) બાદર પર્યા. સાધારણ અપયશ
૫) બાદર પર્યા. સાધારણ યશ (ઉદ્યોત સહિત)
૬) બાદર પર્યા. પ્રત્યેક અપયશ
૭) બાદર પર્યા. પ્રત્યેક યશ
૮) બાદર પર્યા. સાધારણ અપયશ
૯) બાદર પર્યા. સાધારણ યશ

૨૭ના ઉદયના ૪ ઉદયભાંગા (ઉદ્યોત સહિતના)

૧) બાદર પર્યા. પ્રત્યેક અપયશ
૨) બાદર પર્યા.પ્રત્યેક યશ
૩) બાદર પર્યા.સાધારણ અપયશ
૪) બાદર પર્યા. સાધારણ અપયશ

ઉદયસ્થાન	ઉદયભાંગા
૨૧	૫
૨૪	૮
૨૫	૫
૨૬	૯
૨૭	૪

એમ, કુલ ૩૧ ઉદયભાંગા થાય છે.

તિર્યંચ પ્રાયોગ્ય ૯૩૦૮ બંધભાંગાનો સંવેધ

	ઉદયભાંગે		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	૫	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૪ના ઉદયે	૮	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૫ના ઉદયે	૫	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૬ના ઉદયે	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	૪	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

મનુષ્ય પ્રાયોગ્ય ૪૬૦૯ બંધભાંગાનો સંવેધ

	ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	૫	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૪ના ઉદયે	૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૫ના ઉદયે	૫	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૬ના ઉદયે	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	૪	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

(૧૫) ત્રસકાય માર્ગણાને વિશે નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૮ (૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦,૩૧,૧) **બંધભાંગા :-**૧૩૯૪૫
ઉદયસ્થાનઃ- ૧૧(૨૦,૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧,૯,૮) **ઉ.ભાંગા :-** ૭૭૪૯
સત્તાસ્થાનઃ- ૧૨ (૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૮,૭૬,૭૫,૯,૮)

એકેન્દ્રિયના ૪૨ વિના ૭૭૪૯ ઉદયભાંગા સંભવે.

૨૩ ના બંધના ૪,૨૫ ના બંધના એકે. પ્રાયો. ૧૨ (બાદર પર્યા. ૮ વિના) વિકલે. પ્રાયો. ૩, અપર્યા. પંચે. તિ. પ્રા. ૧, ૨૯ ના બંધના વિકલે. પ્રા. ૨૪ અન્ય ૩૦ ના બંધના વિકલે. પ્રા. ૨૪ એમ કુલ ૬૮ બંધભાંગાનો સંવેધ સમાન થાય છ તે આ પ્રમાણે-

૬૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૮(૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉ.ભાંગા :-** ૭૬૬૨
સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

વિકલે. ના ૬૬, સામા. તિ. ના ૪૯૦૬, વૈ. તિ.ના ૫૬, સામા. મનુ. ૨૬૦૨ અને વૈ. મનુ. ના ૩૨ એ પ્રમાણે કુલ ૭૬૬૨ ઉદયભાંગા સંભવે. સંવેધ આ પ્રમાણે.

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	વિકલેન્દ્રિયના	૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા.તિ.ના	૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા.મનુ.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૫ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૬ના ઉદયે	વિકલેન્દ્રિયના	૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા.તિ.ના	૨૮૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા.મનુ.ના	૨૮૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૮ના ઉદયે	વિકલેન્દ્રિયના	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	વિકલેન્દ્રિયના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	વિકલેન્દ્રિયના	૧૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૭૨૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૩૧ના ઉદયે	વિકલેન્દ્રિયના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

બાદર પર્યા. એકે. પ્રાયો. ૨૫ ના બંધના ૮ અને ૨૬ ના બંધના ૧૬ બંધભાંગા એ પ્રમાણે ૨૪ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે.

૨૪ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉ.ભાંગા :-** ૭૭૨૬

સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

અહીં ૬૮ બંધભાંગાના સંવેધમાં જણાવેલ ૭૬૬૨+૬૪ દેવના એટલે કે કુલ ૭૭૨૬ ઉદયભાંગા થાય છે.

સંવેધ આ પ્રમાણે-

અહીં ૬૮ બંધભાંગામાં જણાવ્યા મુજબ જ સંવેધ સંભવે. ફક્ત વિશેષ એટલું કે દેવના ૬૪ ઉદયભાંગે ૯૨,૮૮ બે સત્તાસ્થાન ઘટે તેથી અહીં વિશેષતા જ બતાવાય છે.

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૫ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૭ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૮ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)

શેષ સંવેધ ૬૮ બંધભાંગામાં ઉપર જણાવ્યા મુજબ જાણવા.

અપ. મનુ. પ્રા. ૨૫ ના બંધના ૧ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગાઃ-** ૭૬૬૨
સત્તાસ્થાનઃ- ૪ (૯૨,૮૮,૮૬,૮૦)

વિકલે.ના ૬૬, સામા. તિ. ના ૪૯૦૬, વૈ. તિ. ના ૫૬, સામા. મનુ. ૨૬૦૦ અને વૈ. મનુ.ના ૩૨ એ પ્રમાણે કુલ ૭૬૬૨ ઉદયભાંગા સંભવે.

મનુષ્ય પ્રાયોગ્ય બંધ હોવાથી ૭૮ ની સત્તા અહીં ન હોય.

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	વિકલેન્દ્રિયના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.મનુ.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૫ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૬ના ઉદયે	વિકલેન્દ્રિયના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૨૮૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.મનુ.ના	૨૮૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૮ના ઉદયે	વિકલેન્દ્રિયના	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	વિકલેન્દ્રિયના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	વિકલેન્દ્રિયના	૧૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૭૨૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૩૧ના ઉદયે	વિકલેન્દ્રિયના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ અને નરક પ્રાયો. ૨૮ ના બંધના ૧ બંધભાંગાનો સંવેધ સામાન્ય સંવેધ મુજબ જાણવો. જુઓ. પે. ૮૫ થી ૯૦. પંચે. તિ. પ્રાયો. ૨૯ ના બંધના ૪૬૦૮ અને ૩૦ ના બંધના ૪૬૦૮ એ પ્રમાણે ૯૨૧૬ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે.

તે આ પ્રમાણે-

૯૨૧૬ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૭૩૧
સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

૨૪ બંધભાંગાના સંવેધમાં જણાવ્યા મુજબ ૭૭૨૬+૫ નારકીના એ પ્રમાણે ૭૭૩૧ ઉદયભાંગા કુલ થાય છે.

સંવેધ આ પ્રમાણે-

૨૪ બંધભાંગાના સંવેધમાં જણાવ્યા મુજબ સંવેધ જાણવો. પરંતુ વિશેષ એટલું કે નારકીના ૫ ઉદયભાંગે ૯૨,૮૮ એ બે સત્તાસ્થાનો સંભવે.

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૫ના ઉદયે	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૭ના ઉદયે	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૮ના ઉદયે	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)

બાકીનો સંવેધ ૨૪ બંધભાંગા પ્રમાણે- (જુઓ પે. ૩૧૭)

મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધના ૪૬૦૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૭૩૧
સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૯,૮૮,૮૬,૮૦)

૯૨૧૬ બંધભાંગાના સંવેધમાં જાણાવ્યા મુજબ ૭૭૩૧ ભાંગા ઘટે છે.

સંવેધ આ પ્રમાણે-

અહીં નારકીને પ્રથમ અંતર્મુહૂર્તમાં મનુષ્યમાંથી જિનનામ બાંધી ક્ષાયો. સમ્ય. વમી મિથ્યાત્વ લઈને આવનારને ૮૯ ની સત્તા ઘટે.

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	વિકલેન્દ્રિયના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.મનુ.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૩	(૯૨,૮૯,૮૮)
૨૫ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૩	(૯૨,૮૯,૮૮)
૨૬ના ઉદયે	વિકલેન્દ્રિયના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૨૮૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.મનુ.ના	૨૮૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

		ઉદયભાંગા			સત્તાસ્થાન
૨૭ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૩	(૯૨,૮૯,૮૮)
૨૮ના ઉદયે	વિકલેન્દ્રિયના	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૩	(૯૨,૮૯,૮૮)
૨૯ના ઉદયે	વિકલેન્દ્રિયના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૩	(૯૨,૮૯,૮૮)
૩૦ના ઉદયે	વિકલેન્દ્રિયના	૧૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૭૨૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૩૧ના ઉદયે	વિકલેન્દ્રિયના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

મનુ.પ્રાયો.૩૦ નો બંધ, દેવ પ્રા. ૨૮,૨૯,૩૦,૩૧ નો બંધ નરક પ્રાયો. ૨૮ નો બંધ અને અપ્રાયો. ૧ ના બંધનો સંવેધ, સામાન્ય સંવેધ પ્રમાણે છે. જૂઓ પા. ૮૫ થી

કાયમાર્ગણાએ નામકર્મનો સંવેધ સમાપ્ત.

(૧૬) મનોયોગ માર્ગણાને વિશે નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૮ (૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦,૩૧,૧) **બંધભાંગા** :-૧૩૯૪૫
ઉદયસ્થાનઃ- ૬(૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉ.ભાંગા** :- ૩૫૭૨
સત્તાસ્થાનઃ- ૯ (૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૬,૭૫)

મનોયોગીને સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અવસ્થાના ઉદયસ્થાન અને ઉદયભાંગા સંભવે તેથી સામા. તિ. ના ૩૦ ના ઉદયના ૧૧૫૨, ૩૧ ના ઉદય ૧૧૫૨, વૈ. તિ. ના ૫૬, સામા. મનુ. ના ૩૦ ના ઉદયના ૧૧૫૨, વૈ. મનુ. ના ૩૫, આહા. મનુ. ના ૭, તીર્થંકર કેવલીનો ૩૧ ના ઉદયનો ૧, દેવના ૨૯ ના (સ્વરવાળા) ઉદયના ૮, ૩૦ ના ઉદયના ૮ અને નારકીનો ૨૯ ના ઉદયનો ૧ એ પ્રમાણે કુલ ૩૫૭૨ ઉદયભાંગા સંભવે.

એકે.૪૨, વિકલેન્દ્રિયના ૬૬, અપ.તિ.૨૬૦૨, અપ. મનુ. ૧૧૫૦, દે૧.ના અપર્યાવસ્થાના ૪૮, નારકીના ૪, તીર્થ.-૭, કુલ - ૪૨૧૯ ઉદયભાંગા ન હોય.

૨૩ના બંધના ૪, ૨૫ ના બંધના એકે. પ્રાયો. ૧૨ (બાદર પર્યા. ના ૮ ભાંગા વિના) વિકલે. પ્રાયો. ૩, અપર્યા. તિ. પ્રાયો. ૧, અપર્યા. મનુ. પ્રાયો. ૧૭,૨૯ ના બંધના વિકલે. પ્રાયો. ૨૪ અને ૩૦ ના બંધના વિકલે. પ્રાયો. ૨૪ એમ કુલ ૬૯ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે.

૭૮ની સત્તા શરીરથી અપ. તિર્યંચને હોય ત્યારે મનયોગ હોય નહીં અને ૮, ૯ની સત્તા અયોગીમાં હોય માટે ન હોય.

૬૯ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૬ (૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉ.ભાંગા** :- ૩૫૪૪
સત્તાસ્થાનઃ- ૪ (૯૨,૮૯,૮૬,૮૦)

સામા.તિ.ના ૩૦-૩૧ ના ઉદયના ૧૧૫૨+૧૧૫૨, વૈ.તિ.ના ૫૬, સામા. મનુ. ના ૩૦ ના ઉદયના ૧૧૫૨ અને વૈ. મનુ. ના ૩૨ એ પ્રમાણે કુલ ૩૫૪૪ ઉદયભાંગા સંભવે.

		ઉદયભાંગા			સત્તાસ્થાન
૨૫ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૭ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૮ના ઉદયે	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૩૦ના ઉદયે	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬*,૮૦*)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૩૧ના ઉદયે	સામા.મનુ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

એકે. માંથી ૮૦ અથવા ૮૬ ની સત્તા લઈને પં. તિર્યંચ અથવા મનુષ્યમાં આવેલાને પર્યાપ્ત થયા પછી મનોયોગમાં આ બંધ ભાંગા બાંધતી વખતે અંતર્મુહૂર્ત સુધી ઘટી શકે.

બાદર પર્યા.એકે.ના ૨૫ ના બંધના ૮ અને ૨૬ના બંધના ૧૬ એ પ્રમાણે ૨૪ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે. તે આ પ્રમાણે-

૨૪ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૬(૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૩૫૬૦
સત્તાસ્થાનઃ- ૪ (૯૨,૮૯,૮૬,૮૦)

૬૯ બંધભાંગાના સંવેધમાં જાણાવ્યા મુજબ ૩૫૪૪+૧૬ દેવના (દેવના ૨૯ ના ઉદયના સ્વરવાળા ૮ અને ૩૦ ના ઉદયના ૮ એ પ્રમાણે ૧૬) એમ ૩૫૬૦ ઉદયભાંગા હોય છે.

સંવેધ આ પ્રમાણે-

૬૯ બંધભાંગામાં જાણાવ્યા મુજબ ૭ સંવેધ થાય, ફક્ત દેવના ૧૬ ઉદયભાંગે ૯૨,૮૮ એ બે સત્તાસ્થાન વિશેષ સંભવે.

	ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૯ના ઉદયના દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયના દેવના	૮	×	૨	(૯૨,૮૮)

શેષ સંવેધ ૬૯ બંધભાંગામાં ઉપર જાણાવ્યા મુજબ જાણવો. (જુઓ ૩૨૨)

પંચે તિર્યંચ પ્રાયો. ૨૯ ના બંધના ૪૬૦૮ અને ૩૦ ના બંધના ૪૬૦૮ એ પ્રમાણે કુલ ૯૨૧૬ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે. તે આ પ્રમાણે-

૯૨૧૬ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૬ (૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૩૫૬૧
સત્તાસ્થાનઃ- ૪ (૯૨,૮૮,૮૬,૮૦)

૨૪ બંધભાંગાના સંવેધમાં જાણાવ્યા મુજબ ૩૫૬૦+૧ (૨૯ના ઉદયનો) નારકીનો

એ પ્રમાણે કુલ ૩૫૬૧ ઉદયભાંગા થાય છે.

સંવેધ આ પ્રમાણે-

૨૪ બંધભાંગાના સંવેધમાં જણાવ્યા મુજબ જ સંવેધ થાય છે. ફક્ત વિશેષ એટલું કે નારકીના ૧ ઉદયભાંગે ૯૨,૮૮ એ બે સત્તાસ્થાન ઘટે. શેષ સંવેધ ઉપર ૨૪ બંધભાંગાના સંવેધ પ્રમાણે.

મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધના ૪૬૦૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૬ (૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૩૫૬૧
સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૯,૮૮,૮૬,૮૦)

૯૨૧૬ બંધભાંગાના સંવેધમાં જણાવ્યા મુજબ ૩૫૬૧ ઉદયભાંગા જાણવા.

સંવેધ આ પ્રમાણે-

૨૪ બંધભાંગાના સંવેધમાં જણાવ્યા મુજબ સંવેધ જાણવો. ફક્ત નારકીના ૧ ઉદયભાંગે ૯૨,૮૯,૮૮ એ ત્રણ સત્તાસ્થાન ઘટે. એટલે ૮૯ ની સત્તા અધિક સમજવી.

(જુઓ પા. ૯૪-૯૫)

દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૬ (૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૩૫૫૪
સત્તાસ્થાનઃ- ૩ (૯૨,૮૯,૮૬)

સામા.તિ.ના ૩૦ ના ઉદયના ૧૧૫૨, ૩૧ ના ઉદયના ૧૧૫૨, વૈ. તિ. ના ૫૬, સામા. મનુ. ના ૩૦ ના ઉદયના ૧૧૫૨, વૈ. મનુ.ના ૩૫ અને આહા. મનુ.ના ૭ એ પ્રમાણે કુલ ૩૫૫૪ ઉદયભાંગા સંભવે.

સંવેધ આ પ્રમાણે

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૫ના ઉદયના	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	આહા.મનુ.ના	૧	×	૧	(૯૨)
૨૭ના ઉદયના	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	આહા.મનુ.ના	૧	×	૧	(૯૨)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૮ના ઉદયના	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૯	×	૨	(૯૨,૮૮)
	આહા.મનુ.ના	૨	×	૧	(૯૨)
૨૯ના ઉદયના	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૯	×	૨	(૯૨,૮૮)
	આહા.મનુ.ના	૨	×	૧	(૯૨)
૩૦ના ઉદયના	સામા.તિ.ના	૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬*)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬*)
	વૈ.મનુ.ના	૧	×	૨	(૯૨,૮૮)
	આહા.મનુ.ના	૧	×	૧	(૯૨)
૩૧ના ઉદયના	સામા.તિ.ના	૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬*)

(*જુઓ પા.૮૫ થી ૯૦)

દેવ પ્રાયોગ્ય ૨૯ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૫ (૨૫,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગા :-** ૧૧૯૪

સત્તાસ્થાનઃ- ૨ (૯૩,૮૯)

સામા.મનુ.ના ૩૦ ના ઉદયના ૧૧૫૨, વૈ.મનુ.ના ૩૫ અને આહા. મનુ.ના ૭ એ પ્રમાણે કુલ ૧૧૯૪ ઉદયભાંગા સંભવે. જો જિનનામ બાંધનાર મનુષ્યને ઉત્તમ સંઘયણનો ઉદય માનીએ તો ૩૦ ઉદયના સા. મનુષ્યના ૧૯૨+વૈ.મ.ના ૩૫+આહા. મનુષ્યના ૭ કુલ ૨૩૪ ભાંગા ઘટે.

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૫ના ઉદયે	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૩,૮૯)
	આહા.મનુ.ના	૧	×	૧	(૯૩)
૨૭ના ઉદયે	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૩,૮૯)
	આહા.મનુ.ના	૧	×	૧	(૯૩)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૮ના ઉદયે	વૈ.મનુ.ના	૯	×	૨	(૯૩,૮૯)
	આહા.મનુ.ના	૨	×	૧	(૯૩)
૨૯ના ઉદયે	વૈ.મનુ.ના	૯	×	૨	(૯૩,૮૯)
	આહા.મનુ.ના	૨	×	૧	(૯૩)
૩૦ના ઉદયે	સામા.મનુ.ના	૧૧૫૨ (૧૯૨)	×	૨	(૯૩,૮૯)
	વૈ.મનુ.ના	૧	×	૨	(૯૩,૮૯)
	આહા.મનુ.ના	૧	×	૧	(૯૩)

મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૨ (૨૯,૩૦) **ઉદયભાંગા :-** ૧૭

સત્તાસ્થાનઃ- ૨ (૯૩,૮૯)

દેવના ૨૯ ના ઉદયના ૮,૩૦ ના ઉદયના ૮, કુલ ૧૬ અને નારકીનો ૨૯ના ઉદયનો ૧ એ પ્રમાણે ૧૭ ઉદયભાંગા સંભવે.

દેવના ઉદયભાંગે ૯૩,૮૯ એ બે સત્તાસ્થાન અને નારકીના ઉદયભાંગે ૮૯નું સત્તાસ્થાન ઘટે.

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૯ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)
	નારકીના	૧	×	૧	(૮૯)
૩૦ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)

નરક પ્રાયો. ૨૮ ના બંધનો ૧, દેવ પ્રાયો. ૩૦ અને ૩૧ ના બંધનો ૧-૧ અને અપ્રાયો. ૧ના બંધનો ૧ એ પ્રમાણે કુલ ૪ બંધભાંગાનો સંવેધ સામાન્ય સંવેધ મુજબ જ જાણવો.

(જુઓ પા. ૮૧ તથા ૧૦૫ થી ૧૧૦)

અબંધનો સંવેધઃ-

અબંધમાં ૨૦-૨૧-૨૬-૨૭ના ઉદયસ્થાનો કેવલીસમુદ્‌ઘાતના છે અને ત્યારે ઔદારિક મિશ્ર અને કાર્મણકાયયોગનો જ વ્યાપાર હોય છે. પણ મનોયોગ કે વચનયોગ હોય નહિ તથા

યોગનિરોધ વખતના ૨૮-૨૯-૩૦ ના ઉદયસ્થાનોમાં સ્વર-ઉચ્છ્વાસનો નિરોધ હોવાથી સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તો હોવા છતાં પણ મનોયોગ ન હોય અને ૮-૯ ના ઉદયસ્થાનો અયોગીના છે, તેથી ત્યાં પણ મનોયોગ ન હોય માટે અબંધના કુલ ૧૧૦ ઉદયભાંગામાંથી ૩૦ ના ઉદયના ૭૨ અને ૩૧ના ઉદયનો ૧ એમ કુલ ૭૩ ઉદયભાંગા જ ઘટશે.

ઉદયસ્થાનઃ- ૨ (૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૩

સત્તાસ્થાનઃ- ૮ (૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫)

સંવેધ આ પ્રમાણે-

૩૦ના ઉદયે	૪૮ ભાંગે	×	૪	(૨)(૯૨,૮૮,૯૩,૮૯)
	૨૩ ભાંગે	×	૬	(૯૩,૯૨,૮૯,૮૮,૭૯,૭૫)
	૧ ભાંગે	×	૮	(૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫)
(તીર્થં. કેવલીને)	૩૧ ના ઉદયે ૧ભાંગે	×	૨	(૮૦,૭૬)

જો પ્રથમ સંઘયણવાળાને જ જિનનામનો બંધ માનીએ તો ૩૦ ના ઉદયના બીજા-ત્રીજા સંઘયણના ૪૮ ભાંગે ૯૨-૮૮ બે જ સત્તાસ્થાન હોય.

(૧૭) વચનયોગ માર્ગણાને વિશે નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૮ (૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦,૩૧,૧) **બંધભાંગા :-**૧૩૯૪૫

ઉદયસ્થાનઃ- ૬(૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૩૫૯૬

સત્તાસ્થાનઃ- ૯ (૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૬,૭૫)

વચનયોગ વિકલેન્દ્રિયને પણ હોય તેથી મનોયોગ માર્ગણામાં જણાવેલ ૩૫૭૨+૨૪ (વિકલેન્દ્રિયના ૩૦ ના ઉદયના ૧૨ અને ૩૧ના ઉદયના ૧૨) કુલ ૩૫૯૬ ઉદયભાંગા થાય.

૨૩ ના બંધના ૪, ૨૫ ના બંધના એકે.પ્રાયો. ૧૨ (બાદર પર્યા. ના ૮ વિના) વિકલે. પ્રાયો. ૩, અપર્યા. તિ. અને અપ. મનુ.ના પ્રાયો. ૧-૧, વિકલેન્દ્રિય પ્રાયો. ૨૯ અને ૩૦ ના બંધના ૨૪-૨૪ એમ કુલ ૬૯ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે.

૬૯ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૬(૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૩૫૬૮
સત્તાસ્થાનઃ- ૪ (૯૨,૮૮,૮૬,૮૦)

મનોયોગ માર્ગણામાં ૬૯ બંધભાંગાના સંવેધમાં જણાવેલ ૩૫૪૪+૨૪ (વિકલે. ના ૩૦ અને ૩૧ના ઉદયના ૧૨+૧૨) એ પ્રમાણે કુલ ૩૫૬૮ ઉદયભાંગા થાય છે.

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૫ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૭ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૮ના ઉદયે	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	વિકલે.ના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૩૧ના ઉદયે	વિકલે.ના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

બાદર પર્યા. એકે. પ્રા.ના ૨૫ બંધના ૮ અને ૨૬ ના બંધના ૧૬ એ પ્રમાણે ૨૪ બંધભાંગાનો સંવેધ સમાન છે. તે આ પ્રમાણે -

૨૪ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૬(૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૩૫૮૪
સત્તાસ્થાનઃ- ૪ (૯૨,૮૮,૮૬,૮૦)

૬૯ બંધભાંગાના સંવેધમાં જાણાવેલ ૩૫૬૮+૧૬ દેવના કુલ ૩૫૮૪ ઉદયભાંગા થાય.

સંવેધ આ પ્રમાણે-

૬૯ બંધભાંગાના સંવેધમાં ઉપર જાણાવ્યા મુજબ સંવેધ જાણવો. પરંતુ વિશેષ એટલું કે દેવના ૧૬ ઉદયભાંગે ૯૨,૮૮ એ બે સત્તાસ્થાન ઘટે.

		ઉદયભાંગા		**સત્તાસ્થાન**	
૨૯ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)

શેષ સંવેધ ૬૯ બંધભાંગામાં જાણાવ્યા મુજબ જાણવો.

પંચે. તિ. પ્રાયો. ૨૯ ના બંધના ૪૬૦૮ અને ૩૦ ના બંધના ૪૬૦૮ એમ કુલ ૯૨૧૬ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે. તે આ પ્રમાણે -

૯૨૧૬ ભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૬(૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૩૫૮૫

સત્તાસ્થાનઃ- ૪ (૯૨,૮૮,૮૬,૮૦)

૨૪ બંધભાંગાના સંવેધમાં જાણાવેલ ૩૫૮૪+૧ નારકીનો એમ કુલ ૩૫૮૫ ઉદયભાંગા સંભવે.

સંવેધ આ પ્રમાણે-

૨૪ બંધભાંગાના સંવેધ મુજબ સંવેધ જાણવો. ફક્ત વિશેષ એટલું કે નારકીના ૧ ઉદયભાંગે ૯૨,૮૮ એ બે સત્તાસ્થાન સંભવે.

૨૯ ના ઉદયે નારકીના ૧ ઉદયભાંગે ૯૨,૮૮ એ બે સત્તાસ્થાન.

શેષ સંવેધ ૨૪ બંધભાંગાના સંવેધ મુજબ જાણવો.

દેવ પ્રાયોગ્ય ૨૯ના બંધના ૪૬૦૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૬ (૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૩૫૮૫

સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૯,૮૮,૮૬,૮૦)

ઉપર ૯૨૧૬ બંધભાંગાના સંવેધમાં ઉપર જાણાવ્યા મુજબ ૩૫૮૫ ઉદયભાંગા હોય છે.

સંવેધ આ પ્રમાણે-

૨૪ બંધભાંગાના સંવેધ પ્રમાણે સંવેધ જાણવો. ફક્ત નારકીના ૧ ઉદયભાંગે ૯૨,૮૯,૮૮ એ ત્રણ સત્તાસ્થાન સંભવે. એટલે ૮૯ની સત્તા અધિક સમજવી.

૨૯ના ઉદયે નારકીના ૧ ઉદયભાંગે × ૩ (૯૨,૮૯,૮૮) ની સત્તા.

દેવ પ્રા.૨૮ ના બંધના ૮, ૨૯ના બંધના ૮, મનુ. પ્રાયો.૩૦ ના બંધના ૮, એમ કુલ ૨૪ બંધભાંગાનો સંવેધ મનોયોગ માર્ગણામાં જણાવ્યા મુજબ જ જાણવો. કારણ કે વિકલે. તે ૨૪ બંધભાંગા બાંધે નહીં. (જુઓ પા. ૩૧૭, ૩૧૮)

નરક પ્રાયો. ૨૮ ના બંધનો ૧, દેવ પ્રાયો. ૩૦-૩૧ ના બંધનો ૧-૧ અને અપ્રાયોગ્ય ૧ના બંધનો ૧ એ પ્રમાણે કુલ ૪ બંધભાંગાનો સંવેધ સામાન્ય સંવેધ મુજબ જાણવો.

(જુઓ પા. ૮૧ તથા ૧૦૫ થી ૧૧૦)

અબંધનો સંવેધ મનોયોગ માર્ગણામાં જણાવ્યા મુજબ જાણવો. (જુઓ પા. ૩૨૦)

(૧૮) કાયયોગ માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૮ (૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦,૩૧,૧) **બંધભાંગા :-**૧૩૯૪૫
ઉદયસ્થાનઃ- ૧૦(૨૦,૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૭૮૯
સત્તાસ્થાનઃ- ૧૦(૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૮,૭૬,૭૫)

૯ અને ૮નું ઉદયસ્થાન અયોગિ ગુણઠાણે છે ત્યારે કાયયોગ હોય નહીં તેથી તેના ૨ ઉદયભાંગા વિના શેષ ૭૭૮૯ ઉદયભાંગા સંભવે.

૯ અને ૮ ની સત્તા ૧૪માં ગુણઠાણે હોય માટે અહીં ન સંભવે.

અહીં અબંધકના સંવેધમાં ૮ અને ૯ નું ઉદયસ્થાન ન હોય, તે સિવાયના સર્વ બંધસ્થાનકો અને અબંધનો સંવેધ ઓધ સંવેધ પ્રમાણે જાણવો. (જુઓ પા. ૭૦ થી ૧૧૫)

(૫) વેદ માર્ગણાએ નામકર્મનો સંવેધ
(૧૯) પુરુષવેદ માર્ગણાને વિશે નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૮ (૨૩,૨૫,૨૬,૨૯,૩૦,૩૧,૧) **બંધભાંગા :-**૧૩૯૪૫
ઉદયસ્થાનઃ- ૮(૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૬૭૦
સત્તાસ્થાનઃ- ૧૦ (૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૮,૭૬,૭૫)

એકે. વિકલે. અને નારકી ફક્ત નપુંસકવેદી છે અને કેવલી ભગવંત અવેદી છે તેથી એકે. ના

૪૨, વિકલે. ૬૬, નારકીના ૫ અને કેવલી ભગવંતના ૮ એ પ્રમાણે કુલ ૧૨૧ ઉદયભાંગા ન સંભવે.

સામા. તિ. ના ૪૯૦૬, વૈ. તિ. ના ૫૬, સામા. મનુ. ના ૨૬૦૨, વૈ. મનુ. ના ૩૫, આહા.મનુ. ના ૭ અને દેવના ૬૪ એ પ્રમાણે કુલ ૭૬૭૦ ઉદયભાંગા સંભવે.

૨૩ના બંધના ૪, ૨૫ ના બંધના એકે. પ્રાયો. ૧૨ (બાદર પર્યા. ૮ વિના) વિકલે. પ્રાયો. ૩ અને અપર્યા. તિર્યંચ પ્રાયો. ૧, વિકલે. પ્રાયોઃ ૨૯ અને ૩૦ ના બંધના ૨૪-૨૪ એ પ્રમાણે ૬૮ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે.

૬૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૫૯૬
સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

પંચે. જાતિને વિશે ૬૮ બંધભાંગાના સંવેધમાં જણાવ્યા મુજબ ૭૫૯૬ ઉદયભાંગા જાણવા. (જુઓ પા. ૨૯૩)

અહીં સંવેધ પંચેન્દ્રિય જાતિને વિશે જણાવેલ ૬૮ બંધભાંગાના સંવેધ મુજબ જાણવો, કારણ પુરુષ વેદી પંચેન્દ્રિય જ હોય. (જુઓ પા. ૨૯૮-૨૯૯)

બાદર પર્યા. એકે. ના ૨૫ ના બંધના ૮, ૨૬ ના બંધના ૧૬, પંચે. તિ.ના ૨૯ ના બંધના ૪૬૦૮, ૩૦ ના બંધના ૪૬૦૮ એ પ્રમાણે કુલ ૯૨૪૦ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે. તે આ પ્રમાણે-

૯૨૪૦ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૬૬૦
સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

પંચે. જાતિને વિશે ૬૮ બંધભાંગાના સંવેધમાં જણાવ્યા મુજબ ૭૬૬૦ ઉદયભાંગા જાણવા. (જુઓ પા. ૨૯૪)

અહીં સંવેધ પંચેન્દ્રિય જાતિને વિશે ૨૪ બંધભાંગાના જણાવેલ સંવેધ મુજબ જાણવો. કારણ પુરુષવેદી પંચેન્દ્રિય જ હોય. એટલે ૨૫ ના બંધના ૮ અને ૨૬ ના બંધના ૧૬ એ ૨૪ બંધભાંગાનો સંવેધ તો એ પ્રમાણે જ સંભવે પણ, પંચે. તિ. પ્રાયો. ૨૯ અને ૩૦ નો બંધ નારકી પણ કરે છે, પરંતુ નારકીને પુરુષવેદ ન હોવાથી તેના ઉદયભાંગા અહીં ન સંભવે. માટે

૨૯ અને ૩૦ના બંધના ૯૨૧૬ બંધભાંગાનો સંવેધ પણ ૨૪ બંધભાંગાના સંવેધ પ્રમાણે થાય.

અપર્યા.મનુ.પ્રાયો.૨૫ ના બંધના ૧ બંધભાંગાનો સંવેધ (પા.૨૯૫-૨૯૬)

ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૫૯૬
સત્તાસ્થાનઃ- ૪ (૯૨,૮૮,૮૬,૮૦)

પંચે. જાતિને વિશે ૬૮ બંધભાંગાના સંવેધમાં જણાવ્યા મુજબ ૭૫૯૬ ઉદયભાંગા જાણવા.

અહીં પણ સંવેધ પંચેન્દ્રિય જાતિને વિશે અપર્યા. મનુ. પ્રાયો. ૨૫ ના બંધના ૧ બંધભાંગાના સંવેધ મુજબ જ જાણવો. (જુઓ પા. ૩૦૦)

મનુ.પ્રાયો.૨૯ ના બંધના ૪૬૦૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૬૬૦
સત્તાસ્થાનઃ- ૪ (૯૨,૮૮,૮૬,૮૦)

પંચે. જાતિને વિશે ૨૪ બંધભાંગાના સંવેધમાં જણાવ્યા મુજબ ૭૬૬૦ ઉદયભાંગા જાણવા. પરંતુ નારકીને નપુ. વેદ હોય માટે તેના ઉદયભાંગા અહીં ન ઘટે. (જુઓ પા. ૩૦૧-૩૦૨)

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	સામા.તિ.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.મનુ.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૫ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૬ના ઉદયે	સામા.તિ.ના	૨૮૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.મનુ.ના	૨૮૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૮ના ઉદયે	સામા.તિ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	સામા.તિ.ના	૧૭૨૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૩૧ના ઉદયે	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

મનુષ્ય પ્રાયો. ૩૦ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૬ (૨૧,૨૫,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગા :-** ૬૪

સત્તાસ્થાનઃ- ૨ (૯૩,૮૯)

પુરુષવેદ માર્ગણાએ મનુ. પ્રાયો, ૩૦ નો બંધ દેવને જ સંભવે તેથી દેવના ૬૪ ઉદયભાંગા સંભવે.

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)
૨૫ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)
૨૭ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)
૨૮ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૩,૮૯)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૯ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૩,૮૯)
૩૦ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)

દેવ પ્રાયો. ૨૮,૨૯,૩૦ અને ૩૧ના બંધના અનુક્રમે ૮,૮,૧ અને ૧ એ પ્રમાણે કુલ ૧૮, નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધનો ૧ અને અપ્રાયોગ્ય ૧ ના બંધનો ૧ એ પ્રમાણે કુલ ૨૦ બંધ ભાંગાનો સંવેધ સામાન્ય સંવેધ પ્રમાણે જાણવો.

(વેદોદય ૯ ગુણઠાણા સુધી જ હોવાથી વેદ માર્ગણાએ અબંધનો સંવેધ સંભવે નહીં.)

સામાન્ય સંવેધ માટે (જુઓ પા. ૭૮ થી)

(૨૦) સ્ત્રીવેદ માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૮ (૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦,૩૧,૧) **બંધભાંગા** :-૧૩૯૪૫
ઉદયસ્થાનઃ- ૮(૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** :- ૭૬૬૩
સત્તાસ્થાનઃ- ૧૦ (૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૮,૭૬,૭૫)

પુરુષવેદ માર્ગણામાં જણાવેલ ૭૬૭૦ ઉદયભાંગામાંથી, આહા. મનુ.ના ૭ ઉદયભાંગા વિના શેષ ૭૬૬૩ ઉદયભાંગા સંભવે. કારણ કે સ્ત્રીવેદીને આહા. શરીર ન હોય.

ચૌદપૂર્વીને જ આહારક લબ્ધિ હાય. સ્ત્રીઓને ચૌદપૂર્વનો અભ્યાસ ન હોય, તેથી આહારક લબ્ધિ ન હોય.

પુરુષવેદ માર્ગણામાં જણાવેલ ૬૮ બંધભાંગા, ૯૨૪૦ બંધભાંગા, અપર્યા. મનુ. પ્રાયો. ૨૫ના બંધનો ૧ અને મનુ. પ્રાયો. ૨૯ ના બંધના ૪૬૦૮, ૩૦ ના બંધના ૮ એ પ્રમાણે કુલ ૧૩૯૨૫ બંધભાંગાનો સંવેધ પુરુષવેદમાં જણાવેલ સંવેધ પ્રમાણે જ છે. (જુઓ પા. ૮૫ થી ૯૦-૩૩૧થી)

દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** :- ૭૫૯૫
સત્તાસ્થાનઃ- ૩ (૯૨,૮૮,૮૬) (૫૦૪૩) (૫૦૭૫)

સામા.તિ.ના ૪૯૦૪ (લબ્ધિ અપર્યા. ના ૨ વિના) વૈ.તિ.ના ૫૬, સામા. મનુ. ના ૨૬૦૦ (લબ્ધિ અપર્યા. ના ૨ વિના) અને વૈ.મનુ.ના ૩૫ એ પ્રમાણે કુલ ૭૫૯૫ ઉદયભાંગા સંભવે છે. (આહા.મનુ.ના ૭ ઉદયભાંગા ન સંભવે) સંખ્યાત વર્ષના આયુ. વાળા તિર્યંચોને

અપ. અવસ્થામાં સમ્યક્ત્વ ન માનીએ તો તિર્યંચના ૪૯૦૪ ના બદલે ૨૩૫૨ ગણવાથી ૫૦૪૩ ઉદયભાંગા ઘટે. (જે ભાંગા કાઉંસમાં લખ્યા છે.) જો યુગ. ને અશુભ વિહા-દુઃસ્વર માનીએ તો ૫૦૭૫ ઉદયભાંગા સંભવે.

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	સામા.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૫ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૬ના ઉદયે	સામા.તિ.ના	૨૮૮ (૮)	×	(૮) ૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૨૮૮	×	૨	(૯૨,૮૮)
૨૭ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૮ના ઉદયે	સામા.તિ.ના	૫૭૬ (૮)	×	(૧૬)૨	(૯૨,૮૮)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૯	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	સામા.તિ.ના	૧૧૫૨(૧૬)	×	(૩૨)૨	(૯૨,૮૮)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૯	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	સામા.તિ.ના	૫૭૬(૮)	×	(૧૬) ૨	(૯૨,૮૮)
	(સ્વરવાળા)	૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬)
	વૈ.મનુ.ના	૧	×	૨	(૯૨,૮૮)
૩૧ના ઉદયે	સામા.તિ.ના	૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬)

દેવ પ્રાયોગ્ય ૨૯ ના બંધના ૮ બંધભાંગાના સંવેધ

ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૨૬૩૫
સત્તાસ્થાનઃ- ૨ (૯૩,૮૯) (૧૧૯૧) (૨૩૧)

સામા.મનુ.ના ૨૬૦૦, વૈ.મનુ.ના ૩૫, એ પ્રમાણે ૨૬૩૫ ઉદયભાંગા સંભવે.

સંવેધ આ પ્રમાણે

		ઉદયભાંગે	સત્તાસ્થાન		
૨૧ના ઉદયે	સામા.મનુ.ના	૮ (૧)	×	૨	(૯૩,૮૯)
૨૫ના ઉદયે	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૩,૮૯)
૨૬ના ઉદયે	સામા.મનુ.ના	૨૮૮ (૧)	×	૨	(૯૩,૮૯)
૨૭ના ઉદયે	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૩,૮૯)
૨૮ના ઉદયે	સામા.મનુ.ના	૫૭૬ (૧)	×	૨	(૯૩,૮૯)
	વૈ.મનુ.ના	૯	×	૨	(૯૩,૮૯)
૨૯ના ઉદયે	સામા.મનુ.ના	૫૭૬ (૧)	×	૨	(૯૩,૮૯)
	વૈ.મનુ.ના	૯	×	૨	(૯૩,૮૯)
૩૦ના ઉદયે	સામા.મનુ.ના	૧૧૫૨ (૧૯૨)	×	૨	(૯૩,૮૯)
	વૈ.મનુ.ના	૧	×	૨	(૯૩,૮૯)

અહીં સામાન્ય સંવેધમાં જણાવ્યા પ્રમાણે જિનનામ બાંધનારને શુભ પ્રકૃતિઓ ઉદયમાં હોય તે પ્રમાણે માનીએ તો સા. મનુ. ના ૧૯૬, વૈ. મનુ.ના ૩૫ એમ કુલ ૨૩૧ ભાંગા ઘટે. આહા. મનુ. ના ભાંગા ન ઘટે. કારણ કે સ્ત્રી વેદીને આહા. ન હોય.

દેવ પ્રાયો. ૩૦ અને ૩૧ ના બંધનો ૧-૧ અને અપ્રાયોગ્ય ૧ ના બંધનો ૧ એ પ્રમાણે કુલ ૩ બંધભાંગાનો સંવેધ સામાન્ય સંવેધ મુજબ જાણવો. પરંતુ સ્ત્રીવેદીને આહારક લબ્ધિ હોય નહિં માટે ૧૪૮ ભાંગામાંથી આહા. મનુ. ના ૨ ભાંગા વિના શેષ ૧૪૬ ભાંગાનો સંવેધ જાણવો. નરક પ્રા. ૨૮ ના બંધનો ૧ બંધભાંગાનો સંવેધ સામાન્ય સંવેધ પ્રમાણે જાણવો. (જૂઓ પા. ૯૦).

(૨૧) નપુંસકવેદ માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૮ (૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦,૩૧,૧) **બંધભાંગા** :-૧૩૯૪૫
ઉદયસ્થાનઃ- ૯(૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** :- ૭૭૧૯
સત્તાસ્થાનઃ- ૧૦ (૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૮,૭૬,૭૫)

દેવને નપુંસકવેદનો ઉદય ન હોય અને કેવલી ભગવંત અવેદી હોય છે. તેથી દેવના ૬૪+૮ કેવલી ભગવંતના એ પ્રમાણે ૭૨ ઉદયભાંગા વિના શેષ ૭૭૧૯ ઉદયભાંગા સંભવે. તે આ પ્રમાણે.

એકે. ના ૪૨, વિકલે. ના ૬૬, સામા. તિ. ના ૪૯૦૬, વૈ. તિ. ના ૫૬, સામા. મનુ. ના ૨૬૦૨, વૈ. મનુ.ના ૩૫, આહા. મનુ.ના ૭ અને નારકીના ૫ એ પ્રમાણે કુલ ૭૭૧૯ ઉદયભાંગા સંભવે.

૨૩ના બંધના ૪, ૨૫ ના બંધના ૨૪ (અપર્યા. મનુ. પ્રાયો. ૧ વિના) ૨૬ ના બંધના ૧૬, ૨૯ ના બંધના વિકલે પ્રાયો. ૨૪ અને ૩૦ ના બંધના વિકલે. પ્રાયો. ૨૪ એ પ્રમાણે કુલ ૯૨ બંધભાંગાનો સંવેધ, ઓધ સંવેધમાં ૨૩ ના બંધના સંવેધમાં જણાવ્યા મુજબ જ જાણવો. (જૂઓ પા. ૭૨)

અપર્યા. મનુ. પ્રાયો. ૨૫ ના બંધના ૧ બંધભાંગાનો સંવેધ સામાન્ય (ઓધ) સંવેધમાં જણાવ્યા મુજબ જ જાણવો. (જૂઓ પા. ૭૮ થી ૮૦)

પંચે.તિ.પ્રાયો. ૨૯ ના બંધના ૪૬૦૮ અને ૩૦ ના બંધના ૪૬૦૮ એ પ્રમાણે કુલ ૯૨૧૬ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે. તે આ પ્રમાણે -

૯૨૧૬ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૯ (૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** :- ૭૭૦૯
સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

પૂર્વોક્ત ૭૭૧૯ ઉદયભાંગામાંથી આહા. મનુ. ના ૭ અને વૈક્રિય મનુ. ના ઉદ્યોતના ઉદયવાળા ૩ એ પ્રમાણે ૧૦ ઉદયભાંગા વિના શેષ ૭૭૦૯ ઉદયભાંગા સંભવે.

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	એકે.ના	૫	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	વિકલે.ના	૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા.તિ.ના	૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા.મનુ.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૪ના ઉદયે	એકે.ના	૧૦	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	વૈ.વાયુ.ના	૧	×	૩	(૯૨,૮૮,૮૬)
૨૫ના ઉદયે	એકે.ના.	૪	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	તેઉ.વાયુ.ના	૨	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	વૈ.વાયુ.ના	૧	×	૩	(૯૨,૮૮,૮૬)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૬ના ઉદયે	એકે.ના.	૧૦	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	તેઉ.વાયુ.ના	૨	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	વૈ.વાયુ.ના	૧	×	૩	(૯૨,૮૮,૮૬)
	વિકલે.ના	૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા.તિ.ના	૨૮૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
૨૭ના ઉદયે	એકે.ના.	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૮ના ઉદયે	વિકલે.ના	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૯ના ઉદયે	વિકલે.ના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	વિકલે.ના	૧૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૭૨૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.મનુ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૩૧ના ઉદયે	વિકલે.ના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

મનુષ્ય પ્રાયો. ૨૯ ના બંધના ૪૬૦૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૯ (૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૭૦૬
સત્તાસ્થાનઃ- ૫ (૯૨,૮૯,૮૮,૮૬,૮૦)

૯૨૧૬ બંધભાંગાના સંવેધમાં જાણાવેલ ૭૭૦૯ ઉદયભાંગામાંથી વૈ. વાઉ. ના ૩ વિના શેષ ૭૭૦૬ ઉદયભાંગા સંભવે. અને સત્તાસ્થાન ૭૮નું ન ઘટે. અને નારકીને ૮૯નું ઘટશે.

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	એકે.ના	૫	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વિકલે.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.મનુ.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	નારકીના	૧	×	૩	(૯૨,૮૯,૮૮)

		ઉદયભાંગે		સત્તાસ્થાન	
૨૪ના ઉદયે	એકે.ના	૧૦	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૫ના ઉદયે	એકે.ના.	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૩	(૯૨,૮૯,૮૮)
૨૬ના ઉદયે	એકે.ના.	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વિકલે.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૨૮૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.મનુ.ના	૨૮૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	એકે.ના.	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૩	(૯૨,૮૯,૮૮)
૨૮ના ઉદયે	વિકલે.ના	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૩	(૯૨,૮૯,૮૮)
૨૯ના ઉદયે	વિકલે.ના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૯,૮૮)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૩૦ના ઉદયે	વિકલે.ના	૧૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૭૨૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૩૧ના ઉદયે	સામા.તિ.ના.	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વિકલે.ના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

મનુષ્ય પ્રાયો. ૩૦ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૫ (૨૧,૨૫,૨૭,૨૮,૨૯) **ઉદયભાંગા :-** ૫

સત્તાસ્થાનઃ- ૧ (૮૯)

નપું. વેદે. મનુ.પ્રાયો. ૩૦ નો બંધ નારકીને જ સંભવે. એટલે નારકીના ૫ ઉદયભાંગા સંભવે. દેવોને નપુ. વેદ હોય નહિ. તેથી તેના ભાંગા ન સંભવે.

	ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	૧	×	૧	(૮૯)
૨૫ના ઉદયે	૧	×	૧	(૮૯)
૨૭ના ઉદયે	૧	×	૧	(૮૯)
૨૮ના ઉદયે	૧	×	૧	(૮૯)
૨૯ના ઉદયે	૧	×	૧	(૮૯)

દેવ પ્રાયો. ૨૮, ૨૯*, ૩૦ અને ૩૧ના બંધના અનુક્રમે ૮,૮,૧,૧ એટલે ૧૮, નરક પ્રાયો. ૨૮ ના બંધનો ૧, અપ્રાયોગ્ય ૧ ના બંધનો ૧, અને અપર્યાપ્ત મનુ. પ્રાયો. ૨૫ ના બંધનો ૧ આટલા બંધભાંગાનો સંવેધ સામાન્ય (ઓધ) સંવેધ પ્રમાણે જ જાણવો. (જૂઓ પા. ૮૫ થી)

વેદ માર્ગણાએ નામકર્મનો સંવેધ સમાપ્ત.

નપું.વેદ. માર્ગણામાં દેવ પ્રા.૨૯ ના બંધે અપ. મનુષ્યના ઉદયભાંગા ન સંભવે. કારણ કે તીર્થંકરના ભવમાં જ અપ. અવસ્થામાં દેવ પ્રા. ૨૯નો બંધ હોય. તે વખતે તીર્થંકરને નપુ.વેદ ન હોય. તેથી ત્રણ ભવ પૂર્વે વૈ.મ.ના ૩૫, આ.મ.૭ સા.મ. ના ૩૦ ના ઉદયના ૧૧૫૨ અથવા પ્રથમ સંઘયણના ૧૯૨ ઉદય ભાંગા ઘટે.

તેથી કુલ ૧૧૯૪ અથવા ૨૩૪ ઉદયભાંગા ઘટે.

(૬) કષાય માર્ગણાને નામકર્મનો સંવેધ

(૨૨,૨૩,૨૪,૨૫)૪ કષાય (ક્રોધ,માન,માયા,લોભ)માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૮ (૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦,૩૧,૧) **બંધભાંગા :-**૧૩૯૪૫
ઉદયસ્થાનઃ- ૯ (૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧)**ઉદયભાંગા :-** ૭૭૮૩
સત્તાસ્થાનઃ- ૧૦ (૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૮,૭૬,૭૫)

કેવલીભગવંતના ૮ ઉદયભાંગાના વિના ૭૭૮૩ ઉદયભાંગા જાણવા.

અહીં ૧૩૯૪૫ બંધભાંગાનો સંવેધ સામાન્ય (ઓધ) સંવેધમાં જણાવ્યા મુજબ જ જાણવો. ૮-૯ ની સત્તા કેવલીને હોવાથી અહીં હોય નહીં. (જૂઓ ૭૦ થી ૧૧૨)

(કષાયોદય ૧૦ ગુણઠાણા સુધી હોવાથી અબંધનો સંવેધ સંભવે નહીં.)

(૭) જ્ઞાન માર્ગણાએ નામકર્મનો સંવેધ

(૨૬,૨૭,૨૮) મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૫ (૨૮,૨૯,૩૦,૩૧,૧) **બંધભાંગા :-**૩૫
ઉદયસ્થાનઃ- ૮(૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૬૭૧
સત્તાસ્થાનઃ-૮(૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫)

મતિ, શ્રુત અને અવધિજ્ઞાન ૪ થી ૧૨ ગુણ. સુધી હોય છે. ત્યાં રહેલા તિર્યંચ અને મનુષ્યો દેવ પ્રાયો. જ બંધ કરે અને દેવ-નારકી પર્યા. મનુ. પ્રાયો. જ બંધ કરે. અહીં અસ્થિર, અશુભ અને અપયશ વિના સર્વે શુભ પ્રકૃતિઓ જ બંધાય છે.

બંધસ્થાન	બંધભાંગા	
દેવ પ્રાયો.	૨૮ના બંધના	૮
મનુ.પ્રાયો.	૨૯ના બંધના	૮
દેવ.પ્રાયો.	૨૯ના બંધના	૮
મનુ.પ્રાયો	૩૦ના બંધના	૮
દેવ.પ્રાયો.	૩૦ના બંધના	૧
દેવ.પ્રાયો.	૩૧ના બંધના	૧
અપ્રાયોગ્ય	બંધનો	૧
	કુલ	૩૫ બંધભાંગા સંભવે

સામા.તિ.ના ૪૯૦૪ (અપર્યા. ના ૨ વિના) વૈ.તિ.ના ૫૬, સામા.મનુ.ના ૨૬૦૦ (અપર્યા. ના ૨ વિના) વૈ.મનુ.ના ૩૫, આહા.મનુ.ના ૭, દેવના ૬૪ અને નારકોના ૫ એ પ્રમાણે કુલ ૭૬૭૧ ઉદયભાંગા સંભવે. પરંતુ સંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચોને અપર્યા. અવસ્થામાં સમ્યક્ત્વ ન હોય એ વિવક્ષાએ ૪૯૦૪ ના બદલે ૨૩૫૨* ઉદયભાંગા ઘટે. એટલે કુલ ૫૧૧૯ ભાંગા ઘટે. (જુઓ પા. ૮૮ તથા ૧૯૯)

એકે. ના ૪૨, વિકલે. ના ૬૬, અપર્યા. તિ.ના ૨, અપર્યા. મનુ.ના ૨, કેવલીના ૮, એ પ્રમાણે કુલ ૧૨૦ ઉદયભાંગા ન સંભવે કારણ કે તેઓને સમ્યક્ત્વ ન હોય માટે જ્ઞાન ન હોય. અજ્ઞાન જ હોય.

૪થા વિગેરે ગુણઠાણે ૮૬, ૮૦, ૭૮ (અધ્રુવ સત્તાત્રિક) ન સંભવે. ૯,૮ નું સત્તાસ્થાન ૧૪માં ગુણઠાણે છે. તે સિવાયના શેષ સત્તાસ્થાન સંભવે.

દેવ પ્રા. ૨૮,૨૯,૩૦,૩૧ ના બંધના અનુક્રમે ૮+૮+૧+૧=૧૮ મનુ.પ્રાયો. ૩૦ના બંધના ૮ અને અપ્રાયોગ્ય ૧ ના બંધનો ૧ એમ કુલ ૨૭ બંધભાંગાનો સંવેધ, સામાન્ય સંવેધ મુજબ જ જાણવો. (જુઓ પા. ૯૦)

મનુષ્ય પ્રાયો. ૨૯ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૬ (૨૧,૨૫,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગા :-** ૬૯
સત્તાસ્થાનઃ- ૨ (૯૨,૮૮)

૪થા ગુણઠાણે મનુ. પ્રાયો. બંધ દેવ અને નારકો જ કરે. તેથી દેવના ૬૪ અને નારકીના ૫ એ પ્રમાણે કુલ ૬૯ ઉદયભાંગા સંભવે.

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૫ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૭ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)

* અપ.તિર્યંચ. એટલે અપ.યુગ.તિર્યંચને સમ્યક્ત્વ હોય તેથી અપ. અવસ્થાના ૪૮ ભાંગા અને પ.તિ.ના ૩૦-૩૧ના. ૨૩૦૪ કુલ ૨૩૫૨ ભાંગા જાણવા.

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૮ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)

અબંધનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૧ (૩૦) **ઉદયભાંગા :-** ૭૨

સત્તાસ્થાનઃ- ૮ (૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫)

આ ત્રાણજ્ઞાન ૪ થી ૧૨ ગુણઠાણા સુધી હોય છે તેમાં ૧૧-૧૨ માં ગુણઠાણે અબંધક છે અને ત્યાં માત્ર ૩૦નું જ ઉદયસ્થાન સંભવે.

સંવેધ આ પ્રમાણે-

૩૦ના ઉદયે	૪૮ ભાંગે	×	૨ (૪)	(૯૨,૮૮)
	૨૩ ભાંગે	×	૬	(૯૩,૯૨,૮૯,૮૮,૭૯,૭૫)
	૧ ભાંગે	×	૮	(૯૩,૯૨,૮૯,૮૮,૭૯,૭૬,૭૫)

જો બીજા-ત્રીજા સંધ.વાળાને જિનનામનો બંધ માનીએ તો ૪૮ ભાંગે ૪ સત્તાસ્થાન.

(૨૯) મનઃપર્યવજ્ઞાન માર્ગણાને નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૫ (૨૮,૨૯,૩૦,૩૧,૧) **બંધભાંગા :-**૧૯

ઉદયસ્થાનઃ- ૫(૨૫,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગા :-** ૧૫૮

સત્તાસ્થાનઃ-૮(૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫)

મનઃપર્યવજ્ઞાન ૬ થી ૧૨ ગુણઠાણા સુધી હોય છે. તેથી ત્યાં દેવ પ્રાયો. જ બંધ સંભવે. તેથી દેવ પ્રાયો. ૨૮,૨૯,૩૦,૩૧ના બંધના અનુક્રમે ૮,૮,૧ અને ૧ એમ ૧૮ અને અપ્રાયો. ૧ ના બંધનો ૧ એ પ્રમાણે કુલ ૧૯ બંધભાંગા સંભવે.

૬ઠ્ઠા વિ. ગુણઠાણે સુભગ, આદેય, યશ એ શુભ પ્રકૃતિઓ જ ઉદયમાં હોય છે. તેથી

સંઘ		સંસ્થા.		વિહા.		સ્વર.
૬	×	૬	×	૨	×	૨ = ૧૪૪ ભાંગા થાય.

એટલે સામા.મનુ.ના ૧૪૪ (૩૦ ના ઉદયના) વૈ.મનુ.ના ૭ (સુભગ, આદેય અને યશ પ્રતિપક્ષી ઉદયમાં ન હોવાથી આહા.મનુ.ની જેમ ૭ ઉદયભાંગા) જાણવા અને આહા.મનુ.ના ૭ એ પ્રમાણે કુલ ૧૫૮ ઉદયભાંગા સંભવે.

સત્તાસ્થાન મતિજ્ઞાન માર્ગણામાં જણાવ્યા મુજબ ૮ જાણવા.

દેવ પ્રાયો. ૨૮ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૫ (૨૫,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગા :-** ૧૫૮

સત્તાસ્થાનઃ- ૨ (૯૨,૮૮)

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૫ના ઉદયે	વૈ.મનુ.ના	૧	×	૨	(*૯૨,૮૮)
	આહા.મનુ.ના	૧	×	૧	(૯૨)
૨૭ના ઉદયે	વૈ.મનુ.ના	૧	×	૨	(૯૨,૮૮)
	આહા.મનુ.ના	૧	×	૨	(૯૨)
૨૮ના ઉદયે	વૈ.મનુ.ના	૨	×	૨	(૯૨,૮૮)
	આહા.મનુ.ના	૨	×	૧	(૯૨)
૨૯ના ઉદયે	વૈ.મનુ.ના	૨	×	૨	(૯૨,૮૮)
	આહા.મનુ.ના	૨	×	૧	(૯૨)
૩૦ના ઉદયે	વૈ.મનુ.ના	૧	×	૨	(૯૨,૮૮)
	આહા.મનુ.ના	૧	×	૧	(૯૨)
	સામા.મનુ.ના	૧૪૪	×	૨	(૯૨,૮૮)

* અહીં ૯૨ની સત્તા પ્રમત્ત ગુણ.ની અપેક્ષાએ ઘટે અપ્રમત્તે ૯૨ની સત્તાવાળાને ૩૦નો બંધ હોય. તેથી ૨૮ના બંધે ન ઘટે.

દેવગતિ પ્રાયો. ૨૯ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૫ (૨૫,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગા :-** ૧૫૮ *

સત્તાસ્થાનઃ- ૨ (૯૩,૮૯)

૧૫૮ ઉદયભાંગા ૨૮ ના બંધમાં જણાવ્યા મુજબ જાણવા.

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૫ના ઉદયે	વૈ.મનુ.ના	૧	×	૨	(૯૩,૮૯)
	આહા.મનુ.ના	૧	×	૧	(૯૩)
૨૭ના ઉદયે	વૈ.મનુ.ના	૧	×	૨	(૯૩,૮૯)
	આહા.મનુ.ના	૧	×	૧	(૯૩)
૨૮ના ઉદયે	વૈ.મનુ.ના	૨	×	૨	(૯૩,૮૯)
	આહા.મનુ.ના	૨	×	૧	(૯૩)
૨૯ના ઉદયે	વૈ.મનુ.ના	૨	×	૨	(૯૩,૮૯)
	આહા.મનુ.ના	૨	×	૧	(૯૩)
૩૦ના ઉદયે	વૈ.મનુ.ના	૧	×	૨	(૯૩,૮૯)
	આહા.મનુ.ના	૧	×	૧	(૯૩)
	સામા.મનુ.ના	૧૪૪ (૨૪)	×	૨	(૯૩,૮૯)
		૧૫૮ ૩૮			

દેવ પ્રાયો. ૩૦, ૩૧ અને અપ્રાયો. ૧ બંધના અનુક્રમે ૧,૧ અને ૧ એ પ્રમાણે કુલ ૩ બંધભાંગાનો સંવેધ, સામાન્ય સંવેધ મુજબ જાણવો.

અબંધનો સંવેધ મતિજ્ઞાન માર્ગણામાં જણાવ્યા મુજબ જાણવો.

(જુઓ પા. ૩૪૪)

* જો પ્રથમ સંઘયણવાળાને જ જિનનામ બંધ હોય તેમ માનીએ તો સા.મ.ના ૩૦ના ઉદયના ૨૪+ વૈ.મ. ૭ + આ.મ ૭ કુલ ૩૮ ઉદયભાંગા સાંભળે.

(૩૦) કેવલજ્ઞાન માર્ગણાએ નામકર્મનો સંવેધ
અબંધ

ઉદયસ્થાનઃ- ૧૦ (૨૦,૨૧,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧,૯,૮) **ઉદયભાંગા :-** ૬૨
સત્તાસ્થાનઃ- ૬ (૮૦,૭૯,૭૬,૭૫,૯,૮)

૬૨ ઉદયભાંગા નીચે પ્રમાણે થાય છે.

ઉદયસ્થાન			ઉદયભાંગા
સામા. કેવલી	૨૦	૧	કાર્મણકાય યોગે
તીર્થ. કેવલી	૨૧	૧	કાર્મણકાય યોગે
સામા. કેવલી	૨૬	૬	ઔદા મિશ્રકાયયોગે
તીર્થ. કેવલી	૨૭	૧	ઔદા મિશ્રકાયયોગે
સામા. કેવલી	૨૮	૧૨	શ્વાસો. નિરોધે
સામા.કેવલી	૨૯	૧૨	સ્વર નિરોધે
તીર્થં કેવલી	૨૯	૧	શ્વાસો.નિરોધે
સામા. કેવલી	૩૦	૨૪	શરીરસ્થને
તીર્થ. કેવલી	૩૦	૧	સ્વર નિરોધે
તીર્થં. કેવલી	૩૧	૧	શરીરસ્થને
સામા.કેવલી	૯	૧	અયોગિ ગુણઠાણે
તીર્થં. કેવલી	૯	૧	અયોગિ ગુણઠાણે
	કુલ	૬૨	**ઉદયભાંગા થાય છે.**

કેવલજ્ઞાન ૧૩ મા અને ૧૪ મા ગુણઠાણે હોવાથી ક્ષપક શ્રેણીના ૮૦ વગેરે ૬ સત્તાસ્થાન સંભવે.

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૦ના ઉદયે	સામા.કે.ના	૧	×	૨	(૭૯,૭૫)
૨૧ના ઉદયે	તીર્થં.કે.ના	૧	×	૨	(૮૦,૭૬)
૨૬ના ઉદયે	સામા.કે.ના	૧	×	૨	(૭૯,૭૫)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૭ના ઉદયે	તીર્થં.કે.ના	૧	×	૨	(૮૦,૭૬)
૨૮ના ઉદયે	સામા.કે.ના	૧૨	×	૨	(૭૯,૭૫)
૨૯ના ઉદયે	સામા.કે.ના	૧૨	×	૨	(૭૯,૭૫)
	તીર્થં.કે.ના	૧	×	૨	(૮૦,૭૬)
૩૦ના ઉદયે	સામા.કે.ના	૨૪	×	૨	(૭૯,૭૫)
	તીર્થં. કે.ના	૧	×	૨	(૮૦,૭૬)
૩૧ના ઉદયે	તીર્થં.કે.ના	૧	×	૨	(૮૦,૭૬)
૮ના ઉદયે	સામા.કે.ના	૧	×	૩	(૭૯,૭૫,૮)
૯ના ઉદયે	તીર્થં.કે.ના	૧	×	૩	(૮૦,૭૯,૯)

(૩૧,૩૨) મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૬ (૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦) **બંધભાંગા :-**૧૩૯૨૬
ઉદયસ્થાનઃ- ૯(૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧)**ઉદયભાંગા :-** ૭૭૭૩
સત્તાસ્થાનઃ-૬(૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૮)

મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની મનુ. પ્રાયો. ૩૦, દેવ પ્રાયો. ૨૯,૩૦,૩૧ અને અપ્રાયો. ૧ નો બંધ કરે નહીં. તેથી મનુ. પ્રાયો.૩૦ ના બંધના ૮, દેવ પ્રા. ૨૯,૩૦,૩૧ ના બંધના અનુક્રમે ૮,૧ અને ૧ એમ કુલ ૧૦ અને અપ્રાયો. ૧ નો ૧ એ પ્રમાણે કુલ ૧૯ બંધભાંગા ન સંભવે શેષ ૧૩૯૨૬ બંધભાંગા સંભવે.

વૈ.મનુ.ના ઉદ્યોતવાળા ૩, આહા.મનુ.ના ૭ અને કેવલી ભગવંતના ૮ એ પ્રમાણે ૧૮ ઉદયભાંગા વિના શેષ ૭૭૭૩ ઉદયભાંગા ઘટે.

નારકીને મનુ. પ્રાયો. ૨૯ ના બંધે ૮૯ ની સત્તા સંભવે અને ૯૨ વિગેરે પાંચ સત્તાસ્થાન તો યથાસંભવ સંભવે તેથી કુલ ૬ સત્તાસ્થાન સંભવે છે.

તિર્યંચ પ્રાયો. ૯૩૦૮ અને અપર્યા. મનુ. પ્રાયો. ૨૫ ના બંધનો ૧ અને મનુ. પ્રાયો. ૨૯ ના બંધના ૪૬૦૮ = ૪૬૦૯ અને નરક પ્રાયો. ૨૮ ના બંધનો ૧ એ પ્રમાણે કુલ ૧૩૯૧૮ બંધભાંગાનો સંવેધ ઓધ સંવેધ મુજબ જાણવો.

(જુઓ પા. ૭૦ થી)

દેવ પ્રાયો. ૨૮ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૬ (૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૩૫૪૪
સત્તાસ્થાનઃ- ૩ (૯૨,૮૮,૮૬)

મતિ અજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, અપર્યાપ્તાવસ્થામાં દેવ પ્રાયોગ્ય બંધ કરે નહિ તેથી પર્યાપ્તાવસ્થાના જ ઉદયસ્થાન અને ઉદયભાંગા સંભવે. માટે સામા. તિ. ના ૩૦ ના ઉદયના ૧૧૫૨, ૩૧ ના ઉદયના ૧૧૫૨, વૈ. તિ. ના ૫૬, સામા. મનુ. ના ૩૦ ના ઉદયના ૧૧૫૨ અને વૈ. મનુ. ના ૩૨ એ પ્રમાણે કુલ ૩૫૪૪ ઉદયભાંગા સંભવે.

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૫ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૭ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૮ના ઉદયે	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	સામા.તિ.ના	૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬)
૩૧ના ઉદયે	સામા.તિ.ના	૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬)

(૩૩) વિભંગજ્ઞાન માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૬ (૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦) **બંધભાંગા :-** ૧૩૯૨૬
ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૬૬૧
સત્તાસ્થાનઃ- ૩(૯૨,૮૯,૮૮)

મતિઅજ્ઞાન માર્ગણામાં જાણાવ્યા મુજબ ૧૩૯૨૬ બંધભાંગા જાણવા.

*વિભંગજ્ઞાન હે મનુ. તિ. અને નારકી એમ ચારે ગતિમાં હોય. તે વખતે મિથ્યાત્વ ગુણ. હોય,

સામા.તિ.ના ૪૯૦૪ (લબ્ધિ અપર્યા. ના ૨ વિના) વૈ.તિ.ના ૫૬, સામા.મનુ. ના ૨૬૦૦ (લબ્ધિ અપર્યા. ના ૨ વિના), વૈ.મનુ.ના ૩૨, દેવના ૬૪ અને નારકીના ૫ એ પ્રમાણે કુલ ૭૬૬૧ ઉદયભાંગા થાય છે.

એકે.ના ૪૨, વિકલે.ના ૬૬, અપર્યા.તિ.મનુ.ના ૨-૨=૪, વૈ.મનુ.ના ઉદ્યોતવાળા ૩, આહા. મનુ.ના ૭ અને કેવલીના ૮ એમ કુલ ૧૩૦ ઉદયભાંગા ન સંભવે.

કારણ કે આ જીવોને વિભંગજ્ઞાન ન હોય.

એકે.માંથી ઉદ્વલના કરીને આવેલાને અપ.અવસ્થામાં વિભંગજ્ઞાન હોય નહીં અને પર્યાપ્ત થયા પછી મનુ. દ્વિક, અને વૈ. ષટ્ક બાંધે તેથી ૯૨, ૮૮ ની તથા નારકીને ૮૯ની સત્તા હોય.

૨૩ના બંધના ૪,૨૫ ના બંધના (એકે.પ્રા.) ૧૨ (બાદર પર્યા. ૮ વિના) વિકલે. પ્રા.૩ અપર્યા. તિ. પ્રા. ૧ કુલ ૧૬, વિકલે પ્રાયો.૨૯ અને ૩૦ ના બંધના ૨૪-૨૪ એ પ્રમાણે કુલ ૬૮ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે.

૬૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૫૯૨
સત્તાસ્થાનઃ- ૨ (૯૨,૮૮)

સામા.તિ.ના ૪૯૦૪, વૈ.તિ.ના ૫૬, સામા.મનુ.ના ૨૬૦૦ અને વૈ.મનુ.ના ૩૨ એ પ્રમાણે કુલ ૭૫૯૨ ઉદયભાંગા થાય.

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	સામા.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૫ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૬ના ઉદયે	સામા.મનુ.ના	૨૮૮	×	૨	(૯૨,૮૮)
	સામા.તિ.ના	૨૮૮	×	૨	(૯૨,૮૮)
૨૭ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)

૨૮ના ઉદયે	સામા.તિ.ના	૫૭૬	×	૨	(૯૨,૮૮)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	સામા.તિ.ના	૧૧૫૨	×	૨	(૯૨,૮૮)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	સામા.તિ.ના	૧૭૨૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૧૧૫૨	×	૨	(૯૨,૮૮)
૩૧ના ઉદયે	સામા.તિ.ના	૧૧૫૨	×	૨	(૯૨,૮૮)

એકે.પ્રાયો ૨૫ ના બંધના ૮ અને ૨૬ ના બંધના ૧૬ એ પ્રમાણે ૨૪ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે.

૨૪ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૬૫૬
સત્તાસ્થાનઃ- ૨ (૯૨,૮૮)

૬૮ બંધભાંગાના સંવેધમાં જાણાવ્યા તે ૭૫૯૨+૬૪ દેવના ૭૬૫૬ ઉદયભાંગા કુલ થાય છે.

સંવેધ આ પ્રમાણે

અહીં ૬૮ બંધભાંગાના સંવેધમાં જાણાવ્યા મુજબ જ સંવેધ જાણવો. પરંતુ દેવના ૬૪ ઉદયભાંગે પણ ૯૨,૮૮ એ બે સત્તાસ્થાન સંભવે.

		ઉદયભાંગા		**સત્તાસ્થાન**	
૨૧ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૫ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૭ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)

		ઉદયભાંગે		સત્તાસ્થાન	
૨૮ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)

શેષ સંવેધ ૬૮ બંધભાંગાના સંવેધમાં જણાવ્યા મુજબ જાણવો.

અપર્યાપ્ત મનુ. પ્રાયો. ૨૫ના બંધના ૧ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૫૯૨
સત્તાસ્થાનઃ- ૨ (૯૨,૮૮)

૬૮ બંધભાંગાના સંવેધમાં જણાવ્યા મુજબ ૭૫૯૨ ઉદયભાંગા જાણવા અને સંવેધ પણ તેની જેમ જ જાણવો.

પંચે. તિ. પ્રાયો. ૨૯ ના બંધના ૪૬૦૮ અને ૩૦ ના બંધના ૪૬૦૮ એમ કુલ ૯૨૧૬.

બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૬૬૧
સત્તાસ્થાનઃ- ૨ (૯૨,૮૮)

ઉપર ૨૪ બંધભાંગાના સંવેધમાં જણાવેલ ૭૬૫૬+૫ નારકીના એ પ્રમાણે ૭૬૬૧ ઉદયભાંગા થાય છે.

સંવેધ આ પ્રમાણે-

૨૪ બંધભાંગાના સંવેધ મુજબ જ સંવેધ થાય છે. ફક્ત વિશેષ એ છે કે નારકીના ૫ ઉદયભાંગે ૯૨,૮૮ સત્તાસ્થાન ઘટે.

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૫ના ઉદયે	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૭ના ઉદયે	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૮ના ઉદયે	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)

મનુષ્ય પ્રાયો. ૨૯ના બંધના ૪૬૦૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૫૬૧
સત્તાસ્થાનઃ- ૩ (૯૨,૮૯,૮૮)

ઉપર ૯૨૧૬ બંધભાંગાના સંવેધમાં જણાવ્યા મુજબ ૭૬૬૧ ઉદયભાંગા જાણવા.

સંવેધ આ પ્રમાણે-

૨૪ બંધભાંગાના સંવેધ પ્રમાણે સંવેધ થાય છે. ફક્ત વિશેષ એ કે નારકીના ૫ ઉદયભાંગે ૯૨,૮૯,૮૮ એ ત્રણ સત્તાસ્થાન સંભવે.

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	નારકીના	૧	×	૨	(૯૨,૮૯,૮૮)
૨૫ના ઉદયે	નારકીના	૧	×	૨	(૯૨,૮૯,૮૮)
૨૭ના ઉદયે	નારકીના	૧	×	૨	(૯૨,૮૯,૮૮)
૨૮ના ઉદયે	નારકીના	૧	×	૨	(૯૨,૮૯,૮૮)
૨૯ના ઉદયે	નારકીના	૧	×	૨	(૯૨,૮૯,૮૮)

દેવ પ્રા.૨૮ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ મતિઅજ્ઞાન માર્ગણામાં જણાવ્યા મુજબ જ જાણવો. પરંતુ ૮૬ ની સત્તા ઘટે નહીં. (જુઓ પા.૩૪૮)

નરક પ્રાયો. ૨૮ ના બંધના ૧ બંધભાંગાનો સંવેધ ઓધ સંવેધ પ્રમાણે જાણવો. પરંતુ ૯૨,૮૯,૮૮,૮૬ એમ ચાર સત્તાસ્થાનના બદલે ૯૨,૮૯,૮૮ એમ ત્રણ સત્તાસ્થાન સમજવાં. તેમાં મનુષ્યને ૩૦ ના ઉદયે ૧૧૫૨ ભાંગે ૩ સત્તાસ્થાન અને શેષ ભાંગે ૯૨,૮૮ એમ બે સત્તાસ્થાન છે.

જ્ઞાન માર્ગણાએ નામકર્મનો સંવેધ સમાપ્ત.

(૮) ચારિત્ર માર્ગણાએ નામકર્મનો સંવેધ

(૩૪,૩૫) સામાયિક, છેદોપસ્થાપનીય સંયમ માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૫ (૨૮,૨૯,૩૦,૩૧,૧) **બંધભાંગા :-**૧૯
ઉદયસ્થાનઃ- ૫(૨૫,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગા :-**૧૫૮
સત્તાસ્થાનઃ-૮(૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫)

સામા. અને છેદો. સંયમ ૬ થી ૯ ગુણઠાણા સુધી હોય છે. તેથી દેવ પ્રાયો. ૧૮ બંધભાંગા અને અપ્રાયોગ્ય ૧ ના બંધનો ૧ એ પ્રમાણે કુલ ૧૯ બંધભાંગા સંભવે.

મનઃપર્યવજ્ઞાન માર્ગણામાં જણાવ્યા મુજબ સામા.મનુ.ના ૩૦ ના ઉદયના ૧૪૪, વૈ.મનુ.ના ૭ અને આહા. મનુ.ના ૭ એ પ્રમાણે કુલ ૧૫૮ ઉદયભાંગા સંભવે.

સત્તાસ્થાન મતિજ્ઞાન માર્ગણામાં જણાવ્યા મુજબ ૮ જાણવા. દેવ પ્રાયો. ૨૮ ના બંધના ૮ અને ૨૯ ના બંધના ૮ એ પ્રમાણે કુલ ૧૬ બંધભાંગાનો સંવેધ મનઃપર્યવજ્ઞાન માર્ગણામાં જણાવ્યા મુજબ જાણવો. (જુઓ પા.૩૪૫-૩૪૬)

દેવ પ્રાયો. ૩૦,૩૧ ના બંધનો ૧-૧ અને અપ્રાયો. ૧ ના બંધનો ૧ એ પ્રમાણે કુલ ૩ બંધભાંગાનો સંવેધ સામાન્ય સંવેધ પ્રમાણે જાણવો. (જુઓ પા. ૧૧૧ થી ૧૧૩)

(૩૬) પરિહાર વિશુદ્ધ સંયમ માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૪ (૨૮,૨૯,૩૦,૩૧) **બંધભાંગા :-**૧૮

ઉદયસ્થાનઃ- ૧(૩૦નું) **ઉદયભાંગા :-** ૨૪

સત્તાસ્થાનઃ-૪(૯૩,૯૨,૮૯,૮૮)

પરિહાર વિશુદ્ધ ચારિત્ર દ્વિક અને ૭માં ગુણઠાણે હોય છે, તેથી દેવ. પ્રાયો. ૧૮ બંધભાંગા સંભવે.

પરિહાર વિશુદ્ધ ચારિત્ર પ્રથમ સંઘયણવાળા જ સ્વીકારે તેથી ૩૦ ના ઉદયના

સંસ્થા		વિહા.		સ્વર.		
૬	×	૨	×	૨	=	૨૪ ઉદયભાંગા સામા.મનુ.ના સંભવે

પરિહાર વિશુદ્ધ ચારિત્રી અત્યંત વિશુદ્ધિવંત હોવાથી તેઓ વૈક્રિય કે આહારક શરીર બનાવે નહીં તેથી તેઓના ઉદયભાંગા ન સંભવે. માટે સામા.મનુ.ના ૩૦ ના ઉદયના ૨૪ ઉદયભાંગા જ સંભવે.

શ્રેણીમાં આ ચારિત્ર ન હોવાથી ૯૩ વિ. ચાર સત્તાસ્થાન જ સંભવે. શ્રેણીના સત્તાસ્થાન ન સંભવે.

દેવ.પ્રાયો. ૨૮ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ
૩૦ના ઉદયે સામા.મનુ.ના ૨૪ ઉદયભાંગે × ૨ સત્તાસ્થાન (*૯૨,૮૮)

દેવ.પ્રાયો. ૨૯નાં બંધના ૮ બંધભાંગાનો સંવેધ
૩૦ના ઉદયે સામા.મનુ.ના ૨૪ ઉદયભાંગે × ૨ સત્તાસ્થાન (*૯૩,૮૯)

દેવ.પ્રાયો. ૩૦ ના બંધના ૧ બંધભાંગાનો સંવેધ
૩૦ના ઉદયે સામા.મનુ.ના ૨૪ ઉદયભાંગે × ૧ સત્તાસ્થાન (૯૨)

દેવ.પ્રાયો. ૩૧ ના બંધના ૧ બંધભાંગાનો સંવેધ
૩૦ના ઉદયે સામા.મનુ.ના ૨૪ ઉદયભાંગે × ૧ સત્તાસ્થાન (૯૩)

અહીં પ્રમત્ત ગુણ.ની અપેક્ષાએ ૨૮ના બંધે ૯૨ અને ૨૯ ના બંધે ૯૩ની સત્તા હોય.

(૩૭) સૂક્ષ્મ સંપરાય સંયમ માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૧(૧નું) **બંધભાંગા :-**૧
ઉદયસ્થાનઃ- ૧(૩૦નું) **ઉદયભાંગા :-** ૭૨
સત્તાસ્થાનઃ-૮(૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫)

સૂક્ષ્મ સંપરાય સંયમ ૧૦માં ગુણઠાણે જ છે. તેથી ૧૦માં ગુણઠાણાના સંવેધ પ્રમાણે સંવેધ જાણવો. તે આ પ્રમાણે-

૧નું બંધસ્થાન બંધભાંગો ૧
ઉદયસ્થાન : ૩૦નું ૪૮ ઉદયભાંગે × ૨ (૯૨,૮૮)
૨૩ ઉદયભાંગે × ૬ (૯૩,૯૨,૮૯,૮૮,૭૯,૭૫)
૧ ઉદયભાંગે × ૮ (૯૩,૯૨,૮૯,૮૮,૭૯,૭૬,૭૫)

જો બીજા અને ત્રીજા સંઘયણવાળાને જિનનામનો બંધ માનીએ તો ૪૮ ભાંગે ૪ સત્તાસ્થાન.

(૩૮) યથાખ્યાત સંયમ માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૦
ઉદયસ્થાનઃ- ૧૦(૨૦,૨૧,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧,૯,૮)**ઉદયભાંગા :-** ૧૧૦
સત્તાસ્થાનઃ- ૧૦(૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫,૯,૮)

યથાખ્યાત સંયમ ૧૧ થી ૧૪ ગુણઠાણા સુધી હોય છે. તેથી સામાન્ય સંવેધમાં જણાવેલ અબંધના સંવેધ મુજબ જ સંવેધ જાણવો. (જુઓ પા. ૧૧૪, ૧૧૫)

(૩૯) દેશવિરતિ સંયમ માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૨(૨૮,૨૯) **બંધભાંગા :-**૧૬
ઉદયસ્થાનઃ- ૬(૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૪૪૩
સત્તાસ્થાનઃ-૪(૯૩,૯૨,૮૯,૮૮)

દેશવિરતિ સંયમ પાંચમા ગુણઠાણે જ હોય છે. તેથી સંવેધ ૫ માં ગુણઠાણાના સંવેધ મુજબ જ જાણવો. (જુઓ પા.૨૦૫ થી ૨૦૮)

(૪૦) અવિરતિ સંયમ માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૬(૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦) **બંધભાંગા :-**૧૩૯૪૨
ઉદયસ્થાનઃ- ૯(૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૭૭૩
સત્તાસ્થાનઃ-૭(૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૮)

અવિરતિ સંયમ ૧ થી ૪ ગુણઠાણા સુધી હોય છે. તેથી દેવ પ્રાયો. આહારક દ્વિક સહિતનો = ૩૦-૩૧ બંધનો ન કરે એટલે ૩૦ ના બંધનો -૧, ૩૧ ના બંધનો ૧ અને ૦ અપ્રાયો. ૧ ના બંધનો ૧, એમ કુલ ૩ બંધભાંગા ન ઘટે, શેષ ૧૩૯૪૨ બંધભાંગા સંભવે.

આહા.મનુ.ના ૭, વૈ. મનુ.ના ઉદ્યોતવાળા ૩ અને કેવલીના ૮ એ પ્રમાણે ૧૮ ઉદયભાંગા વિના શેષ ૭૭૭૩ ઉદયભાંગા સંભવે.

શ્રેણીના સત્તાસ્થાન અહીં ન સંભવે તેથી ૯૩ વિગેરે ૭ સત્તાસ્થાન સંભવે.

તિર્યંચ પ્રાયો. ૯૩૦૮ બંધભાંગાનો, મનુષ્ય પ્રાયો. ૪૬૧૭ બંધભાંગાનો અને નરક પ્રાયો. ૧ બંધભાંગાનો એમ કુલ ૧૩૯૨૬ બંધભાંગાનો સંવેધ સામાન્ય (ઓધ) સંવેધ મુજબ જ જાણવો.

દેવ પ્રાયો. ૨૮ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૫૯૨
સત્તાસ્થાનઃ- ૩ (૯૨,૮૮,૮૬) (૫૦૪૦) (૫૦૭૨)

સામા.તિ.ના ૪૯૦૪, વૈ.તિ.ના ૫૬, સામા.મનુ.ના ૨૬૦૦ અને વૈ.મનુ.ના ૩૨ એ પ્રમાણે કુલ ૭૫૯૨ ઉદયભાંગા સંભવે.

અહીં પણ સામાન્ય સંવેધમાં જણાવ્યા મુજબ સંખ્યાત વર્ષવાળા તિર્યંચને અપ. અવસ્થામાં સમ્યકત્વ ન માનીએ તો સા.તિ.ના ૪૯૦૪ ના બદલે ૨૩૫૨ ઉદયભાંગા ઘટે જે કાઉંસમાં લખ્યા છે.

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	સામા.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૫ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૬ના ઉદયે	સામા.મનુ.ના	૨૮૮	×	૨	(૯૨,૮૮)
	સામા.તિ.ના	૨૮૮(૮)	× (૮)	૨	(૯૨,૮૮)
૨૭ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૮ના ઉદયે	સામા.તિ.ના	૫૭૬(૮)	× (૧૬)	૨	(૯૨,૮૮)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	સામા.તિ.ના	૧૧૫૨(૧)	× (૩૨)	૨	(૯૨,૮૮)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	સામા.તિ.ના	૫૭૬(૮)	× (૧૬)	૨	(૯૨,૮૮)
		૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૧૧૫૨ ૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬)
૩૧ના ઉદયે	સામા.તિ.ના	૧૧૫૨ ૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬)
		૭૫૯૨ ૫૦૪૦ ૫૦૭૨			

દેવ પ્રાયો. ૨૯ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૭ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગા :-** ૨૬૩૨

સત્તાસ્થાનઃ- ૨(૯૩,૮૯)

સામા.મનુ.ના ૨૬૦૦ અને વૈ.મનુ.ના ૩૨ એ પ્રમાણે કુલ ૨૬૩૨ ઉદયભાંગા સંભવે.

અહીં જિનનામ બાંધનાર અપર્યાપ્ત સમ્યગ્ દૃષ્ટિ મનુષ્ય તીર્થંકરનો આત્મા હોય. તેથી ૨૬૦૦ના બદલે ૧૯૬ અને ૩૨વૈ. મનુ એમ કુલ ૨૨૮ ઉદયભાંગા ઘટે. કારણ કે તીર્થંકરના આત્માને સર્વ શુભ પ્રકૃતિઓ જ ઉદયમાં હોય. (જે ભાંગા કાઉંસમાં લખ્યા છે.)

		ઉદયભાંગે	સત્તાસ્થાન	ઉદયભાંગા	
૨૧ના ઉદયે	સામા.મનુ.ના	૮ (૧)	× ૨	(૯૩,૮૯)	૧
૨૫ના ઉદયે	વૈ.મનુ. ના	૮	× ૨	(૯૩,૮૯)	૮
૨૬ના ઉદયે	સામા.મનુ. ના	૨૮૮ (૧)	× ૨	(૯૩,૮૯)	૧
૨૭ના ઉદયે	વૈ.મનુ. ના	૮	× ૨	(૯૩,૮૯)	૮
૨૮ના ઉદયે	સામા.મનુ.ના	૫૭૬ (૧)	× ૨	(૯૩,૮૯)	૧
	વૈ.મનુ. ના	૮	× ૨	(૯૩,૮૯)	૮
૨૯ના ઉદયે	સામા.મનુ. ના	૫૭૬ (૧)	× ૨	(૯૩,૮૯)	૧
	વૈ. મનુ. ના	૮	× ૨	(૯૩, ૮૯)	૮
૩૦ના ઉદયે	સામા.મનુ. ના	૧૧૫૨ (૧૯૨)	× ૨	(૯૩,૮૯)	૧૧૫૨
		૨૬૩૨ ૧૯૬			૧૧૮૮

સંયમ માર્ગણાએ નામકર્મનો સંવેધ સમાપ્ત

(૯) દર્શન માર્ગણાએ નામકર્મનો સંવેધ

(૪૧) ચક્ષુદર્શન માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાન :- ૮ (૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦,૩૧,૧) **બંધભાંગા** :- ૧૩૯૪૫

ઉદયસ્થાન :- ૬ (૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** :-૭૦૭૭

સત્તાસ્થાન :- ૯ (૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૬,૭૫)

ચક્ષુદર્શન પ્રથમની બે પર્યાપ્તિ સુધી ન હોય તેથી પ્રથમના બે ઉદયસ્થાનના ઉદયભાંગા ન સંભવે, તેમજ એકે., બેઈ., તેઈ., અને કેવલી ભગવંતને ચક્ષુદર્શન ન હોય માટે તેઓના પણ ઉદયભાંગા ન સંભવે.

૭૦૭૭ ઉદયભાંગા નીચે પ્રમાણે થાય છે.

ચઉરિન્દ્રિયના	-	૧૬	(૨૧ના ઉદયના ૩ અને ૨૬ ના ઉદયના ૩ વિના)
સા.તિ.ના	-	૪૬૦૮	(૨૧ ના ઉદયના ૯ અને ૨૬ ના ઉદયના ૨૮૯ વિના)
વૈ.તિ.ના	-	૫૬	
સામા. મનુ. ના.	-	૨૩૦૪	(૨૧ ના ઉદયના ૯ અને ૨૬ ના ઉદયના ૨૮૯ વિના)
વૈ. મનુ. ના.	-	૩૫	
આહા. મનુ. ના	-	૭	
દેવના	-	૪૮	(૨૧ ના ઉદયના ૮ અને ૨૫ ના ઉદયના - ૮ વિના)
નારકીના	-	૩	(૨૧ ના ઉદયના ૧ અને ૨૫ ના ઉદયના - ૧ વિના)

કુલ ૭૦૭૭ ઉદયભાંગા

ચક્ષુદર્શન બે ઉદયસ્થાન પછી જ સંભવે અને ત્યારે તેઉ-વાઉમાંથી ઉદ્વલના કરીને આવેલાને ચઉરિન્દ્રિય વિગેરેને મનુ. દ્વિકનો બંધ થઈ જાય તેથી અવશ્ય સત્તમાં હોય તેથી ૭૮ ની સત્તા ન સંભવે અને ૯ અને ૮ ની સત્તા ૧૪ મા ગુણઠાણે હોવાથી ન સંભવે. તેથી શેષ ૯ સત્તાસ્થાન સંભવે.

૨૩ના બંધના ૪, ૨૫ના બંધના એકે. પ્રાયો. ૧૨ (બાદર પર્યા. ૮ વિના) વિકલે. પ્રાયો. ૩, અપર્યા. તિ. અને મનુ. પ્રાયો. ૧-૧, વિકલે. પ્રાયો. ૨૯-૩૦ ના બંધના ૨૪-૨૪ એ પ્રમાણે કુલ ૬૯ બંધભાંગાનો સંવેધ સમાન છે.

૬૯ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :- ૬ (૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** :- ૭૦૧૬
સત્તાસ્થાન :- ૪ (૯૨,૮૮,૮૬,૮૦)

વૈ.મનુ. ના ઉદ્યોતવાળા ૩, આહા. મનુ. ના ૭, દેવના ૪૮ અને નારકીના ૩ એમ કુલ ૬૧ ઉદયભાંગા વિના ઉપર જણાવેલ ૭૦૧૬ ઉદયભાંગા સંભવે.

સંવેધ આ પ્રમાણે -

		ઉદયભાંગા		**સત્તાસ્થાન**	
૨૫ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૭ના ઉદયે	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ.મનુ.ના	૮	×	૨	(૯૨,૮૮)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૮ના ઉદયે	ચઉરિન્દ્રિયના	૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મનુ.ના.	૮	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	ચઉરિન્દ્રિયના	૪	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.મનુ.ના.	૮	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	ચઉરિન્દ્રિયના	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૭૨૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા.મનુ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૩૧ના ઉદયે	ચઉરિન્દ્રિયના	૪	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા.તિ.ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

બાદર પર્યા. એકે.પ્રાયો. ૨૫ના બંધના ૮ અને ૨૬ના બંધના ૧૬ બંધભાંગા એ ૨૪ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે. તે આ પ્રમાણે –

૨૪ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :– ૬ (૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** :–૭૦૬૪

સત્તાસ્થાન :– ૪ (૯૨,૮૮,૮૬,૮૦)

૬૯ બંધભાંગાના સંવેધમાં જણાવેલ ૭૦૧૬+૪૮ દેવના, કુલ ૭૦૬૪ ઉદયભાંગા થાય છે.

સંવેધ આ પ્રમાણે –

૬૯ બંધભાંગાના સંવેધ મુજબ જ સંવેધ થાય છે. પરતું દેવના ૪૮ ઉદયભાંગે ૯૨, ૮૮ એ બે સત્તાસ્થાન વિશેષ સંભવે.

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૭ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૮ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)

શેષ સંવેધ ઉપર ૬૮ બંધભાંગાના સંવેધ મુજબ જાણવો.

પંચે તિ. પ્રાયોગ્ય ૨૯ના બંધના ૪૬૦૮ અને ૩૦ના બંધના ૪૬૦૮ એ પ્રમાણે ૯૨૧૬ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે.

૯૨૧૬ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :- ૬ (૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** :-૭૦૬૭

સત્તાસ્થાન :- ૪ (૯૨,૮૮,૮૬,૮૦)

૨૪ બંધભાંગાના સંવેધમા જાણાવેલ ૭૦૬૪+૩ નારકીના એ પ્રમાણે કુલ ૭૦૬૭ ઉદયભાંગા સંભવે છે.

સંવેધ આ પ્રમાણે -

૨૪ બંધભાંગાના સંવેધ મુજબ સંવેધ થાય છે. ફક્ત નારકીના ૩ ઉદયભાંગે ૯૨,૮૮ એ બે સત્તાસ્થાન વિશેષ સંભવે.

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૭ના ઉદયે	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૮ના ઉદયે	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)

શેષ સંવેધ ઉપર જાણાવ્યા પ્રમાણે ૨૪ બંધભાંગાના સંવેધ મુજબ જાણવો.

મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધના ૪૬૦૮ બંધભાંગાના સંવેધ

ઉદયસ્થાન :- ૬ (૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** :-૭૦૬૭

સત્તાસ્થાન :- ૫ (૯૨,૮૮,૮૬,૮૦)

૯૨૧૬ બંધભાંગાના સંવેધમાં જાણાવ્યા મુજબ ૭૦૬૭ ઉદયભાંગા જાણવા.

સંવેધ આ પ્રમાણે -

૨૪ બંધભાંગાના સંવેધ મુજબ સંવેધ થાય છે. ફક્ત નારકીના ૩ ઉદયભાંગે ૩ સત્તાસ્થાન (૯૨,૮૯,૮૮) સંભવે.

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૭ના ઉદયે	નારકીના	૧	×	૩	(૯૨,૮૯,૮૮)
૨૮ના ઉદયે	નારકીના	૧	×	૩	(૯૨,૮૯,૮૮)
૨૯ના ઉદયે	નારકીના	૧	×	૩	(૯૨,૮૯,૮૮)

શેષ સંવેધ ઉપર જણાવેલ ૨૪ બંધભાંગાના સંવેધ મુજબ જાણવો.

મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :- ૪ (૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગા** :- ૫૧

સત્તાસ્થાન :- ૨ (૯૩,૮૯)

મનુ. પ્રાયો ૩૦નો બંધ દેવ અને નારકી જ કરે તેથી દેવના ૪૮ અને નારકીના ૩ એ પ્રમાણે કુલ ૫૧ ઉદયભાંગા સંભવે.

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૭ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)
	નારકીના	૧	×	૧	(૮૯)
૨૮ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૩,૮૯)
	નારકીના	૧	×	૧	(૮૯)
૨૯ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૩,૮૯)
	નારકીના	૧	×	૧	(૮૯)
૨૯ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)

દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :- ૬ (૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** :- ૭૦૧૦

સત્તાસ્થાન :- ૩ (૯૨,૮૮,૮૬)

ચઉરિન્દ્રિયના ૧૬, દેવના ૪૮ અને નારકીના ૩ એ પ્રમાણે ૬૭ ઉદયભાંગા વિના શેષ ૭૦૧૦ ઉદયભાંગા સંભવે, તે આ પ્રમાણે, સા. તિ. ના ૪૬૦૮, વૈ. તિ. ના ૫૬, સા. મનુ. ના

૨૩૦૪, વૈ. મનુ. ૩૫, આહા. મનુ. ના ૭, એમ કુલ ૭૦૧૦ ભાંગા જાણવા. જો કે અહીં સામાન્ય સંવેધમાં જણાવ્યા પ્રમાણે સંખ્યાત વર્ષવાળા તિર્યંચને અપર્યાપ્ત અવસ્થામાં સમ્યક્ત્વ ન હોય તેમ માનીએ તો યુગ. તિર્યંચના ૬ અપ. અવસ્થાના ભાંગા ગણીએ તો ૪૬૦૮ના બદલે ૨૩૩૬ ભાંગા ઘટે તેથી કુલ ૪૭૩૮ ભાંગા જાણવા. તેની વિગત માટે એ ભાંગાનો સંવેધ અહીં કોસમાં ભાંગા લખવા દ્વારા બતાવ્યો છે.

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૫ ના ઉદયે	વૈ. તિ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	આહા. મનુ. ના	૧	×	૧	(૯૨)
૨૭ ના ઉદયે	વૈ. તિ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ. મનુ. ના	૧	×	૨	(૯૨,૮૮)
	આહા. મનુ. ના	૧	×	૧	(૯૨)
૨૮ ના ઉદયે	સામા. તિ. ના	૫૭૬(યુગ.૮)	×	૨	(૯૨,૮૮)
	વૈ. તિ. ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૫૭૬	×	૨	(૯૨,૮૮)
	વૈ. મનુ. ના	૯	×	૨	(૯૨,૮૮)
	આહા. મનુ ના	૨	×	૧	(૯૨)
૨૯ ના ઉદયે	સામા. તિ. ના	૧૧૫૨(યુગ.૧૬)	×	૨	(૯૨,૮૮)
	વૈ. તિ. ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૫૭૬	×	૨	(૯૨,૮૮)
	વૈ. મનુ. ના	૯	×	૨	(૯૨,૮૮)
	આહા. મનુ. ના	૨	×	૧	(૯૨)
૩૦ ના ઉદયે	સામા. તિ. ના	૫૭૬ (યુગ.૮)	×	૨	(૯૨,૮૮)
	સ્વરવાળા	૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬)
	વૈ. તિ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬)
	વૈ. મનુ. ના	૧	×	૨	(૯૨,૮૮)
	આહા. મનુ. ના	૧	×	૧	(૯૨)
૩૧ ના ઉદયે	સામા. તિ. ના	૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬)

દેવ પ્રાયોગ્ય ૨૯ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :- ૫ (૨૫,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગા :-** ૨૩૪૬

સત્તાસ્થાન :- ૨ (૯૩,૮૯)

દેવ પ્રાયો. ૨૯ ના બંધક ફક્ત મનુષ્યો જ છે. તેથી સામા. મનુ. ના ૨૩૦૪, વૈ. મનુ. ના ૩૫ અને આહા. મનુ. ના ૭ એ પ્રમાણે કુલ ૨૩૪૬ ઉદયભાંગા સંભવે.

સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્યો તે ભવમાં તીર્થંકર થનારને દેવ પ્રાયોગ્ય ૨૯નો બંધ હોય. તેઓને શુભ પ્રકૃતિઓનો જ ઉદય હોય. તેથી સા. મનુ. ના ૨૩૦૪ ના બદલે ૧૯૪ ઉદયભાંગા ઘટે તે પ્રમાણે ગણતાં કુલ ૨૩૬ ભાંગા ઘટે જે કૌંસમાં બતાવ્યા છે.

સંવેધ આ પ્રમાણે

		ઉદયભાંગે		સત્તાસ્થાન	
૨૫ ના ઉદયે	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૩,૮૯)
	આહા. મનુ. ના	૧	×	૧	(૯૩)
૨૭ ના ઉદયે	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૩,૮૯)
	આહા. મનુ. ના	૧	×	૧	(૯૩)
૨૮ ના ઉદયે	સામા. મનુ. ના	૫૭૬(૧)	×	૨	(૯૩,૮૯)
	વૈ. મનુ. ના	૯	×	૨	(૯૩,૮૯)
	આહા. મનુ ના	૨	×	૧	(૯૩)
૨૯ ના ઉદયે	સામા. મનુ. ના	૫૭૬(૧)	×	૨	(૯૩,૮૯)
	વૈ. મનુ. ના	૯	×	૨	(૯૩,૮૯)
	આહા. મનુ. ના	૨	×	૧	(૯૩)
૩૦ ના ઉદયે	સામા. મનુ. ના	૧૧૫૨(૧૯૨)	×	૨	(૯૩,૮૯)
	વૈ. મનુ. ના	૧	×	૨	(૯૩,૮૯)
	આહા. મનુ. ના	૧	×	૧	(૯૩)

૨૩૪૬ (૨૩૬)

દેવ પ્રાયો. ૩૦ અને ૩૧ના બંધનો ૧-૧ નરક પ્રાયો. ૨૮ના બંધનો ૧ અને અપ્રાયોગ્ય ૧ના બંધનો ૧ એ પ્રમાણે કુલ ૪ બંધભાંગાનો સંવેધ સામાન્ય સંવેધ મુજબ જ જાણવો.

અબંધનો સંવેધ મતિજ્ઞાન માર્ગણામાં જણાવ્યા મુજબ જાણવો. (જુઓ પા. ૩૪૪)

ચક્ષુદર્શનમાં મતાંતર :- કેટલાક આચાર્યો સર્વ પર્યાપ્તિએ અવસ્થામાં જ (ઉપયોગની અપેક્ષાએ) ચક્ષુદર્શન માને છે. તેથી તેઓના મતે

ચઉરિન્દ્રિયના ૩૦-૩૧ ના ઉદયના	૪+૪=૮	ભાંગા
સામા. તિ. ના ૩૦-૩૧ ના ઉદયના	૨૩૦૪	ભાંગા
વૈ. તિ. ના	૫૬	ભાંગા
સામા. મનુ. ના ૩૦ના ઉદયના	૧૧૫૨	ભાંગા
વૈ. મનુ. ના	૩૫	ભાંગા
આહા. મનુ. ના	૭	ભાંગા
દેવના ૨૯-૩૦ ના ઉદયના	૮+૮ = ૧૬	ભાંગા
નારકીનો ૨૯ ના ઉદયનો	૧	ભાંગો

એમ, કુલ ૩૫૭૯ ઉદયભાંગા જ ઘટે છે.

આ ભાંગાના સંવેધ તે તે બંધસ્થાનકમાં ઉપર બતાવેલ ૭૦૭૭ ઉદયભાંગામાંથી ૩૫૭૯માંના ઘટતા ભાંગા પ્રમાણેનો યથા સંભવ જાણવો.

(૪૨) અચક્ષુદર્શન માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાન :- ૮ (૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦,૩૧,૧) **બંધભાગા** :- ૧૩૯૪૫

ઉદયસ્થાન :- ૯ (૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧)**ઉદયભાંગા** :- ૭૭૮૩

સત્તાસ્થાન :- ૧૦ (૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૮,૭૬,૭૫)

કેવલી ભગવંતના ૮ ઉદયભાંગા વિના શેષ ૭૭૮૩ ઉદયભાંગા સંભવે.

અચક્ષુદર્શન કેવલી ભગવંત વિના સર્વેને હોવાથી ૧૩૯૪૫ બંધભાંગાનો સંવેધ, સામાન્ય (ઓધ) સંવેધ પ્રમાણે જાણવો. (જુઓ પા. ૭૦ થી ૧૧૫)

કેવલીને અચક્ષુદર્શન ન હોય તેથી ૮-૯નું સત્તાસ્થાન પણ અહીં ન ઘટે.

અબંધનો સંવેધ મતિજ્ઞાન માર્ગણામાં જણાવ્યા મુજબ જાણવો. (જુઓ પા. ૩૪૪)

(૪૩) અવધિદર્શન માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાન :- ૫ (૨૮,૨૯,૩૦,૩૧,૧) **બંધભાગા** :- ૩૫

ઉદયસ્થાન :- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** :- ૭૬૭૧

સત્તાસ્થાન :- ૮ (૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫)

અવધિદર્શન માર્ગણાએ સંપૂર્ણ સંવેધ મતિ-શ્રુત-અવધિજ્ઞાન માર્ગણામાં જણાવ્યા મુજબ જાણવો. (જુઓ પા. ૩૪૩ થી ૩૪૪)

(૪૪) કેવલદર્શન માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાન :- બંધભાંગા ન હોય

ઉદયસ્થાન :- ૧૦ (૨૦,૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧,૮,૯) **ઉદયભાંગા**:- ૬૨

સત્તાસ્થાન :- ૬ (૮૦,૭૯,૭૬,૭૫,૯,૮)

કેવલ દર્શન માર્ગણાએ સંપૂર્ણ સંવેધ કેવલજ્ઞાન માર્ગણામાં જણાવ્યા મુજબ જાણવો. (જૂઓ પા. ૩૪૭) - (દર્શન માર્ગણાએ નામકર્મનો સંવેધ સમાપ્ત)

(૧૦) લેશ્યા માર્ગણાએ નામકર્મનો સંવેધ

(૪૫,૪૬,૪૭) કૃષ્ણ, નીલ, કાપોત માર્ગણાએ નામ કર્મનો સંવેધ

બંધસ્થાન :- ૬ (૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦) **બંધભાગા** :- ૧૩૯૪૨

ઉદયસ્થાન :- ૯ (૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧)

ઉદયભાંગા:- ૭૭૮૩ (૭૭૭૩)

સત્તાસ્થાન :- ૭ (૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૮)

દેવ પ્રાયો. ૩૦,૩૧ ના બંધનો ૧-૧ અને અપ્રાયો. ૧ના બંધનો ૧ એમ ૩ બંધભાંગા વિના શેષ ૧૩૯૪૨ બંધભાંગા ઘટે.

કેવલી ભગવંતના ૮ ઉદયભાંગા વિના શેષ ૭૭૮૩ ઉદયભાંગા સંભવે (પુર્વ પ્રતિપન્નેને કૃષ્ણાદિ ત્રણ લેશ્યાને ૬ ગુણસ્થાનની અપેક્ષાએ)

આહા. મનુ. ના ૭, વૈ. મનુ. ના ઉદ્યોતવાળા ૩ અને કેવલી ભગવંતના ૮ એ પ્રમાણે કુલ ૧૮ ઉદયભાંગા વિના શેષ ૭૭૭૩ ઉદયભાંગા સંભવે. (પ્રતિપદ્યમાનને કૃષ્ણાદિ ત્રણ લેશ્યાને ૪ ગુણસ્થાનની અપેક્ષાએ)

શ્રેણીના સત્તાસ્થાન અહીં સંભવે નહીં તેથી ૯૩ વિગેરે સાત સત્તાસ્થાન ઘટે.

૭૭૮૩ ઉદયભાંગાની વિવક્ષા કરીએ તો સર્વે બંધભાંગાનો સંવેધ સામાન્ય (ઓધ) સંવેધ મુજબ જ જાણવો. (જુઓ પા. ૭૦ થી ૧૧૫)

૭૭૭૩ ઉદયભાંગાની વિવક્ષા કરીએ તો દેવ પ્રાયો. ૨૮ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ અને ૨૯ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ આહા. મનુ. ના ૭ અને વૈ. મનુ. ના ઉદ્યોતવાળા ૩ એ પ્રમાણે ૧૦ ઉદયભાંગા વિના જાણવો. શેષ સર્વ સંવેધ સામાન્ય (ઓધ) સંવેધ મુજબ જ જાણવો.

અહીં સંવેધ ભાવલેશ્યાની અપેક્ષાએ જણાવેલ છે.

પ્રશ્ન :- કૃષ્ણલેશ્યાએ જિનનામનો બંધ કઈ રીતે ઘટે?

ઉત્તર :- અહીં જિનનામ સહિતના બંધસ્થાનક બે છે. દેવ પ્રા. ૨૯ નો અને મનુ. પ્રા. ૩૦નો તેમાં મનુ. પ્રા. ૩૦નો બંધ દેવ નારકી કરે છે. દેવ અને નારકીને દ્રવ્યલેશ્યા ભવપર્યંત અવસ્થિત હોય છે. પરંતુ ભાવની અપેક્ષાએ ૬ એ લેશ્યા હોય છે. બૃહત્ સંગ્રહણીમાં કહ્યું છે કે ''भावपरावसीए पुण एसि हुंति छ लेसा'' માટે નારકને ભાવથી કૃષ્ણલેશ્યાવાળાને જિનનામ સહિતનો મનુ. પ્રા. ૩૦ નો બંધ ઘટી શકે છે.

*દેવ પ્રા. ૨૯નો બંધ મનુષ્યો કરે છે અને મનુષ્યને ૬ એ લેશ્યાઓ હોય છે. વળી, જિનનામનો બંધ ચોથા ગુણઠાણાથી માનેલો છે અને કૃષ્ણલેશ્યા પણ ૪ થા ગુણઠાણે માનેલી છે. વળી, કૃષ્ણલેશ્યાએ જિનનામનો બંધ ન હોય એવો નિષેધ ક્યાંય કહ્યો નથી માટે કૃષ્ણલેશ્યાએ દેવ પ્રા. ૨૯ નો બંધ પણ ઘટી શકે છે. નરકમાં જતી વખતે અને નરકમાંથી નીકળતી વખતે શ્રેણીકાદિની જેમ કૃષ્ણાદિ અશુભલેશ્યાનો સંભવ છે. તેથી જિનનામ બાંધેલાને અશુભલેશ્યાએ પણ જિનનામનો બંધ સંભવે.

વૈ. ૩૫ + આ. ૭ = ૪૨, ૪૨ + ૧૧૫૨ = ૧૧૯૪ અથવા ૪૨ + ૧૯૨ = ૨૩૪ ઉદયભાંગા (જૂઓ - પાનુ નં. ૧૦૩)

પંડિતજી અમૃતલાલ પુરૂષોત્તમદાસજીનો ૧ થી ૬ કર્મગ્રંથ સાર્થની પુસ્તિકામાં તથા સપ્તતિકામાં દ્રવ્યલેશ્યાની અપેક્ષાએ સંવેધ જણાવેલ છે. તેથી ત્યાં નીચે પ્રમાણે ફેરફાર જણાવેલ છે.

''અહીં ૫-૬ અને ૭મી નારકીને વિષે કૃષ્ણલેશ્યા ૩-૪-૫મી નારકીને વિષે નીલલેશ્યા અને ૧-૨-૩ નારકીને વિષે કાપોત લેશ્યા હોય છે. એ અપેક્ષાએ જણાવાય છે કે કૃષ્ણલેશ્યાવાળા મનુ. પ્રા. ૩૦નો બંધ ન કરે કારણ કે જિનનામ સહિત મનુ. પ્રાયો. ૩૦ નો બંધ વૈમાનિક દેવ અને ૧ થી ૩ નારકીના નારકો કરે અને તેઓને કૃષ્ણલેશ્યાનો સંભવ નથી. તેથી કૃષ્ણલેશ્યાએ મનુષ્ય

* દે.પ્રા. ૨૯ ના બંધે - ૨૧-૨૬-૨૮-૨૯ નો ઉદય ન ઘટે કારણ કે તે ઉદયસ્થાન ૨૯ના બંધે તીર્થંકરને છેલ્લા ભવમાં હોય અને તે વખતે કૃષ્ણાદિ લેશ્યા ન હોય.

પ્રાયોગ્ય ૩૦ના બંધના ૮ બંધભાંગા પણ ન સંભવે તેથી ૧૩૯૩૪ બંધભાંગા કૃષ્ણલેશ્યા માર્ગણાએ સંભવે.

દ્રવ્યલેશ્યાની અપેક્ષાએ ઉદયભાંગા ચાર ગુણ.ની વિવક્ષાએ ૭૭૭૩ અને છ ગુણ.ની અપેક્ષાએ ૭૭૮૩ સંભવે, સત્તાસ્થાન તો ભાવલેશ્યાની અપેક્ષાએ જેમ ૯૩ વિ. ૭ ઘટે.

સંવેધ આ પ્રમાણે –

કૃષ્ણલેશ્યા માર્ગણાએ મનુ. પ્રાયો. ૨૯ના બંધના ૪૬૦૮ બંધભાંગાના સંવેધમાં નારકીના ૫, ઉદયભાંગે ૯૨, ૮૮ બે સત્તાસ્થાન જાણવા. ૮૯ ની સત્તા ન સંભવે. કારણ કે જિનનામની સત્તાવાળો ૧ થી ૩ નારકીમાં જ ઉત્પન્ન થાય છે અને ત્યાં કૃષ્ણલેશ્યાનો સંભવ નથી.

કૃષ્ણલેશ્યા માર્ગણાએ નરક પ્રાયો. ૨૮ ના બંધના ૧ બંધભાંગાના સંવેધમાં પણ મનુષ્યના ૧૧૫૨ ઉદયભાંગે ૯૨,૮૮,૮૬ એ ત્રણ સત્તાસ્થાન સંભવે. ૮૯ નું સત્તાસ્થાન ન સંભવે કારણ કે જિનનામની સત્તાવાળા મનુષ્યને નરક પ્રાયો. ૨૮ નો બંધ છેલ્લા અંતર્મુહૂર્તમાં સંભવે અને "જે લેશ્યાએ મરે તે લેશ્યાએ ઉત્પન્ન થાય" એ નિયમથી પ્રથમની ત્રણ નારકીમાં કૃષ્ણ લેશ્યાનો અભાવ હોવાથી છેલ્લા અંતમુર્હૂતમાં જિનનામની સત્તાવાળાને કૃષ્ણ લેશ્યા સંભવે નહીં. તેથી ૮૯ નું સત્તાસ્થાન ન ઘટે. (ભાવ લેશ્યાની અપેક્ષાએ ૮૯નું સત્તા. ઘટે)

નીલ અને કાપોત લેશ્યા માર્ગણાએ દ્રવ્યલેશ્યાની અપેક્ષાએ મનુ. પ્રાયો. ૩૦ના બંધના ૮ બંધભાંગાના સંવેધમાં નારકીના ૫ ઉદયભાંગા જ સંભવે. દેવના ૬૪ ઉદયભાંગા ન સંભવે, કારણ કે મનુષ્ય પ્રા. ૩૦ નો જિનનામ સહિત બંધ વૈમાનિક દેવો જ કરે અને તેઓને નીલ-કાપોત લેશ્યાનો અભાવ છે. માટે દેવના ઉદયભાંગા સંભવે નહીં , નારકીને તો ૩ જી નરકમાં નીલ-કાપોત બંને લેશ્યાનો સંભવ છે અને ત્યાંથી નીકળીને તીર્થંકર થાય છે. માટે સંભવે.

તેથી મનુ. પ્રા. ૩૦ના બંધમાં નારકીના જ પાંચ ઉદયભાંગાનો સંવેધ જાણવો અને સત્તા ૮૯ ની જ ઘટે. બાકીના સર્વ બંધસ્થાનકનો સંવેધ ભાવલેશ્યાની અપેક્ષાએ કહેલા સંવેધ પ્રમાણે જાણવો.

મહેસાણાવાળા ૫-૬ કર્મગ્રંથ સાર્થના પુસ્તકમાં કૃષ્ણ-નીલ-કાપોત લેશ્યા માર્ગણાએ ૧૩૯૪૨ બંધભાંગા કહ્યા છે. તેથી દેવ પ્રા. ૨૯ નો બંધ અને મનુ. પ્રા. ૩૦નો બંધ જે જિનનામ સહિત છે તે ગણ્યો છે. તેથી ૯૩નું સત્તાસ્થાન મનુષ્ય અને દેવના ઉદયભાંગે ઘટે છે. તે કહ્યું નથી તેનું શું કારણ તે ખ્યાલ આવતો નથી.

(૪૮) તેજોલેશ્યા માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાન :- ૬ (૨૫,૨૬,૨૮,૨૯,૩૦,૩૧)**બંધભાગા** :- ૧૩૮૭૪
ઉદયસ્થાન :- ૯ (૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧)**ઉદયભાંગા** :- ૭૬૭૦
સત્તાસ્થાન :- ૬ (૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦) ગુણ. ૧ થી ૭ ૭૬૭૫

એકે. પ્રા. ૨૩ ના બંધના ૪, ૨૫ના બંધના ૧૨ વિક. પ્રાયો. ૫૧, નરક પ્રાયો ૧, અપર્યા. તિર્યંચ અને અપ. મનુષ્ય પ્રાયો. ૨૫ ના બંધનો ૧-૧=૨, અપ્રાયોગ્ય ૧ ના બંધનો ૧ એમ કુલ ૭૧ બંધભાંગા ન સંભવે. કારણ કે તેજોલેશ્યાવાળા ઉપરોક્ત બંધ ન કરે તેથી શેષ ૧૩૮૭૪ બંધભાગા સંભવે.

	ઉદયભાંગા
નારકીના	૫
વિકલે. ના	૬૬
અપર્યા,. તિ. અને મનુ. ના ૨-૨=	૪
એકેન્દ્રિયના	૩૮ (બાદર પર્યા. એકે. ના ૨૧ અને ૨૪ ના ઉદયના ૨-૨=૪ વિના)
કેવલી ભગવંતના	૮

કુલ ૧૨૧ ઉદયભાંગા ન સંભવે

કારણ કે ઉપરોક્ત જીવભેદોને તેજોલેશ્યાનો સંભવ નથી તેથી ૧૨૧ વિના શેષ ૭૬૭૦ ઉદયભાંગા સંભવે. નારકીને ભાવથી તેજોલેશ્યા માનીએ તો નરકના ૫ ભાંગા બાદ ન કરવા. એટલે ૧૧૬ બાદ કરતા ૭૬૭૫ ઉદયભાંગા હોય.

૭૮ નું સત્તાસ્થાન મનુ. દ્વિકની ઉદ્વલના કરેલાને હોય છે. ત્યાં તેજોલેશ્યાને સંભવ નથી અને ૮૦,૭૯,૭૬,૭૫,૯ અને ૮ આ સત્તાસ્થાનો ક્ષપકશ્રેણીમાં જ સંભવતા હોવાથી અને ત્યાં તેજોલેશ્યાનો અભાવ હોવાથી સંભવે નહી. તેથી શેષ ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦ એ છ સત્તાસ્થાનો સંભવે.

એકે. પ્રાયો. ૨૫,૨૬ તિર્યંચ પ્રા. ૨૯,૩૦ અને મનુ. પ્રા. ૨૯ નું બંધસ્થાન બાંધતી વખતે પર્યા. મનુ. ને ૩૦ ના ઉદયે અને પર્યા. તિર્યંચ ને ૩૦-૩૧ ના ઉદયે ૮૬-૮૦ નું સત્તાસ્થાન અપેક્ષાએ ઘટી શકે. કારણ કે એકેન્દ્રિય કે વિકલેન્દ્રિયમાંથી ૮૬,૮૦ ની સત્તા લઈને આવેલાને

પર્યાપ્તા થતાંની સાથે તેજોલેશ્યા આવે તો તે વખતે ઉપરના બંધસ્થાનોનો બંધ ચાલુ હોય તેજોલેશ્યા હોય, તેથી ૮૬,૮૦ ની સત્તા પણ હોય. (પછી અંતર્મુહૂર્ત ગયા પછી પણ તેજોલેશ્યા રહે તો દેવ પ્રાયો. બંધ કરે એટલે પછી ૮૦,૮૬ ની સત્તા ન ઘટે.

સંવેધ આ પ્રમાણે –

બાદર પર્યા. એકે. પ્રાયો. ૨૫ ના બંધના ૮, ૨૬ ના બંધના ૧૬, પંચે. તિ. પ્રાયો. ૨૯ ના બંધના ૪૬૦૮, પંચે. તિ. પ્રાયો. ૩૦ ના બંધના ૪૬૦૮, મનુ. પ્રાયો. ૨૯ ના બંધના ૪૬૦૮ એમ કુલ ૧૩૮૪૮ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે. તે આ પ્રમાણે-

૧૩૮૪૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :- ૯ (૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** :- ૭૬૬૦
સત્તાસ્થાન :- ૪ (૯૨,૮૮,૮૬,૮૦)

પૂર્વોક્ત ૭૬૭૦ માંથી વૈ. મનુ. ના ઉદ્યોતવાળા ૩ અને આહા. મનુ. ના ૭, કુલ ૧૦ વિના શેષ ૭૬૬૦ ઉદયભાંગા સંભવે અને ૮૬, ૮૦ની સત્તા માત્ર ૩૦-૩૧ ના ઉદયે જ સંભવે. સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ ના ઉદયે	બા. પર્યા. એકે. ના	૨	×	૨	(૯૨,૮૮)
	સામા. તિ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૪ ના ઉદયે	બા. પર્યા. એકે. ના	૨	×	૨	(૯૨,૮૮)
૨૫ ના ઉદયે	વૈ. તિ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૬ ના ઉદયે	સામા. મનુ. ના	૨૮૮	×	૨	(૯૨,૮૮)
	સામા. તિ. ના	૨૮૮	×	૨	(૯૨,૮૮)
૨૭ ના ઉદયે	વૈ. તિ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)

		ઉદયભાંગે		સત્તાસ્થાન	
૨૮ ના ઉદયે	સામા. તિ. ના	૫૭૬	×	૨	(૯૨,૮૮)
	વૈ. તિ. ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૫૭૬	×	૨	(૯૨,૮૮)
	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
૨૯ ના ઉદયે	સામા. તિ. ના	૧૧૫૨	×	૨	(૯૨,૮૮)
	વૈ. તિ. ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૫૭૬	×	૨	(૯૨,૮૮)
	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
૩૦ ના ઉદયે	સામા. તિ. ના	૧૭૨૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ. તિ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
૩૧ ના ઉદયે	સામા. તિ. ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

મનુ. પ્રા. ૨૯ ના બંધે નારકીના ૫ ભાંગા ભાવલેશ્યાની અપેક્ષાએ ઘટે.

મનુ. પ્રાયો ૩૦ ના બંધનો ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :- ૬ (૨૧,૨૫,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગા :-** ૬૪

સત્તાસ્થાન :- ૨ (૯૩,૮૯)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)
૨૫ ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)
૨૭ ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)
૨૮ ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૩,૮૯)
૨૯ ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૩,૮૯)
૩૦ ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)

દેવ પ્રાયો. ૨૮-૨૯-૩૦-૩૧ ના બંધના અનુક્રમે ૮,૮,૧,૧ એમ કુલ ૧૮ બંધભાંગાનો સંવેધ સામાન્ય સંવેધ મુજબ જ જાણવો. (જૂઓ પા. ૭૬ થી ૧૧૫)

નારકીને ભાવલેશ્યાને વિવક્ષા કરીએ તો સમકિત પામતા મિથ્યાત્વી નારકીને, સમ્યગ્દૃષ્ટિ નારકને તથા તીર્થંકરના (નારકમાં) આત્માને નરકમાં ભાવથી તેજોલેશ્યા આવી શકે એ અપેક્ષાએ તેજોલેશ્યા માર્ગણાએ નરકના ૫ ઉદયભાંગા પણ ઘટે. એટલે ૭૬૭૦ ને બદલે ૭૬૭૫ સમજવા અને મનુ. પ્રાયો. ૨૯ અને ૩૦ ના બંધે નરકના ૫ ઉદયભાંગાનો સંવેધ પણ જાણવો.

મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધે નારકીના ૫ ઉદયભાંગે ૯૨,૮૮ ની સત્તા અને

મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ ના બંધે નારકીના ૫ ઉદયભાંગે ૮૯ ની સત્તા સંભવે.

(૪૯) પદ્મલેશ્યા માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાન :- ૪ (૨૮,૨૯,૩૦,૩૧) **બંધભાગા** :- ૧૩૮૫૦
ઉદયસ્થાન :- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** :- ૭૬૬૬
સત્તાસ્થાન :- ૬ (૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦) ૭૬૭૧

અકે. પ્રાયો. ૪૦, વિકલે. પ્રાયો. ૫૧, અપર્યા. તિર્યંચ અને અપ. મનુ. પ્રાયો. ૧-૧=૨, નરક પ્રાયો. ૧, અપ્રાયોગ્ય ૧ એમ કુલ ૯૫ બંધભાંગા ન સંભવે, કારણ કે પદ્મલેશ્યાવંત જીવો ઉપરોક્ત બંધ ન કરે તેથી ૯૫ બંધભાંગા વિના શેષ ૧૩૮૫૦ બંધભાંગા સંભવે.

એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, અપર્યા. તિ. મનુ. ના ૨-૨=૪, નારકીના ૫, કેવલી ભગવંતના ૮ એમ કુલ ૧૨૫ ઉદયભાંગા ન સંભવે. કારણ કે ઉપરોક્ત જીવભેદોને પદ્મલેશ્યાનો સંભવ નથી. માટે ૧૨૫ ઉદયભાંગા વિના શેષ ૭૬૬૬ ઉદયભાંગા સંભવે. નારકીને ભાવથી પદમલેશ્યા માનીએ તો નારકીના ૫ ભાંગા સહિત ૭૬૭૧ હોય.

સત્તાસ્થાન તેજોલેશ્યામાં જણાવ્યા મુજબ ૯૩ વિગેરે છ જાણવા.

તિર્યંચ પ્રાયો. ૨૯,૩૦ અને મનુ. પ્રા. ૨૯ નું બંધસ્થાન બાંધતી વખતે ૫૦ મનુ. ને ૩૦ના ઉદયે અને પર્યા. તિર્યંચને ૩૦-૩૧ ના ઉદયે ૮૬-૮૦ નું સત્તાસ્થાન અપેક્ષાએ ઘટી શકે. કારણ કે એકેન્દ્રિય કે વિકલેન્દ્રિયમાંથી ૮૬,૮૦ ની સત્તા લઈને આવેલ કોઈ જીવને પર્યાપ્તા થતાંની સાથે ભાગ્યયોગે પદમલેશ્યા આવે તો તે વખતે ઉપરના બંધસ્થાનોનો બંધ ચાલુ હોય તો પદ્મલેશ્યા પણ હોય તેથી ૮૬,૮૦ ની સત્તા હોય. માટે કોઈક જીવની અપેક્ષાએ આ સત્તાસ્થાન ઘટાવ્યા છે.

પંચે તિર્યંચ પ્રાયો. ૨૯ ના બંધના ૪૬૦૮, પંચે. તિ. પ્રાયો. ૩૦ ના બંધના ૪૬૦૮, મનુ. પ્રાયો. ૨૯ ના બંધના ૪૬૦૮ આ પ્રમાણે ૧૩૮૨૪ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે. તે આ પ્રમાણે -

૧૩૮૨૪ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૬૫૬
સત્તાસ્થાન :- ૪ (૯૨,૮૮,૮૬,૮૦)

પૂર્વોક્ત ૭૬૬૬ માંથી વૈ. મનુ. ના ઉદ્યોતવાળા ૩ અને આહા. મનુ. ના ૭ એમ કુલ ૧૦ વિના શેષ ૭૬૫૬ ઉદયભાંગા સંભવે.

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ ના ઉદયે	સામા. તિ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૫ ના ઉદયે	વૈ. તિ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૬ ના ઉદયે	સામા. તિ. ના	૨૮૮	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૨૮૮	×	૨	(૯૨,૮૮)
૨૭ ના ઉદયે	વૈ. તિ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૮ ના ઉદયે	સામા. તિ. ના	૫૭૬	×	૨	(૯૨,૮૮)
	વૈ. તિ. ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૫૭૬	×	૨	(૯૨,૮૮)
	વૈ. મનુ. ના	૮		૨	(૯૨,૮૮)
	દેવના	૧૬		૨	(૯૨,૮૮)
૨૯ ના ઉદયે	સામા. તિ. ના	૧૧૫૨	×	૨	(૯૨,૮૮)
	વૈ. તિ. ના	૧૬	×	૨	(૯૨,૮૮)

		ઉદયભાંગે		સત્તાસ્થાન	
	સામા. મનુ. ના	૫૭૬	×	૨	(૯૨,૮૮)
	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
૩૦ ના ઉદયે	સામા. તિ. ના	૧૭૨૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ. તિ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	દેવના	૮		૨	(૯૨,૮૮)
૩૧ ના ઉદયે	સામા. તિ. ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

મનુષ્ય પ્રાયો. ૩૦ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ તેજોલેશ્યા માર્ગણામાં જણાવ્યા મુજબ જ જાણવો.

દેવ પ્રાયો. ૨૮-૨૯-૩૦-૩૧ ના બંધના અનુક્રમે ૮-૮-૧-૧ બંધભાંગા એ પ્રમાણે કુલ ૧૮ બંધભાંગાનો સંવેધ સામાન્ય સંવેધ મુજબ જ જાણવો.

તેજોલેશ્યા માર્ગણામાં જણાવ્યા મુજબ ભાવલેશ્યાની અપેક્ષાએ ૭૬૬૬ ને બદલે નારકના ૫ સહિત ૭૬૭૧ ઉદયભાંગા સમજવા અને મનુ. પ્રા. ૨૯ ના બંધે નરકના ૫ ઉદયભાંગે ૯૨, ૮૮ ની સત્તા અને મનુ. પ્રા. ૩૦ ના બંધે ૮૯ ની સત્તા સંભવે.

(૫૦) શુક્લલેશ્યા માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાન :- ૫ (૨૮,૨૯,૩૦,૩૧,૧) **બંધભાગા** :- ૪૬૩૫ (૧૩૮૫૧)
ઉદયસ્થાન :- ૯ (૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** :- ૭૬૭૨ (૭૬૭૭)
સત્તાસ્થાન :- ૯ (૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૬,૭૫)

એકે. પ્રાયો. ૪૦, વિકલે. પ્રાયો. ૫૧, પંચે તિર્યંચ પ્રાયો. ૯૨૧૭, અપર્યા. મનુ. પ્રાયો. ૧, નરક પ્રાયો. ૧ એમ કુલ ૯૩૧૦ બંધભાગા ન સંભવે. કારણ કે શુક્લલેશ્યાવંત જીવોને ઉપરોક્ત બંધ ન સંભવે તેથી ૯૩૧૦ વિના શેષ ૪૬૩૫ બંધભાંગા સંભવે. તે આ પ્રમાણે -

મનુ. પ્રાયો.	૪૬૧૬	બંધભાંગા (અપર્યા. મનુ. પ્રા. ૨૫ ના બંધ ૧ બંધભાંગા વિના)
દેવ પ્રાયો.	૧૮	બંધભાંગા
અપ્રાયોગ્ય	૧	બંધભાંગા
કુલ	**૪૬૩૫**	**બંધભાંગા**

વૈમાનિકમાં છઠ્ઠા દેવલોકથી શુક્લલેશ્યા કહી છે અને મંદ શુક્લ લેશ્યાવાળા દેવો તિર્યંચ પ્રાયોગ્ય બંધ કરે છે. તેથી તે અપેક્ષાએ તિર્યંચના બંધભાંગા ગણીએ તો ૪૬૩૫+૯૨૧૬ (અપર્યા. તિ. પ્રા. ૧ વિના) એમ કુલ ૧૩૮૫૧ બંધભાંગા ઘટે.

એકે. ના ૪૨, વિકલે. ના ૬૬, અપર્યા. તિ. અને મનુ. ના ૨-૨, નારકીના ૫, કેવલી મનુષ્યના ૨ (૯ અને ૮ ના ઉદયનો) ૧-૧ એમ કુલ ૧૧૯ ઉદયભાંગા ન સંભવે. કારણ કે ઉપરોક્ત જીવોને શુક્લલેશ્યાનો સંભવ નથી તેથી ૧૧૯ વિના શેષ ૭૬૭૨ (૭૬૭૭) ઉદયભાંગા સંભવે. જો નારકીને ભાવથી શુક્લલેશ્યા માનીએ તો નારકીના ૫ ભાંગા સહિત જાણવા.

પૂર્વે જણાવ્યા મુજબ ૯૩ વિગેરે પાંચ સત્તાસ્થાન અને શ્રેણીમાં સંભવતા ૮૦ વિગેરે ચાર એ પ્રમાણે કુલ ૯ સત્તાસ્થાન સંભવે.

અહીં શુક્લલેશ્યા માર્ગણામાં પણ ૮૬ અને ૮૦ નું સત્તાસ્થાન બતાવ્યું છે તેનું કારણ પદ્મલેશ્યા માર્ગણામાં બતાવ્યા પ્રમાણે જાણવું.

(તેજો આદિ ત્રણે શુભલેશ્યામાં ૮૬,૮૦ આ બંને સત્તાસ્થાનો ક્વચિત કોઈક જીવની અપેક્ષાએ જ ઘટી શકે)

મનુ. પ્રાયો. ૨૯ ના બંધના ૪૬૦૮, બંધભાંગાનો સંવેધ પદ્મલેશ્યા માર્ગણામાં ૧૩૮૨૪ બંધભાંગાના સંવેધમાં જણાવ્યા મુજબ જ જાણવો. તિર્યંચ પ્રા. ૨૯-૩૦ ના ૯૨૧૬ ભાંગાના સંવેધમાં દેવતાના ૬૪ ભાંગે ૯૨-૮૮ ની સત્તા જાણવી.

મનુ. પ્રાયો. ૩૦ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ તેજોલેશ્યા માર્ગણામાં જણાવ્યા મુજબ જ જાણવો. (જુઓ પા. ૩૬૯-૩૭૦)

દેવ પ્રા. ૨૮,૨૯,૩૦,૩૧ ના બંધના અનુક્રમે ૮-૮-૧-૧ એમ કુલ ૧૮ બંધભાંગાનો સંવેધ અને અપ્રાયોગ્ય ૧ ના બંધનો ૧ બંધ ભાંગાનો સંવેધ, સામાન્ય સંવેધ મુજબ જ જાણવો.

અબંધનો સંવેધ પણ સામાન્ય સંવેધ પ્રમાણે જાણવો, પરંતુ વિશેષ એટલું કે ચૌદમા ગુણઠાણે જ ઘટતું ૯ અને ૮ નું ઉદયસ્થાન તથા ૯-૮ ની સત્તા અહીં ન સંભવે એટલે કુલ ૧૧૦ ભાંગામાંથી ૧૦૮ ઉદયભાંગા અને ૯૩ આદિ ૮ સત્તાસ્થાન જાણવા. છઠ્ઠાથી આઠમા દેવલોકના દેવો ને શુક્લલેશ્યા છે અને તેઓ તિર્યંચ પ્રાયોગ્ય બંધ કરે છે. તેથી મંદ શુક્લ લેશ્યાએ તિર્યંચ પ્રાયોગ્ય બંધની વિવક્ષા કરીએ તો. પં. તિર્યંચ પ્રાયો. ૨૯ ના બંધના ૪૬૦૮ અને ૩૦ ના બંધના ૪૬૦૮ કુલ ૯૨૧૬ બંધભાંગાનો સંવેધ આ પ્રમાણે.

ઉદયસ્થાન :- ૬ (૨૧,૨૫,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગા** :- ૬૪

સત્તાસ્થાન :- ૨ (૯૨,૮૮)

	ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ ના ઉદયે દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૫ ના ઉદયે દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૭ ના ઉદયે દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૮ ના ઉદયે દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
૨૯ ના ઉદયે દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
૩૦ ના ઉદયે દેવના	૮	×	૨	(૯૨,૮૮)

ભાવલેશ્યાની એપક્ષાએ તેજોલેશ્યા માર્ગણામાં જાણાવ્યા મુજબ ૭૬૭૨ ને બદલે ૭૬૭૭ ઉદયભાંગા સંભવે અને મ.પ્રા. ૨૯ના બંધે નારકીના પાંચે ઉદયભાંગે ૯૨,૮૮ અને મનુ.પ્રા. ૩૦ ના બંધે ૮૯ ની સત્તા યથાસંભવ સંભવે.

૧૧ (૫૧) ભવ્ય માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાન :- ૮ (૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦,૩૧,૧) **બંધભાગા** :- ૧૩૯૪૫

ઉદયસ્થાન :- ૧૨ (૨૦,૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧,૯,૮)

ઉદયભાંગા :- ૭૭૯૧

સત્તાસ્થાન :- ૧૨ (૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૮,૭૬,૭૫,૯,૮)

અહીં ૧૩૯૪૫ બંધભાંગાનો અને અબંધનો સંવેધ સર્વ પાણ સામાન્ય સંવેધ મુજબ જાણવો.

(૫૨) અભવ્ય માર્ગણાને નામકર્મનો સંવેધ

બંધસ્થાન :- ૬ (૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦) **બંધભાગા** :- ૧૩૯૨૬

ઉદયસ્થાન :- ૯ (૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** :- ૭૭૭૩

સત્તાસ્થાન :- ૪ (૮૮,૮૬,૮૦,૭૮)

અભવ્યને પહેલું જ ગુણઠાણું હોવાથી મનુ. પ્રાયો. ૩૦ ના બંધના ૮, દેવ પ્રાયો. ૨૯,૩૦,૩૧ ના બંધના અનુક્રમે ૮-૧-૧ કુલ ૧૦ અને અપ્રાયો. ૧ ના બંધનો ૧ એ પ્રમાણે કુલ ૧૯ બંધભાંગા ન સંભવે, શેષ ૧૩૯૨૬ બંધભાંગા સંભવે.

વૈ. મનુ. ના ઉદ્યોતવાળા ૩, આહા. મનુ. ના ૭ અને કેવલી મનુ. ના ૮ એ પ્રમાણે કુલ ૧૮ ઉદયભાંગા વિના શેષ ૭૭૭૩ ઉદયભાંગા સંભવે.

અભવ્યો પહેલા ગુણઠાણાથી આગળ વધતા ન હોવાથી આહા. દ્વિક, જિનનામ વગેરે સત્તામાં જ ન આવે તેથી ૮૮ વિગેરે ૪ સત્તાસ્થાન જ સંભવે.

૨૩ ના બંધના ૪, ૨૫ ના બંધના એકે. પ્રાયો. ૧૨ (બા. પર્યા. ૮ વિના) વિકલે. પ્રાયો. ૩ અને અપર્યા. તિર્યંચ પ્રાયો. ૧=૧૬, વિકલે, પ્રાયો. ૨૯ ના બંધના ૨૪ અને ૩૦ ના બંધના ૨૪ એ પ્રમાણે કુલ ૬૮ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે.

૬૮ બંધભાંગાનો સંવેધ આ પ્રમાણે

ઉદયસ્થાન :- ૯ (૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાગા** :- ૭૭૦૪
સત્તાસ્થાન :- ૪ (૮૮,૮૬,૮૦,૭૮)

૭૭૭૩ ઉદયભાંગામાંથી દેવના ૬૪ અને નારકીના ૫ એ પ્રમાણે ૬૯ ઉદયભાંગા વિના શેષ ૭૭૦૪ ઉદયભાંગા સંભવે.

સંવેધ આ પ્રમાણે-આ સંવેધ ૯૨ ની સત્તા વિના ઓધ સંવેધની જેમ જાણવો. તે આ પ્રમાણે -

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ ના ઉદયે	એકે. ના	૫	×	૪	(૮૮,૮૬,૮૦,૭૮)
	વિકલે. ના	૯	×	૪	(૮૮,૮૬,૮૦,૭૮)
	સામા. તિ. ના	૯	×	૪	(૮૮,૮૬,૮૦,૭૮)
	સામા. મનુ. ના	૯	×	૩	(૮૮,૮૬,૮૦)
૨૪ ના ઉદયે	એકે. ના	૧૦	×	૪	(૮૮,૮૬,૮૦,૭૮)
	વૈ. વાયુ. ના	૧	×	૨	(૮૮,૮૬)
૨૫ ના ઉદયે	એકે. ના	૪	×	૩	(૮૮,૮૬,૮૦)
	તેઉ વાયુના ના	૨	×	૪	(૮૮,૮૬,૮૦,૭૮)
	વૈ. વાયુના	૧	×	૨	(૮૮,૮૬)
	વૈ. તિ. ના	૮	×	૧	(૮૮)
	વૈ. મનુ. ના	૮	×	૧	(૮૮)
૨૬ ના ઉદયે	એકે. ના	૧૦	×	૩	(૮૮,૮૬,૮૦)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
	તેઉ વાયુના ના	૨	×	૪	(૮૮,૮૬,૮૦,૭૮)
	વૈ. વાયુના	૧	×	૨	(૮૮,૮૬)
	વિકલે. ના	૯	×	૪	(૮૮,૮૬,૮૦,૭૮)
	સામા. તિ. ના	૨૮૯	×	૪	(૮૮,૮૬,૮૦,૭૮)
	સામા. મનુ. ના	૨૮૯	×	૩	(૮૮,૮૬,૮૦)
૨૭ ના ઉદયે	એકે. ના	૬	×	૩	(૮૮,૮૬,૮૦)
	વૈ. તિ. ના	૮	×	૧	(૮૮)
	વૈ. મનુ. ના	૮	×	૧	(૮૮)
૨૮ ના ઉદયે	વિકલે. ના	૬	×	૩	(૮૮,૮૬,૮૦)
	સામા. તિ. ના	૫૭૬	×	૩	(૮૮,૮૬,૮૦)
	વૈ. તિ. ના	૧૬	×	૧	(૮૮)
	સામા. મનુ. ના	૫૭૬	×	૩	(૮૮,૮૬,૮૦)
	વૈ. મનુ. ના	૮	×	૧	(૮૮)
૨૯ ના ઉદયે	વિકલે. ના	૧૨	×	૩	(૮૮,૮૬,૮૦)
	સામા. તિ. ના	૧૧૫૨	×	૩	(૮૮,૮૬,૮૦)
	વૈ. તિ. ના	૧૬	×	૧	(૮૮)
	સામા. મનુ. ના	૫૭૬	×	૩	(૮૮,૮૬,૮૦)
	વૈ. મનુ. ના	૮	×	૧	(૮૮)
૩૦ ના ઉદયે	વિકલે. ના	૧૮	×	૩	(૮૮,૮૬,૮૦)
	સામા. તિ. ના	૧૭૨૮	×	૩	(૮૮,૮૬,૮૦)
	વૈ. તિ. ના	૮	×	૧	(૮૮)
	સામા. મનુ. ના	૧૧૫૨	×	૩	(૮૮,૮૬,૮૦)
૩૧ ના ઉદયે	વિકલે. ના.	૧૨	×	૩	(૮૮,૮૬,૮૦)
	સામા. તિ. ના	૧૧૫૨	×	૩	(૮૮,૮૬,૮૦)

બાદર પર્યા. એકે. ના ૨૫ ના બંધના ૮ અને ૨૬ ના બંધના ૧૬ એમ કુલ ૨૪ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે. તે આ પ્રમાણે –

૨૪ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :- ૯ (૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૭૬૮
સત્તસ્થાન :- ૪ (૮૮,૮૬,૮૦,૭૮)

૬૮ બંધભાંગાના સંવેધમાં જણાવેલ ૭૭૦૪+૬૪ દેવના એટલે કુલ ૭૭૬૮ ઉદયભાંગા થાય છે.

સંવેધ આ પ્રમાણે -

૬૮ બંધભાંગાના સંવેધમાં જણાવ્યા મુજબ જ સંવેધ થાય છે. ફક્ત વિશેષ એટલું કે દેવના ૬૪ ઉદયભાંગે ૮૮ નું એક સત્તાસ્થાન જ સંભવે.

	ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ ના ઉદયે દેવના	૮	×	૧	(૮૮)
૨૫ ના ઉદયે દેવના	૮	×	૧	(૮૮)
૨૭ ના ઉદયે દેવના	૮	×	૧	(૮૮)
૨૮ ના ઉદયે દેવના	૧૬	×	૧	(૮૮)
૨૯ ના ઉદયે દેવના	૧૬	×	૧	(૮૮)
૩૦ ના ઉદયે દેવના	૮	×	૧	(૮૮)

શેષ સંવેધ ૬૮ બંધભાંગાના સંવેધ મુજબ જ જાણવો.

અપર્યા. મનુ. પ્રાયો. ૨૫ ના બંધના ૧ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :- ૯ (૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા:-** ૭૭૦૧
સત્તાસ્થાન :- ૩ (૮૮,૮૬,૮૦)

૬૮ બંધભાંગાના સંવેધમાં જણાવેલ ૭૭૦૪ ઉદયભાંગામાંથી વૈ. વાયુના ૩ ઉદયભાંગા વિના શેષ સર્વ ભાંગા સંભવે છે.

અને સત્તાસ્થાન પણ ૭૮ વિના સંભવે છે.

સંવેધ આ પ્રમાણે -

		ઉદયભાંગે		સત્તાસ્થાન	
૨૧ ના ઉદયે	એકે. ના	૫	×	૩	(૮૮,૮૬,૮૦)
	વિકલે. ના	૯	×	૩	(૮૮,૮૬,૮૦)
	સામા. તિ. ના	૯	×	૩	(૮૮,૮૬,૮૦)
	સામા. મનુ. ના	૯	×	૩	(૮૮,૮૬,૮૦)
૨૪ ના ઉદયે	એકે. ના	૧૦	×	૩	(૮૮,૮૬,૮૦)
૨૫ ના ઉદયે	એકે. ના	૬	×	૩	(૮૮,૮૬,૮૦)
	વૈ. તિ. ના	૮	×	૧	(૮૮)
	વૈ. મનુ. ના	૮	×	૧	(૮૮)
૨૬ ના ઉદયે	એકે. ના	૧૨	×	૩	(૮૮,૮૬,૮૦)
	સામા. તિ. ના	૨૮૯	×	૩	(૮૮,૮૬,૮૦)
	સામા. મનુ. ના	૨૮૯	×	૩	(૮૮,૮૬,૮૦)
	વિકલે. ના	૯	×	૩	(૮૮,૮૬,૮૦)
૨૭ ના ઉદયે	એકે. ના	૬	×	૩	(૮૮,૮૬,૮૦)
	વૈ. તિ. ના	૮	×	૧	(૮૮)
	વૈ. મનુ. ના	૮	×	૧	(૮૮)
૨૮ ના ઉદયે	વિકલે. ના	૬	×	૩	(૮૮,૮૬,૮૦)
	સામા. તિ. ના	૫૭૬	×	૩	(૮૮,૮૬,૮૦)
	વૈ. તિ. ના	૧૬	×	૧	(૮૮)
	સામા. મનુ. ના	૫૭૬	×	૩	(૮૮,૮૬,૮૦)
	વૈ. મનુ. ના	૮	×	૧	(૮૮)
૨૯ ના ઉદયે	વિકલે. ના	૧૨	×	૩	(૮૮,૮૬,૮૦)
	સામા. તિ. ના	૧૧૫૨	×	૩	(૮૮,૮૬,૮૦)
	વૈ. તિ. ના	૧૬	×	૧	(૮૮)
	સામા. મનુ. ના	૫૭૬	×	૩	(૮૮,૮૬,૮૦)
	વૈ. મનુ. ના	૮	×	૧	(૮૮)
૩૦ ના ઉદયે	વિકલે. ના	૧૮	×	૩	(૮૮,૮૬,૮૦)
	સામા. તિ. ના	૧૭૨૮	×	૩	(૮૮,૮૬,૮૦)
	વૈ. તિ. ના	૮	×	૧	(૮૮)
	સામા. મનુ. ના	૧૧૫૨	×	૩	(૮૮,૮૬,૮૦)

		ઉદયભાંગે		સત્તાસ્થાન	
૩૧ ના ઉદયે	વિકલે. ના	૧૨	×	૩	(૮૮,૮૬,૮૦)
	સામા. તિ. ના	૧૧૫૨	×	૩	(૮૮,૮૬,૮૦)

પંચે. તિ. પ્રાયો. ૨૯ ના બંધના ૪૬૦૮ અને ૩૦ ના બંધના ૪૬૦૮ એ પ્રમાણે ૯૨૧૬ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે તે આ પ્રમાણે-

૯૨૧૬ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :- ૯ (૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા:-** ૭૭૭૩
સત્તાસ્થાન :- ૪ (૮૮,૮૬,૮૦,૭૮)

૨૪ બંધભાંગાના સંવેધમાં જાણાવેલ ૭૭૬૮+૫ નારકીના એ પ્રમાણે કુલ ૭૭૭૩ ઉદયભાંગા થાય છે.

સંવેધ આ પ્રમાણે -

૨૪ બંધભાંગાના સંવેધમાં જાણાવ્યા મુજબ જ સંવેધ જાણવો. વિશેષ એટલું કે નારકીના ૫ ઉદયભાંગે એક ૮૮ નું જ સત્તાસ્થાન સંભવે.

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ ના ઉદયે	નારકીના	૧	×	૧	(૮૮)
૨૫ ના ઉદયે	નારકીના	૧	×	૧	(૮૮)
૨૭ ના ઉદયે	નારકીના	૧	×	૧	(૮૮)
૨૮ ના ઉદયે	નારકીના	૧	×	૧	(૮૮)
૨૯ ના ઉદયે	નારકીના	૧	×	૧	(૮૯)

શેષ સંવેધ ૨૪ બંધભાંગાના સંવેધ મુજબ જાણવો.

મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધના ૪૬૦૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :- ૯ (૨૧,૨૪,૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા:-** ૭૭૭૦
સત્તાસ્થાન :- ૩ (૮૮,૮૬,૮૦)

એકે. ના ૩૯ (વૈ. વાયુ. ના ૩ વિના) વિકલે. ના ૬૬, સામા. તિ. ના ૪૯૦૬, વૈ. તિ. ના ૫૬, સામા. મનુ. ના ૨૬૦૨, વૈ. મનુ. ના ૩૨, દેવના ૬૪ અને નારકીના ૫ એ પ્રમાણે કુલ ૭૭૭૦ ઉદયભાંગા સંભવે.

સંવેધ આ પ્રમાણે -

અપર્યા. મનુ. પ્રાયો. ૨૫ ના બંધમાં જાણાવેલ ૭૭૦૧ ઉદયભાંગાના સંવેધ મુજબ અહીં ૭૭૭૦ ઉદયભાંગાનો સંવેધ થાય છે. વિશેષ એટલું કે દેવના ૬૪ અને નારકીના ૫ ઉદયભાંગે એક ૮૮ નું જ સત્તાસ્થાન સંભવે.

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ ના ઉદયે	દેવના	૮	×	૧	(૮૮)
	નારકીના	૧	×	૧	(૮૮)
૨૫ ના ઉદયે	દેવના	૮	×	૧	(૮૮)
	નારકીના	૧	×	૧	(૮૮)
૨૭ ના ઉદયે	દેવના	૮	×	૧	(૮૮)
	નારકીના	૧	×	૧	(૮૮)
૨૮ ના ઉદયે	દેવના	૧૬	×	૧	(૮૮)
	નારકીના	૧	×	૧	(૮૮)
૨૯ ના ઉદયે	દેવના	૧૬	×	૧	(૮૮)
	નારકીના	૧	×	૧	(૮૮)
૩૦ ના ઉદયે	દેવના	૮	×	૧	(૮૮)

દેવ પ્રાયો. ૨૮ ના બંધના બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :- ૬ (૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા**:- ૩૫૪૪

સત્તાસ્થાન :- ૨ (૮૮,૮૬)

અભવ્યને પહેલું ગુણઠાણું જ હોવાથી દેવ પ્રાયોગ્ય બંધ સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તાવસ્થામાં જ કરે. તેથી સામા. તિ. ના ૩૦, ના ઉદયના ૧૧૫૨, ૩૧ ના ઉદયના ૧૧૫૨ અને વૈ. તિર્યંચના ૫૬ તથા સામા. મનુ. ના ૩૦ ઉદયના ૧૧૫૨ અને વૈ. મનુ. ના ૩૨ એ પ્રમાણે કુલ ૩૫૪૪ ઉદયભાંગા થાય. વૈ. તિ. અને વૈ. મનુ. ના દરેક ઉદયભાંગે ૮૮ ની સત્તા જ સંભવે. તથા સામા. મનુ. અને સા. તિ. ના ઉદયભાંગે ૨ સત્તાસ્થાન ૮૮,૮૬ સંભવે.

સંવેધ આ પ્રમાણે -

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૫ ના ઉદયે	વૈ. તિ. ના	૮	×	૧	(૮૮)
	વૈ. મનુ. ના	૮	×	૧	(૮૮)
૨૭ ના ઉદયે	વૈ. તિ. ના	૮	×	૧	(૮૮)
	વૈ. મનુ. ના	૮	×	૧	(૮૮)
૨૮ ના ઉદયે	વૈ. તિ. ના	૧૬	×	૧	(૮૮)
	વૈ. મનુ. ના	૮	×	૧	(૮૮)
૨૯ ના ઉદયે	વૈ. તિ. ના	૧૬	×	૧	(૮૮)
	વૈ. મનુ. ના	૮	×	૧	(૮૮)
૩૦ ના ઉદયે	વૈ. તિ. ના	૮	×	૧	(૮૮)
	સામા. તિ. ના	૧૧૫૨	×	૨	(૮૮,૮૬)
	સામા. મનુ. ના	૧૧૫૨	×	૨	(૮૮,૮૬)
૩૧ ના ઉદયે	સામા.તિ. ના	૧૧૫૨	×	૨	(૮૮,૮૬)

નરક પ્રાયો. ૨૮ ના બંધના ૧ બંધભાંગાનો સંવેધ દેવ પ્રાયો. ૨૮ ના બંધના સંવેધ મુજબ જાણવો.

ભવ્ય-અભવ્ય માર્ગણાને વિષે નામકર્મનો સંવેધ સમાપ્ત.

(૧૨) સમ્યક્ત્વ માર્ગણાએ નામકર્મનો સંવેધ

(૫૩) ઉપશમ સમ્યક્ત્વ માર્ગણાએ નામકર્મનો સંવેધ★

ઉપશમ સમકિત માર્ગણાએ ઉદયભાંગા સંબંધી અનેક મત છે. અહીં મુખ્ય વિવક્ષા કરી ૮ મત લખ્યા છે. બંધસ્થાન, બંધભાંગા અને સત્તાસ્થાન સર્વ મતને વિષે સમાન સંભવે છે.

૧ લા મત (વિવક્ષા) પ્રમાણે - ૩૪૬૫ ઉદયભાંગા

ઉપશમ સમકિત સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અવસ્થામાં જઈ પામી શકાય અને ભવાંતરમાં લઈ જવાય નહિં તથા તેનો કાળ અંતમુહૂર્ત માત્ર હોવાથી તે વખતે લબ્ધિ ફોરવે નહિં આ મત પ્રમાણે... ૩૪૬૫ ઉદયભાંગા આ રીતે સંભવે.

★ દેવોને મૂળ શરીરમાં પણ ઉદ્યોતના ઉદય હોય (જુઓ પંચસંગ્રહ ભા. ૧, પાંચમુ દ્વાર ગા. ૧૩૨)

સામાન્ય તિર્યંચના ૩૦ ના ઉદયના	૧૧૫૨	ઉદયભાંગા
સામાન્ય તિર્યંચના ૩૧ ના ઉદયના	૧૧૫૨	ઉદયભાંગા
સામાન્ય મનુ. ના ૩૦ ના ઉદયના	૧૧૫૨	ઉદયભાંગા
દેવના ૨૯ ના ઉદયના (સ્વરવાળા)	૮	ઉદયભાંગા
નારકીના ૨૯ ના ઉદયનો	૧	ભાંગે
કુલ	**૩૪૬૫**	

૨ જા મત (વિવક્ષા) પ્રમાણે – ૩૪૭૩ ઉદયભાંગા

પંચેન્દ્રિયપણામાં ચારે ગતિમાં વર્તતા જીવો પર્યાપ્તાવસ્થામાં ઉપશમ સમકિત પ્રાપ્ત કરે. છ એ સંઘયણવાળા જીવો ઉપશમ સમકિત પ્રાપ્ત કરે અને શતકબૃહત્ચૂર્ણિના મતે ભવાંતરમાં લઈ જવાય નહિં તથા દેવો ભવપ્રત્યયિક વૈક્રિય લબ્ધિવાળા હોવાથી, તીર્થંકર પરમાત્માના કલ્યાણક આદિ અનેક શુભ કાર્યોમાં ઘણીવાર લબ્ધિ ફોરવે અને તે ઉત્તરવૈક્રિય શરીર અર્ધમાસ = ૧૫ દિવસ સુધી રહી શકે છે. વળી, આટલા લાંબા કાળમાં, શુભકાર્યમાં સમકિત પામવાનો ચાન્સ વધારે છે. માટે અહિં (શતકચૂર્ણિના આધારે) દેવના ૩૦ ના ઉદયના ૮ ભાંગા ઉદ્યોતવાળા ઉત્તર વૈક્રિયના વધારે ગણવામાં આવ્યા છે. મનુ. તિર્યંચની લબ્ધિ ગુણ પ્રત્યયિક હોવાથી ક્વચિત ફોરવે અને ત્યારે ઉપશમ સમકિતની પ્રાપ્તિનો સંભવ ઓછો છે માટે તેમના (=વૈ. તિ. વૈ. મનુ.) ભાંગા અહિં ગણ્યા નથી. છતાં વિવક્ષા કરવી હોય તો થઈ શકે માટે ત્રીજા મતમાં એ ભાંગા પણ બતાવ્યા છે. એટલે, ૩૪૭૩ ઉદયભાંગા આ પ્રમાણે.

સા. તિર્યં. ના	૨૩૦૪	(૩૦ ના ઉદયના ૧૧૫૨, ૩૧ ના ઉદયના ૧૧૫૨)
સા. મનુ. ના	૧૧૫૨	(૩૦ ના ઉદયના)
દેવના	૧૬	(૨૯ ના ઉદયના સ્વરવાળા ૮, ૩૦ ના ઉદયના ૮)
નારકીનો	૧	(૨૯ ના ઉદયનો)
કુલ	**૩૪૭૩**	

૩ જા મત (વિવક્ષા) પ્રમાણે – ૩૪૯૭ ઉદયભાંગા (બે રીતે સપ્તતિકાના આધારે)

સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત જીવો જ ઉપશમ સમકિત પામે, ઉપશમ સમકિતમાં લબ્ધિ ફોરવે નહિં અને શ્રેણીના ઉપશમ સમકિત સહિત ભવક્ષયે કાળ કરીને દેવમાં ઉત્પન્ન થઈ શકે એટલે દેવના અપર્યાપ્ત અવસ્થાના ભાંગા પણ ઘટવાથી ઉદ્યોત સિવાયના દેવના બધા ભાંગા ગણવા. એમ માનનારના મતે ઉદ્યોતનો ઉદય દેવોને ઉત્તર વૈક્રિય શરીરમાં હોય છે. મૂળ શરીરમાં નથી માટે. ઉત્તર વૈ. ના દેવના ભાંગા ગણ્યા નથી.

સા. તિ. ના	૨૩૦૪	(૩૦-૩૧ ના ઉદયના, ૧૧૫૨+૧૧૫૨)
સા. મનુ. ના	૧૧૫૨	(૩૦ ના ઉદયનો)
નારકીના	૧	(૨૯ ના ઉદયનો)
દેવના	૪૦	(૨૧-૨૫-૨૭-૨૮-૨૯ ના ઉદયના ૮+૮+૮+૮+૮)
કુલ	**૩૪૯૭**	

અથવા ૩૪૯૭ ઉદયભાંગા આ પ્રમાણે

સર્વપર્યાપ્તિએ પર્યાપ્ત જીવો જ આ સમકિત પામે. ભવાંતરમાં લઈ જાય નહિં તથા દેવોને ઉત્તર વૈક્રિયનો કાળ ૧૫ દિવસનો છે તથા મનુ. તિર્યં. ને ૪ મુહૂર્તનો છે માટે લબ્ધિ ફોરવ્યા પછી લબ્ધિના કાળમાં સમકિત પામે તો વૈ. તિ. ના અને વૈ. મનુ. ના તથા દેવના (ઉદ્યોત સહિતના) પર્યાપ્ત અવસ્થાના ભાંગા પણ ઉપશમ સમકિત માર્ગણાએ ઘટી શકે. આ પ્રમાણે માનનારના મતે

સા. તિ ના	૨૩૦૪	(૩૦-૩૧ ના ઉદયના, ૧૧૫૨+ ૧૧૫૨)
સા. મનુ. ના	૧૧૫૨	(૩૦ ના ઉદયનો ૧૧૫૨)
વૈ. તિ. ના	૧૬	(૨૯ ના ઉદયના ૮ સ્વરવાળા, ૩૦ ના ઉદયના ૮)
વૈ. મનુ. ના	૮	(૨૯ ના ઉદયના ૮ સ્વરવાળા)
દેવના	૧૬	(૨૯ ના ઉદયના ૮ સ્વરવાળા, ૩૦ ના ઉદયના ૮)
નારકીનો	૧	(૨૯ ના ઉદયનો)
કુલ	**૩૪૯૭**	

૪ થા મત વિવક્ષા પ્રમાણે – ૩૪૬૯ ઉદયભાંગા

સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અવસ્થામાં જ ઉપશમ સમકિત પામે. લબ્ધિ ફોરવે નહિં, શ્રેણીમાં ભવક્ષયે કાળ કરીને અનુત્તર દેવનો ભવ પામે તો ઉપશમ સમકિત સહિત (દેવમાં) જાય અને અનુત્તર દેવોને દુર્ભગ-અનાદેય-અપયશનો ઉદય ભવસ્વભાવથી જ હોય નહિં અર્થાત્ બધી શુભ પ્રકૃતિઓ જ હોય અને ભવાંતરનું ઉપશમ સમકિત માત્ર ૨૮ના ઉદયસ્થાનક સુધી જ હોય એમ પણ માનીએ તેથી અનુત્તરના ૨૧-૨૫-૨૭-૨૮ ના ઉદયનો ૧-૧ એમ કુલ ૪ ઉદયભાંગા ઉપર કહેલા પહેલા મત પ્રમાણેના ૩૪૬૫ ઉદયભાંગામાં ઉમેરતા ૩૪૬૯ ઉદયભાંગા થાય.

૫ મા મત (વિવક્ષા) પ્રમાણે - ૩૫૦૧ ઉદયભાંગા

ઉપર ૪ થા મત પ્રમાણે બતાવેલ ૩૪૬૯ ઉદયભાંગામાં લબ્ધિ ફોરવ્યા પછી દેશના આદિમાં ઉપશમ સમકિત પામે તો ૩૨ ઉદયભાંગા (વૈ. તિ. ના ૧૬, વૈ. મનુ. ના ૮, દેવના ૮) ઉમેરતા ૩૫૦૧ ઉદયભાંગા થાય.

૬ ઠ્ઠા મત (વિવક્ષા) પ્રમાણે - ૩૫૨૯ ઉદયભાંગા

ઉપર **ત્રીજા મત** પ્રમાણે બતાવેલ ૩૪૯૭ ઉદયભાંગામાં લબ્ધિ ફોરવ્યા પછી ઉપશમ સમકિત પામે તો ૩૨ ભાંગા પણ સંભવે એ મતે **(પહેલી રીતે ત્રીજા મત પ્રમાણે)**

સા. તિ. ના	૨૩૦૪	(૩૦-૩૧ ના ઉદયના, ૧૧૫૨+ ૧૧૫૨)
સા. મનુ. ના	૧૧૫૨	(૩૦ ના ઉદયનો)
નારકીનો	૧	(૨૯ ના ઉદયનો)
દેવના	૪૦	(૨૧-૨૫-૨૭-૨૮-૨૯ના ઉદયના ૮+૮+૮+૮+૮)
વૈ. તિ. ના	૧૬	(૨૯ ના ઉદયનો ૮ સ્વરવાળા, ૩૦ ના ઉદયના ૮)
વૈ. મનુ. ના	૮	(૨૯ ના ઉદયના ૮ સ્વરવાળા)
દેવના	૮	(૩૦ ના ઉદયના ૮)
કુલ	**૩૫૨૯**	

અથવા ત્રીજા મતમાં બતાવેલ ૩૪૯૭ ઉદયભાંગામાં શ્રેણીમાં ભવક્ષયે કાળ કરીને ઉપશમ સમકિત સહિત દેવમાં ઉત્પન્ન થનાર દેવના અપર્યાપ્તાવસ્થાના ઉદયભાંગા અહિં ઉમેરતા ૩૫૨૯ ઉદયભાંગા થાય તે આ પ્રમાણે (બીજી રીતે ત્રીજા મત પ્રમાણે)

સા. તિ ના	૨૩૦૪	(૩૦-૩૧ ના ઉદયના, ૧૧૫૨+ ૧૧૫૨)
સા. મનુ. ના	૧૧૫૨	(૩૦ ના ઉદયના ૧૧૫૨)
વૈ. તિ. ના	૧૬	(૨૯ ના ઉદયના ૮ સ્વરવાળા, ૩૦ ના ઉદયના ૮)
વૈ. મનુ. ના	૮	(૨૯ ના ઉદયના ૮)
નારકીનો	૧	(૨૯ ના ઉદયનો)
દેવના	૪૮	(૨૮-૨૯ ના ઉદ્યોતના ઉદયના ૮-૮ ભાંગા વિના)
કુલ	**૩૫૨૯**	**ઉદયભાંગા થાય**

૭ મા મત (વિવક્ષા) પ્રમાણે – ૩૬૧૨ ઉદયભાંગા

"તિરિ ઈત્થિ અજય સાસાણ" (કર્મગ્રંથ ૪ થો ગાથા નં. ૨૬) એ પદ પ્રમાણે ઉપશમ સમકિત માર્ગણાને વિષે આહા. દ્વિક સિવાય ૧૩ યોગ જાણાવ્યા છે. તેમાં ઔદારિક મિશ્ર, વૈક્રિયમિશ્ર કે કાર્મણકાયયોગનો નિષેધ નથી. તેથી મનુષ્ય તિર્યંચો અને દેવો પણ ઉપશમ સમ્યક્ત્વમાં વર્તતા છતા, ઉત્તરવૈક્રિય શરીર બનાવતા હોય તો વૈ. તિ. ના ૫૬, વૈ. મનુ. ના ૩૫ ઉદયભાંગા પણ સંભવે. (સંયમી મનુષ્ય, શ્રેણીનું ઉપશમ સમકિત પામ્યા પછી અંતર્મુહૂર્ત પછી શ્રેણી શરૂ કરે છે એટલે શ્રેણી ચઢતાં પૂર્વે લબ્ધિ ફોરવે તો વૈક્રિય મનુષ્યના બધાભાંગા પણ સંભવે) અને દેવના ૫૭ ઉદયભાંગા માને છે. તે આ રીતે.... દેવના ૨૧ ના ઉદયના * ૧ ઉદયભાંગા જ સંભવે એવું માને છે. કારણ કે ઉપશમ શ્રેણીથી ભવક્ષયે કાળ કરી અનુત્તરમાં જ જતા જીવને ઉપશમ શ્રેણીથી આવેલો હોવાથી ૨૧ ના ઉદયે શુભ પ્રકૃતિઓ જ ઉદયમાં હોય. એટલે ૨૧ ના ઉદયના ૧ જ ભાંગો હોય અને ૨૫ વિગેરે ઉદયસ્થાને ઉત્તર વૈ. હોવાથી બધા ઘટે તેથી ૨૫ થી ૩૦ ના ઉદયના ૫૬ અને ૨૧ ના ઉદયનો ૧ એ પ્રમાણે ૫૭ ઉદયભાંગા થાય તે આ પ્રમાણે.

સા. તિ. ના	૨૩૦૪	(૩૦-૩૧ ના ઉદયના, ૧૧૫૨+ ૧૧૫૨)
વૈ. તિ. ના	૫૬	
સા. મનુ.ના	૧૧૫૨	(૩૦ ના ઉદયનો ૧૧૫૨)
વૈ. મનુ. ના	૩૫	
દેવના	૫૭	
નારકીનો	૧	
કુલ	**૩૬૦૫**	**ઉદયભાંગા થાય**

ઉદયભાંગા સંબંધી ઘણા મત હોવાથી અહીં કેટલીક વિવક્ષાએ ઉદયભાંગા જણાવીને હવે, બંધસ્થાન, બંધભાંગા, સત્તાસ્થાન સર્વ મતને વિષે સમાન છે. તે જણાવાય છે અને ત્યારપછી ૩૬૦૫ ઉદયભાંગાના મતનો સંવેધ જણાવાશે. કારણ કે બીજા બધા ઉદયભાંગા એમા અંતર્ગત થતા હોવાથી જે મતનો સંવેધ જાણવો હોય તે, તેટલા ઉદયભાંગાનો સંવેધ એમાંથી ખ્યાલ આવી જાય.

બંધસ્થાન : ઉપશમ સમ્યક્ત્વ ૪ થી ૧૧ ગુણઠાણા સુધી હોય છે. ત્યાં વર્તતા દેવો અને નારકી, મનુ. પ્રાયો. ૨૯ અને ૩૦ નો જ બંધ કરે અને તિર્યંચો, દેવ પ્રાયો. ૨૮ નો અને મનુષ્યો દેવ. પ્રાયો. ૨૮,૨૯,૩૦,૩૧ તથા અપ્રાયોગ્ય ૧ નો બંધ કરે તેથી બંધસ્થાન અને બંધભાંગા આ પ્રમાણે ઘટે.

* 'અહીં' ૨૧ નો ઉદય ઉપ. સમ્યકત્વમાં ભવાન્તરમાંથી લઈને આવેલ પહેલા સંઘયણવાળાની વિવક્ષા કરી છે. બાકીના ઉદયભાંગા નવું ઉતર વૈક્રિયના ઘટે.

બંધસ્થાન	બંધભાંગા	
દેવ પ્રાયો. ૨૮ ના	૮	
દેવ પ્રાયો. ૨૯ ના	૮	
મનુ. પ્રાયો. ૨૯ ના	૮	(અસ્થિર-અશુભ-અપયશ એ ત્રણ જ વિકલ્પો અશુભ બંધાય)
દેવ પ્રાયો. ૩૦નો	૧	
મનુ. પ્રાયો. ૩૦નો	૮	
દેવ પ્રાયો. ૩૧ નો	૧	
અપ્રાયોગ્ય ૧ નો	૧	
કુલ	**૩૫**	

સત્તાસ્થાનઃ ઉપશમ સમ્યકત્વ ક્ષપક શ્રેણીમાં ન હોય તેથી ક્ષપક શ્રેણીના સત્તાસ્થાન ન સંભવે અને ૪ થી ૧૧ ગુણઠાણા છે તેથી અધ્રુવ સત્તાત્રિક ૮૬, ૮૦, ૭૮ની સત્તા પણ ન સંભવે. શેષ ૯૩,૯૨,૮૯ અને ૮૮ એ ચાર સત્તાસ્થાન જ સંભવે.

૩૬૦૫- ઉદયભાંગાનો સંવેધ આ પ્રમાણે

બંધસ્થાનઃ- ૫ - (૨૮,૨૯,૩૦,૩૧,૧) **બંધભાંગાઃ-** ૩૫
ઉદયસ્થાનઃ- ૭ - (૨૧,૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગાઃ-**૩૬૦૫
સત્તાસ્થાન :- ૪ - (૯૩, ૯૨,૮૯,૮૮)

દેવ પ્રાયોગ્ય ૨૮ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૬ (૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગાઃ-**૩૫૪૭
સત્તાસ્થાન :- ૨ (૯૨, ૮૮)

પં. તિ. ૩૦-૧૧૫૨ સા. મ. -૧૧૫૨ વૈ. તિ. ૫૬
પં. તિ. ૩૧-૧૧૫૨ વૈ. મ. ૩૫
૩૫૪૭

		ઉદયભાંગે		સત્તાસ્થાન	
૨૫ ના ઉદયે	વૈ. તિ. ના	૮	×	૨	(૮૮)*
	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૭ ના ઉદયે	વૈ. તિ. ના	૮	×	૨	(૮૮)
	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૮ ના ઉદયે	વૈ. તિ. ના	૧૬	×	૨	(૮૮)
	વૈ. મનુ. ના	૯	×	૨	(૯૨,૮૮)

* ઉપશમ સમ્યક્ત્વી તિર્યંચ એટલે નવું પામનાર હોવાથી તેને ૯૨ની સત્તા ન હોય.

		ઉદયભાંગે		સત્તાસ્થાન	
૨૯ ના ઉદયે	વૈ. તિ. ના	૧૬	×	૧	(૮૮)
	વૈ. મનુ. ના	૯	×	૨	(૯૨,૮૮)
૩૦ ના ઉદયે	સામા. તિ. ના	૧૧૫૨	×	૨	(૮૮)
	વૈ. તિ. ના	૧	×	૧	(૮૮)
	સામા. મનુ. ના	૧૧૫૨	×	૨	(૯૨,૮૮)
	વૈ. મનુ. ના	૧	×	૨	(૯૨,૮૮)
૩૧ ના ઉદયે	સામા. તિ. ના	૧૧૫૨	×	૨	(૮૮)

દેવ પ્રાયો. ૨૯ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૫ (૨૫,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગાઃ-**૫૭૬+૩૫-૬૧૧
સત્તાસ્થાન :- ૨ (૯૩, ૮૯) **ઉદયભાંગે** **સત્તાસ્થાન** (૨૨૭)

૨૫ ના ઉદયે	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૩,૮૯)
૨૭ ના ઉદયે	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૩,૮૯)
૨૮ ના ઉદયે	વૈ. મનુ. ના	૯	×	૨	(૯૩,૮૯)
૨૯ ના ઉદયે	વૈ. મનુ. ના	૯	×	૨	(૯૩,૮૯)
૩૦ ના ઉદયે	સામા. મનુ. ના	૫૭૬ (૧૯૨)	×	૨	(૯૩,૮૯)
	વૈ. મનુ. ના	૧	×	૨	(૯૩,૮૯)

જો જિનનામ પ્રથમ સંઘયણવાળા જ બાંધે એમ માનીએ તો સા. મ. ના ૩૦ના ઉદયના ૧૯૨ ભાંગા જાણવા. કુલ ૨૨૭ ભાંગા જાણવા અને ત્રણ સંઘ. વાળા જિનનામ બાંધે એમ માનીએ તો ૫૭૬+૩૫= કુલ ૬૧૧ ભાંગા જાણવા*

મનુષ્ય પ્રાયો. ૨૯ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૬ (૨૧,૨૫,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગાઃ-**૬૫
સત્તાસ્થાન :- ૨ (૯૨, ૮૮)

		ઉદયભાંગે		સત્તાસ્થાન	
૨૧ ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૫ ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૭ ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૮ ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)

* નવા સમ્યકત્વવાળો જિનનામ ન બાંધે તેથી છ સંઘયણના ભાંગા ન ઘટે.

જો નવા ઉપ. સમ્યક્ત્વમાં જિનનામનો બંધ ન હોય એમ માનીએ તો ૩૦ ઉદયે ૮ ભાંગા ન હોય કારણ લબ્ધિ ફારવી દેશનામાં ગયેલ ઉપશય સમ્ય. પામે.

		ઉદયભાંગે		સત્તાસ્થાન	
૨૯ ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૧	(૮૮)
૩૦ ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)

મનુ. પ્રાયો. ૩૦ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૬ (૨૧,૨૫,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગાઃ-**૬૪
સત્તાસ્થાન :- ૨ (૯૩, ૮૯)

		ઉદયભાંગે		સત્તાસ્થાન	
૨૧ ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)
૨૫ ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)
૨૭ ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)
૨૮ ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૩,૮૯)
૨૯ ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૩,૮૯)
૩૦ ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)

દેવ પ્રા. ૩૦ અને ૩૧ના બંધનો સંવેધ સામાન્ય સંવેધ મુજબ જાણવો. પરંતુ અહીં આહા. લબ્ધિ દૃઢે ફોરવે અને બંધ સાતમે-આઠમે હોય તેથી આહા. મનુ. ના ૨ ઉદય ભાંગા ન સંભવે તેથી શેષ ૧૪૬ ઉદયભાંગાનો સંવેધ જાણવો.

અપ્રાયોગ્ય ૧ના બંધના ૧ બંધભાંગાનો સંવેધ ૮/૭ થી ૧૦ ગુ. સુધી સામા. મનુ. ના ૩૦ ના ઉદયે ૭૨ ઉદયભાંગે ૪ સત્તાસ્થાન (૯૩,૯૨,૮૯,૮૮)

અબંધનો સંવેધ (૧૧મે ગુ.)

સામા. મનુ. ૩૦ના ઉદયે ૭૨ ઉદયભાંગે ૪ સત્તાસ્થાન (૯૩,૯૨,૮૯, ૮૮)

આ બન્ને સંવેધમાં ઉત્તમ સંઘયણવાળાને જ જિનનામનો બંધ માનીએ તો ૪૮ ભાંગે ૨ (૯૨,૮૮) અને ૨૪ ભાંગે ૪ સત્તાસ્થાન.

(૫૪) ક્ષાયિક સમ્યક્ત્વ માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૫ (૨૮,૨૯,૩૦,૩૧,૧) **બંધભાંગાઃ-**૩૫
ઉદયસ્થાન :- ૧૧ (૨૦,૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧,૯,૮)

ઉદયભાંગાઃ- ૬૨૩

સત્તાસ્થાનઃ- ૧૦ (૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫,૯,૮)

ક્ષાયિક સમ્યક્ત્વ ૪ થી ૧૪ ગુણઠાણા સુધી હોય છે. તેથી ઉપશમ સમ્યકત્વ માર્ગણામાં જણાવ્યા મુજબ ૩૫ બંધભાંગા જાણવા.

૮૬ અને ૭૮ સિવાય સર્વે સત્તાસ્થાનો સંભવે.

ક્ષાયિક સમ્યકત્વના પ્રસ્થાપક મનુષ્યો અને નિષ્ઠાપક ચારે ગતિના જીવો હોય છે. બધ્ધાયુ પામે તો ક્ષાયિક સમકિત ચારે ગતિમાં જીવોને હોય. તેથી દરેકના અપર્યાપ્તાવસ્થાના પણ ઉદયભાંગા સંભવે. પરંતુ પૂર્વે મનુષ્ય, તિર્યંચનું અસંખ્યાતા વર્ષનું આયુષ્ય બાંધ્યું હોય તો જ ક્ષાયિક સમ્યકત્વ પામે. તેથી તિર્યંચોમાં ક્ષાયિક સમકિતી યુગલિક તિર્યંચો જ હોય અને તેઓને દેવની જેમ સર્વ શુભ પ્રકૃતિઓ જ ઉદયમાં હોય છે. તેથી તેઓને દેવની જેમ ૬૪ ઉદયભાંગા સંભવે. ક્ષાયિક સમકિતી પ્રથમ સંઘયણવંત જ હોય છે. ક્ષાયિક સ. માર્ગણાએ ૬૨૩ ઉદયભાંગા આ રીતે થાય છે.

સામા. મનુ. ના	૨૧ના ઉદયે	૮	(સુભગ, આદેય, યશના વિકલ્પવાળા)
	૨૬ના ઉદયે	૪૮	(પૂર્વોક્ત ૮ × ૬ સંસ્થાન =૪૮)
	૨૮ના ઉદયે	૯૬	(પૂર્વોક્ત ૪૮ × ૨ વિહા =૯૬)
	૨૯ના ઉદયે	૯૬	
	૩૦ના ઉદયે	૧૯૨	(પૂર્વોક્ત ૯૬×૨ સ્વર=૧૯૨)
સામા. મનુ. ના કુલ		૪૪૦	
વૈ. મનુ. ના		૩૫	
આહા. મનુ. ના		૭	
કેવલી મનુ. ના		૮	
દેવના		૬૪	
યુગલિક તિર્યંચના		૬૪	
નારકીના		૫	
	કુલ	૬૨૩	**ઉદયભાંગા થાય.**

અહીં ૬૨૩ ઉદયભાંગા ગણ્યા છે તે ક્ષાયિક સમકિતીના ૩ અને ૪ ભવની અપેક્ષાએ ગણ્યા છે. કારણ કે નરકના ઉદયભાંગા ૩ ભવની અપેક્ષાએ ઘટી શકે અને યુગલિક તિર્યંચના ઉદયભાંગા ૪ ભવની અપેક્ષાએ ઘટી શકે અને ૫ ભવની અપેક્ષાએ છેવટ્ટું સંઘયણ પણ ઉદયમાં હોય. તે ઉદયભાંગા અહીં સાથે ગણીએ તો સામા. મનુ. ના પ્રથમ સંઘયણની જેમ

છેલ્લા સંઘયણના (૨૧ના ઉદયના ૮ વિના) ૪૩૨ ઉદયભાંગા વધારે જાણવા. એટલે કે ૬૨૩ માં ૪૩૨ ઉમેરતાં ૧૦૫૫ ઉદયભાંગાનો સંવેધ થાય અને વિસ્તૃત સંવેધમાં માત્ર દેવ. પ્રાયો ૨૮ના બંધમાં મનુ. નાં ઉદયસ્થાને સામા. મનુ. ના ભાંગા ઉમેરવા, સત્તાસ્થાન આદિ તો પહેલાંની જેમ જ ઘટશે.

(૧લું સંઘયણ ગણો કે છેલ્લું ૨૧ના ઉદયમાં સંઘયણ નથી. માટે તેના ૮ ભાંગા બન્ને વખતે સમાન જ હોવાથી છઠ્ઠા સંઘયણના ૪૪૦ ભાંગા ન ગણતાં ૪૩૨ ભાંગા ગણ્યા છે)

સંવેધ આ પ્રમાણે.

દેવ પ્રાયોગ્ય ૨૮ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગાઃ-**૫૪૬

સત્તાસ્થાન :- ૨(૯૨, ૮૮)

સામા. મનુ. ના ૪૪૦

વૈ. મનુ. ના ૩૫

આહા. મનુ. ના ૭

યુગલિક તિર્યંચના ૬૪

કુલ ૫૪૬ ઉદયભાંગા સંભવે

		ઉદયભાંગે		સત્તાસ્થાન	
૨૧ ના ઉદયે	યુગલિક તિર્યંચના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૫ ના ઉદયે	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	આહા. મનુ. ના	૧	×	૧	(૯૨)
૨૬ ના ઉદયે	યુ. તિર્યંચના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૪૮	×	૨	(૯૨,૮૮)
૨૭ ના ઉદયે	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	આહા. મનુ. ના	૧	×	૧	(૯૨)

	ઉદયભાંગે	સત્તાસ્થાન			
૨૮ના ઉદયે	યુગલિક તિર્યંચના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૯૬	×	૨	(૯૨,૮૮)
	વૈ. મનુ. ના	૯	×	૨	(૯૨,૮૮)
	આહા. મનુ. ના	૨	×	૧	(૯૨)
૨૯ના ઉદયે	યુગલિક તિર્યંચના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૯૬	×	૨	(૯૨,૮૮)
	વૈ. મનુ. ના	૯	×	૨	(૯૨,૮૮)
	આહા. મનુ. ના	૨	×	૧	(૯૨)
૩૦ના ઉદયે	યુગલિક તિર્યંચના	(૧૬)	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	(૧૯૨)	×	૨	(૯૨,૮૮)
	વૈ. મનુ. ના	૧	×	૨	(૯૨,૮૮)
	આહા. મનુ. ના	૧	×	૧	(૯૨)
૩૧ના ઉદયે	યુગલિક તિર્યંચના	૮	×	૨	(૯૨,૮૮)

જો પાંચ ભવ કરનારની વિવક્ષા કરીએ તો છેલ્લા સંઘયાણના ૪૩૨ ભાંગા વધારે ઘટે એટલે ૫૪૬+૪૩૨=૯૭૮ ભાંગા હોય અને ૯૨-૮૮ની સત્તા હોય.

દેવ પ્રાયોગ્ય ૨૯ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૭ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગાઃ-**૪૮૨

સત્તાસ્થાન :- ૨ (૯૩, ૮૯) (૨૩૮)

સામા. મનુ. ના	૪૪૦ (૧૯૬)	
વૈ. મનુ. ના	૩૫	૩૫
આહા. મનુ. ના	૭	૭
કુલ	**૪૮૨**	**૨૩૮** **ઉદયભાંગા સંભવે**

અહીં ઓધ. સંવેધમાં ૨૬૪૨ ભાંગા ગણાય. તે મત પ્રમાણે પ્રથમ સંઘયાણના ૪૪૦ ભાંગા ઘટે. પરંતુ ચરમ ભવમાં દે. પ્રા. બંધ કરનાર જિન નામ સહિત બાંધનાર તીર્થંકર જ હોય તે વિવક્ષાએ ૨૩૮ ભાંગા ઘટે.

સંવેધ આ પ્રમાણે		ઉદયભાંગે		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	સામા. મનુ. ના	*૮ (૧)	×	૨	(૯૩,૮૯)
૨૫ના ઉદયે	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૩,૮૯)
	આહા. મનુ. ના	૧	×	૧	(૯૩)
૨૬ના ઉદયે	સામા. મનુ. ના	૪૮ (૧)	×	૨	(૯૩,૮૯)
૨૭ના ઉદયે	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૩,૮૯)
	આહા. મનુ. ના	૧	×	૧	(૯૩)
૨૮ના ઉદયે	સામા. મનુ. ના	૯૬ (૧)	×	૨	(૯૩,૮૯)
	વૈ. મનુ. ના	૯	×	૨	(૯૩,૮૯)
	આહા. મનુ. ના	૨	×	૧	(૯૩)
૨૯ના ઉદયે	સામા. મનુ. ના	૯૬ (૧)	×	૨	(૯૩,૮૯)
	વૈ. મનુ. ના	૯	×	૨	(૯૩,૮૯)
	આહા. મનુ. ના	૨	×	૧	(૯૩)
૩૦ના ઉદયે	સામા. મનુ. ના	૧૯૨	×	૨	(૯૩,૮૯)
	વૈ. મનુ. ના	૧	×	૨	(૯૩,૮૯)
	આહા. મનુ. ના	૧	×	૧	(૯૩)

અહીં સા. મનુષ્યના ૨૧-૨૬-૨૮ અને ૨૯ ઉદયે તીર્થંકરનો જ આત્મા હોય તેથી એક-એક ભાંગો તે વિવક્ષાએ જાણવો.

મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૬ (૨૧,૨૫,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગાઃ-**૬૯

સત્તાસ્થાન :- ૨ (૯૨, ૮૮)

દેવના ૬૪ અને નારકીનાં ૫ એ પ્રમાણે ૬૯ ઉદયભાંગા થાય સંવેધ પ્રમાણે.

		ઉદયભાંગે		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૫ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)

		ઉદયભાંગે		સત્તાસ્થાન	
૨૭ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૮ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૯ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૩૦ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)

મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૬ (૨૧,૨૫,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગાઃ-**૬૯

સત્તાસ્થાન :-૨ (૯૩, ૮૯)

દેવના ૬૪ અને નારકીના ૫ એ પ્રમાણે ૬૯ ઉદયભાંગા થાય.

સંવેધ આ પ્રમાણે

		ઉદયભાંગે		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)
	નારકીના	૧	×	૧	(૮૯)
૨૫ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)
	નારકીના	૧	×	૧	(૮૯)
૨૭ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)
	નારકીના	૧	×	૧	(૮૯)
૨૮ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૩,૮૯)
	નારકીના	૧	×	૧	(૮૯)
૨૯ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૩,૮૯)
	નારકીના	૧	×	૧	(૮૯)
૩૦ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)

દેવ પ્રાયોગ્ય ૩૦ ના બંધના ૧ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૧ (૩૦નું) **ઉદયભાંગાઃ-૨૪**
સત્તાસ્થાન :-૧ (૯૨નું)

સામા. મનુ. ના સંઘ. સંસ્થા વિહા સ્વર

૧ × ૬ × ૨ × ૨ = ૨૪ ઉદયભાંગા સંભવે

સંવેધ આ પ્રમાણે

સામા. મનુ. ના ૩૦ના ઉદયે ૨૪ ઉ. ભાંગે ૧ (૯૨) સત્તા.

(વૈ. અને આહા. મનુ. ના ૨૯, ૩૦ના એક-એક ઉદયભાંગા ગણીએ તો કુલ ૨૮ ઉદયભાંગા થાય.)

દેવ પ્રાયોગ્ય ૩૧ના બંધના ૧ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૧ (૩૦નું) **ઉદયભાંગાઃ-૨૪**
સત્તાસ્થાન :- ૧ (૯૩નું)

૨૪ ઉદયભાંગા ઉપર જણાવ્યા મુજબ જાણવા.

સંવેધ આ પ્રમાણે

સામા. મનુ. ના ૩૦ના ઉદયે ૨૪ ઉદયભાંગે ૧ (૯૩) સત્તા.

(અહીં પણ વૈ. અને આહા. મનુ. ના ઉદયભાંગા ગણીએ તો ૨૮ થાય)

અપ્રાયોગ્ય ૧ના બંધના ૧ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૧ (૩૦નું) **ઉદયભાંગાઃ-૨૪**
સત્તાસ્થાન :-૮ (૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫)

૨૪ ઉદયભાંગા પૂર્વની જેમ સમજવા.

સંવેધ આ પ્રમાણે

	ઉદયભાંગે		**સત્તાસ્થાન**	
	૨૩	×	૬	(૯૩,૯૨,૮૯,૮૮,૭૯,૭૫)
શુભ પ્રકૃતિવાળા	૧	×	૮	(૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫)

અબંધનો સંવેધ

ઉદયસ્થાનઃ- ૧૦ (૨૦,૨૧,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧,૮,૯) **ઉદયભાંગાઃ-**૬૨
સત્તાસ્થાન :- ૬ (૮૦,૭૯,૭૬,૭૫,૯,૮)

સંવેધ આ પ્રમાણે

		ઉદયભાંગે		સત્તાસ્થાન	
૨૦ના ઉદયે	સામા. કે. ના	૧	×	૨	(૭૯,૭૫)
૨૧ના ઉદયે	તીર્થં. કે. ના	૧	×	૨	(૮૦,૭૬)
૨૬ના ઉદયે	સા. કે. ના	૬	×	૨	(૭૯,૭૫)
૨૭ના ઉદયે	તી. કે. ના	૧	×	૨	(૮૦,૭૬)
૨૮ના ઉદયે	સા. કે. ના	૧૨	×	૨	(૭૯,૭૫)
૨૯ના ઉદયે	તી. કે. ના	૧	×	૨	(૮૦,૭૬)
	સા. કે. ના	૧૨	×	૨	(૭૯,૭૫)
૩૦ના ઉદયે	સા. કે. ના	૨૪	×	૨	(૭૯,૭૫)
	તીર્થં. કે. ના	૧	×	૨	(૮૦,૭૬)
૩૧ના ઉદયે	તીર્થં. કે. ના	૧	×	૨	(૮૦,૭૬)
૮ના ઉદયે	સા. કે. ના	૧	×	૩	(૭૯,૭૫,૮)
૯ના ઉદયે	તીર્થં. કે. ના	૧	×	૩	(૮૦,૭૬,૯)

આ સર્વ સંવેધ ક્ષાયિક સમ્યક્ત્વને સામાન્ય વિવક્ષાએ લખ્યો છે. ક્ષાયિક સમકિત ચરમ ભવમાં જ અથવા તો ૩, ૪, કે ૫ ભવ પહેલાં પામી શકાય છે. એટલે ૧,૩,૪ કે ૫ ભવની અપેક્ષાએ જુદો-જુદો સંવેધ થાય તે અહીં ટૂંકમાં જણાવાય છે.

★ ૧ - ભવ કરનારની અપેક્ષાએ ૧૯ બંધભાંગા ઘટે તે આ પ્રમાણે દેવ પ્રાયો. ૨૮,૨૯,૩૦,૩૧ ના બંધના અનુક્રમે ૮,૮,૧,૧=૧૮ અને અપ્રાયો. ૧ ના બંધનો ૧ એમ કુલ ૧૯ બંધભાંગા સંભવે. (સત્તાસ્થાન-૧૦) ૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫,૮,૯

ઉદયભાંગા ૨૭૨ સંભવે તે આ પ્રમાણે

સામા. મનુ. ના ૩૦ના ઉદયના	૧૯૨	(પ્રથમ સંઘયણના)
વૈ. મનુ. ના	૩૫	
કેવલી. મનુ. ના	૩૮	(▲ ૩૦ના ઉદયના ૨૪ વિના)
આહા. મનુ. ના	૭	
કુલ	**૨૭૨**	**ઉદયભાંગા થાય**

*સા. મનુ.ના ૩૦ ના ઉદયમાં અંતર્ગત છે માટે.

★ ૩ - ભવ કરનારની અપેક્ષાએ ૩૫ બંધભાંગા સંભવે તે અહિં આગળ કહ્યા પ્રમાણે

ઉદયભાંગા :-૬૨૩ માંથી યુગલિક તિર્યંચના ૬૪ ઉદયભાંગા કાઢી નાખતાં શેષ રહેલા ૫૫૯ ઉદયભાંગા ઘટે

સત્તાસ્થાન ૧૦ (૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫,૮,૯)

★ ૪ - ભવ કરનારની અપેક્ષાએ બંધભાંગા ૩૫ સંભવે.

ઉદયભાંગા :- ૬૨૩ માંથી નારકીના ૫ ઉદયભાંગા કાઢી નાખતાં શેષ ૬૧૮ ઉદયભાંગા સંભવે.

સત્તાસ્થાન ૯૩ આદિ ૧૦

★ ૫ - ભવની અપેક્ષાએ બંધભાંગા ૩૫

ઉદયભાંગા :- ૯૯૧ (સામા. ૪૪૦ + છેલ્લા સંઘ. મનુ. ૪૩૨ વૈ. મ. ૩૫, આ. મ. ૭, કે. મ. ૮, દેવ ૬૪, ના. ૫)

સત્તાસ્થાન :- ૯૩ આદિ ૧૦

જો બધા વિકલ્પની વિવક્ષા કરીએ તો કુલ યુ. તિર્યંચ ૬૪ સહિત ૧૦૫૫ ઉદયભાંગા ક્ષાયિક સમ્યકત્વીને સંભવે.

(૫૫) ક્ષયોપશમ સમ્યકત્વ માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૪ (૨૮,૨૯,૩૦,૩૧) **બંધભાંગા** :-૩૪
ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** :-૭૬૭૧
સત્તાસ્થાન :-૪ (૯૩, ૯૨,૮૯,૮૮)

ક્ષાયોપશમ સમ્યકત્વ ૪ થી ૭ ગુણઠાણા સુધી હોય છે. તેથી ક્ષાયિક સમ્ય.માં જાણાવેલ ૩૫ બંધભાંગામાંથી અપ્રાયો. ૧ના બંધના ૧ બંધભાંગા વિના શેષ ૩૪ બંધભાંગા સંભવે. દેવ પ્રાયોગ્ય ૧૮ અને મનુષ્ય પ્રાયોગ્ય ૧૬ કુલ ૩૪ જાણવા.

એકે. ના ૪૨, વિકલે. ના ૬૬, અપર્યા. તિ. મનુ. ના ૪ અને કેવલીના ૮ એ પ્રમાણે કુલ ૧૨૦ ઉદયભાંગા વિના શેષ ૭૬૭૧ ઉદયભાંગા સંભવે.

દેવ પ્રાયોગ્ય ૨૮ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ, સામાન્ય સંવેધ મુજબ જ જાણવો પણ સામા. તિ. ના ૩૦-૩૧ના ઉદયના ૧૧૫૨-૧૧૫૨ ઉદયભાંગે તથા સામા. મનુ. ના ૩૦ ઉદયના ૧૧૫૨ ઉદયભાંગે ૯૨,૮૮,૮૬ ને બદલે ૯૨, ૮૮ ની સત્તા જ જાણવી કારણ કે ક્ષયોપશમ સમકિતીને ૮૬નું સત્તાસ્થાન ન સંભવે. (જુઓ. પા. ૮૫ થી ૯૦)

દેવ પ્રાયો. ૨૯-૩૦-૩૧ ના બંધના અનુક્રમે ૮-૧-૧ એમ કુલ ૧૦ બંધભાંગાનો સંવેધ અને મનુ. પ્રાયો. ૩૦ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ સામાન્ય સંવેધ મુજબ જ જાણવો. (જુઓ. પા. ૧૦૧, ૧૧૦ થી ૧૧૬)

મનુ. પ્રાયો. ૨૯ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ, ક્ષાયિક સમ્યક્ત્વ માર્ગણામાં જણાવ્યા મુજબ જ જાણવો.

જો કે નારકીને તેમજ સામાન્ય તિર્યંચને અપર્યાપ્તાવસ્થામાં ક્ષાયોપશમિક સમકિત હોય નહિં. પણ ૨૨ની સત્તા લઈને નરક તેમજ યુગલિક તિર્યંચમાં જાય છે અને કરણ અપર્યાપ્તાવસ્થાના ઉદયસ્થાનક સુધી એટલે કે તિર્યંચને ૩૦ અને નારકીને ૨૮ના ઉદય સુધી ૨૨ની સત્તા હોય છે. તે અપેક્ષાએ યુ. તિર્યંચ અને નારકીને અપર્યાપ્તાવસ્થામાં પણ ક્ષાયોપશમ સમકિત ઘટાવીએ અને પર્યાપ્તાવસ્થામાં તો સંભવી શકે છે. તે સિવાય ક્ષાયો. સમ્યક્ત્વ નારકી અને તિર્યંચને અપ. અવસ્થામાં ઘટે નહી. તેથી કુલ મળીને ઉદયભાંગા આ પ્રમાણે સંભવે.

યુગલિક તિ. ના	૪૮	(૩૦-૩૧ ના ઉદયના ૮-૮ ઉદયભાંગા વિના સા. તિ. ના ઉદયભાંગામાં અંતર્ગત થતા હોવાથી)
સામા. તિ. ના	૨૩૦૪	(૩૦-૩૧ ના ઉદયના સ્વરના ઉદયવાળા ૧૧૫૨-૧૧૫૨)
વૈ. તિ. ના	૫૬	
સામા. મનુ. ના	૨૬૦૦	(અપર્યા. મનુ. ના ૨ વિના)
વૈ. મનુ. ના	૩૫	
આહારક મનુ. ના	૭	
દેવના	૬૪	
નારકીના	૫	
એમ કુલ:	**૫૧૧૯**	**ઉદયભાંગા સંભવે.**

સત્તાસ્થાન ૯૩ આદિ ૪ સંભવે.

અહીં પંચસંગ્રહમાં ભા. ૨ સપ્તતિકા ગા. ૧૨૯ માં આપેલ ગતિ માર્ગણાના સંવેધના આધારે સારાંશ એ છે કે નરક અને યુ. તિ. ને કરણ અપર્યાપ્તાવસ્થાના ઉદયસ્થાનક સુધી વેદક સમ્યક્ત્વ છે અને પર્યાપ્ત અવસ્થામાં ક્ષાયો. સમકિત પામી શકે છે. માટે ક્ષાયોપશમિક સમકિત માર્ગણામાં નરક-તિર્યંચના અહિં કહ્યા તેટલા ઉદયભાંગા જ ગણવા જોઈએ. સંખ્યાત વર્ષવાળા તિર્યંચના અપ. અવસ્થાના ઉદયભાંગા ન ઘટે.

(૫૬,૫૭,૫૮) મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર સમકિત માર્ગણાએ નામકર્મનો સંવેધ

મિથ્યાત્વ માર્ગણાએ મિથ્યાત્વ ગુણઠાણામાં જણાવ્યા મુજબ સંવેધ જાણવો.

સાસ્વાદન માર્ગણાએ સાસ્વાદન ગુણઠાણામાં જણાવ્યા મુજબ સંવેધ જાણવો.

મિશ્ર માર્ગણાએ મિશ્ર ગુણઠાણે જણાવ્યા મુજબ સંવેધ જાણવો.

(૫૯) સંજ્ઞી માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૮ (૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦,૩૧,૧) **બંધભાંગા :-** ૧૩૯૪૫
ઉદયસ્થાનઃ- ૮ (૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૬૭૫
સત્તાસ્થાન :-૧૦ (૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૮,૭૬,૭૫)

એકે. ના ૪૨, વિકલે. ના ૬૬ અને કેવલી મનુ. ના ૮ એ પ્રમાણે ૧૧૬ ઉદયભાંગા વિના શેષ ૭૬૭૫ ઉદયભાંગા સંભવે.

કેવલી ભગવંતની વિવક્ષા સંજ્ઞીને વિશે કરીએ તો ૨૦, ૯ અને ૮ એ ત્રાણ ઉદયસ્થાન અને ૮ ઉદયભાંગા અધિક સંભવે તો કુલ ૭૬૮૩ ઉદયભાંગા સંભવે. અને સત્તાસ્થાન પણ ૯ અને ૮ નું સંભવે. તેથી સર્વે સત્તાસ્થાનો સંભવે.

અહીં ૧૩૯૪૫ બંધભાંગાનો સંવેધ પંચેન્દ્રિય જાતિ માર્ગણાને વિશે જણાવ્યા મુજબ જ જાણવો. ફક્ત સંજ્ઞીને વિષે કેવલી ભગવંતના ઉદયભાંગાની વિવક્ષા ન કરીએ તો અબંધને વિષે ૧૧ અને ૧૨ બે ગુણઠાણાનો જ એટલે કે ૭૨ ઉદયભાંગાનો સંવેધ સંભવે. અન્યથા કેવલીને સંજ્ઞી ગણીએ તો અબંધનો સંવેધ ઓધસંવેધ પ્રમાણે જાણવો.

(૬૦) અસંજ્ઞી માર્ગણામાં નામકર્મનો સંવેધ

બંધસ્થાનઃ- ૬ (૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦) **બંધભાંગા :-** ૧૩૯૨૬
ઉદયસ્થાનઃ- ૯ (૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૧૩૨
સત્તાસ્થાન :-૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

અસંજ્ઞીને મનુ. પ્રાયો. ૩૦ ના બંધના ૮, દેવ પ્રાયો. ૨૯ ના બંધના ૮, ૩૦ના બંધનો ૧, ૩૧ ના બંધનો ૧ અને અપ્રાયો ૧ના બંધનો ૧ એ પ્રમાણે કુલ ૧૯ બંધભાંગા ન સંભવે. તેથી શેષ ૧૩૯૨૬ બંધભાંગા ઘટે.

એકે. ના	-	૪૨	ઉદયભાંગા
વિકલે. ના	-	૬૬	ઉદયભાંગા
પંચે તિ. ના	-	૨૨	ઉદયભાંગા (વિકલેન્દ્રિયની જેમ)
અપર્યા. મનુ. ના	-	૨	ઉદયભાંગા
કુલ		**૧૩૨**	**ઉદયભાંગા સંભવે**

અહીં પંચે. તિ. ને વિકલે. ની જેમ બધી અશુભ પ્રકૃતિ ઉદયમાં ગણી છે. તેથી વિલકે.ની જેમ ૨૨ ઉદયભાંગા ગણ્યા છે.

કેટલાક અસંજ્ઞીને છ સંઘયણ વિગેરે પ્રકૃત્તિઓને ઉદયમાં ગાણે છે. તેઓના મતે સામા. તિ. ની જેમ અસંજ્ઞી પંચે. તિ. ના ૪૯૦૬ ઉદયભાંગા સંભવે તો કુલ ઉદયભાંગા ૫૦૧૬ સંભવે. નીચે લખેલ સંવેધમાં પં. તિ. ના ઉદયભાંગા લખેલ છે. ત્યાં ૨૨ ના બદલે ૪૯૦૬ પ્રમાણે જે સંખ્યા હોય તે સમજી લેવી. (જુઓ કમ્મપયડી ઉદીરણાકરણ ગા. ૭૫ તથા સિત્તરી ચૂર્ણિ ગા. ૩૫)

તિર્યંચ પ્રાયો. ૯૩૦૮ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે.

તે આ પ્રમાણે.

ઉદયસ્થાનઃ- ૯ (૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧)

ઉદયભાંગા :- ૧૩૨ (૫૦૧૬)

સત્તાસ્થાન :- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

		ઉદયભાંગે		**સત્તાસ્થાન**
૨૧ના ઉદયે	એકે. ના	૫	×	૫(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	વિકલે. ના	૯	×	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	પંચે. તિ. ના	૩	×	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	અપર્યા. મનુ. ના	૧	×	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
૨૪ના ઉદયે	એકે. ના	૧૦	×	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	વૈ. વાયુ ના	૧	×	૩ (૯૨,૮૮,૮૬)
૨૫ના ઉદયે	એકે. ના	૪	×	૪ (૯૨,૮૮,૮૬,૮૦)
	તેઉ. વાયુ ના	૨	×	૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	વૈ. વાયુ ના	૧	×	૩ (૯૨,૮૮,૮૬)

		ઉદયભાંગે		સત્તાસ્થાન	
૨૬ના ઉદયે	એકે. ના	૧૦	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	તેઉ. વાયુ ના	૨	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	વૈ. વાયુ ના	૧	×	૩	(૯૨,૮૮,૮૬)
	વિકલે. ના	૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	પંચે. તિ. ના	૩	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	અપર્યા. મનુ. ના	૧	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	એકે. ના	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૮ના ઉદયે	પંચે તિ. ના	૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વિકલે. ના	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૯ના ઉદયે	પંચે તિ. ના	૪	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વિકલે. ના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૩૦ના ઉદયે	પંચે. તિ. ના	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વિકલે. ના.	૧૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૩૧ના ઉદયે	પંચે. તિ. ના	૪	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વિકલે. ના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

મનુ. પ્રાયો. ૨૫ ના બંધનો ૧ અને ૨૯ ના બંધના ૪૬૦૮ એ પ્રમાણે કુલ ૪૬૦૯ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે.

તે આ પ્રમાણે

ઉદયસ્થાનઃ- ૯ (૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગાઃ-** ૧૨૯
સત્તાસ્થાન :- ૪ (૯૨,૮૮,૮૬,૮૦)

વૈ. વાયુ ના ૩ વિના શેષ ૧૨૯ ઉદયભાંગા સંભવે.

		ઉદયભાંગે		સત્તાસ્થાન	
૨૧ના ઉદયે	એકે. ના	૫	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વિકલે. ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	પંચે. તિ. ના	૩	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	અપર્યા. મનુ. ના	૧	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

		ઉદયભાંગે		સત્તાસ્થાન	
૨૪ના ઉદયે	એકે. ના	૧૦	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૫ના ઉદયે	એકે. ના	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૬ના ઉદયે	એકે. ના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વિકલે. ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	પંચે. તિ. ના	૩	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	અપર્યા. મનુ. ના	૧	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ના ઉદયે	એકે. ના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૮ના ઉદયે	વિકલે. ના	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	પંચે તિ. ના	૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૯ના ઉદયે	પંચે તિ. ના	૪	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વિકલે. ના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૩૦ના ઉદયે	પંચે. તિ. ના	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વિકલે. ના	૧૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૩૧ના ઉદયે	પંચે. તિ. ના	૪	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વિકલે. ના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

દેવ પ્રાયો ૨૮ના બંધના ૮ અને નરક પ્રાયો. ૨૮ના બંધના ૧ બંધભાંગાનો કુલ ૯ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે. તે આ પ્રમાણે

ઉદયસ્થાનઃ- ૨ (૩૦,૩૧) **ઉદયભાંગાઃ-** ૮ (૨૩૦૪)

સત્તાસ્થાનઃ- ૩ (૯૨,૮૮,૮૬)

અસંજ્ઞી ૫. તિર્યંચો દેવ પ્રાયો. અને નરક પ્રાયો. બંધ સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તાવસ્થામાં જ કરે. એકે. વિકલે. જીવો દેવ, નારક, પ્રાયો. બંધ જ ન કરે. અને તિર્યંચ પણ સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તાવસ્થામાં જ કરે. તેથી પંચે. તિ. ના ૩૦ના ઉદયના ૪ અને ૩૧ના ઉદયના ૪ એ પ્રમાણે કુલ ૮ ઉદયભાંગા સંભવે.

		ઉદયભાંગે		સત્તાસ્થાન	
૩૦ના ઉદયે	પંચે. તિ. ના	૪	×	૩	(૯૨,૮૮,૮૬)
૩૧ના ઉદયે	પંચે. તિ. ના	૪	×	૩	(૯૨,૮૮,૮૬)

(૬૧) આહારી માર્ગણાને નામકર્મનો સંવેધ

બંધસ્થાન :- ૮ (૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦,૩૧,૧) **બંધભાંગા** :- ૧૩૯૪૫
ઉદયસ્થાન :-૯ (૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** :- ૭૭૮૭
સત્તાસ્થાન :-૧૦(૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૮,૭૬,૭૫)

૨૧ નો ઉદય વક્રગતિવાળાને ઉત્પત્તિ સ્થાનમાં આવે ત્યારે હોય અને ત્યાં અહારીપણું હોવાથી ૨૧ના ઉદયભાંગા સંભવે. પરંતુ તીર્થંકર ભ.ને કેવલી સમુ.ઘાતમાં આહાર ન હોય તેથી ૨૧, ૨૦, ૯, અને ૮ ના ઉદયસ્થાને આણાહારીપણું હોવાથી તેના પાણ ઉદયભાગાં ન સંભવે

			સંભવિત	**અસંભવિત**
એકે. ના	-	૪૨	ઉદયભાંગા	
વિકલે. ના	-	૬૨	ઉદયભાંગા	
પંચે. તિ. ના	-	૪૯૦૬	ઉદયભાંગા	
વૈ. તિ. ના	-	૫૬	ઉદયભાંગા	
સામા. મનુ. ના	-	૨૬૦૨	ઉદયભાંગા	
વૈ. મનુ. ના	-	૩૫	ઉદયભાંગા	
આહા. મનુ. ના	-	૭	ઉદયભાંગા	
કેવલી મનુ. ના	-	૪	ઉદયભાંગા	૪
દેવના	-	૬૪	ઉદયભાંગા	
નારકીના	-	૫	ઉદયભાંગા	
કુલ		**૭૭૮૭**	**ઉદયભાંગા થાય**	**૪ કુલ ભાંગા ન ઘટે**
		૭૭૪૬		

૨૧ ના ઉદયના ૧ અને ૨૦,૯ અને ૮ એ ત્રાણ ઉદયના ૧-૧-૧ એ પ્રમાણે કુલ ૪ ઉદયભાંગા વિના શેષ ૭૭૮૭ ઉદયભાંગા સંભવે.

૯ અને ૮ ની સત્તા ૧૪ મા ગુણઠાણે હોય છે. ત્યાં આણાહારીપણું હોવાથી તે બે વિના શેષ ૧૦ સત્તાસ્થાન સંભવે.

પ્રશ્ન : ઋજુગતિ વડે કે એક વક્રા વડે ભવાંતરમાં જનારને ૨૧ના ઉદયભાંગા કેમ ન ગણ્યા ?
જવાબ : ૧ થી વધારે વક્રા કરનારને વિગ્રહગતિમાં ૨૧ નો ઉદય હોય છે. તે વખતે આણાહારીપણું હોય છે. પાણ ઋજુગતિ વડે અથવા ૧ વક્રા વડે જનારને આહારીપણું હોય છે તેથી ૨૧ નો ઉદય હોવાથી ભાંગા. ગણ્યા છે.

નોંધ : - અહીં બધા સંવેધ ૨૧ના ઉદયસ્થાનના ૪૧ભાંગા સહિત સામાન્ય સંવેધની જેમ લોકપ્રકાશ સર્ગ ૩ ગા.૧૧૧૪ છે. તે ધ્યાનમાં લેવું. જો કે ૨૧ નો ઉદય વિગ્રહગતિમાં પાણ હોય અને ત્યારે આહારીપણું ન હોય તે વિવક્ષાએ બધા સંવેધ લખ્યા છે.

(૧) ભવાન્તરમાં એક સમયમાં ઋજુગતિ વડે જાય તો ૨૧નું ઉદયસ્થાન, ન હોય. સીધું ૨૪,૨૫ અને ૨૬નું જીવ પ્રમાણે ઉદયસ્થાનમાં.

(૨) એક વહા અને બે સમયવાળી ગતિમાં ૨૧નો ઉદય હોય પણ તેમ જાણવું આહારી પણું જ હોય. બે વહા અને ત્રણ સમયાદિમાં આણાહારી પણું આવે.

૨૩ના બંધના ૪, ૨૫ના બંધના એકે. પ્રાયો ૧૨, વિકલે. પ્રાયો ૩. પર્યા. તિ. પ્રાયો ૧, વિકલે પ્રાયો. ૨૯ અને ૩૦ના બંધના ૨૪, ૨૪ એ પ્રમાણે કુલ ૬૮ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે. આ બધા સંવેધમાં ૨૧ના ઉદયના ૪૨ ભાંગાની વિવક્ષા કરી નથી. કારણ કે તે વખતે આણાહારી પણું પણ હોય.

તે આ પ્રમાણે.

ઉદયસ્થાન :- ૮ (૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૬૭૨
સત્તાસ્થાન :- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

એકે. ના	-	૩૭	ઉદયભાંગા
વિકલે. ના	-	૫૭	ઉદયભાંગા
પંચે. તિ. ના	-	૪૮૯૭	ઉદયભાંગા
વૈ. તિ. ના	-	૫૬	ઉદયભાંગા
સામા. મનુ. ના	-	૨૫૯૩	ઉદયભાંગા
વૈ. મનુ. ના	-	૩૨	ઉદયભાંગા
કુલ		**૭૬૭૨**	**ઉદયભાંગા સંભવે**

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		**સત્તાસ્થાન**	
૨૪ ના ઉદયે	એકે. ના	૧૦	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	વૈ. વાયુ. ના	૧	×	૩	(૯૨,૮૮,૮૬)
૨૫ ના ઉદયે	એકે. ના	૪	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	તેઉ-વાયુ ના	૨	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	વૈ. વાયુ. ના	૧	×	૩	(૯૨,૮૮,૮૬)
	વૈ. તિ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૫ ના ઉદયે	એકે. ના	૧૦	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	તેઉ-વાયુ ના	૨	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

ઉદયભાંગા સત્તાસ્થાન

	વૈ. વાયુ. ના	૧	×	૩	(૯૨,૮૮,૮૬)
	વિકલે. ના	૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	પંચે. તિ. ના	૨૮૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા. મનુ. ના	૨૮૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ ના ઉદયે	એકે. ના	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ. તિ. ના	૮	×	૨	(૯૨,૮૮,)
	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૮ ના ઉદયે	વિકલે. ના	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	પંચે. તિ. ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ. તિ. ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૯ ના ઉદયે	વિકલે. ના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા. તિ. ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ. તિ. ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
૩૦ ના ઉદયે	વિકલે. ના	૧૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા. તિ. ના	૧૭૨૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ. તિ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૩૧ ના ઉદયે	વિકલે. ના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા. તિ. ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

અપર્યાપ્ત મનુ. પ્રાયો. ૨૫ ના બંધના ૧ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :- ૮ (૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૬૬૯

સત્તાસ્થાન :- ૪ (૯૨,૮૮,૮૬,૮૦)

૬૮ બંધભાંગાના સંવેધમાં જણાવેલ ૭૬૭૨ ઉદયભાંગામાંથી વૈ. વાઉ. ના ૩ વિના શેષ ૭૬૬૯ ઉદયભાંગા સંભવે.

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૪ ના ઉદયે	એકે. ના	૧૦	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૫ ના ઉદયે	એકે. ના	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ. તિ. ના	૮	×	૨	(૯૨,૮૮,)
	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૬ ના ઉદયે	એકે. ના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વિકલે. ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા. તિ. ના	૨૮૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા. મનુ. ના	૨૮૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
૨૭ ના ઉદયે	એકે. ના	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ. તિ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૮ ના ઉદયે	વિકલે. ના	૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા. તિ. ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ. તિ. ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
૨૯ ના ઉદયે	વિકલે. ના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા. તિ. ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ. તિ. ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૫૭૬	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
૩૦ ના ઉદયે	વિકલે. ના	૧૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા. તિ. ના	૧૭૨૮	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વૈ. તિ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૩૧ ના ઉદયે	વિકલે. ના	૧૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા. તિ. ના	૧૧૫૨	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

૨૪ બંધભાંગાનો સંવેધ

૨૫ ના બંધના બાદર પર્યા. એકે. પ્રાયો. ૮ અને ૨૬ ના બંધના ૧૬ એ પ્રમાણે કુલ ૨૪ બંધભાંગાનો સંવેધ સમાન છે. તે આ પ્રમાણે-

ઉદયસ્થાન :- ૮ (૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૭૨૮

ઉદયસ્થાન :- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

૬૮ બંધભાંગાના સંવેધમાં જણાવેલ ૭૬૭૨ ઉદયભાંગા અને દેવના ૫૬ ઉદયભાંગા એ પ્રમાણે કુલ ૭૭૨૮ ઉદયભાંગા સંભવે છે.

અહીં સંવેધ ૬૮ બંધભાંગાના સંવેધ મુજબ જ જાણવો. પરંતુ દેવના ૫૬ ઉદયભાંગે ૯૨, ૮૮ એ બે સત્તાસ્થાન સંભવે.

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૫ ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૭ ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
૨૮ ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
૨૯ ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
૩૦ ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)

શેષ સંવેધ ૬૮ બંધભાંગાના સંવેધ મુજબ જાણવો.

પંચે તિર્યંચ પ્રાયો. ૨૯ ના બંધના ૪૬૦૮ અને ૩૦ બંધના ૪૬૦૮ એ પ્રમાણે કુલ ૯૨૧૬ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે.

તે આ પ્રમાણે-

ઉદયસ્થાન :- ૮ (૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૭૩૨
સત્તાસ્થાન :- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

૨૪ બંધભાંગાના સંવેધમાં જણાવેલ ૭૭૨૮ + ૪ નારકીના એ પ્રમાણે કુલ ૭૭૩૨

ઉદયભાંગા.

૨૪ બંધભાંગાના સંવેધ મુજબ જ અહીં સંવેધ જાણવો પરંતુ નારકીના ૪ ઉદયભાંગે ૯૨, ૮૮ એ બે સત્તાસ્થાન જાણવાં.

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૫ ના ઉદયે	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૭ ના ઉદયે	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૮ ના ઉદયે	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)
૨૯ ના ઉદયે	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)

શેષ સંવેધ ૨૪ બંધભાંગામાં જણાવ્યા મુજબ જાણવો.

મનુ. પ્રાયો. ૨૯ ના બંધના ૪૬૦૮ બંધભાંગાનો સંવેધ.

ઉદયસ્થાન :- ૮ (૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** :- ૭૭૨૯
સત્તાસ્થાન :- ૫ (૯૨,૮૯,૮૮,૮૬,૮૦)

અપર્યા મનુ. પ્રાયો. ૨૫ ના બંધમાં જણાવેલ ૭૬૬૯+૫૬ દેવના + ૪ નારકીના એ પ્રમાણે કુલ ૭૭૨૯ ઉદયભાંગા સંભવે.

અહીં સંવેધ અપર્યા. મનુ. પ્રાયો. ૨૫ ના બંધના ૧ બંધભાંગામાં જાણવ્યા મુજબ જાણવો. વિશેષ દેવના ૫૬ ઉદયભાંગે ૯૨, ૮૮ એ બે સત્તાસ્થાન અને નારકીના ૪ ઉદયભાંગે ૯૨,૮૮ અને ૮૯ એ ત્રણ સત્તાસ્થાન સંભવે.

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૫ ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૩	(૯૨,૮૯,૮૮)
૨૭ ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૩	(૯૨,૮૯,૮૮)
૨૮ ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૩	(૯૨,૮૯,૮૮)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૯ ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૩	(૯૨,૮૯,૮૮)
૩૦ ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૨,૮૮)

મનુ. પ્રાયો. ૩૦ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :- ૫ (૨૫,૨૬,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગા :-** ૬૦
સત્તાસ્થાન :- ૨ (૯૩,૮૯)

દેવના ૫૬ અને નારકીના ૪ એ પ્રમાણે કુલ ૬૦ ભાંગા સંભવે.

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૫ ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)
	નારકીના	૧	×	૧	(૮૯)
૨૭ ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)
	નારકીના	૧	×	૨	(૯૩,૮૯)
૨૮ ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૩,૮૯)
	નારકીના	૧	×	૧	(૮૯)
૨૯ ના ઉદયે	દેવના	૧૬	×	૨	(૯૩,૮૯)
	નારકીના	૧	×	૧	(૮૯)
૩૦ ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)

દેવ પ્રાયો. ૨૮ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :- ૭ (૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા :-** ૭૫૮૬
સત્તાસ્થાન :- ૩ (૯૨,૮૮,૮૬) અથવા (૫૦૩૪)
(૫૦૬૬)

સામાન્ય સંવેધમાં દેવ પ્રાયો. ૨૮ ના. બંધના જાણાવેલ ૭૬૦૨ ઉદયભાંગામાંથી સામા. તિ. ના ૨૧ ના ઉદયના ૮ અને સામા. મનુ. ના ૨૧ ના ઉદયના ૮ એ પ્રમાણે ૧૬ ઉદયભાંગા વિના શેષ ૭૫૮૬ ઉદયભાંગા સંભવે.

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૫ ના ઉદયે	વૈ. તિ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ. મનુ ના	૮	×	૨	(૯૨,૮૮)
	આહા. મનુ ના	૧	×	૧	(૯૨)
૨૬ ના ઉદયે	સામા. તિ. ના	૨૮૮	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૨૮૮	×	૨	(૯૨,૮૮)
૨૭ ના ઉદયે	વૈ. તિ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	આહા. મનુ. ના	૧	×	૧	(૯૨)
૨૮ ના ઉદયે	સામા. તિ. ના	૫૭૬	×	૨	(૯૨,૮૮)
	વૈ. તિ. ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૫૭૬	×	૨	(૯૨,૮૮)
	વૈ. મનુ. ના	૯	×	૨	(૯૨,૮૮)
	આહા. મનુ. ના	૨	×	૧	(૯૨)
૨૯ ના ઉદયે	સામા. તિ. ના	૧૧૫૨	×	૨	(૯૨,૮૮)
	વૈ. તિ. ના	૧૬	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૫૭૬	×	૨	(૯૨,૮૮)
	વૈ. મનુ. ના	૯	×	૨	(૯૨,૮૮)
	આહા. મનુ. ના	૨	×	૧	(૯૨)
૩૦ ના ઉદયે	સામા. તિ. ના	૫૭૬	×	૨	(૯૨,૮૮)
	સામા. તિ. ના	૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬)
	વૈ. તિ. ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬)
	વૈ. મનુ. ના	૧	×	૨	(૯૨,૮૮)
	આહા. મનુ. ના	૧	×	૧	(૯૨)
૩૧ ના ઉદયે	સામા. તિ. ના	૧૧૫૨	×	૩	(૯૨,૮૮,૮૬)

જો સંખ્યાત વર્ષના આયુ. વાળા તિર્યંચોને ૫. અવસ્થામાં ચોથું ગુણ. ન ગણીએ તો ૫૦૩૪ અથવા ૫૦૬૬ ઉદયભાંગા સંભવે. સંવેધ ૨૧ ના ઉદય વિના ઓધ સંવેધની જેમ જાણવો. (જુઓ પા. ૮૦ થી ૮૪)

દેવ પ્રાયો. ૨૯ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :- ૬ (૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦) **ઉદયભાંગા :-** ૨૬૩૪
સત્તાસ્થાન :- ૨ (૯૩,૮૯)

સામાન્ય સંવેધમાં દેવ પ્રાયો. ૨૯ ના બંધમાં જાણાવેલ ૨૬૪૨ ઉદયભાંગામાંથી મનુષ્યના ૨૧ ના ઉદયના ૮ ઉદયભાંગા વિના શેષ ૨૬૩૪ ઉદયભાંગા સંભવે. તે આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૫ ના ઉદયે	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૩,૮૯)
	આહા. મનુ ના	૧	×	૧	(૯૩)
૨૬ ના ઉદયે	સામા. મનુ. ના	૨૮૮	×	૨	(૯૩,૮૯)
૨૭ ના ઉદયે	વૈ. મનુ. ના	૮	×	૨	(૯૩,૮૯)
	આહા. મનુ. ના	૧	×	૧	(૯૩)
૨૮ ના ઉદયે	સામા. મ. ના	૫૭૬	×	૨	(૯૩,૮૯)
	વૈ. મનુ. ના	૯	×	૨	(૯૩,૮૯)
	આહા. મનુ. ના	૨	×	૧	(૯૩)
૨૯ ના ઉદયે	સામા. મ. ના	૫૭૬	×	૨	(૯૩,૮૯)
	વૈ. મનુ. ના	૯	×	૨	(૯૩,૮૯)
	આહા. મનુ. ના	૨	×	૧	(૯૩)
૩૦ ના ઉદયે	સામા. મ. ના	૧૧૫૨	×	૨	(૯૩,૮૯)
	વૈ. મનુ. ના	૧	×	૨	(૯૩,૮૯)
	આહા. મનુ. ના	૧	×	૧	(૯૩)

દેવ પ્રાયો. ૨૯ બંધ કરનાર અપ. મનુષ્ય એટલે તીર્થંકરનો જ આત્મા હોય તેથી તેને સર્વ શુભ પ્રકૃતિનો ઉદય. હોય તે વિવક્ષાએ ૨૬-૨૮-૨૯ ના ઉદયનો એક એક ભાંગો અને ત્રીસના ઉદયના પ્રથમ સંઘયણના ૧૯૨, કુલ સામા. ૧૯૫ + વૈ.મ. ૩૫ + આ.મ. ના ૭ = ૨૩૭ ભાંગા આહારી અવસ્થામાં હોય.

દેવ પ્રાયો. ૩૦ ના બંધનો ૧, ૩૧ ના બંધનો ૧, નરક પ્રાયો. ૨૮ ના બંધનો ૧ અને અપ્રાયોગ્ય ૧ ના બંધનો ૧ એ પ્રમાણે કુલ ૪ બંધભાંગાનો સંવેધ સામાન્ય સંવેધ મુજબ જ જાણવો.

અબંધનો સંવેધ

ઉદયસ્થાન :- ૬ (૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧) **ઉદયભાંગા** :- ૧૦૬
સત્તાસ્થાન :- ૮ (૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫)

૨૦-૨૧ ના ઉદયસ્થાનો કેવલી સમુદ્‌ઘાતમાં ૩-૪-૫ માં સમયે છે. ત્યારે માત્ર કાર્મણ કાયયોગનો જ વ્યાપાર હોય છે. એટલે તે વખતે આહારીપણું ન હોય.

તથા ૮-૯ ના ઉદયસ્થાનો અયોગિના છે. તેથી ત્યાં પણ આહારીપણું ન હોય અને ૮-૯નું સત્તાસ્થાન પણ ન સંભવે.

સંવેધ આ પ્રમાણે-

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૬ ના ઉદયે	સામા. કેવલીના	૬	× ૨		(૭૯,૭૫)
૨૭ ના ઉદયે	તિ. કે. ના	૧	× ૨		(૮૦,૭૬)
૨૮ ના ઉદયે	સામા. કે. ના	૧૨	× ૨		(૭૯,૭૫)
૨૯ ના ઉદયે	સામા. કે. ના	૧૨	× ૨		(૭૯,૭૫)
	તિ. કે. ના	૧	× ૨		(૮૦,૭૬)
૩૦ ના ઉદયે		૪૮	× ૪	(૨)	(૯૩,૯૨,૮૯,૮૮) (૯૨,૮૮)
		૨૩	× ૬		(૯૩,૯૨,૮૯,૮૮,૭૯,૭૫)
		૧	× ૮		(૯૩,૯૨,૮૯,૮૮,૭૯,૭૬,૭૫)
	તિ. કે. ના	૧	× ૨		(૮૦,૭૬)
૩૧ ના ઉદયે	તિ. કે. ના	૧	× ૨		(૮૦,૭૬)

(૬૨) આહારી માર્ગણાએ નામકર્મનો સંવેધ

બંધસ્થાન :- ૬ (૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦) **બંધભાંગા** :- ૧૩૯૪૧
ઉદયસ્થાન :- ૪ (૨૦,૨૧,૯,૮) **ઉદયભાંગા** :- ૪૫
સત્તાસ્થાન :- ૧૨ (૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૮,૭૬,૭૫,૯,૮)

દેવ પ્રાયો. ૩૦ અને ૩૧ ના બંધનો ૧-૧ બંધભાંગો, નરક પ્રાયો. ૨૮ ના બંધનો ૧ બંધભાંગો અને અપ્રાયોગ્ય ૧ ના બંધનો ૧ બંધભાંગાનો એ પ્રમાણે કુલ ૪ બંધભાંગા ન સંભવે. કારણ કે અણાહારીપણામાં આ બંધસ્થાનકોનો બંધ ન થાય. સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તાવસ્થામાં જ પૂર્વોક્ત ૪ બંધભાંગાનો બંધ થાય અને તે સમયે અણાહારીપણું ન હોય પરંતુ આહારીપણું હોય છે, તેથી ૧૩૯૪૧ બંધભાંગા સંભવે.

આહારી માર્ગણામાં જણાવેલ ૭૭૪૬ ઉદયભાંગા વિના શેષ ૨૧ ના ઉદયના ૪૨, ૯ ના ઉદયનો ૧, ૮ ના ઉદયનો ૧ તથા ૨૦ ના ઉદયનો ૧ એ પ્રમાણે કુલ ૪૫ ઉદયભાંગા સંભવે.

૨૩ ના બંધના ૪, ૨૫ ના બંધના એકે. પ્રાયો. ૧૨ (બાદર પર્યા. વિના) વિકલે. પ્રાયો. ૩ અને અપર્યા. તિ. પ્રાયો. ૧ એ પ્રમાણે કુલ ૧૬ વિકલે પ્રાયો. ૨૯ અને ૩૦ ના બંધના ૨૪-૨૪ એ પ્રમાણે **કુલ ૬૮ બંધભાંગાનો સંવેધ** સમાન થાય છે. તે આ પ્રમાણે-

ઉદયસ્થાન :- ૧ (૨૧ નું) **ઉદયભાંગા** :- ૩૨
સત્તાસ્થાન :- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ ના ઉદયે	એકે. ના	૫	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	વિકલે.ના	૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા. તિ. ના	૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા. મનુ. ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

બાદર પર્યા. એકે. પ્રાયો. ૨૫ ના બંધના ૮ અને ૨૬ ના બંધના ૧૬ એ પ્રમાણે કુલ ૨૪ બંધભાંગાનો સંવેધ સમાન છે.

૨૪ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :- ૧ (૨૧ નું) **ઉદયભાંગા** :- ૪૦
સત્તાસ્થાન :- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ ના ઉદયે	એકે. ના	૫	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	વિકલે.ના	૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા. તિ. ના	૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા. મનુ. ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	દેવના	૯	×	૨	(૯૨,૮૮)

પંચે તિ. પ્રાયો. ૨૯ ના બંધના ૪૬૦૮ અને ૩૦ ના બંધના ૪૬૦૮ એ પ્રમાણે કુલ ૯૨૧૬ બંધભાંગાનો સંવેધ સમાન થાય છે.

ઉદયસ્થાન :- ૧ (૨૧ નું) **ઉદયભાંગા :-** ૪૧
સત્તાસ્થાન :- ૫ (૯૨,૮૮,૮૬,૮૦,૭૮)

		ઉદયભાંગે		સત્તાસ્થાન	
૨૧ ના ઉદયે	એકે. ના	૫	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	વિકલે.ના	૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા. તિ. ના	૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦,૭૮)
	સામા. મનુ. ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૨	(૯૨,૮૮)

અપર્યા. મનુ. પ્રાયો. ૨૫ ના બંધના ૧ બંધભાંગાનો સંવેધ.

ઉદયસ્થાન :- ૧ (૨૧ નું) **ઉદયભાંગા :-** ૩૨
સત્તાસ્થાન :- ૪ (૯૨,૮૮,૮૬,૮૦)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ ના ઉદયે	એકે. ના	૫	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વિકલે.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા. તિ. ના	૯	×	૫	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા. મનુ. ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

મનુ. પ્રાયો. ૨૯ ના બંધના ૪૬૦૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :- ૧ (૨૧ નું) **ઉદયભાંગા :-** ૪૧
સત્તાસ્થાન :- ૫ (૯૨,૮૯,૮૮,૮૬,૮૦)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ ના ઉદયે	એકે. ના	૫	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	વિકલે.ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	સામા. તિ. ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
	સામા. મનુ. ના	૯	×	૪	(૯૨,૮૮,૮૬,૮૦)
	દેવના	૮	×	૨	(૯૨,૮૮)
	નારકીના	૧	×	૩	(૯૨,૮૯,૮૮)

મનુ. પ્રાયો. ૩૦ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :- ૧ (૨૧ નું) **ઉદયભાંગા :-** ૯
સત્તાસ્થાન :- ૨ (૯૩,૮૯)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ ના ઉદયે	દેવના	૮	×	૨	(૯૩,૮૯)
	નારકીના	૧	×	૧	(૮૯)

દેવ પ્રાયો. ૨૮ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :- ૧ (૨૧ નું) **ઉદયભાંગા :-** ૧૬
સત્તાસ્થાન :- ૨ (૯૨,૮૮)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ ના ઉદયે	યુ.તિ.ના	૮	×	૨	(૯૨,૮૮)
	સામા. મનુ. ના	૮	×	૨	(૯૨,૮૮)

દેવ પ્રાયો. ૨૯ ના બંધના ૮ બંધભાંગાનો સંવેધ

ઉદયસ્થાન :- ૧ (૨૧ નું) **ઉદયભાંગા :-** ૮
સત્તાસ્થાન :- ૨ (૯૩,૮૯)

		ઉદયભાંગા		સત્તાસ્થાન	
૨૧ ના ઉદયે	સામા. મનુ. ના	૮* (૧)	×	૨	(૯૩,૮૯)

અબંધનો સંવેધ

અબંધે આહારીપણું કેવલી સમુદ્‌ઘાતમાં ૩,૪,૫ મા સમયે અને ૧૪ મા ગુણઠાણે હોય છે.

*અપર્યાપ્તાવસ્થામાં દેવ પ્રા. ૨૯ બાંધનાર તીર્થંકરનો જ આત્મા હોય. તેથી શુભ પ્રકૃતિવાળો ૧ ભાંગો હોય.

ઉદયસ્થાન :- ૪ (૨૦,૨૧,૯,૮) **ઉદયભાંગા :-** ૪

સત્તાસ્થાન :- ૬ (૮૦,૭૯,૭૬,૭૫,૯,૮)

	ઉદયભાંગે	**સત્તાસ્થાન**		
(કેવલી સમુ. માં)	૨૦ ના ઉદયે	સામા. કે. ના	૧ × ૨	(૭૯,૭૫)
(કેવલી સમુ. માં)	૨૧ ના ઉદયે	તિ.કે.ના	૧ × ૨	(૮૦,૭૬)
(૧૪ માં ગુણ)	૯ ના ઉદયે	તિ.કે.ના	૧ × ૩	(૮૦,૭૬,૯)
(૧૪ માં ગુણ)	૮ ના ઉદયે	સા. કે. ના	૧ × ૩	(૭૯,૭૫,૮)

માર્ગણા ઉપર આઠ કર્મનો આ સંવેધ સપ્તતિકાચૂર્ણિ-ભાષ્ય પંચસંગ્રહ-કમ્મપયડી, શતકચૂર્ણિને આધાર મેળવીને લખવા પ્રયત્ન કર્યો છે. છતાં છદ્મસ્થતાના કારણે સમજફેરથી કંઈ અયોગ્ય લખાયું હોય તો મિચ્છામિ દુક્કડં સાથે વાંચનાર અભ્યાસી મહાશયોએ અમારું ધ્યાન દોરવા ખાસ વિનંતી છે.

उदयस्सुदीरणाओ, सामित्ताओ न विज्जइ विसेसो।
मुत्तूण य इगयालं, सेसाणं सव्वपयडीणं ॥६७॥

ગાથાર્થ : ઉદય અને ઉદીરણાના સ્વામીપણાને આશ્રયીને એકતાલીસ પ્રકૃતિ મૂકીને બાકી સર્વ (૮૧) પ્રકૃતિનો ફેરફાર નથી (અર્થાત્ ૮૧ પ્રકૃતિ જ્યારે જ્યારે ઉદયમાં હોય ત્યારે ત્યારે ઉદીરણામાં પણ હોય.) ॥૬૭॥

(અહીં બંધોદય સત્તાનો સંવેધ કહ્યો તેમાં ઉદય કહ્યો. પરંતુ ઉદીરણા કહી નથી તેથી ઉદીરણા જણાવે છે. ઉદય સમયને પ્રાપ્ત થએલા કર્મપુદ્ગલોનો અનુભવ તે ઉદય અને ઉદયસમયને નહીં પ્રાપ્ત થયેલા કર્મપુદ્ગલોને કષાય સહિત અથવા કષાય રહિત યોગરૂપ વીર્ય વિશેષે કરીને આકર્ષીને ઉદયાવલિકામાં પ્રવેશ કરાવી ઉદયપ્રાપ્ત કર્મપરમાણુની સાથે અનુભવવું તે ઉદીરણા.

મોહનીયની સમ્યક્ત્વ મોહ. મિથ્યાત્વ, સંજ્વલન લોભ અને ત્રણ વેદ એ પ્રમાણે ૬ વિના શેષ ૨૨ તથા

નામની ૧૪ મા ગુણઠાણે ઉદયવતી ૯ વિના શેષ-૫૮ અને નીચ ગોત્ર એ પ્રમાણે ૮૧ પ્રકૃતિનો ઉદય અને ઉદીરણા સમકાળે પ્રવર્તે છે. તેથી તે ૮૧ પ્રકૃત્તિના ઉદય અને ઉદીરણામાં કંઈ વિશેષ નથી.)

नाणंतराय-दसगं, दंसण नव वेअणिज्ज मिच्छत्तं।
सम्मत्त लोभवेआ-उआणि नवनाम उच्चं च ॥६८॥

ગાથાર્થ : જ્ઞાનાવરણ અને અંતરાય મળીને દસ, દર્શનાવરણની નવ, બે વેદનીય, મિથ્યાત્વ મોહનીય, સમ્યક્ત્વ મોહનીય, સંજ્વલન લોભ, ત્રણ વેદ, ચાર આયુષ્ય, નામકર્મની નવ અને ઉચ્ચ ગોત્ર (એ ૪૧ પ્રકૃત્તિનો ઉદીરણા વિના પણ ઉદય હોય) ॥૬૮॥

(૫ જ્ઞાનવરણીય, પાંચ અંતરાય, નવ દર્શનાવરણીય, બે વેદનીય, મિથ્યાત્વ મોહનીય, સમ્યકત્વ મોહનીય, સંજ્વલન લોભ, ત્રણ વેદ, ચાર આયુષ્ય, નામ કર્મની નવ (મનુષ્ય ગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર પર્યાપ્ત, સુભગ, આદેય, યશ અને જિનનામ) અને ઉચ્ચ ગોત્ર એ ૪૧ પ્રકૃતિનો ઉદય અને ઉદીરણા સમકાળે હોય એવું નથી એટલે ઉદીરણા વિના પણ ઉદય હોય.

પાંચ જ્ઞાનાવરણીય, ચાર દર્શનાવરણીય અને પાંચ અંતરાય એ ૧૪ પ્રકૃતિનો ઉદય અને ઉદીરણા ૧૨ મા ગુણઠાણાની એક આવલિકા બાકી હોય ત્યાં સુધી હોય અને ૧૨ મા ગુણ. ની છેલ્લી આવલિકામાં એ ૧૪ પ્રકૃતિનો ઉદય જ હોય, પણ ઉદીરણા ન હોય.

નિદ્રા પંચકનો શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થયા પછી ઈન્દ્રિય પર્યાપ્તિ પૂરી ન થાય ત્યાં સુધી ફક્ત ઉદય જ હોય ઉદીરણા ન હોય. શેષકાળે ઉદય હોય ત્યારે ઉદીરણા પણ હોય.

બે વેદનીયની ઉદીરણા પ્રમત્ત ગુણ. સુધી ઉદય સાથે હોય. પ્રમત્તથી આગળ ફક્ત ઉદય જ હોય, ઉદીરણા ન હોય.

પ્રથમ સમ્યકત્વ પામતાં અંતઃકરણ કર્યા પછી પ્રથમ સ્થિતિ એક આવલિકા જેટલી બાકી હોય ત્યારે મિથ્યાત્વનો ઉદય જ હોય, ઉદીરણા ન હોય.

વેદક સમકિતી ક્ષાયિક સમકિત પામતા મિથ્યાત્વ મોહ. અને મિશ્ર મોહ. નો ક્ષય કર્યા બાદ સમકિત મોહનીય સર્વ અપવર્તનાએ અપવર્તીને અંતર્મુહૂર્તની સ્થિતિનું કરેલ હોય તે ઉદય-ઉદીરણાએ અનુભવાતું આવલિકા શેષ જ્યારે રહે, સમ્યકત્વ મોહનીયનો ઉદય જ હોય પણ ઉદીરણા ન હોય.

સંજ્વલન લોભનો ઉદય અને ઉદીરણા સૂક્ષ્મ સંપરાયની એક આવલિકા બાકી રહે ત્યાં સુધી ઉદય હોય ત્યારે બન્ને સાથે હોય, ઉપશામક અને ક્ષપકને છેલ્લી આવલિકામાં ફક્ત ઉદય જ હોય, ઉદીરણા ન હોય.

ત્રણ વેદમાં જે વેદે શ્રેણી સ્વીકારે તે વેદે અંતઃકરણ કર્યા પછી પ્રથમ સ્થિતિની એક આવલિકા બાકી રહે ત્યારે તે વેદનો ઉદય જ હોય, ઉદીરણા ન હોય.

ચાર આયુષ્યની પોતપોતાના ભવની છેલ્લી આવલિકા બાકી રહે ત્યારે ફક્ત ઉદય જ હોય. ઉદીરણા ન હોય અને મનુષ્યાયુની તો પ્રમત્ત ગુણ. થી આગળ ઉદીરણા ન હોય. ઉદય જ હોય.

નામકર્મની નવ અને ઉચ્ચગોત્ર એ ૧૦ પ્રકૃત્તિનો ઉદય અને ઉદીરણા બન્ને ૧૩ માં ગુણ. સુધી સાથે હોય. ૧૪ મા ગુણ. ઉદય જ હોય, ઉદીરણા ન હોય.

ગુણસ્થાને બંધ પ્રકૃતિ

तित्थयराहारगविरहिआउ, अज्जेइ सव्व पयडीओ ।
मिच्छत्त वेअगो सासणोवि, गुणवीस सेसाओ ॥६९॥

ગાથાર્થ : મિથ્યાદષ્ટિ તીર્થંકર નામ અને આહા. દ્વિક વિના સર્વ (૧૧૭) પ્રકૃતિ બાંધે, સાસ્વાદની ઓગણીસ વિના સર્વ (૧૦૧) પ્રકૃતિ બાંધે ॥૬૯॥

(તીર્થંકર નામ, આહારક શરીર અને આહારક અંગોપાંગ એ ત્રણ વિના શેષ ૧૧૭ પ્રકૃતિ મિથ્યાદ્રષ્ટિ બાંધે.)

સાસ્વાદની નરકત્રિક, જાતિચતુષ્ક, સ્થાવર ચતુષ્ક, હુંડક સંસ્થાન, આતપ, છેવઠ્ઠું સંઘયર, નપુંસક વેદ અને મિથ્યાત્વ મોહનીય એ પ્રમાણે ૧૬ અને પૂર્વોક્ત ૩ એમ કુલ ૧૯ પ્રકૃતિ વિના શેષ ૧૦૧ પ્રકૃતિ બાંધે.

छायालसेस मीसो, अविरयसम्मो तिआलपरिसेसो ।
तेवन्न देसविरओ विरओ सगवन्नसेसाओ ॥७०॥

ગાથાર્થ : મિશ્રદષ્ટિ ૪૬ વિના, અવિરત સમ્યગ્દષ્ટિ ૪૩ વિના, દેશવિરત ૫૩ વિના અને પ્રમત્ત ૫૭ વિના સર્વે પ્રકૃતિ બાંધે ॥૭૦॥

(તિર્યંચત્રિક, થિણધ્ધિ ત્રિક, દુર્ભગ ત્રિક, અનંતાનુબંધી ચતુષ્ક, મધ્યમ ચાર સંસ્થાન, મધ્યમ ચાર સંઘયણ, નીચગોત્ર, ઉદ્યોતનામ, અશુભવિહાયોગતિ અને સ્ત્રીવેદ એ પ્રમાણે ૨૫ અને પૂર્વોકત ૧૯ મળી ૪૪ અને મનુષ્યાયુ, દેવાયુ મળી ૪૬ પ્રકૃતિ વિના શેષ ૭૪ પ્રકૃતિ મિશ્રદષ્ટિ બાંધે.)

અવિરત સમ્યગદષ્ટિ જિનનામ, મનુષ્યાયુ અને દેવાયુ પણ બાંધે, તેથી ૪૩ વિના ૭૭ પ્રકૃતિ બાંધે.

પ્રથમ સંઘયણ, મનુષ્યત્રિક, અપ્રત્યાખ્યાની ચાર કષાય અને ઔદારિક દ્વિક એ પ્રમાણે ૧૦ અને પૂર્વોક્ત ૪૩ મળી ૫૩ વિના શેષ ૬૭ પ્રકૃતિ દેશવિરત બાંધે.

પ્રત્યાખ્યાનીય ચાર કષાય અને પૂર્વોક્ત ૫૩ મળી ૫૭ વિના શેષ ૬૩ પ્રકૃતિ પ્રમત્ત બાંધે)

इगुणट्ठि-मप्पमत्तो, बंधइ देवाउअस्स इअरोवि।
अट्ठावन्न-मपुव्वो, छप्पन्नं वावि छव्वीसं ॥७१॥

ગાથાર્થ : દેવાયુનો બંધક હોય તો અપ્રમત્ત ૫૯ પ્રકૃતિ બાંધે, અપૂર્વકરણ ગુણ. વાળો ૫૮, ૫૬ અને ૨૬ પ્રકૃતિ બાંધે. ॥૭૧॥

(શોક, અરતિ, અસ્થિર, અશુભ, અપયશ અને અશાતા એ છ પ્રકૃતિ પૂર્વોક્ત ૬૩ માંથી કાઢી આહારક દ્વિક ઉમેરતાં અપ્રમત્ત ૫૯ બાંધે દેવાયુનો પ્રારંભ પ્રમત્ત ગુણઠાણે કરી અપ્રમતે આવે તો ત્યાં બંધ પૂરો કરે. અન્યથા દેવાયુ વિના ૫૮ પ્રકૃતિ પણ બાંધે.

અપૂર્વકરણ ગુણ.ના બીજાથી છઠ્ઠા ભાગ સુધી નિદ્રા દ્વિક વિના ૫૬ પ્રકૃતિ બાંધે. તેમાંથી સાતમા ભાગે દેવદ્વિકાદિ ૩૦ વિના ૨૬ નો બંધ હોય)

बावीसा एगूणं, बंधइ अट्ठारसंत-मनिअट्टी।
सत्तरस सुहुमसरागो, सायममोहो सजोगुत्ति ॥७२॥

ગાથાર્થ : અનિવૃતિ બાદર ગુણઠાણાવાળો ૨૨ અને એકેક ન્યુન ૧૮ સુધી બાંધે, સૂક્ષ્મ સંપરાયવાળો ૧૭ પ્રકૃતિ બાંધે, મોહરહિત (ઉપરાંત મોહ, ક્ષીણમોહ) અને સયોગી કેવલી શાતા વેદનીય બાંધે. ॥૭૨॥

(નવમા ગુણઠાણાના પહેલા ભાગે હાસ્ય, રતિ, ભય અને જુગુપ્સા પણ ન બાંધે તેથી ૨૨ નો બંધ, બીજા ભાગે પુરુષવેદ વિના ૨૧ નો બંધ, ત્રીજા ભાગે સંજ્વલન ક્રોધ વિના ૨૦નો બંધ, ચોથા ભાગે સંજ્વલન માન વિના ૧૯ નો બંધ, પાંચમાં ભાગે સંજ્વલન માયા વિના ૧૮ નો બંધ હોય છે.

નવમા ગુણઠાણાના છેલ્લા ભાગે સંજ્વલન લોભનો બંધવિચ્છેદ થયે છતે સૂક્ષ્મ સંપરાય ગુણઠાણે ૧૭ બાંધે.

૧૦ મા ગુણઠાણાના અંતે જ્ઞાનાવરણીયાદિ ૧૬ પ્રકૃતિનો બંધવિચ્છેદ થયે છતે ૧૧, ૧૨ મે અને ૧૩ મે એક શાતાવેદનીય બાંધે, અયોગી કેવલી અબંધક છે.

एसो उ बंधसामित्त-ओहो गइआइएसु वि तहेव।
ओहाओ साहिज्जइ, जत्थ जहा पगइसब्भावो ॥ ७३॥

ગાથાર્થ : એ પૂર્વોક્ત ગુણસ્થાનનો બંધભેદ બંધસ્વામિત્વનો ઓઘ જાણવો. ગતિ આદિ માર્ગણાને વિષે પણ તેમજ ઓઘ કહ્યો તે પ્રમાણે (ત્રીજા કર્મગ્રંથ મુજબ) જે માર્ગણાસ્થાને જે પ્રકારે પ્રકૃતિનો સદ્‌ભાવ છે. તે પ્રમાણે કહેવું ॥૭૩॥

तित्थयर-देवनिरयाउअं च तिसु गइसु बोधव्वं।
अवसेसा पयडीओ, हवंति सव्वासु वि गइसु ॥७४॥

ગાથાર્થ : તીર્થંકર નામ, દેવાયુ અને નરકાયુની સત્તા ત્રણ ત્રણ ગતિને વિષે જાણવી. શેષ પ્રકૃતિઓની સત્તા સર્વ ગતિને વિષે હોય છે. ॥૭૪॥

જે ગતિને વિષે જેટલી પ્રકૃતિ સત્તામાં હોય તે કહે છે. તીર્થંકર નામ, દેવાયુ અને નરકાયુ એ ત્રણ પ્રકૃતિ ત્રણ ત્રણ ગતિને વિષે હોય છે. ત્યાં જિનનામની સત્તા તિર્યંચગતિ વિના શેષ ત્રણ ગતિમાં જાણવી, દેવાયુની સત્તા નરકગતિ વિના શેષ ત્રણ ગતિમાં જાણવી એન નરકાયુની સત્તા દેવગતિ વિના શેષ ત્રણ ગતિમાં જાણવી. શેષ સર્વે પ્રકૃતિઓ ચારે ગતિને વિષે સત્તામાં હોય છે.

(આ પ્રમાણે અહિં સંવેધ સંબંધી વિષય પૂરો કરીને હવે ઉપશયશ્રેણી તથા ક્ષપકશ્રેણીનું કંઈક સ્વરૂપ કહે છે.)

ઉપશમ શ્રેણિનું સ્વરૂપ :-

पढमकसायचउक्कं, दंसणतिग सत्तगा वि उवसंता।
अविरयसम्मत्ताओ, जाव निअट्टित्ति नायव्वा ॥ ७५॥

ગાથાર્થ : પહેલા કષાયનું ચતુષ્ક, દર્શનમોહનું ત્રિક એ સાતે પ્રકૃતિઓ અવિરત સમ્યગ્દૃષ્ટિથી માંડીને અપૂર્વકરણ પર્યંત ઉપશાંત થયેલી જાણવી ॥૭૫॥

सत्तट्ठ नव य पनरस, सोलस अट्ठारसेव गुणवीसा।
एगाहि दु चउवीसा,पणवीसा बायरे जाण ॥ ७६॥

ગાથાર્થ : અનિવૃત્તિબાદર સંપરાયે સાત, આઠ, નવ, પંદર, સોળ, અઢાર, ઓગણીસ, એકવીસ, બાવીસ, ચોવીસ અને પચીસ પ્રકૃતિઓ ઉપશાંત થયેલી જાણો ॥૭૬॥

सत्तावीसं सुहुमे, अट्ठावीसं च मोहपयडीओ।
उवसंतवीअराए, उवसंता हुंति नायव्वा ॥ ७७॥

ગાથાર્થ : સૂક્ષ્મસંપરાયે મોહનીય કર્મની સત્તાવીસ પ્રકૃતિઓ અને ઉપશાંત કષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાને અઠ્ઠાવીસ પ્રકૃતિઓ ઉપશાંત થયેલી હોય છે એમ જાણવું ॥૭૭॥

આ ત્રણ ગાથાઓમાં ઉપશમશ્રેણિનું વર્ણન બતાવ્યું છે.

અહીં માત્ર ગાથાર્થ કહીને હવે વિસ્તારથી ઉપશમ શ્રેણિની વિધિ અને ક્યાં કેટલી પ્રકૃતિઓ કેવી રીતે ઉપશાંત થાય તે સર્વ કહેવાય છે.

ઉપશમ શ્રેણિ

ઉપશમ શ્રેણિ કરનાર પ્રથમ ઉપશમ અથવા ક્ષાયિક સમ્યકત્વ પ્રાપ્ત કરે છે. તેમાં ઉપશમ સમ્યકત્વ બે પ્રકારે પ્રાપ્ત કરાય છે.

૧) અનાદિ મિથ્યાત્વી જીવ ત્રાણ કરાણ કરવા પૂર્વક પ્રાપ્ત કરે તે.

૨) ૪ થી ૭ ગુણમાં. અનં. ચાર કષાયનો ઉપશમ અથવા વિસંયોજના કરી દર્શન ત્રિકની ઉપશમના કરવા પૂર્વક, તેમાં પહેલાં અનાદિ મિથ્યાત્વી જીવ જે પ્રથમ સમ્યકત્વ પ્રાપ્ત કરે છે તેનું સ્વરૂપ આ પ્રમાણે છે.

પ્રથમ (નવું) ઉપશમ સમ્યકત્વ

૧) કરાણ કાળ પહેલા અન્તર્મુહૂર્ત પૂર્વે પ્રતિસમયે અનંતગુણ વિશુદ્ધિવાળા.
૨) પર્યાપ્ત સંજ્ઞી પંચિન્દ્રિય ચારે ગતિના જીવ આ સમ્યકૃત્વ પ્રાપ્ત કરી શકે.
૩) સાકારોપયોગવંત
૪) ત્રાણ યોગમાંથી કોઈપણ એક યોગના વ્યાપારવાળો.
૫) તેજો' પદ્મ અને શુક્લ એ ત્રાણમાંથી કોઈપણ એક શુભ લેશ્યાવાળો.
૬) પરા. શુભ પ્રકૃતિનો બંધક.
૭) અશુભ પ્રકૃતિઓના ચાર ઠાણીયાના બદલે બેઠાણીયો રસ બાંધતો.
૮) શુભ પ્રકૃતિઓના બે ઠાણીયાના બદલે ચાર ઠાણીયો રસ બાંધતો.
૯) સત્તામાં પણ બંધની જેમ અશુભનો બે ઠાણીયો અને શુભનો ચાર ઠાણીયો રસ કરતો.
૧૦) આયુષ્ય સિવાય સાત કર્મની સત્તા અને સાત કર્મનો સ્થિતિબંધ અંતઃકોડા કોડી સાગ. પ્રમાણ કરતો.
૧૧) અભવ્ય પ્રાયોગ્ય વિશુધ્ધિથી અનંતગુણ વિશુધ્ધિવાળો આવા પ્રકારનો જીવ અંતર્મુહૂર્ત કાળે યથાપ્રવૃત્ત કરાણ કરે.
૧૨) ઉપશમ - ઉપદેશશ્રવાણ અને પ્રયોગ તે ત્રાણ લબ્ધિવાળો હોય.

યથાપ્રવૃત્તકરાણ

અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમાણ કરતા પૂર્વોક્ત પ્રકારના જીવને અનાયાસે જે સારો (શુભ) પરિણામ પ્રાપ્ત થાય તે **યથાપ્રવૃત્તકરાણ** કહેવાય.

નદીના પાષાણના ગોળધોલ ન્યાયે સંસારમાં અનેક યાતનાઓને ભોગવતા સહજ રીતે પરિણામની વિશુધ્ધિ થાય છે.

૧) આ કરણમાં પ્રતિ સમયે ત્રિકાળવર્તી જીવોના અધ્યવસાયો અસંખ્યાતા હોય. એટલે આ કરણને પામનારા ત્રિકાળવર્તી અનંતા જીવોમાં કેટલાકને પરસ્પર સરખો અધ્યવસાય હોય છે. અને કેટલાક કેટલાકને ભિન્ન ભિન્ન અધ્યવસાય હોય છે. એમ અનંતા જીવોના અસંખ્યાતા અધ્યવસાય સ્થાનો હોય છે.

૨) પ્રતિસમયે તે અધ્યવસાય સ્થાનોની સંખ્યા વિશેષાધિક-વિશેષાધિક હોય છે. એટલે કે પહેલા સમયના અસંખ્ય અધ્યવસાય સ્થાનો કરતાં બીજા સમયે વિશેષ અસંખ્યાતા હોય છે ત્રીજા સમયે તેનાથી પણ વિશેષ અસંખ્યાતા હોય છે. તેની આકૃતિ વિષમ ચતુરસ્ર થાય છે. તે આ પ્રમાણે.



વિષમ ચતુરસ્ત્ર

ઉત્તરોત્તર સમયે વિશેષાધિક અધ્યવસાય સ્થાનો

પ્રથમ સમયે સર્વથી થોડા અધ્યવસાય સ્થાનો

૩) ષટ્સ્થાન (છઠાણવડીયાં)

દરેક સમયના અધ્યવસાય સ્થાનો ષટ્સ્થાન પતિત (છઠાણવડિયા) હોય છે. એટલે કે દરેક સમયે સર્વથી જઘન્ય વિશુધ્ધિવાળા કરતાં બીજાં વિગેરે શરૂઆતના કેટલાક અસંખ્યાતા અધ્યવસાય સ્થાનો અનંતભાગ અધિક વિશુધ્ધિવાળાં હોય છે. તે પછીના કેટલાક અસંખ્યાતા અધ્યવસાય સ્થાનો અસંખ્ય ભાગ અધિક વિશુધ્ધિવાળાં હોય છે. તે પછીનાં કેટલાંક અસંખ્યાતા સંખ્યાત ભાગ અધિક વિશુધ્ધિવાળાં હોય છે. એમ સંખ્યાત ગુણ. અધિક, અસંખ્યગુણ અધિક, અને અનંતગુણ અધિક વિશુધ્ધિવાળાં અધ્યવસાય સ્થાનો પછી - પછીના સમજવાં.

આ અસંખ્ય અધ્યવસાય સ્થાનોમાં સર્વથી અધિક વિશુધ્ધિવાળાં સ્થાનની અપેક્ષાએ વિચારીએ તો છ પ્રકારની હાની ઘટે છે. એટલે કે દરેક સમયના અધ્યવસાયોમાં જે સર્વથી અધિક વિશુધ્ધિવાળું છે તેના કરતા તેની નીચેના કેટલાક અસંખ્યાતા અધ્યવસાયો અનંતભાગહીન, પછીના કેટલાક અસંખ્યાતા અધ્યવસાયો અસંખ્ય ભાગહીન એમ સંખ્યાત ભાગહીન, સંખ્યાત ગુણહીન અસંખ્ય ગુણહીન અને અનંત ગુણહીન સમજવાં.

આમ દરેક સમયનાં અધ્યવસાય સ્થાનોને છ વિભાગમાં વહેંચી શકાય છે. છ ભાગ પડે છે. તેથી તેને ષટ્સ્થાન પતિત કહેવાય છે. એટલે દરેક સમયના અધ્યવસાય સ્થાનોમાં છ જાતની હાનિ અને છ જાતની વૃધ્ધિ ઘટે છે.

૪) અહિં દરેક સમયે પૂર્વના સમયનાં શરૂઆંતના કેટલાક અધ્યવસાય સ્થાનો પછીના સમયે હોય નહીં. અને ઉત્કૃષ્ટ વિશુધ્ધિવાળા અધ્યવસાય થી વધારે વિશુધ્ધિવાળાં નવાં કેટલાક અધ્યવસાય સ્થાનો પછીના સમયે હોય છે અને મધ્યનાં સ્થાનો પણ હોય છે તેથી.

૫) યથા પ્રવૃતકરાણમાં પ્રથમ સમયે જઘન્ય વિશુધ્ધિ સર્વથી થોડી તેના કરતાં બીજા સમયની જઘન્ય વિશધ્ધિ અનંતગુણ, તેના કરતાં ત્રીજા સમયની જઘન્ય વિશુધ્ધિ અનંતગુણ એમ યાવત્ યથાપ્રવૃત્તકરાણના એક સંખ્યાતમા ભાગ સુધી સમજવી. ત્યારપછી સંખ્યાતમા ભાગના (કંડકના) છેલ્લા સમયની જઘન્ય વિશુધ્ધિ કરતાં યથાપ્રવૃત્ત કરાણના પ્રથમ કરાણના પ્રથમ સમયની ઉત્કૃષ્ટ વિશુધ્ધિ અનંતગુણ હોય છે. તેનાથી કંડકના ઉપરના (પછીના) સમયની જઘન્ય વિશુધ્ધિ અનંતગુણ તેના કરતા યથાપ્રવૃત્ત કરાણના બીજા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ તેથી કંડકની પછીના બીજા સમયની જઘન્ય વિશુધ્ધિ અનંતગુણ, એમ ઉપરના એક સમયની જઘન્ય અને નીચેના એક સમયની ઉત્કૃષ્ટ વિશુધ્ધિ અનંતગુણ ત્યાં સુધી કહેવી કે જઘન્ય વિશુધ્ધિ યથાપ્રવૃત કરાણના છેલ્લા સમયની જઘન્ય વિશુધ્ધિ સુધી, એક સંખ્યાતમા ભાગની ઉત્કૃષ્ટ વિશુધ્ધિ કહેવાની બાકી રહે તે અનુક્રમે અનંતગુણ સમજવી.

૬) અહીં કરાણકાળ પૂર્વેની કહેલ હકીકતો પણ હોય છે, ઘટે છે.

૭) યથાપ્રવૃત કરાણનો કાળ અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે, પરંતુ અપૂર્વકરાણાદિ કરતાં તેનો કાળ મોટા અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે.

૮) અનાદિ મિથ્યાત્વી યથાપ્રવૃત્ત કરાણ અનેકવાર પણ કરે છે.

૯) આ કરાણ ભવ્યો કરે છે અને અભવ્ય પણ કરે છે.

૧૦) યથાપ્રવૃત્ત કરાણથી શ્રુત સામાયિકનો પણ લાભ થાય છે.

અપૂર્વકરાણ

પૂર્વે ક્યારેક ના આવ્યો હોય તેવો અપૂર્વ વિશુદ્ધિ અધ્યવસાય તે અપૂર્વકરાણ કહેવાય છે. આસન્નભવી જીવ યથાપ્રવૃત્તકરાણ પછી અપૂર્વ કરાણ કરે છે.

૧) આ કરણનો કાળ અંતમુહૂર્ત. તે અનિવૃત્તિ કરણના અંત.થી સંખ્યાત ગુણ. મોટુ અંત. જોણવું (જુઓ ઉપ. ગુણરત્નસૂરિકૃત ટીકા ગા. ૮, ગા. ૨૬)

૨) પ્રતિ સમયે અનંતગુણ વિશુદ્ધિ હોય છે. તેથી યથાપ્રવૃત્તકરણના છેલ્લા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ કરતાં અપૂર્વકરણના પ્રથમ સમયની જઘન્ય વિશુધ્ધિ અનંતગુણ., તેથી પ્રથમ સમયની ઉત્કૃષ્ટ વિશુધ્ધિ અનંતગુણ., તેથી બીજા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ, તેથી બીજા સમયની ઉત્કૃષ્ટ વિશુધ્ધિ અનંતગુણ, એમ યાવત્ અપૂર્વકરણના ચરમ સમય સુધી જાણવું.

૩) યથાપ્રવૃત્તકરણની જેમ અહીં પણ ત્રિકાળવર્તી જીવોના અધ્યવસાયો અસંખ્યાતા-અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે અને તે યથાપ્રવૃત્તકરણની જેમ ષટ્સ્થાન પતિત હોય છે.

૪) **પ્રતિસમયે વિશેષાધિક** – વિશેષાધિક અસંખ્યાતા અધ્યવસાયો હોય છે.

૫) અહીં પણ શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બાંધે અને અશુભનો બે ઠાણીયો રસ બાંધે, વિગેરે કરણકાળ પૂર્વેની હકીકતો પણ અહીં ઘટે છે.

અહીં અપૂર્વકરણની વિશુધ્ધિથી પાંચ અપૂર્વ કાર્યો કરે છે. જો કે અહીં મિથ્યાત્વ બધ્યમાન હોવાથી ગુણસંક્રમ થાય નહીં. તેથી મિથ્યાત્વે અપૂર્વકરણમાં ચાર કાર્યો થાય છે. ઉપરના ગુણસ્થાનકોમાં અપૂર્વકરણમાં પાંચ અપૂર્વ કાર્યો કરે છે. તે આ પ્રમાણે-

૬) **સ્થિતિઘાત** – સત્તામાં રહેલી સ્થિતિના અગ્રીમ ભાગ થકી પ્રથમ સ્થિતિખંડ જઘન્યથી પલ્યોપમનો અસં. ભાગ, ઉત્કૃષ્ટથી સેંકડો સાગરો પ્રમાણ સ્થિતિનો અંતર્મુહૂર્તમાં ઘાત કરે છે. બીજા વિગેરે સ્થિતિખંડો પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ પ્રમાણે હોય છે. દરેક સ્થિતિખંડ અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્ત ઘાત કરે છે.

ઘાત કરતા સ્થિતિખંડમાંથી પ્રથમ સમયે દલિક સર્વથી થોડુ, બીજા સમયે અસંખ્યગુણ એમ ચરમ સમય સુધી અસંખ્ય ગુણ ઉપાડે છે – ઉકેરે છે.

તે ઉકેરાતું દલિક નહીં ખંડન કરાતી નીચેની સ્થિતિઓમાં ગોઠવે છે.

આ અપૂર્વકરણના કાળમાં હજારો સ્થિતિઘાત થાય છે.

તેથી અપૂર્વકરણના પ્રથમ સમયે જે સ્થિતિ સત્તા હોય તેના કરતાં ચરમ સમયે સંખ્યાત ગુણ હીન સત્તા બને છે.

૭) **રસઘાત** – સત્તામાં રહેલી અશુભ પ્રકૃતિઓના રસના અનંતા ભાગ કરી એક અનંતમો ભાગ બાકી રાખી બીજા અનંતા ભાગોનો અંતર્મુહૂર્તે નાશ કરે છે. વળી બાકી રહેલા અનંતમા ભાગના રસના અનંતા ભાગ કરી એક અનંતમો ભાગ બાકી રાખી બીજા અનંતા ભાગોનો નાશ કરે છે. આવા રસઘાત એક સ્થિતિઘાતના કાળમાં હજારો થાય છે અને અપૂર્વકરણના કાળમાં હજારોવાર હજારો રસઘાત થાય છે.

૮) **ગુણશ્રેણી** – ઉપરની ખંડન કરાતી સ્થિતિના દલિયાને નીચે ઉતારી ઉદય સમયથી અસંખ્યગુણાકારે અંતર્મુહૂર્તની સ્થિતિમાં ગોઠવવા તે, આ ગુણશ્રેણીનું અંતર્મુહૂર્ત અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના બન્નેના કાળ કરતાં થોડુ મોટું જાણવું.

ગુણશ્રેણીનાં અંતર્મુહૂર્તના છેલ્લા સમયને ગુણશ્રેણીનું શીર્ષ કહેવાય છે. ગુણશ્રેણીના પ્રથમ સમયથી ગુણશ્રેણીના મસ્તક સુધીમાં અસંખ્ય ગુણાકારે દલિયા ગોઠવે છે. એટલે કે ઉદય સમયમાં થોડુ, બીજા સમયમાં અસંખ્ય ગુણ, ત્રીજા સમયમાં અસંખ્ય ગુણ. એમ શ્રેણીના શીર્ષ સુધી સમજવું.

વળી જે ઉપરની સ્થિતિમાંથી દલીયા ઉકેરે છે, તે પણ અસંખ્ય ગુણાકારે ઉપાડે છે. એટલે પ્રથમ સમયે થોડા, બીજા સમયે અસંખ્ય ગુણ ત્રીજા સમયે અસંખ્ય ગુણ, એમ યાવત્ અંતર્મુહૂર્તના ચરમ સમય સુધી.

ગુણશ્રેણીની રચના શેષ-શેષ સમયોમાં થાય છે. એટલે પ્રથમ સમયે અંતર્મુહૂર્ત સુધી, બીજા સમયે પ્રથમ સમય જવાથી બીજા સમયથી અંતર્મુહૂર્ત – એટલે પ્રથમ સમયે ગોઠવ્યા છે ત્યાં સુધી. અર્થાત્ ગુણશ્રેણીનું મસ્તક આગળ વધતું નથી.

જેમ પ્રથમ સમયે ૧ થી ૫. સમય
બીજા સમયે ૨ થી ૫. સમય
ત્રીજા સમયે ૩ થી ૫. સમય

૯) **અપૂર્વ સ્થિતિબંધ** – અપૂર્વકરણના પ્રથમ સમયથી નવો સ્થિતિબંધ શરૂ થાય. તેટલો તેટલો સ્થિતિબંધ એક અંતર્મુ. સુધી થાય. પછીના અંતર્મુ.માં પલ્યો. સંખ્યાતમે ભાગે ન્યૂન નવો સ્થિતિબંધ થાય. તેટલો – તેટલો સ્થિતિબંધ બીજા અંતર્મુ. સુધી થાય છે. જો કે અંતર્મુહૂર્તના દરેક સમયમાં કંઈક કંઈક ન્યૂન સ્થિતિબંધ થાય, પરંતુ ઘાણો ન્યૂન ન થવાથી સરખો કહ્યો છે. આ રીતે અંતર્મુહૂર્તે – અંતર્મુહૂર્તે પલ્યો. (અ) સંખ્યાતમે ભાગે હીન હીન સ્થિતિબંધ કરે તે.

સ્થિતિબંધ અને સ્થિતિઘાત સાથે શરૂ થાય છે અને સાથે પૂર્ણ થાય છે.

૧૦) **ગ્રંથી ભેદ** – અપૂર્વકરણની વિશુધ્ધિથી ગ્રંથીભેદ થાય છે. અહી ગ્રંથી (ગાંઠ) એટલે તીવ્ર એવો રાગ-દ્વેષ રૂપ પરિણામ. આ ગ્રંથી ચિરકાળથી ઉત્પત્ર થયેલી, કઠાણ વાંસના મૂળની જેમ દુર્ભેદ્ય હોય છે.

ગ્રંથીભેદ એકવાર જ કરવાનો હોય છે. એટલે એકવાર સમ્યક્ત્વ પામેલ જીવ જો મિથ્યાત્વમાં નિરંતર પલ્યો. નો અસં. ભાગ કાળ-ચિરકાળ રહે તો સમકિત મોહનીય અને મિશ્ર મોહનીયની ઉદ્વલના થાય છે. જો તે બંનેની ઉદ્વલના થઈ જાય તો ફરી ઉપશમ સમ્યક્ત્વ પામતી વખતે ત્રાણ કરાણ કરવા પડે છે, પરંતુ ગ્રંથીભેદ કરવો પડે નહીં.

મિથ્યાત્વમાંથી ઉપશમ સમ્યક્ત્વ આમ કોઈક જીવને અનેકવાર પ્રાપ્ત કરવું પડે છે. છતાં તે જાતિભેદથી એક ગણાય છે. એટલે પ્રથમ ઉપશમ સમ્યકત્વ નામથી એકવાર પમાય એમ કહેલ છે.

૧૧) શ્રેણીનું ઉપશમ સમ્યક્ત્વ સંસાર ચક્રમાં વધારેમાં વધારે ચારવાર પમાય છે. તેથી અનાદિ મિથ્યાત્વીનું એક અને શ્રેણીનું ચારવાર મળીને કુલ પાંચવાર પમાય છે.
અનિવૃત્તિકરણ – આ કરાણમાં પ્રતિ સમયે ત્રિકાળવર્તી જીવોના અધ્યવસાય પરસ્પર સરખા હોય. અ-નહિ નિવૃત્તિકરણ-વિશુધ્ધિ અર્થાત પરસ્પર અધ્યવસાયોમાં ફેરફાર ન હોય. દરેકને એક સરખી વિશુધ્ધિ હોય. પરસ્પર સમાન અધ્યવસાય-પરિણામ હોય તે અથવા. અનિવૃત્તિકરાણ-સમકિત (ઈષ્ટગુણ) પામ્યા પહેલા જીવ પાછો ન ફરે તેવો ઉત્તરોત્તર ચઢતો પરિણામ.

૧) આ કરાણમાં પ્રતિ સમયે ત્રિકાળવર્તી જીવોનો એક એક અધ્યવસાય હોય છે તેથી મુક્તાવલિની ઉપમા આપી શકાય. ઉત્તરોત્તર ચડતો પરિણામ.

૨) ઉત્તરોત્તર દરેક સમયે અનંતગુણ વિશુધ્ધિ હોય છે. એટલે પ્રથમ સમયની વિશુધ્ધિથી બીજા સમયની અનંતગુણ, તેથી ત્રીજા સમયની અનંતગુણ એમ ચરમ સમય સુધી જાણવું.

૩) અહીં પાણ અપૂર્વકરણની જેમ ચાર અપૂર્વ કાર્યો થાય છે.

૪) અહીં દરેક સમયે એક-એક જ અધ્યવસાય સ્થાન છે. તેથી ષટ્સ્થાન થાય નહી.

૫) અનિવૃત્તિકરાણના ઘણા સંખ્યાતા ભાગ કાળ જાય, એક સંખ્યાતમો ભાગ કાળ બાકી હોય ત્યારે અંતરકરાણ કરે છે. અંતર-વચમાં, કરાણ-ખાલી કરવું તે એટલે ઉદય સમયથી એક અંતર્મુહૂર્તકાળ છોડી વચ્ચે અંતર્મુહૂર્તના દલિકોને ખાલી કરે છે. અંતર્મુહૂર્તની જગ્યાના દલિકોને ખાલી કરવા તે અંતરકરાણ કહેવાય છે એમ સમજવું.

પ્રથમસ્થિતિ - અંતરકરણ - બીજીસ્થિતિ

૬) ઉદય સમયથી અંતર્મુહૂર્તના કાળમાં જે દલિકો છે, જેને ખાલી કરતો નથી. પરંતુ ભોગવીને નાશ કરશે તે પ્રથમસ્થિતિ અથવા નીચેની સ્થિતિ કહેવાય છે.

૭) વચ્ચે અંતર્મુહૂર્તની સ્થિતિના દલિયા ખાલી કરવા તે અંતરકરણ, તે પ્રથમ સ્થિતિ કરતા મોટું અંતર્મુહૂર્તનું પ્રમાણ છે.

૮) અંતરકરણની પછીની સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ છે, તે બીજી સ્થિતિ-ઉપરની સ્થિતિ કહેવાય છે.

૯) અંતરકરણની ક્રિયા એક સ્થિતિઘાત - સ્થિતિબંધના કાળમાં થઈ જાય છે.

૧૦) નવો સ્થિતિઘાત નવો સ્થિતિબંધ અને અંતરકરણની ક્રિયા સાથે શરૂ થાય છે અને સાથે પૂર્ણ થાય છે.

૧૧) અંતરકરણના દલિક મિથ્યાત્વની પ્રથમ અને દ્વિતીય બન્ને સ્થિતિમાં પ્રતિ સમયે અસંખ્ય ગુણાકારે નાખે છે. કારણ કે જેનો બંધ અને ઉદય હોય તેના અંતરકરણના દલિયા બન્ને સ્થિતિમાં નાંખવાના હોય છે. જો ઉદય હોય અને બંધ ન હોય તો પ્રથમ સ્થિતિમાં નાખે, જો બંધ હોય અને ઉદય ન હોય તો બીજી સ્થિતિમાં નાખે, અને બંધ-ઉદય બંને ન હોય તો પર પ્રકૃતિમાં નાખે. અહીં મિથ્યાત્વનો બંધ-ઉદય બન્ને છે. માટે બન્ને સ્થિતિમાં નાખે છે.

૧૨) મિથ્યાત્વની પ્રથમ સ્થિતિને ભોગવતા ભોગવતા અંતર્મુહૂર્ત કાળે અંતરકરણની ક્રિયા પૂર્ણ થાય છે. હજુ પ્રથમ સ્થિતિનો ઉદય હોય છે.

૧૩) અંતરકરણની ક્રિયા પૂર્ણ થયા પછી મિથ્યાત્વની બીજી સ્થિતિમાં રહેલ દલિકને ઉપશમાવવા માંડે છે. પ્રથમ સમયે થોડું, બીજા સમયે અસંખ્ય ગુણ એમ પ્રથમ સ્થિતિ ભોગવવાના ચરમ સમય સુધી જાણવું.

૧૪) પ્રથમ સ્થિતિ ઉદય અને ઉદીરણા વડે ભોગવતાં બે આવલિકા જેટલી બાકી રહે ત્યારે આગાલ વિચ્છેદ થાય છે. એક આવલિકા બાકી રહે ત્યારે ઉદીરણા અટકે છે. પ્રથમ સ્થિતિની છેલ્લી આવલિકાને ઉદય વડે ભોગવે છે.

૧૫) આગાલ એટલે બીજી સ્થિતિમાં દલિયા આકર્ષી ઉદયાવલિકામાં નાખવા તે.

૧૬) પ્રથમ સ્થિતિના ચરમ સમયે વર્તતો જીવ અંતરકરણની ઉપરની બીજી સ્થિતિના દરેક સમયના દલિકના ત્રણ પુંજ કરે છે. એટલે મિથ્યાત્વની અંતઃકોડાકોડીની બીજી સ્થિતિના ત્રણ ભાગ અંતઃ કોડાકોડી જેટલા લાંબા ત્રણ ભાગ (ઉભા ત્રણ ટુકડા)

થાય છે. ત્રાણ ભાગ તે ૧ શુધ્ધ, ૨ અર્ધશુધ્ધ અને (૩) અશુધ્ધ તેમાં શુદ્ધ પુંજનું નામ સમકિત મોહનીય (૨) અર્ધશુધ્ધ પુંજનું નામ મિશ્ર મોહનીય (૩) અશુધ્ધ પુંજનું નામ મિથ્યાત્વ મોહનીય.

પ્રથમ સ્થિતિ	સમ્યકત્વ મોહનીય	(અંત. કોડાકોડી)
ના	મિશ્ર મોહનીય	(અંત. કોડાકોડી)
ચરમ સમયે	મિથ્યાત્વ મોહનીય	(અંત. કોડાકોડી)

૧૭) ત્રાણ પુંજ કરવાથી મોહનીયની ૨૬ના બદલે ૨૮ ની સત્તા થાય છે. દરેકની અંતઃ કોડાકોડી સાગ. સ્થિતિ સત્તા હોય છે.
(અહીં કેટલાના મતે ઉપશમ સમ્યકત્વની વિશુધ્ધિ ત્રાણ પૂંજ થાય તેમ કહેવાય છે.)
એટલે કે અંતરકરાણમાં પ્રવેશે ત્યારથી ત્રાણ પુંજ કરે છે.

૧૮) નવા (પ્રથમ ગુણ. થી પમાતા) ઉપશમ સમ્યકત્વવાળો જીવ ચોથાદિ ગુણ.મા જિનનામ અને સાતમા ગુણમાં આહારાક દ્વિક બાંધે નહી તેથી ઉપશમ સમ્યકત્વથી મિથ્યાત્વે આવનારને તે ત્રાણની સત્તા ન હોય. (જુઓ ઉપ. ગા. ૨૨)

ઉપશમ સમ્યકત્વ – અંતરકરાણમાં પ્રવેશ

૧) મિથ્યાત્વની પ્રથમ સ્થિતિ ભોગવાયે છતે જીવ ખાલી જગ્યા (અંતરકરાણ)માં પ્રવેશે છે. જેમ વન દાવાનળ ઉષર ભૂમિને પામીને ઓલવાઈ જાય તેમ મિથ્યાત્વ દલિયાના વેદનના અભાવથી શુધ્ધ અપૌદ્‌ગલિક એવું ઉપશમ સમ્યકત્વ પ્રાપ્ત કરે છે.

આ પ્રથમ સમ્યક્‌ત્વ – નવું સમ્યક્‌ત્વ – ઔપશમિક સમ્યક્‌ત્વ કહેવાય. ઉપશમ સમ્યકત્વની સાથે કોઈ જીવ દેશ વિરતિ અને કોઈ જીવ સર્વ વિરતિ પાણ પામે છે. સમ્યકત્વની પ્રાપ્તિ કાળથી અનં. કષાયનો પાણ ક્ષયોપશમ થાય છે. એટલે તેનો રસોદય હોય નહીં.

૨) ઉપશમ સમ્યકત્વનો કાળ અંતર્મુહૂર્તનો છે. અહીં મિથ્યાત્વની જાતિના દલિયા (સમકિત મોહનીયના) ઉદયમાં નથી તેથી સમકિતમાં અતિચાર લાગતા નથી.

૩) ઉપશમ સમ્યકત્વના પ્રથમ સમયથી મિથ્યાત્વના દલિયા સમકિત મોહનીય અને મિશ્રમોહનીયમાં ગુણ સંક્રમ વડે અંતર્મુહૂર્ત સુધી સંક્રમાવે છે. એટલે કે હવે ગુણસંક્રમ પાણ શરૂ થાય છે.

૪) અંતર્મુહૂર્ત પછી વિધ્યાત સંક્રમ પ્રવર્તે છે.

૫) *ઉપશમ સમ્યક્‌ત્વનો (અંતરકરાણનો) સમયાધિક આવલિકા કાળ રહે એટલે બીજી સ્થિતિમાં રહેલા ત્રાણે પુંજમાંથી દલિયા આકર્ષી અંતરકરાણની છેલ્લી આવલિકામાં ગોપુચ્છા કારે ગોઠવે છે.

* કલ્પભાષ્યમાં ઉપશમ સમ્યકત્વમાં વર્તતો ત્રાણ કરાણ ન પાણ કરે તેમ કહ્યું છે.

૬) અંતરકરણની એક આવલિકા બાકી રહે એટલે ગોઠવાયેલા ત્રણ પુંજમાંથી પરિણામના અનુસારે કોઈ પણ એક પુંજ ઉદયમાં આવે છે.

૭) શુધ્ધ પુંજ ઉદયમાં આવે તો ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. અર્ધશુધ્ધ પુંજ ઉદયમાં આવે તો મિશ્રપણું પામે છે અને અશુધ્ધ પુંજ ઉદયમાં આવે તો મિથ્યાત્વ પામે છે.

૮) અંતકરણમાંથી મિથ્યાત્વે જનાર કોઈ ભિરૂ જીવને મિથ્યાત્વ ઉદયની પૂર્વે જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા પહેલા અનંતાનુંબંધીના દલિયા ઉદયમાં આવી જાય છે. તેથી તે સાસ્વાદનપણું પામે છે.

૯) મિથ્યાત્વનો ઉદય હજુ થયો નથી તેથી સમ્યકત્વ ગયું નથી અને અનંતાનુબંધીનો ઉદય થયો છે. તેથી સમ્યક્ત્વનો કંઈક સ્વાદ હોય તેથી તેને સાસ્વાદન ગુણ. કહેવાય છે.

૧૦) સાસ્વાદનનો કાળ પૂર્ણ થયે જીવ નિયમા મિથ્યાત્વે જ જાય છે.

૧૧) આ રીતે અનાદિ મિથ્યાત્વી જીવ *ઉપશમ સમ્યકત્વ પામી ઉપ. સમ્યકત્વની સાથે દેશ વિરતિ કે સર્વવિરતિ પામે અને ઉપશમ સમ્યક્ત્વ થી પડી ક્ષાયોપશમિક સમ્યકત્વ-મિશ્ર-સાસ્વાદન અને મિત્થ્યાત્વ પણ પામે.

ઉપશમ શ્રેણી કરનાર આત્મા પ્રથમ અનં. નો. ઉપશમ અથવા વિસંયોજના કરે છે તેથી અહીં પ્રથમ અનંતાનુબંધીની ઉપશમના કહેવાય છે.

અનંતાનુબંધીની ઉપશમના

૪ થી ૭ ગુણમાં વર્તતો મનુષ્ય જ અનંતાનુબંધીની ઉપશમના કરે છે. ઉપશમના કરતાં ત્રણ કરણ કરે છે. ત્રણ કરણનું વર્ણન યથાયોગ્ય પ્રથમ સમ્યક્ત્વ પામતાં ની જેમ જાણવું. ઉપશમ શ્રેણી ચડનાર જ અનં.ની ઉપશમના કરે. ત્રણ કરણમાં તફાવત એ છે કે.

૧) અહી અપૂર્વ કરણમાં ગુણ સંક્રમ થાય છે. કારણ કે અનંતાનુબંધી અબધ્યમાન છે. ગુણસંક્રમ - અબધ્યમાન અશુભ પ્રકૃતિના દલિયા બધ્યમાનમાં પ્રતિ સમયે અસંખ્ય ગુણાકારે નાખવા. તેથી અનં.ના. દલિયા બધ્યમાન મોહનીયમાં અસંખ્ય ગુણાકારે નાખે છે. અપૂર્વકરણ - અને અનિવૃતિ કરણમાં ગુણસંક્રમ થાય છે.

૨) અનિવૃત્તિ કરણના સંખ્યાતા ભાગ જાય એક સંખ્યાતમો ભાગ બાકી હોય ત્યારે અંતરકરણ કરે છે.

* સિધ્ધાન્તના મતે ત્રણ કરણ કર્યા પછી ક્ષયોપશમ સમ્યકત્વ પ્રાપ્ત કરે તેમ કહ્યું છે.

૩) અહીં અનંતાનુબંધી અનુદયવતી હોવાથી પ્રથમ સ્થિતિ એક આવલિકા રાખે છે. વચ્ચે અંતર્મુહૂર્તનું અંતરકરણ કરે છે.

૪) અંતરકરણના દલિયા ચારિત્ર મોહનીયની બંધાતી પ્રકૃતિઓમાં નાખે છે.

૫) નવા સ્થિતિબંધના કાળ જેટલા અંતર્મુહૂર્તમાં અંતરકરણની ક્રિયા પૂર્ણ થાય છે.

૬) **ઉપશાન્તાદ્ધા–** અંતરકરણની ક્રિયા પછીના સમયથી બીજી સ્થિતિમાં રહેલા અનં.ના દલિયાને અંતર્મુહૂર્ત કાળે ઉપશમાવે છે. તેમાં પ્રથમ સમય થોડું, બીજા સમયે અસંખ્ય ગુણ ત્રીજા સમયે અસંખ્યગુણ એમ યાવત્ અંતર્મુહૂર્તના ચરમ સુધી જાણવું

૭) પ્રથમ સ્થિતિ એક આવલિકા રૂપ છે. તેની ઉદયવતી મોહનીયની પ્રકૃતિમાં સ્તિબુક સંક્રમ વડે સંક્રમાવી નાશ કરે છે.

આમ અનંતાનુબંધીની ઉપશમના કરનારને મોહનીયની ૨૮ની સત્તા હોય છે.

અનંતાનુબંધીની વિસંયોજના (ક્ષય)

૧) જો અનં.કષાયનો ક્ષય કર્યા પછી દર્શન ત્રિકનો ક્ષય ન કરે તો તેને અનં.ની વિસંયોજના કહેવાય છે અને અનં. કષાયનો ક્ષય કર્યા પછી જો દર્શનત્રિકનો ક્ષય કરે તો અનં. નો ક્ષય કહેવાય છે.

૨) અનં. ની વિસંયોજના ચારે ગતિમાં થાય છે. તેમાં અવિરતિ ગુણ. માં ચારે ગતિમાં દેશ. ગુણ.માં મનુષ્ય અને તિર્યંચમાં સર્વવિરતિ (૬-૭ ગુણ)માં મનુષ્યમાં વિસંયોજના થાય છે. અનંતાનુબંધીની વિસંયોજના કરનાર ત્રાણ કરાણ કરે છે. તેમાં પ્રથમ **યથાપ્રવૃતકરાણ–** તેનું વર્ણન પ્રથમ સમ્યક્ત્વ પામતી વખતે બતાવ્યા મુજબ જાણવું.

૩) **અપૂર્વકરાણ–** આ કરાણનું વર્ણન પણ પ્રથમ સમ્યક્ત્વ પામતી વખતના અપૂર્વ કરાણ જેવું સમજવું પરંતુ

૪) અહીં અપૂર્વકરાણના પ્રથમ સમયથી જ અનં. નો ગુણ સંક્રમ થાય છે. કારણ કે અનંતાનુબંધી અબધ્યમાન છે. એટલે તેના દલિયા ગુણસંક્રમ વડે બધ્યમાન ચારિત્ર મોહનીયની પ્રકૃતિમાં પ્રતિ સમયે અસંખ્યગુણાકારે સંક્રમાવે છે. જેમ કે પ્રથમ સમયે થોડું, બીજા સમયે અસંખ્યગુણ, ત્રીજા સમયે તેનાથી અસંખ્યગુણ એમ યાવત્ અપૂર્વ કરાણ અને અનિવૃત્તિકરાણના ચરમ સમય સુધી સમજવું.

૫) વળી ગુણશ્રેણિ ઉદયાવલિકાની બહારથી કરે છે. કારણ કે અનં. બંધી ઉદયવતી નથી અપૂર્વ કરણ પછી

૬) **અનિવૃત્તિ કરણ** – આ કરણ અંતર્મુહૂત પ્રમાણનું હોય છે.
અહીં પ્રતિ સમયે અનંત ગુણવિશુદ્ધિ હોય છે.
પ્રતિ સમયે દરેક જીવોના અધ્યવસાય પરસ્પર સરખા હોય છે. તેથી આ કરણના જેટલા (અસંખ્યાતા) સમય તેટલાં અધ્યવસાય સ્થાનો હોય છે.
અહીં સ્થિતિઘાતાદિ પાંચ અપૂર્વ કાર્યો કરે છે. અહીં ઉદ્વલના સહિત ગુણસંક્રમથાય છે. તેથી ઉદ્વલના અનુવિદ્ધ ગુણસંક્રમ વડે સ્થિતિ સત્તાને ઉકેરતો હજારો સ્થિતિઘાત વડે દ્વિચરમ સ્થિતિઘાત સુધી જાય છે. પછી એક ઉદયાવલિકા મૂકીને દ્વિચરમ સ્થિતિખંડ કરતા અસંખ્યગુણ મોટો ચરમસ્થિતિખંડ ઉકેરે છે. ત્યારે અનંતાનુબંધીનો ક્ષય (વિસંયોજના) થાય છે. પરંતુ ઉદયાવલિકા શેષ રહે છે. તેને વેદ્યમાન કષાયમાં સ્તિબુક સંક્રમ વડે સંક્રમાવી નાશ કરે છે. એટલે મોહનીયની ૨૪ની સત્તા થાય છે.

૭) અહીં અંતરકરાણ કરવાનું હોય નહીં. તેમજ ઉપશમના પણ ન હોય.

૮) અનંતાનુબંધીની વિસંયોજના કર્યા પછી દર્શન ત્રિકનો ક્ષય ન કરે તો ફરી મિથ્યાત્વે પણ જાય છે અને અનંતાનુબંધી ફરી બાંધે છે. તેથી મોહનીયની ફરી ૨૮ની સત્તા થાય છે.

દર્શનત્રિકની ઉપશમના

અનંતાનુબંધીની ઉપશમના કે વિસંયોજના કર્યા પછી ઉપશમ શ્રેણિ કરનાર કોઈ જીવ દર્શનત્રિકની ઉપશમના કરે છે. તે આ પ્રમાણે

૧) ક્ષાયોપશમિક સમ્યક્ત્વી પ્રમત્ત સંયત અથવા અપ્રમત્ત સંયત આ ઉપશમના કરે.

૨) અહીં પણ કરણકાળ પૂર્વે પ્રતિસમયે અનંત ગુણ વિશુદ્ધિએ વધતો ત્રાણ કરણ કરે છે.

૩) કરણ કરવા પૂર્વેનું વર્ણન પ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરનારની જેમ યથાયોગ્ય સમજવું.

૪) *યથાપ્રવૃત્ત કરણનું વર્ણન પણ તેની જેમ સમજવું.*

૫) અપૂર્વકરણનું વર્ણન પણ તે પ્રમાણે જાણવું. પરંતુ અહીં પ્રથમ સમયથી મિથ્યાત્વ અને મિશ્રનો ગુણસંક્રમ થાય છે. એટલે મિથ્યાત્વના દલિયા મિશ્ર અને સમ્ય. મોહનીયમાં અસંખ્ય ગુણાકારે નાખે છે અને મિશ્રના દલિયા સમ્યક્ત્વ મોહનીયમાં અસં. ગુણાકારે નાખે છે. (અહીં ગ્રંથી ભેદ ન હોય) અહીં નહીં બંધાતી અશુભ પ્રકૃતિઓનો ગુણસંક્રમ હોય.

૬) અનિવૃત્તિકરણ - આ કરણનું વાર્ણન પ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરનારની જેમ (પૂર્વની જેમ) જાણવું વિશેષ અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગ જાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે એટલે દર્શનત્રિકનું અંતરકરણ કરે છે. તેમાં મિથ્યાત્વ અને મિશ્રની પ્રથમ સ્થિતિ એક આવલિકા રાખે છે અને સમ્યકત્વ મોહનીયની પ્રથમ સ્થિતિ અંતર્મુહૂર્તની રાખે છે તે આ પ્રમાણે.

મિથ્યા.———— — — — —————————————

મિશ્ર. ———————— — — — —————————————

સમ્ય. મોહ.———————— — — — —————————————

૭) અહીં અંતરકરણના ત્રણેના દલિયા સમ્યક્ત્વ મોહનીયની પ્રથમ સ્થિતિમાં નાખે છે.

૮) અંતરકરણની ક્રિયા એક સ્થિતિઘાતના કાળમાં પૂરી થાય છે.

૯) મિથ્યાત્વ અને મિશ્ર મોહ.ની પ્રથમ સ્થિતિ એક આવલિકા છે. તેને સ્તિબુક સંક્રમ વડે સમકિત મોહનીયમાં સંક્રમાવી નાશ કરે છે.

૧૦) જ્યાં સુધી અંતરકરણની ક્રિયા (ખાલી કરવાનું કાર્ય) કરે છે. ત્યાં સુધી તે બન્નેની પ્રથમ સ્થિતિ એક આવલિકા હોય છે. અર્થાત જેમ જેમ સ્તિબુક સંક્રમ થતો જાય તેમ તેમ પ્રથમ સ્થિતિ એક આવલિકા આગળ આગળ વધે છે અને અંતરકરણનું અંતર્મુહૂર્ત આગળથી ઘટતું ઘટતું નાનું થતું જાય.

૧૧) અંતરકરણની ક્રિયા પૂર્ણ થયા પછી મિથ્યા. અને મિશ્રની પ્રથમ સ્થિતિ એક આવલિકા કાળે સ્તિબુક સંક્રમથી પૂર્ણ થાય છે.

૧૨) અંતરકરણની ક્રિયા પૂર્ણ થયમા પછીના સમયથી દ્વિતીય સ્થિતિમાં રહેલ ત્રણે દર્શન મોહનીયને અંતર્મુહૂર્ત કાળે ઉપશમાવે છે.

૧૩) સમ્યક્ત્વ મોહનીયની પ્રથમ સ્થિતિ અંતર્મુહૂર્ત કાળે ભોગવાયે છતે અંતરકરણમાં પ્રવેશ કરે છે. તે વખતે ઉપશમ સમ્યકત્વ પ્રાપ્ત કરે છે. અંતરકરણમાં પણ અંતર્મુહૂર્ત સુધી મિથ્યા. અને મિશ્ર. નો ગુણ સંક્રમ ચાલુ રહે છે. અંતર્મુહૂર્ત પછી વિધ્યાત સંક્રમ થાય છે. દર્શન મોહનીય ઉપશાન્ત થયેલ હોય તો પણ સંક્રમ થાય છે. કારણ કે ઉપશમેલા દર્શન મોહનીયનો સંક્રમ થાય છે. પરંતુ ઉપશમાવેલ ચારિત્ર મોહનીયનો સંક્રમ થતો નથી. આ પ્રમાણે અનં. બંધીની ઉપશમના કરી દર્શનત્રિકની પણ ઉપશમના કરનાર મોહનીયની ૨૮ની સત્તાવાળો ઉપશમ શ્રેણી કરે. (કેટલાક આચાર્યો અનંતા. ની

ઉપશમના માનતા નથી)

એટલે અનં. કષાયની વિસંયોજના કરી દર્શનત્રિકની ઉપશમના કરનાર ૨૪ની સત્તાવાળો ઉપશમ શ્રેણિ કરે.

એટલે ઉપશમ સમ્યક્ત્વી ૨૮ કે ૨૪ની સત્તાવાળો ઉપશમ શ્રેણી કરે.

પૂર્વે આયુઃ બાંધ્યુ હોય પછી અનં. કષાયનો ક્ષય કરી દર્શનત્રિકનો પણ ક્ષય કરી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને પણ ઉપશમ શ્રેણી કરે. તેનેમોહનીયની ૨૧ની સત્તા હોય. આમ ઉપશમ શ્રેણી કરનારને મોહનીયની ૨૮, ૨૪, ૨૧ સત્તા હોય છે.

દર્શનત્રિકની ક્ષપણાની વિધિ આ પ્રમાણે.

દર્શનત્રિકની ક્ષપણા

૧) દર્શન ત્રિકની ક્ષપણા ૪ થી ૭ ગુણસ્થાનકમાં થાય છે.

૨) જિનેશ્વર ભગવાન અને કેવલજ્ઞાનીના કાલમાં વર્તતો મનુષ્ય જ દર્શનત્રિકની ક્ષપણાનો પ્રારંભ કરે.

૩) દર્શનત્રિકની ક્ષપણાની સમાપ્તિ ચારે ગતિમાં થાય છે.

૪) ૮ વર્ષથી અધિક ઉમરવાળો, પ્રથમ સંઘયણી, શુભલેશ્યાવંત ક્ષપણાનો પ્રારંભ કરે.

૫) પ્રથમ યથાપ્રવૃત્તકરણ, પછી અપૂર્વકરણ ત્યારબાદ અનિવૃત્તિકરણ કરે.

૬) અહીં અપૂર્વકરણમાં મિથ્યાત્વ મોહનીય તથા મિશ્ર મોહનીયનો ગુણસંક્રમ પણ હોય છે. મિથ્યાત્વના દલિયા મિશ્ર અને સમ્યકત્વ મોહ.માં અને મિશ્રના દલિયા સમ્યકત્વ મોહનીયમાં અસંખ્ય ગુણાકારે નાખે છે.

૭) અહીં અપૂર્વકરણના કાળથી મિથ્યાત્વ મોહ. તથા મિશ્ર મોહ. ની ઉદ્વલના પણ કરે છે. એટલે મિથ્યાત્વના દલિક પોતાની નીચેની સ્થિતિમાં અને મિશ્ર અને સમ્યકત્વમાં અને મિશ્રના દલિક પોતાની નીચેની સ્થિતિમાં અને સમ્યક્ત્વ મોહનીયમાં નાખે છે.

૮) ઉદ્વલનામાં સ્થિતિની અપેક્ષાએ પ્રથમ સ્થિતિખંડ મોટો ઉવેલે છે. બીજો સ્થિતિ ખંડ વિશેષહીન, ત્રીજો વિશેષહીન એમ યાવત દ્વિચરમ સ્થિતિખંડ સુધી જાણવું.

૯) અપૂર્વકરણમાં ઉદ્વલના થતી હોવાથી મિથ્યા. મિશ્રની શરૂઆતમાં જે સ્થિતિસત્તા હોય તે સ્થિતિ સત્તા એપૂ.ના ચરમ સમયે સંખ્યાત ગુણ હીન થાય.

૧૦) અંતર્મુહૂર્ત કાલે અપૂર્વકરણ પૂર્ણ થયે અનિવૃત્તિકરણ કરે છે. અહીં પણ સ્થિતિઘાતાદિ હોય છે.

૧૧) અનિવૃત્તિકરણમાં દર્શનમોહનીયની દેશોપશમના, નિદ્ધત્તિ, નિકાચના વિચ્છેદ થાય છે.

૧૨) અનિવૃત્તિકરણમાં હજારો સ્થિતિઘાત કર્યે છતે દર્શન મોહ. ત્રિકની સ્થિતિ સત્તા જે પૂર્વે અંતઃ કોડાકોડી સાગ.ની હતી તે હવે અસંજ્ઞીસમાન થાય છે.
ત્યાર પછી ક્રમશઃ હજારો સ્થિતિખંડ ગયે છતે. અનુક્રમે ચઉ. તેઈ. બેઈ. અને એકે. સમાન સ્થિતિ સત્તા થાય છે. એટલે તે તે ભવોમાં કર્મની જેટલી સ્થિતિ સત્તા હોય તેટલી સત્તાવાળો થાય છે.

૧૩) એકે. સમાન સ્થિતિ સત્તા થયા પછી હજારો સ્થિતિખંડ ગયે છતે પલ્યો. ના સંખ્યાતમા ભાગ પ્રમાણ (ચૂર્ણિકારના મતે ૧ પલ્યો.) સ્થિતિ સત્તાવાળો થાય છે.

૧૪) હવે સત્તામાં રહેલ દર્શનત્રિકની સ્થિતિના સંખ્યાતાભાગ કરી એક સંખ્યાતમો ભાગ રાખી બીજા સંખ્યાતા ભાગોનો (સંખ્યાત બહુ ભાગોનો) નાશ કરે એ રીતે હજારો સ્થિતિઘાત થયે છતે દર્શનત્રિકની સત્તા હજુપણ પલ્યો.ના સંખ્યાતમા ભાગ પ્રમાણ રહે છે.

૧૫) ત્યાર પછી મિથ્યાત્વ પ્રથમ ક્ષય થવાનું હોવાથી તેની સ્થિતિ સત્તાના અસંખ્યભાગ કરી એક અસંખ્યાતમો ભાગ રાખી બીજા અસંખ્ય ભાગોનો નાશ કરે છે અને મિશ્ર તથા સમ્યક્ત્વ મોહ. ના સંખ્યાતા ભાગોને હણે છે. આ રીતે હજારો સ્થિતિખંડ ગયે છતે મિથ્યાત્વ એક આવલિકા જેટલું રહે છે. તે આવલિકાનો સ્તિબુક સંક્રમ વડે સમ્યક્ત્વ મોહનીયમાં એક આવલિકાકાળમાં સંક્રમાવી નાશ કરે છે.

૧૬) મિથ્યાત્વની એક આવલિકા બાકી રહે ત્યારે મિશ્ર અને સમ્ય. મોહ.ની સત્તા પલ્યો. અસં. ભાગ હોય છે.

૧૭) ત્યાર પછી મિશ્ર તથા સમ્યકત્વ મોહ.ના અસંખ્યાતા ભાગ કરી એક અસંખ્યાતમો ભાગ બાકી રાખી બીજા અસંખ્ય ભાગોનો નાશ કરે છે. એમ હજારો સ્થિતિખંડ ગયે છતે મિશ્ર. એક આવલિકા જેટલું રહે છે અને સમ્યક્ત્વ મોહ. આઠ વર્ષ પ્રમાણ રહે છે.

૧૮) પછી મિશ્રની એક આવલિકાને સ્તિબુક સંક્રમ વડે સમ્યક્ત્વ મોહનીયમાં સંક્રમાવી નાશ કરે છે.

૧૯) સમ્યક્ત્વ મોહનીયની સ્થિતિ આઠ વર્ષ પ્રમાણ સત્તામાં હોય ત્યારે નિશ્ચય નયથી **દર્શન મોહનીયનો ક્ષપક** કહેવાય છે.

૨૦) ત્યાર પછી સમ્યક્ત્વના અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિખંડોને ઉકેરે છે. દ્વિચરમ સ્થિતિખંડ કરતાં ચરમ સ્થિતિખંડ સંખ્યાત ગણો મોટો હોય છે.

૨૧) સમ્યક્ત્વ મોહનીયનો ચરમ સ્થિતિખંડનો નાશ થયા પછી સમ્યક્ત્વ મોહનીયની અંતર્મુહૂર્તની સત્તા હોય છે. તે વખતે જીવ **કૃતકરણ** કહેવાય છે.

૨૨) ઉકેરાતા મિથ્યાત્વના દલિયા સમ્ય.મોહનીય અને મિશ્ર મોહનીયમાં નાખે છે અને મિશ્રના દલિયા સમ્યક્ત્વ મોહનીયમાં નાખે છે.

૨૩) કૃતકરણમાં વર્તતો જીવ જો પૂર્વ બદ્ધાયુ હોય તો ભોગવાતું આયુ. પૂર્ણ થાય તો મરણ પામી બાંધેલા આયુષ્ય પ્રમાણે ચારે ગતિમાંથી કોઈ પણ ગતિમાં જાય છે.

૨૪) પ્રથમ શુભ લેશ્યા હતી. હવે કોઈ પણ લેશ્યામાં વર્તે છે.

૨૫) આમ છેલ્લો ગ્રાસ (અંતર્મુહૂર્ત) પ્રમાણે સમકિત મોહનીયને ઉદય ઉદીરણા વડે ભોગવીને નાશ કરે છે. અનંતર સમયે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે.

૨૬) સમ્યક્ત્વ મોહનીયની છેલ્લી, (ચરમ) આવલિકાને ફક્ત ઉદય વડે ભોગવતો જીવ વેદક સમ્યક્ત્વી કહેવાય છે.

આ રીતે ક્ષાયિક સમકિત પામવાનો પ્રારંભ મનુષ્ય જ કરે છે.

અને સમાપ્તિ ચારે ગતિમાં થાય છે. "પઠ્ઠવગો અ મણુસો નિઠ્ઠવગો ચઉસુવિ ગઈસુ" ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી જો બદ્ધાયુ ન હોય અથવા જિનનામ ન બાંધ્યુ હોય તે અંતર્મુહૂર્ત પછી ક્ષપક શ્રેણી કરે છે.

ઉપશમ શ્રેણી

ઉપશમ શ્રેણિ કરનાર ત્રણ પ્રકારના જીવો હોય છે.

૧) દર્શન સપ્તકનો ઉપશમ કરી મોહનીયની ૨૮*ની સત્તાવાળો ઉપશમ સમ્યક્ત્વી

૨) અનંતાનુબંધીની વિસંયોજના (ક્ષય) કરી દર્શન ત્રિકની ઉપશમના કરનાર મોહનીયની ૨૪ની સત્તાવાળો ઉપશમ સમ્યક્ત્વી.

★ જો અનંતાનુબંધીની વિસંયોજના કરીને જ ઉપશમ શ્રેણિ ચડાય. પરંતુ ઉપશમના કરીને ન ચડે તો તેમના મતે ૨૮ની સત્તા સાત ગુણ૦ સુધી જ હોય (જુઓ.)

૩) દર્શન સપ્તકનો ક્ષય કરનાર મોહનીયની ૨૧ ની સત્તાવાળો ક્ષાયિક સમ્યક્ત્વી. આ ત્રણે પ્રકારના જીવો ઉપશમ શ્રેણી પ્રારંભે છે. તેમાં કરણકાળ પૂર્વે અંતર્મુહૂર્ત સુધી પ્રતિ સમયે અનંતગુણ વિશુધ્ધિવંત

૪) સાતમા ગુણ સ્થાનકે યથાપ્રવૃત્ત કરણ કરે
(કરણનું વર્ણન પ્રથમ કહ્યા મુજબ યથાયોગ્ય જાણવું.)

(૫) આઠમા ગુણ સ્થાનકે અપૂર્વકરણ કરે.
અહીં આઠમા ગુણસ્થાનકનું નામ અપૂર્વકરણ એટલા માટે જ છે કે શ્રેણીમાં અહીં આઠમે અપૂર્વ કરણ (અપૂર્વ અધ્યવસાય-અપૂર્વ પાંચ કાર્યો) કરે છે.

૬) અપૂર્વકરણનો એક સંખ્યાતનો ભાગ ગયે છતે નિદ્રા પ્રચલાનો બંધ વિચ્છેદ થાય.

૭) બીજા સંખ્યાતા ભાગો ગયે છતે નામ કર્મની ત્રીસ પ્રકૃતિનો બંધ વિચ્છેદ થાય.

૮) અપૂર્વકરણના અંતે હાસ્યાદિ-૪ પ્રકૃતિનો બંધ વિચ્છેદ થાય.

૯) અહીં અપૂર્વકરણના પ્રથમ સમયથી આયુષ્ય વિનાના અશુભ સાતકર્મના સ્થિતિઘાતાદિ પાંચ કાર્યો કરે છે.

૧૦) અપૂર્વકરણ સુધી સાતે કર્મનો બંધ અને સત્તા અંતઃકોડાકોડી સાગરોપમની હોય પરંતુ પ્રથમના ગુણસ્થાનકો કરતાં સંખ્યાતગુણ હીન હોય.

૧૧) અહિં પ્રતિ સમયે ત્રિકાળવર્તી જીવોના અધ્યવસાય પરસ્પર બધાના સરખા ન હોય, નિવૃત્તિ-ફેરફારવાળા હોય તેથી અપૂર્વકરણનું બીજુ નામ નિવૃત્તિકરણ ગુણસ્થાનક પણ કહેવાય છે.

૧૨) આ કરણમાં વર્તતો જીવ મોહનીયની એકેય પ્રકૃતિને ઉપશમાવતો નથી. પરંતુ અનિવૃત્તિકરણમાં જ ઉપશમ થાય છે. છતાં અહી ઉપશામક કહેવાય છે. કારણ કે ઉપશમાવવાની પૂર્વ ભૂમિકા રૂપ કાર્ય અધ્યવસાયની વિશુધ્ધિના કારણે હોય છે માટે. અહીં પ્રથમ સમયથી જ પહેલા ગુણ.ના અંતે બંધ વિચ્છેદ થતી અશુભ-૧૩, બીજા ગુણ.ની અંતે બંધ વિચ્છેદ થતી અશુભ-૧૯, ચોથા ગુણ. ના અંતે બંધ વિચ્છેદ થતા અપ્રત્યા. ૪, પાંચમાના અંતે બંધવિચ્છેદ થતા પ્રત્યા. ૪, છઠ્ઠાના અંતે બંધવિચ્છેદવાળી અરતિ-શોક વિગેરે ૬ એમ કુલ ૪૬ પ્રકૃતિઓનો ગુણસંક્રમ થાય છે તેમજ આ ગુણસ્થાનકમાં બંધ વિચ્છેદ થતી નિદ્રાદ્વિક અશુભ વર્ણાદિ ૯ અને ઉપઘાતનો બંધ વિચ્છેદ પછી ગુણસંક્રમ થાય છે.

૧૩) અપૂર્વકરણ પછી નવમા ગુણસ્થાનકે અનિવૃત્તિકરણ કરે છે.

અહીં પ્રતિ સમયે ત્રિકાળવર્તી જીવોના અધ્યવસાય પરસ્પર સરખા ફેરફાર વિનાના હોય છે. તેથી આ ગુણસ્થાનકનું નામ પણ અનિવૃત્તિકરણ છે.

૧૪) અનિવૃત્તિકરણના પ્રથમ સમયથી સાત કર્મના દેશોપશમના નિદ્ધતિ અને નિકાચના વિચ્છેદ થાય છે.

૧૫) અનિવૃત્તિકરણના પ્રથમ સમયથી યાવત્ ઉપશાન્ત મોહ. ગુણ. સુધી સાત કર્મની સ્થિતિ સત્તા અંતઃકોડાકોડી સાગરોપમની હોય છે. પરંતુ અહીં નિવૃત્તિગુણ. માં સાતે કર્મનો બંધ અંતઃકોડાકોડી સાગરોપમ (પંચસંગ્રહના મતે અંતઃકોડા કોડી સાગરોપમ) હોય છે. પછી બંધ ઘટતો જાય છે એટલે

૧૬) ત્યારબાદ હજારો સ્થિતિબંધ ગયે છતે સહસ્ત્રપૃથક્ત્વ સાગરોપમ પ્રમાણ સાત કર્મનો બંધ થાય છે.

૧૭) ત્યારબાદ અનુક્રમે હજારો-હજારો સ્થિતિબંધના આંતરે-આંતરે અનુક્રમે અસંજ્ઞી પંચિ-ચઉરિન્દ્રિય-તેઇન્દ્રિય-બેઇન્દ્રિય-અને એકે. સમાન સ્થિતિબંધ થાય છે.

૧૮) ત્યારબાદ હજારો સ્થિતિબંધ ગયે છતે ★ એક પલ્યોપમપ્રમાણ સ્થિતિબંધ થાય છે.

૧૯) ત્યાર પછી હજારો સ્થિતિબંધ ગયે છતે અનુક્રમે દેશઘાતી રસબંધ શરૂ થાય છે. એટલે કે તે પ્રકૃત્તિઓનો અત્યાર સુધી સર્વઘાતી રસબંધ હતો. હવે દેશઘાતી રસ બંધાય તે આ પ્રમાણે.

૧) પ્રથમ હજારો સ્થિતિબંધ ગયે છતે દાનાન્તરાય અને મનઃપર્યવજ્ઞાના. નો ત્યાર પછી હજારો સ્થિતિબંધ પછી લાભાન્તરાય, અવધિદ્વિકનો દેશઘાતી રસ બાંધે.
હજારો સ્થિતિબંધ પછી ભોગાન્તરાય, શ્રુતજ્ઞાના. અચક્ષુ.દર્શ૦ના
હજારો સ્થિતિબંધ પછી ચક્ષુદર્શનાવરણનો
હજારો સ્થિતિબંધ પછી ઉપભોગાન્તરાય, મતિજ્ઞાના. નો
હજારો સ્થિતિબંધ પછી વીર્યાન્તરાયનો દેશઘાતી રસબંધ થાય છે.

૨૦) ત્યાર પછી હજારો સ્થિતિબંધ ગયે છતે મોહનીયની ૨૧ પ્રકૃતિઓનું અંતરકરણ કરે છે. તેમાં (૧) કોઈ પણ વેદ અને (૨) કોઈપણ એક સંજ્વલન કષાયની પ્રથમ સ્થિતિ અંતર્મુહૂર્તની રાખે છે અને બાકીની ૧૯ પ્રકૃતિઓની પ્રથમ સ્થિતિ એક અવલિકા રાખે છે. અંતરકરણ કર્યા પછી મોહનીયનો એક ઠાણીયો રસ બંધાય.

★ જો કે અહીં કમ્મપયડી-પંચસંગ્રહ વિગેરેમાં સ્થિતિબંધનું વિસ્તારથી વિભાગ પ્રમાણે વર્ણન છે, પરંતુ અહીં ઘણો વિસ્તાર લખ્યો નથી તે ગ્રંથોમાંથી જાણી લેવું.

૨૧) અંતરકરણની ઉદયવતી પ્રકૃતિના પ્રથમ સ્થિતિના ત્રણવેદ અને ચાર કષાયના ઉદયકાળનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે. સ્ત્રીવેદ અને નપુંસક વેદનો ઉદયકાળ સર્વથી અલ્પ અંતર્મુહૂર્ત (પરસ્પર સરખો) તેનાથી પુરૂષવેદનો સંખ્યાત ગુણ તેથી સં. ક્રોધ-માન-માયા અને લોભનો ઉદયકાળ વિશેષાધિક-વિશેષાધિક અંતર્મુહૂર્ત જાણવો.

૨૨) જો સંજ્વલન ક્રોધના ઉદયે શ્રેણી આરંભે તો જ્યાં સુધી અપ્રત્યા. તથા પ્રત્યાખ્યાનાવરણનો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજ્વલન ક્રોધનો ઉદય હોય છે. જો સંજ્વલન માનના ઉદયશ્રેણી આરંભે તો જ્યાં સુધી અપ્રત્યાખાન, પ્રત્યાખાન માનનો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજ્વલન માનનો ઉદય હોય છે. જો સંજ્વલન માયાના ઉદયે શ્રેણી આરંભે તો જ્યાં સુધી અપ્રત્યા. તથા પ્રત્યા.માયાનો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજ્વલન માયાનો ઉદય હોય છે અને સંજ્વલન લોભના ઉદયમાં વર્તતો જીવ જો શ્રેણીપ્રારંભે તો જ્યાં સુધી અપ્રત્યા. પ્રત્યા. લોભનો ઉપશમ ન થાય ત્યાં સુધી બાદર સંજ્વલન લોભનો ઉદય હોય છે.

૨૩) સર્વ પ્રકૃતિઓનું અંતરકરણ નીચેની (પ્રથમ) સ્થિતિની અપેક્ષાએ વિષમ અને ઉપરની (બીજા)સ્થિતિની અપેક્ષાએ સમાન હોય છે.

૨૪) અંતરકરણની ક્રિયા એક સ્થિતિઘાતના કાળમાં પૂર્ણ થાય છે.

૨૫) **અંતરકરણના દલિકનો પ્રક્ષેપવિધિ-અંતરકરણ કરતી વખતે**

૧) જેનો બંધ અને ઉદય બંને હોય તેના અંતરકરણના દલિયા પ્રથમ અને દ્વિતીય એમ બંને સ્થિતિમાં નાખે છે. જેમ પુરૂષવેદારુઢ શ્રેણી આરંભે તો તેના અંતરકરણના દલિયા બંને સ્થિતિમાં નાખે.

૨) જેનો માત્ર ઉદય હોય પણ બંધ ન હોય તેના અંતરકરણના દલિયા પ્રથમ સ્થિતિમાં નાખે છે જેમ નપું. અથવા સ્ત્રીવેદના ઉદયમાં વર્તતો જીવ શ્રેણી આરંભે તો તેના અંતરકરણના દલિયા પ્રથમ સ્થિતિમાં નાખે.

૩) જેનો માત્ર બંધ હોય પરંતુ ઉદય ન હોય તેના અંતરકરણના દલિયા બીજી સ્થિતિમાં નાખે છે. જેમ નપું-અથવા સ્ત્રીવેદમાં વર્તતો શ્રેણી આરંભે તો પુરૂષવેદના દલિયા બીજી સ્થિતિમાં નાખે.

૪) જેનો બંધ-ઉદય એકેય ન હોય તેના અંતરકરણના દલિયા પરપ્રકૃતિમાં નાખે, જેમ અપ્રત્યા. પ્રત્યા. ના દલિયા સંજ્વલન કષાયમાં નાખે.

૨૬) અંતરકરણની ક્રિયા શરૂ પછી, પછીના સમયથી પ્રથમ નપુંસકવેદને ઉપશમાવે છે. તેમાં પ્રથમ સમયે થોડું દલિક, બીજા સમયે અસંખ્યગુણ, ત્રીજા સમયે અસંખ્યગુણ એમ યાવત્ અંતર્મુહૂર્ત સુધી ઉપશમાવે.

તેમજ પ્રતિ સમયે જે દલિક ઉપશમાવે છે તેના કરતાં પર પ્રકૃતિમાં અસંખ્યગુણ દલિક સંક્રમાવે છે. એટલે પ્રથમ સમયે ઉપશાન્ત દલિક કરતાં પરમાં અસંખ્યગુણ નાખે છે. એમ અંતર્મુહૂર્તના દ્વિચરમ સમય સુધી જાણવું.

ચરમ સમયે પરમાં નાખે તેના કરતાં ઉપશમ પામતું અસંખ્ય ગુણ સમજવું.

આમ અંતર્મુહૂર્ત કાળે નપુંસક વેદ ઉપશાન્ત થાય છે.

૨૭) નપુંસક વેદ ઉપશમાવ્યા પછી હજારો સ્થિતિબંધ ગયે છતે નપુંસકવેદમાં કહ્યા પ્રમાણે અંતર્મુહૂર્તકાળે સ્ત્રીવેદ ઉપશમાવે છે.

૨૮) ત્યાર પછી હજારો સ્થિતિબંધ ગયે છતે પુરૂષવેદ અને હાસ્યાદિ છ ને ઉપશમાવવાનું કાર્ય સાથે પૂર્વોક્ત રીતે કરે છે.

સાત પ્રકૃતિને ઉપશમાવતો જો પુરૂષવેદે શ્રેણી આરંભી હોય તો પુરૂષવેદની પ્રથમ સ્થિતિ બે આવલિકા બાકી હોય ત્યારે આગાલ વિચ્છેદ થાય છે તેમજ હાસ્યાદિના દલિયા પુરૂષવેદમાં ન નાખે પરંતુ સંજ્વલનમાં નાખે અને એક આવલિકા બાકી હોય ત્યારે ઉદીરણા વિચ્છેદ થાય છે અને પ્રથમ સ્થિતિ એક આવલિકા છે. તે ઉદય વડે ભોગવે. પ્રથમ સ્થિતિ પૂર્ણ થાય તે વખતે હાસ્યાદિ છ સંપૂર્ણ ઉપશાન્ત થયેલા હોય છે.

પુરૂષવેદની પ્રથમસ્થિતિ એક સમયની અને દ્વિતીય સ્થિતિમાં સમયન્યૂન બે આવલિકામાં બંધાયેલ દલિક બાકી હોય છે. બીજુ પુરૂષવેદનું દલિક પણ ઉપશમ થઈ જાય છે. પછીના સમયે અવેદક થાય છે.

૨૯) જ્યારથી અવેદક થયો ત્યારથી અપ્રત્યા. પ્રત્યા. અને સંજ્વલન ક્રોધ એમ ત્રણ ક્રોધને ઉપશમાવવાનું શરૂ કરે છે. સાથે સાથે સમયન્યૂન બે આવલિકા કાળમાં બાંધેલું પુરૂષવેદનું દલિયું પણ તેટલા કાળે ઉપશમાવે છે.

૩૦) સંજ્વલન ક્રોધના ઉદયમાં શ્રેણી આરંભ કરનારને ક્રોધની પ્રથમ સ્થિતિ સમયન્યૂન ત્રણ આવલિકા બાકી રહે જ્ છતે અપ્રત્યા. પ્રત્યા.ના દલિયા સંજ્વલન ક્રોધમાં ન નાખે પરંતુ સંજ્વલન માનાદિમાં નાખે. એટલે કે સં. ક્રોધ બંધ હોવા છતાં અપતદ્ગ્રહ બને છે.

સં. ક્રોધની પ્રથમ સ્થિતિ બે આવલિકા શેષ હોય ત્યારે આગાલ વિચ્છેદ થાય છે અને એક આવલિકા બાકી હોય ત્યારે બંધ અને ઉદય ઉદીરણા વિચ્છેદ થાય છે. તે વખતે અપ્રત્યા-પ્રત્યા ક્રોધનો ઉપશમ પૂર્ણ થાય છે. સં. ક્રોધની પ્રથમ સ્થિતિ એક આવલિકા અને સમયન્યૂન બે આવલિકામાં બંધાયેલા દલિક સિવાયનું સં. ક્રોધનું દલિક પણ ઉપશમ થઈ જાય છે.

૩૧) જ્યારથી સં. ક્રોધનો બંધ ઉદય ઉદીરણા વિચ્છેદ થાય છે. ત્યારથી સં. માનની બીજી સ્થિતિમાંથી દલિયા આકર્ષીને પ્રથમ સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ કરે છે અને વેદે છે તે વેદતો છતો અપ્ર. પ્રત્યા. અને સંજ્વલન માનને ઉપશમાવવાનું કાર્ય પણ શરૂ કરે છે.
સાથે સાથે સં. ક્રોધની બીજી સ્થિતિમાં સમયન્યૂન બે આવલિકામાં નવું બંધાયેલ દલિક નહી ઉપશમાવેલ છે તેને તેટલા કાળે ઉપશમાવે છે. અને સં. ક્રોધની પ્રથમ સ્થિતિમાં એક આવલિકા બાકી છે તેનો સ્તિબુક સંક્રમ વડે સં. માનમાં સંક્રમાવી નાશ કરે છે.

૩૨) સં. માનને વેદતો છતો પ્રથમ સ્થિતિ સમયન્યૂન ત્રણ આવલિકા બાકી રહેતે છતે અપ્રત્યા, પ્રત્યા. માનના દલિયા સં. માનમાં ન નાખે એટલે કે સં. માન બંધ હોવા છતાં. અપતદ્ગ્રહ થાય, તેથી સં. માયાદિમાં નાખે. બે આવલિકા બાકી રહે ત્યારે આગાલ વિચ્છેદ થાય છે. અને એક આવલિકા બાકી હોય ત્યારે બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ થાય છે. અપ્રત્યા. પ્રત્યા. માન સંપૂર્ણ ઉપશમ થાય છે. સંજ્વલન માનની પ્રથમ સ્થિતિ એક આવલિકા અને દ્વિતીય સ્થિતિમાં સમયન્યૂન બે આવલિકામાં બંધાયેલ દલિયું બાકી છે. બાકીનું સં. માનનું પણ બધુ દલિયું ઉપશમી જાય છે.

૩૩) જ્યારથી સં. માનના બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ થયા ત્યારથી સં. માયાની ઉપરની (બીજી) સ્થિતિમાંથી દલિયા આકર્ષી પ્રથમ સ્થિતિ કરે અને અંતર્મુહૂર્ત સુધી વેદે છે. તે વેદતો છતો ત્રણ માયાને ઉપશમાવવાનું પણ કરે છે અને સાથે સાથે સમયન્યૂન બે આવલિકામાં નવું બંધાયેલ સં. માનનું દલિયું જે નહીં ઉપશમેલ છે તેને પણ ઉપશમાવે છે અને સં. માનની પ્રથમ સ્થિતિ એક આવલિકા છે. તેને સં. માયામાં સ્તિબુક સંક્રમ વડે સંક્રમાવી નાશ કરે છે.

૩૪) સં. માયાને વેદતો છતો પ્રથમ સ્થિતિ સમયન્યૂન ત્રણ આવલિકા બાકી રહે ત્યારે અપ્રત્યા. પ્રત્યા. માયાના દલિયા સં. માયામાં ન નાખતાં સં. લોભમાં નાખે છે.
બે આવલિકા શેષ રહે છતે આગાલ વિચ્છેદ થાય છે અને એક આવલિકા શેષ રહે ત્યારે સં. માયાના બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ થાય છે. અપ્રત્યા. પ્રત્યા. માયા ઉપશમ પામે છે

અને સં. માયાની પણ પ્રથમ સ્થિતિ એક આવલિકા તથા બીજી સ્થિતિમાં સમયન્યૂન બે આવલિકામાં બંધાયેલ દલિક સિવાય બધું ઉપશમ થઈ જાય છે.

૩૫) જ્યારથી સં. માયાના બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ થાય છે, ત્યારથી સં. લોભની બીજી સ્થિતિમાંથી દલિયા આકર્ષી પ્રથમ સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ કરે છે અને વેદે છે. તે વેદતો છતો અપ્રત્યા. પ્રત્યા. લોભ અને બાદર સં. લોભને ઉપશમાવવાનું કાર્ય શરૂ કરે છે અને તેની સાથે સાથે સં. માયાના સમયન્યૂન બે આવલિકાના કાળમાં નવા બંધાયેલા દલિકોને પણ ઉપશમાવે છે અને સં. માયાની પ્રથમ સ્થિતિની એક આવલિકાને સ્તિબુક સંક્રમ વડે સં. લોભમાં સંક્રમાવી નાશ કરે છે.

૩૬) તેમજ સં. લોભને વેદતો છતો લોભ વેદવાના અંતર્મુહૂર્તના કાળના, ત્રણ ભાગ કરે છે તેમાં પ્રથમ વિભાગમાં અપૂર્વ સ્પર્ધકો કરે છે.

પૂર્વ સ્પર્ધકો-

જ્યારે કાર્મણ વર્ગણા ગ્રહણ કરી કર્મ રૂપે આત્મ સાથે ચોંટે છે ત્યારે તે પરમાણુઓમાં કષાય સહિત લેશ્યાથી ઉત્પન્ન થયેલ અધ્યવસાયો વડે દરેક પરમાણુમાં સર્વ જીવ કરતાં અનંતગુણ રસ ઉત્પન્ન થાય છે. તેમાં સર્વથી અલ્પ અને પરસ્પર સમાન રસાંશવાળા કેટલાક પરમાણુઓનો સમૂહ તેનું નામ પ્રથમ વર્ગણા. તેનાથી એક અધિક રસાંશવાળા કેટલાક કર્મ પરમાણુઓનો સમૂહ તે બીજી વર્ગણા. એક અધિક રસાંશવાળા કેટલાક કર્મ પરમાણુઓનો સમૂહ તે ત્રીજી વર્ગણા. આમ એક-એક (એકોત્તેર) વૃધ્ધિવાળી અભવ્યથી અનંતગુણ વર્ગણા બને છે. તેનું નામ પ્રથમ સ્પર્ધક-પૂર્વ સ્પર્ધક.

પછી એક અધિક રસાંશવાળા કર્મ પરમાણુઓ નથી. બે અધિક રસાંશવાળા કર્મ પરમાણુઓ હોતા નથી. પરંતુ પ્રથમ સ્પર્ધકની છેલ્લી વર્ગણા કરતાં સર્વ જીવ કરતાં અનંતગુણ રસવાળા કર્મ પરમાણુઓ હોય તેવા સમાન રસાંશવાળા કર્મ પરમાણુઓનો સમૂહ તેનું નામ બીજા સ્પર્ધકની પહેલી વર્ગણા. પછી પ્રથમ સ્પર્ધકની જેમ અભવ્યથી અનંતગુણી એકોત્તેર વૃદ્ધિવાળી વર્ગણાઓ થાય તેનું નામ બીજુ સ્પર્ધક.

એમ એક સમયે ગ્રહણ કરેલ કર્મ પરમાણુઓમાંથી આવા અનંતા સ્પર્ધકો બને. તે બધા સ્પર્ધકોનો સમૂહ તેનું નામ એક **રસસ્થાન.**

અપૂર્વ સ્પર્ધક-આમ જીવે પહેલાં બાંધેલા રસસ્થાનના પૂર્વ સ્પર્ધકોમાંથી વર્ગણાઓ ગ્રહણ કરી તેના રસને અનંતગુણ હીન કરે. પરંતુ એકોત્તેર વૃદ્ધિનો ક્રમ રહેવા દે તેનું નામ

અપૂર્વ સ્પર્ધક.

આ રીતે પ્રથમ વિભાગમાં અપૂર્વ સ્પર્ધકો કરે. અર્થાત્ રસ અનંત ગુણ હીન કરે.

૩૭)**કિટ્ટિકરણાદ્ધા**

ત્યારપછી પૂર્વ સ્પર્ધકો અને અપૂર્વ સ્પર્ધકોની વર્ગણાઓ ગ્રહણ કરી રસ અનંત ગુણ હીન કરે અને વર્ગણાઓનો એકોત્તેર વૃદ્ધિ ક્રમ પણ ન રહે તે કિટ્ટી કહેવાય, લોભ વેદવાના કાળના બીજા તૃતીયાંશ ભાગમાં કિટ્ટિઓ કરે છે.

૩૮)બાદર સં. લોભને વેદતો છતો પ્રથમ સ્થિતિ ત્રણ આવલિકા બાકી રહે ત્યારે અપ્ર. પ્રત્યા. લોભના દલિયા સં. લોભમાં ન નાખે પરંતુ સ્વસ્થાનને જ ઉપશમાવે. સં. લોભની પ્રથમ સ્થિતિ બે આવલિકા શેષ રહે ત્યારે આગાલ વિચ્છેદ થાય અને એક આવલિકા શેષ રહે ત્યારે સં. લોભનો બંધ-બા. સં. નો ઉદય-ઉદીરણા વિચ્છેદ થાય તે વખતે.

૩૯)(૧) નવમું ગુણસ્થાનક પૂર્ણ થાય

(૨) બાદર સં. લોભનો ઉદય-ઉદીરણા વિચ્છેદ થાય.

(૩) સં. લોભનો બંધ વિચ્છેદ થાય.

(૪) અપ્રત્યા., પ્રત્યા., લોભનો સંપૂર્ણ ઉપશમ થાય.

(૫) સં. લોભની પ્રથમ સ્થિતિ એક આવલિકા તથા સમયન્યૂન બે આવલિકામાં બંધાયેલ દલિયું અને કિટ્ટીઓ સિવાયનું સં. લોભનું બાકીનું બધું દલિયું ઉપશમ પામે.

૪૦)અનન્તર સમયે બીજી સ્થિતિમાંથી કેટલીક કિટ્ટીઓ આકર્ષીને પ્રથમ સ્થિતિ રૂપે ગોઠવે છે. એટલે સૂક્ષ્મ સંપરાયના કાળ પ્રમાણ-અંતર્મુહૂર્ત સુધી ઉદયમાં આવે તે રીતે પ્રથમ સ્થિતિ રૂપે બનાવે છે અને ભોગવે છે.

૪૧)પ્રથમ સ્થિતિ રૂપ કરેલ કિટ્ટિઓને ઉદય-ઉદીરણા વડે ભોગવતો જીવ **સૂક્ષ્મ સંપરાય** કહેવાય છે.

સૂક્ષ્મ સંપરાયમાં વર્તતો જીવ દ્વિતીય સ્થિતિમાં રહેલ સમયન્યૂન બે આવલિકા કાળમાં બંધાયેલ બાદર લોભને તેટલા કાળે તથા સૂક્ષ્મ કિટ્ટિઓને પણ સમયે સમયે સાથે ઉપશમાવે છે.

વળી બાદર સં. લોભની પ્રથમ સ્થિતિમાં રહેલ એક આવલિકાને સ્તિબુક સંક્રમ વડે સૂક્ષ્મ કિટ્ટિઓમાં સંક્રમાવી નાશ કરે છે.

૪૨)સૂક્ષ્મ કિટ્ટીઓને ભોગવતો અને શેષ સં. લોભને ઉપશમાવતો સૂક્ષ્મ સંપરાય ગુણ.ના ચરમ સમય સુધી જાય છે.

૪૩) અનન્તર સમયે સૂ. લોભનો ઉદય-ઉદીરણા વિચ્છેદ થવાથી ઉપશાન્ત મોહ ગુણ. ને પ્રાપ્ત કરે છે.

અહીં સં. લોભનો સંપૂર્ણ ઉપશમ થઈ ગયો છે. તેથી તે ઉપશાન્ત મોહ વીતરાગ કહેવાય છે. આ રીતે ઉપશમ શ્રેણી પ્રાપ્ત કરે છે.

૪૪) ઉપશાન્ત મોહ વીતરાગપણાનો કાળ -

ભવક્ષયે - જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત

કાળ ક્ષયે - જ - ઉ - અંતમુહૂર્ત.

૪૫) જો આયુષ્ય પૂર્ણ થઈ જાય તો ઉપશમ શ્રેણીમાં ચડતાં અથવા અગ્યારમા ગુણસ્થાનકે અગર પડતા જઘન્યથી ૮ થી ૧૧ ગુણ. માં એક સમય કાળ ઘટે છે. અને જો શ્રેણીમાં આયુષ્ય પૂર્ણ ન થાય તો દરેક ગુણ.માં અંતર્મુહૂર્ત રહીને અનુક્રમે પડે છે અને છઠ્ઠુ-સાતમું ગુણ. પામે છે.

તેથી પણ પતિત પરિણામી હોય તો છઠ્ઠા-સાતમામાંથી પડી પાંચમે-ચોથે-બીજે-અને પહેલા ગુણ.માં પણ આવે છે.

આ રીતે ઉપશમ શ્રેણી પ્રાપ્ત કરી અંતર્મુહૂર્ત કાલે પડી કોઈક આત્મા ફરી પણ ઉપશમ શ્રેણી કરી શકે છે.

ઉપશમ શ્રેણી એક ભવમાં ઉત્કૃષ્ટથી બે વાર અને સંસાર ચક્રમાં ચાર વાર પમાય છે.

જે આત્મા એક વાર ઉપશમ શ્રેણી ચડે તે પછી ક્ષપક શ્રેણી કરી શકે છે. પરંતુ બે વાર ઉપશમ શ્રેણી કરનાર તે ભવમાં ક્ષપક શ્રેણી કરી શકે નહીં.

ક્ષપક શ્રેણીનું સ્વરૂપ

पढमकसाय चउक्कं, इत्तो मिच्छत-मीस-सम्मत्तं।
अविरयसम्मे देसे, पमत्ति अपमत्ति खीअंती ॥ ७८॥

પહેલા કષાયનું ચતુષ્ક, એ પછી મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીય ક્ષય પામે છે. આ સાત પ્રકૃતિ અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ પ્રમત્ત અથવા અપ્રમત્તે ક્ષય પામે છે.

જો ઉપશમ શ્રેણી કરનાર ત્રણ સંઘયણવાળા શ્રેણીમાં મરણ પામે તો વૈમાનિકમાં જાય અને શ્રેણીમાં મરણ પામનાર અનુત્તરમાં જ જાય. તેમ માનીએ તો શ્રેણીમાં પ્રથમ સંઘયણવાળા જ મરણ પામે, પરંતુ બીજા-ત્રીજા સંઘયણવાળા મરણ ન પામે (જુઓ)

अनियट्टि बायरे थीण,गिद्धितिग-निरयतिरिअनामाओ ।
संखिज्जइमे सेसे, तप्पाउग्गाओ खीअंति ॥७९॥

સ્ત્યાનગૃધ્ધિ (થીણદ્ધિ) ત્રિક, નરકગતિ અને તિર્યંચગતિ તત્પ્રાયોગ્ય નામ કર્મની (૧૩) પ્રકૃતિઓ ક્ષય પામે છે ॥૭૯॥

इत्तो हणइ कसायट्ठगंपि पच्छा नपुंसगं इत्थिं।
तो नोकसायछक्कं छुहइ संजलणकोहंमि ॥८०॥

એ પછીઆઠ કષાયનો ક્ષય કરે. પછી નપુંસક વેદ, સ્ત્રીવેદનો ક્ષય કરે. તે પછી છનોકષાય સંજ્વલન ક્રોધને વિષે સંક્રમાવે છે.

पुरिसं कोहे कोहं, माणे माणं च छुहइ मायाए।
मायं च छुहइ लोहे, लोहं सुहुमंपि तो हणइ ॥८१॥

પુરૂષવેદને સંજ્વલન ક્રોધમાં, સંજ્વલન ક્રોધને સંજ્વલન માનમાં, સંજ્વલન માનને સંજ્વલન માયામાં સંક્રમાવે સં. માયાને સંજ્વલન લોભમાં સંક્રમાવે, તે પછી સૂક્ષ્મ લોભને પણ હણે છે ॥૮૧॥

खीणकसाय दुचरिमे, निद्दं पयलंच हणइ छउमत्थो।
आवरणमंतराए, छउमत्थो चरमसमयंचि ॥८२॥

છદ્મસ્થ નિદ્રા અને પ્રચલાનો ક્ષય કરે અને છેલ્લે સમયે નવ આવરણ અને પાંચ અંતરાયનો ક્ષય કરે છે. ॥૮૨॥

देवगइसहगयाओ, सुचरम समय भविअंमि खीअंति।
सविवागेअरनामा नीआगोअंपि तत्थेव ॥८३॥

બે છેલ્લા સમય છે (બાકી) જેને એવા (દ્વિચરમ) અયોગીના દ્વિચરમ સમયે ભવ્ય જીવને વિષે દેવગતિ સાથે બંધ છે જેનો એવી દશ. પ્રકૃતિ ક્ષય પામે છે. વિપાકરહિત નામ કર્મની (૬૨) પ્રકૃતિ, નીચગોત્ર તથા એક વેદનીય ત્યાં જ ક્ષય પામે છે. ॥૮૩॥

अन्नयर वेअणीअं, मणुआउअ-मुच्चगोअ-नवनामे।
वेएइअजोगिजिणो, उक्को सजहन्नमिक्कारा ॥८४॥

બાકી રહેલ એક વેદનોય, મનુષ્યાયુ, ઉચ્ચગોત્ર અને નામકર્મની નવ પ્રકૃતિ અયોગિ જિન ઉત્કૃષ્ટપણે વેદે અને જઘન્ય અગ્યાર પ્રકૃતિ વેદે ॥૮૪॥

मणुअगइ जाइ तस बायरं च पज्जवसुभगमाइज्जं।
जसकित्ती तित्थयरं, नामस्स हवंति नव एआ ॥८५॥

મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસનામ, બાદરનામ, પર્યાપ્ત નામ, સુભગનામ, આદેયનામ,યશઃ કીર્તિનામ, અને તીર્થંકર નામ એ નવ પ્રકૃતિઓ નામકર્મની હોય છે. ॥૮૫॥

મતાંતર ગાથા

तच्चाणु पुव्वि सहिआ, तेरस भवसिद्धिअस्स चरमंमि।
संतंसगमुक्कोसं, जहन्नयं बारस हवंति ॥८६॥

મનુષ્યાનુપૂર્વી સહિત તેર સત્તા કર્મ પ્રકૃતિઓ તદ્‌ભવ મોક્ષગામી અયોગિને છેલ્લે સમયે ઉત્કૃષ્ટથી હોય અને જઘન્યથી બાર હોય ॥૮૬॥

मणुअगइसहगयाओ, भवखित्तविवाग जिअविवागाओ।
वेअणिअन्नयरुच्चं चरम-समयंमि खीअंति ॥८७॥

મનુષ્યગતિ સાથે ઉદય છે, જેનો એવી અગ્યાર પ્રકૃતિ (મનુષ્યાયુ), તે ભવ-વિપાકી (મનુષ્યાનુપૂર્વી) ક્ષેત્રવિપાકી અને જીવ-વિપાકી (નામકર્મની નવ) પ્રકૃતિઓ તથા એક વેદનીય અને ઉચ્ચગોત્ર ભવ્યસિદ્ધીકને છેલ્લા સમયે ક્ષય પામે છે. ॥૮૭॥

અહીં માત્ર ગાથાર્થ કહીને હવે, ક્ષપકશ્રેણિનું વિસ્તારથી વર્ણન કહેવાય છે.

ક્ષપકશ્રેણીનું વિસ્તારથી સ્વરૂપ

ક્ષપકશ્રેણી પ્રારંભ કરે તે મનુષ્ય અવશ્ય આઠ વર્ષ ઉપરની ઉંમરનો હોય. વિશુદ્ધિ વગેરે પૂર્વની જેમ સમજવું.

ક્ષપકશ્રેણી આરંભતો મનુષ્ય ૭ મા ગુણઠાણમાં વર્તતો દર્શન સપ્તકનો ક્ષય થયા પછી અબધ્ધાયુઃ આત્મા ક્ષપક શ્રેણી કરે. એટલે ચારિત્ર મોહનીયની ૨૧ પ્રકૃતિનો ક્ષય કરવા ત્રણ કરણ કરવા પૂર્વક ક્ષપક શ્રેણી પ્રારંભે તેમાં

૧) **યથાપ્રવૃત્તકરણ-** અપ્રમત્તસંયમ ગુણસ્થાનકે અંતર્મુહૂર્ત કાળે આ કરણ કરે, યથાપ્રવૃત્ત કરણનું વર્ણન પૂર્વની જેમ જાણવું ત્યાર પછી

૨) **અપૂર્વકરણ-** અપૂર્વ કરણ ગુણસ્થાનકે આ કરણ કરે. ક્ષપક અને ઉપશામકને, આ ગુણસ્થાનકને આજ સુધી ન આવ્યા હોય તેવા અપૂર્વ અધ્યવસાય અહીં હોય છે. તેથી

જ આ ગુણસ્થાનકનું નામ પણ અપૂર્વકરણ ગુણસ્થાનક છે. અપૂર્વકરણનું વર્ણન પણ પૂર્વની જેમ જાણવું. અહિં અબધ્યમાન અશુભ પ્રકૃત્તિઓનો ગુણસંક્રમ પણ થાય છે.

૩) અપૂર્વકરણનો એક સાતમો ભાગ ગયે છતે નિદ્રા પ્રચલાનો બંધ વિચ્છેદ થાય.

૪) સાતીયા છ ભાગ ($\frac{6}{7}$ભાગ) ભાગ ગયે છતે નામકર્મની ત્રીસ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ થાય છે.

૫) અપૂર્વકરણના ચરમ સમયે હાસ્ય રતિ-ભય-અને જુગુપ્સા મોહનીયનો બંધ વિચ્છેદ થાય છે.

૬) **અપૂર્વકરણ** – પ્રથમ સમયે સાત કર્મનો બંધ અને સ્થિતિસત્તા અંતઃકોડાકોડી સાગ૦ હતી તેના કરતાં અપૂર્વકરણના ચરમ સમયે સંખ્યાત ગુણ હીન અંતઃકોડાકોડી સ્થિતિબંધ અને સ્થિતિસત્તા હોય છે. અહીં અપ્રત્યા૦, પ્રત્યા૦ કષાયનો તેવી રીતે ક્ષય કરે જેથી અનિવૃત્તિકરણમાં પ્રથમ સમયે પલ્યો૦ અસ૦ ભાગ હોય.

૭) **અનિવૃત્તિકરણ** – ત્યાર પછી અનન્તર સમયે અનિવૃત્તિકરણ કરે છે.

અહિં ત્રિકાળવર્તિ (એટલે) ભૂતકાળમાં આ નિવૃત્તિ કરનાર વર્તમાનકાળે આ કરણ કરનાર અને ભવિષ્યકાળમાં આ કરણ કરનારા જીવોના પરસ્પર સમાન અધ્યવસાય હોય છે અને તેથી જ આ ગુણસ્થાનકનું નામ **અનિવૃત્તિકરણ** છે.

જો કે ઉપશમશ્રેણી કરનારના અનિવૃત્તિકરણના અધ્યવસાય કરતાં ક્ષપકશ્રેણી કરનારની વિશુધ્ધિ દ્વિગુણ હોય છે. છતાં ઉપશામક જીવોને પરસ્પર સમાન અને ક્ષપકને પરસ્પર સમાન અધ્યવસાય હોય છે. માટે અનિવૃત્તિકરણ જ કહેવાય છે. આ કરણનું કેટલુક વર્ણન પણ પૂર્વની જેમ જાણવું.

૮) વિશેષ-અનિવૃત્તિકરણના પ્રથમ નવમા ભાગમાં સ્થાવર સૂક્ષ્મ તિર્યંચદ્વિક, નરકદ્વિક આતપી ઉદ્યોત જાતિચતુષ્ક સાધારણ એ તેર નામ કર્મની અને થિણદ્ધિ ત્રિક એમ ૧૬ પ્રકૃતિનો ઉદ્વલના અને ગુણસંક્રમ વડે સંક્રમાવતો ક્ષય કરે છે અને ઉદયાવલિકાનો સ્તિબુક સંક્રમવડે સંક્રમાવી નાશ કરે છે. તેથી નવમા ગુણસ્થાનકના બીજા ભાગે આઠ કર્મની ૧૨૨ની સત્તા રહે છે.

૯) ત્યાર પછી બીજા ભાગે અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાનાવરણ કષાયને ઉદ્વલના અનુવિધ્ધ ગુણસંક્રમવડે સંક્રમાવતો ઉદયાવલિકા રહિત સર્વ તે કષાયોને સંક્રમાવી નાશ કરે છે અને એક આવલિકા જેટલું બાકી રહે તે સ્તિબુક સંક્રમવડે સંક્રમાવી નાશ કરે છે. તેથી નવમા ગુણ. ના બીજા ભાગના અંતે આઠ કષાયનો ક્ષય થવાથી સર્વ કર્મની ૧૧૪ની સત્તા રહે છે.

૧૦) ત્યારપછી નવનોકષાય અને ચાર સંજ્વલન એમ તેર પ્રકૃતિઓનું અંતરકરાણ કરે છે. તેમાં જે વેદ અને જે કષાયનો ઉદય હોય તેની પ્રથમ સ્થિતિ અંતર્મુહૂર્તની રાખે છે. શેષ ૧૧ પ્રકૃતિઓની પ્રથમસ્થિતિ એક આવલિકા રાખે છે. અંતરકરાણના દલિકનો પ્રક્ષેપવિધિ ઉપશમ શ્રેણીમાં જાણાવ્યા પ્રમાણે સમજવો.

૧૧) એક સ્થિતિઘાતના કાળમાં અંતરકરાણની ક્રિયા પૂર્ણ કરે છે. એટલે કે નવો સ્થિતિઘાત નવો સ્થિતિબંધ અને અંતરકરાણની ક્રિયા સાથે શરૂ થાય છે અને સાથે પૂર્ણ થાય છે. એટલે એક સ્થિતિઘાતના પ્રમાણવાળા અંતર્મુહૂર્તમાં અંતરકરાણ કરે છે.

૧૨) અંતરકરાણની ક્રિયા પૂર્ણ થયા પછી નપુંસક વેદને વિશેષે કરીને ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમવડે સંક્રમાવી નાશ કરે છે.

જો કે અપૂર્વકરાણથી અશુભઅબધ્યમાન પ્રકૃતિઓનો ઉદ્વલના સહિત ગુણસંક્રમ શરૂ થઈ જાય છે. તો પણ જેનો પ્રથમ ક્ષય કરવાનો હોય તેનો વિશેષ પ્રમાણમાં ઉદ્વલના સહિત ગુણસંક્રમ કરે છે.નપુંસક વેદના ઉદયે શ્રેણી ન ચડ્યો હોય તો તેની પ્રથમ સ્થિતિ એક આવલિકા હોય, તેને સ્તિબુક સંક્રમવડે સંક્રમાવી નાશ કરે છે.

૧૩) આ રીતે નપું.ની સત્તાનો ક્ષય થયે છતે મોહનીયની ૧૨ ની સત્તા રહે છે અને આઠ કર્મની ૧૧૩ ની સત્તા રહે છે.

૧૪) નપુંસક વેદની જેમ સ્ત્રીવેદનો પણ અંતર્મુહૂર્ત કાળે ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમ વડે ક્ષય કરે છે. ત્યારે મોહનીયની ૧૧ અને સર્વ કર્મની ૧૧૨ ની સત્તા હોય છે.

૧૫) ત્યાર પછીથી હાસ્યાદિ છ અને પુરૂષવેદનો ક્ષય કરવા માંડે છે. તે વખતે પુરૂષ વેદની પ્રથમ સ્થિતિનો ઉદયવતી હોય તો ભોગવીને નાશ કરે છે.

૧૬) તેની પ્રથમ સ્થિતિ બે આવલિકા શેષ હોય ત્યારે આગાલ વિચ્છેદ થાય છે. એટલે કે બીજી સ્થિતિમાંથી દલિયા લાવી ઉદયાવલિકામાં નાખતો નથી.

૧૭) તેમજ પ્રથમ સ્થિતિ સમયન્યૂન બે આવલિકા શેષ હોતે છતે પુરૂષવેદ અપતદ્ગ્રહ થાય છે. એટલે હાસ્યાદિના બીજી સ્થિતિના ઉવેલાતા દલિયા પુરૂષવેદમાં ન નાખતાં સંજ્વલન ક્રોધાદિમાં નાખે છે.

૧૮) પુરૂષેદની પ્રથમ સ્થિતિ એક આવલિકા શેષ રહે ત્યારે તેની ઉદીરણા વિચ્છેદ થાય છે. ત્યાર પછી.

૧૯) પ્રથમ સ્થિતિની એક આવલિકા ભોગવાયે છતે પુરૂષવેદના બંધ ઉદય વિચ્છેદ થાય છે. તે સમયે હાસ્યાદિ નો સંપૂર્ણ ક્ષય થાય છે અને પુરૂષ વેદ સમયન્યૂન બે આવલિકામાં બંધાયેલ સિવાય બધું ક્ષય થાય છે. પુરૂષવેદની સત્તાને તે તેટલા કાળે સં. ક્રોધની સાથે ઉદ્વલના સહિત ગુણ સંક્રમ વડે અને છેલ્લે સર્વ સંક્રમ વડે ક્ષય કરે છે.

૨૦) જે પુરૂષવેદનો બંધ અને ઉદય વિચ્છેદ થયો ત્યારથી મુખ્યતયા સં. ક્રોધ ને ક્ષય કરવા માંડે છે. સં. ક્રોધના દ્વિતીય સ્થિતિ ગત દલિકને નાશ કરતો અને પ્રથમ સ્થિતિને અંતર્મુહૂર્ત કાળ સુધી ભોગવે છે અને તે ભોગવતો આત્મા સં. ક્રોધના વેદવાના અંતર્મુહૂર્તના કાળના ત્રણ ભાગ કરે છે. અર્થાત્ અંતર્મુહૂર્તમાં ત્રણ કાર્ય થાય છે. (૧) અશ્વકરણ કરણાદ્ધા (૨) કિટ્ટી કરણાદ્ધા અને (૩) કિટ્ટી વેદનાદ્ધા

૨૧) **અશ્વકરણ કરણાદ્ધા-** તેમાં પ્રથમ વિભાગમાં અશ્વકરણ કરણાધ્ધામાં વર્તતો આત્મા અપૂર્વ સ્પર્ધકો કરે છે. તેમજ સમયન્યુન બે આવલિકાના બંધાયેલ પુરૂષવેદને તેટલા કાળે ક્ષય કરે છે. અપૂર્વ સ્પર્ધકોનું વાર્ણન ઉપશમ શ્રેણીમાં જણાવ્યા પ્રમાણે સમજવું. (જુઓ પા. ૪૪૩)

૨૨) કિટ્ટી કરણાદ્ધા - બીજા વિભાગમાં કિટ્ટીઓ કરે તેનું વર્ણન પણ ઉપશમ શ્રેણીમાં બતાવ્યા પ્રમાણે જાણવું. (જુઓ. પા. ૪૪૪)
કિટ્ટીઓ પરમાર્થથી તો અનંતી હોય છે પરંતુ અહીં એક કષાયની ત્રણ ત્રણ કલ્પવી અર્થાત્ એક એક કલ્પેલી કિટ્ટીમાં અનંતી અનંતી કિટ્ટીઓનો સમાવેશ જાણવો.

૨૩) તેમાં પ્રથમ કિટ્ટી (જઘન્ય રસવાળી) ના રસ કરતાં બીજી કિટ્ટીનો રસ અનંત ગુણ. અધિક, તેના કરતાં ત્રીજી કિટ્ટીનો રસ અનંતગુણ અધિક એમ દરેક કષાયમાં સમજવું.

૨૪) ક્રોધના ઉદયમાં શ્રેણી આરંભનારની અપેક્ષાએ એક એક કષાયની ત્રણ હોવાથી ૧૨ કિટ્ટીઓ કરે પરંતુ માનના ઉદયમાં શ્રેણી આરંભનાર ક્રોધની કિટ્ટીઓ ન કરે પરંતુ તેને સ્ત્રીવેદારૂઢ જેમ પુરૂષવેદનો ક્ષય કરે તેમ સં. ક્રોધનો ક્ષય કરે.

૨૫) તે જ રીતે માયાના ઉદયે શ્રેણી આરંભ કરનારને માયા અને લોભની છ કિટ્ટીઓ થાય અને લોભના ઉદયે શ્રેણી આરંભનાર લોભની ત્રણ કિટ્ટીઓ કરે અને સં. ક્રોધ માન, અને માયાનો પુરૂષવેદની જેમ ક્ષય કરે.

૨૬) કિટ્ટી વેદનાદ્ધા- સં. ક્રોધના ઉદયમાં વર્તતો જીવ કિટ્ટી કરણાદ્ધાના પછીના સમયથી

દ્વિતીય સ્થિતિમાં રહેલ સં. ક્રોધની પ્રથમ કિટ્ટીના દલિયા આકર્ષીને પ્રથમ સ્થિતિ રૂપે અંતર્મુહૂર્ત પ્રમાણે ગોઠવે અને તેની એક આવલિકા બાકી રહે ત્યાં સુધી ભોગવે.

૨૭) ત્યારબાદ બીજી સ્થિતિમાંથી બીજી કિટ્ટીના દલિક આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે અંતર્મુહૂર્ત પ્રમાણ ગોઠવે અને એક આવલિકા બાકી રહે ત્યાં સુધી ભોગવે.

૨૮) બીજી કિટ્ટીના પ્રથમ સ્થિતિરૂપ ગોઠવેલ દલિકને ભોગવતો પ્રથમ કિટ્ટીની એક આવલિકા શેષ છે. તેને પણ તેની સાથે સંક્રમાવી ભોગવે.

૨૯) બીજી કિટ્ટીની પ્રથમ સ્થિતિરૂપે કરેલ દલિકની એક આવલિકા શેષ રહે ત્યાં ત્યારે ત્રીજી કિટ્ટીના દલિયા આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે અંતર્મુહૂર્ત પ્રમાણ ગોઠવે અને એક આવલિકા બાકી રહે ત્યાં સુધી ભોગવે.

તેની સાથે બીજી કિટ્ટીની એક આવલિકા શેષ છે તે પણ સંક્રમાવી ભોગવે.

૩૦) આમ ત્રણ કિટ્ટીને ભોગવવાના કાળ દરમ્યાન સં. ક્રોધની બીજી સ્થિતિમાં રહેલ દલિયાને ઉદ્વલના સંક્રમવડે સંક્રમાવે.

ત્રીજી કિટ્ટીની પ્રથમ સ્થિતિ એક આવલિકા શેષ રહે ત્યારે.

૩૧) સં. ક્રોધના બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ થાય છે. તે વખતે પ્રથમ સ્થિતિમાં રહેલ એક આવલિકા અને દ્વિતીય સ્થિતિમાં નવું બંધાયેલ સમય ન્યૂન આવલિકા સિવાયનું બધું ક્ષય થઈ જાય છે.

૩૨) જે સમયે ક્રોધના બંધાદિ વિચ્છેદ થાય છે. તેના પછીના સમયથી સંજ્વ. માનની દ્વિતીય સ્થિતિમાંથી પ્રથમ કિટ્ટીરૂપ દલિયા આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે ગોઠવે છે અને ભોગવે છે. તેની સાથે સં.ક્રોધનું પ્રથમ સ્થિતિનું ત્રીજી કિટ્ટીનું એક આવલિકા બાકી છે તેને સ્તિબુક સંક્રમવડે પ્રથમ સ્થિતિમાં સંક્રમાવી નાશ કરે છે. અને દ્વિતીય સ્થિતિમાં રહેલા સં. ક્રોધના દલિયાને બે સમય ન્યૂન બે આવલિકા કાળે ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમવડે સંક્રમાવી ચરમ સમયે સર્વ સંક્રમ વડે સંક્રમાવે છે અને સંપૂર્ણ ક્ષય થાય છે.

૩૩) સં. માનની પ્રથમ સ્થિતિ રૂપ કરેલ પ્રથમ કિટ્ટી એક આવલિકા શેષ રહે ત્યારે સં. માનની બીજી સ્થિતિમાંથી બીજી કિટ્ટીના દલિકને આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપ કરે અને આવલિકા શેષ રહે ત્યાં સુધી વેદે.

ત્યાર પછી ત્રીજી કિટ્ટીને પ્રથમ સ્થિતિ રૂપે કરે અને વેદે.

૩૪) અહિં પ્રથમ સ્થિતિની પ્રથમ કિટ્ટીની એક આવલિકા,બીજી કિટ્ટી સાથે ભોગવાય. બીજી કિટ્ટીની એક આવલિકા ત્રીજી કિટ્ટી સાથે ભોગવાય અને ત્રીજી કિટ્ટીની પ્રથમ સ્થિતિની આવલિકા સં. માયાની પ્રથમ કિટ્ટી સાથે સ્તિબુક સંક્રમવડે સંક્રમાવી ભોગવે છે.

૩૫) સં. માનની ત્રણે કિટ્ટીઓને ભોગવતો તેના દ્વિતીય સ્થિતિમાં રહેલા દલિયાને ઉદ્વલના સંક્રમવડે સંક્રમાવી નાશ કરે.

૩૬) સં. માનની ત્રીજી કિટ્ટીની એક આવલિકા બાકી હોય ત્યારે સં. માનના બંધ-ઉદય ઉદીરણા વિચ્છેદ થાય.

૩૭) પ્રથમ સ્થિતિમાં ત્રીજી કિટ્ટીનું એક આવલિકા અને બીજી સ્થિતિમાં રહેલું સમયન્યૂન બે આવલિકાનું બંધાયેલ સિવાયનું સં. માનનું બધું દલિયુ ક્ષય થઈ જાય છે.

૩૮) અનંતર સમયથી સં. માયાની દ્વિતીય સ્થિતિમાં રહેલ પ્રથમ કિટ્ટીના દલિકને આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપ કરે અને અંતર્મુહૂર્ત પર્યંત એક આવલિકા શેષ રહે ત્યાં સુધી વેદે. તેની સાથે સં. માનની પ્રથમ સ્થિતિ એક આવલિકા શેષ રહેલ છે. તેને માયામાં સ્તિબુક સંક્રમવડે સંક્રમાવી ભોગવે. અને સં. માનની દ્વિતીય સ્થિતિનું સમયન્યૂન બે આવલિકામાં બંધાયેલ નવુ દલિક બાકી છે તેને તેટલા કાળે ઉદ્વલના અનુવિધ્ધ ગુણ સંક્રમ વડે સંક્રમાવી ચરમ સમયે સર્વ સંક્રમ વડે સંક્રમાવે છે અને નાશ કરે છે.

૩૯) સં. માયાની પ્રથમ કિટ્ટી એક આવલિકા શેષ રહે ત્યારે બીજી કિટ્ટીનું દલિક આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે કરે અને વેદે. તેની એક આવલિકા શેષ રહે છતે ત્રીજી કિટ્ટીના દલિકને આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે કરે અને વેદે, સં. માયાની પ્રથમ સ્થિતિમાં શેષ રહેલ પ્રથમ કિટ્ટીની આવલિકાને બીજી કિટ્ટી સાથે બીજી કિટ્ટીની શેષ આવલિકાને ત્રીજી કિટ્ટી સાથે અને ત્રીજી કિટ્ટીની શેષ આવલિકાને સં. લોભની પ્રથમ કિટ્ટીમાં સ્તિબુક સંક્રમ વડે સંક્રમાવી નાશ કરે.

૪૦) સં. માયાની ત્રણે કિટ્ટીઓને ભોગવતો સં. માયાની બીજી સ્થિતિમાં રહેલા દલિયાને ઉદ્વલના સંક્રમ વડે નાશ કરે.

ત્રીજી કિટ્ટીનું પ્રથમ સ્થિતિનું એક આવલિકા અને સમયન્યૂન બે આવલિકામાં બંધાયેલ સિવાય સં. માયાનું સર્વ દલિક નાશ થાય છે.

૪૧) સં. માયાની ત્રીજી કિટ્ટીની પ્રથમ સ્થિતિમાં એક આવલિકા શેષ રહે ત્યારે સં. માયાના બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ થાય.

૪૨) ત્યારથી સં. લોભની દ્વિતીય સ્થિતિમાં રહેલ પ્રથમ કિટ્ટીના દલિયાને આકર્ષીને પ્રથમ સ્થિતિ રૂપે કરે અને એક આવલિકા શેષ રહે ત્યાં સુધી અંતર્મુહૂર્ત પર્યંત વેદે છે.
તેની સાથે સં. માયાની ત્રીજી કિટ્ટીની એક આવલિકાને પણ સ્તિબુક સંક્રમ વડે સંક્રમાવી નાશ કરે અને સમયન્યૂન બે આવલિકાનું બંધાયેલ દલિકને તેટલા કાળે ઉદ્વલના સહિત સંક્રમ વડે સંક્રમાવતો ચરમ સમયે સર્વ સંક્રમ વડે સંક્રમાવી નાશ કરે.

૪૩) સં. લોભની પ્રથમ સ્થિતિમાં પ્રથમ કિટ્ટીની એક આવલિકા બાકી રહે ત્યારે બીજી કિટ્ટીના દલિકને આકર્ષીને પ્રથમ સ્થિતિ રૂપે કરે અને એક આવલિકા બાકી રહે ત્યાં સુધી અંતર્મુહૂર્ત પર્યંત વેદે.

૪૪) બીજી કિટ્ટીને વેદતો જીવ બીજી સ્થિતિમાં રહેલ ત્રીજી કિટ્ટીની સૂક્ષ્મ કિટ્ટીઓ કરે તે યાવત્ અનિવૃત્તિના ચરમ સમય સુધી કિટ્ટીઓ કરે છે.

૪૫) **સૂક્ષ્મ કિટ્ટીઓ**- અહિં પરિણામની અત્યંત વિશુદ્ધિ હોવાથી પ્રથમ સં. કષાયની જે બાર કિટ્ટીઓ કરી છે તેના કરતાં પણ અતિ ઘણા ઓછા રસવાળી અને વર્ગણાનો એકોત્તેર વૃધ્ધિના ક્રમને તોડીને વર્ગણાના દલિયાના રસને અનંત ગુણ હીન રસવાળા કરે. ચુર્ણ રૂપે. એટલે અતિ અલ્પ રસવાલા એકોન્તેર વૃદ્ધિના ક્રમ રહિત સં. લોભના દલિયાને બનાવવા તે સૂક્ષ્મ કિટ્ટી કહેવાય.

૪૬) સં. લોભની બીજી કિટ્ટીની એક આવલિકા બાકી રહે છતે.
૧) બા. સં. લોભનો ઉદય વિચ્છેદ થાય (૨) લોભનો બંધ વિચ્છેદ થાય (૩) સૂક્ષ્મ કિટ્ટીઓ કરવાનું કાર્ય પૂર્ણ થાય (૪) અનિવૃત્તિ ગુણ. પૂર્ણ થાય.

૪૭) અનન્તર સમયે બીજી સ્થિતિમાં રહેલ સૂક્ષ્મ કિટ્ટીઓ આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે કરે અને ઉદય-ઉદીરણાવડે ભોગવે તે વખતે જીવ સૂક્ષ્મસંપરાય કહેવાય.

૪૮) સૂક્ષ્મ કિટ્ટીઓને વેદતો સૂક્ષ્મસંપરાયે વર્તતો જીવ સં. લોભની બીજી કિટ્ટીની એક આવલિકા શેષ છે તેને સ્તિબુક વડે સંક્રમાવી સૂક્ષ્મ કિટ્ટીઓની સાથે ભોગવી નાશ કરે.
તેમજ અહિં સૂક્ષ્મ કિટ્ટીઓને ભોગવતો સં. લોભને બીજે ક્યાંય નહીં સંક્રમાવતો હોવાથી સ્થિતિઘાતાદિ વડે નવા બંધાયેલ લોભને અને નહિ ઉદયમાં આવતી સૂક્ષ્મ કિટ્ટીઓને નાશ કરવાનું પણ કરે છે.

૪૯) સૂક્ષ્મ સંપરાય ગુણ.નો એક સંખ્યાતમો ભાગ શેષ હોતે છતે શેષ સં. લોભને સર્વ અપવર્તનાવડે અપવર્તાવી દસમા ગુણ. ના કાળ જેટલો કરે છે.

૫૦)ત્યાર પછી સૂક્ષ્મ કિટ્ટીઓને ઉદય ઉદીરણાવડે ભોગવતો દસમા ગુણની એક આવલિકા શેષ રહે ત્યારે ઉદીરણા વિચ્છેદ થાય છે. કારણ કે માત્ર આવલિકા જેટલું જ કર્મ હોવાથી ઉદીરણા થાય નહીં.

૫૧)ચરમ આવલિકાને ઉદય વડે ભોગવી નાશ કરે છે

૫૨)અહિં દશમા ગુણ. ના ચરમ સમયે (૧) સં. લોભનો ઉદય વિચ્છેદ થાય છે. (૨) દસમું ગુણસ્થાન પૂર્ણ થાય છે. (૩) મોહનીયનો ઉદય વિચ્છેદ થાય છે. (૪) જ્ઞાનાવરણીય આદિ ૧૬ પ્રકૃતિનો બંધ વિચ્છેદ થાય છે.

૫૩)અનન્તર સમયે ક્ષણમોહ ગુણ. ને પ્રાપ્ત કરે છે જ્યાં મોહનીય કર્મનો ઉદય અને સત્તા હોય નહીં.

આ રીતે ક્ષપક શ્રેણી પ્રાપ્ત કરનાર ક્ષીણ મોહ. ગુણ માં અંતર્મુહૂર્ત રહે છે. અહીં આ ગુણસ્થાનકના સંખ્યાતા ભાગ જાય ત્યાં સુધી જ્ઞાનાવરણીય વિગેરેના સ્થિતિઘાતાદિ પ્રવર્તે છે અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે ૧ જ્ઞાનાવરણીય, ૨ દર્શનાવરણીય, ૩ અંતરાય કર્મના સ્થિતિઘાતાદિક વિરામ પામે. શેષ અઘાતી પ્રકૃતિના પ્રવર્તે, નિદ્રાદ્વિક હીન ચૌદ પ્રકૃતિ ઉદય-ઉદીરણાએ કરીને સમયાધિક આવલિકા માત્ર શેષ રહે, ત્યાં સુધી વેદે. તે પછી ઉદીરણા અટકી જાય. એટલે કે છેલ્લી આવલિકા માત્ર ઉદય વડે જ ભોગવીને નાશ કરે. એમાં દ્વિચરમ સમયે નિદ્રાદ્વિકનો સ્વરૂપસત્તાની અપેક્ષાએ ક્ષય થાય અને ચરમ સમયે જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪, અને અંતરાય-૫, આ ચૌદ પ્રકૃતિઓનો ક્ષય થાય તદનંતર સમયે જ જીવ કેવળજ્ઞાન કેવલદર્શન પામે અર્થાત સયોગી કેવલી ગુણઠાણું પામે.

સયોગી કેવલી ગુણઠાણે જઘન્યથી અંતમુર્હૂર્ત અને ઉત્કૃષ્ટથી નવ વર્ષ ન્યૂન (દેશોન) પૂર્વ ક્રોડ વર્ષ રહે. છેલ્લું અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે ત્યારે કેટલાક કેવલી સમુદ્‌ઘાત કરે. કહ્યું છે કે

यः षण्मासाधिकायुष्को, लभते केवलं ध्रुवं।
करोत्यसौ समुद्‌धातमन्ये, कुर्वन्ति वा न वा ॥

જે છ મહિના કે તેથી અધિક શેષ આયુષ્યવાળા કેવળજ્ઞાન પ્રાપ્ત કરે તે સમુદ્‌ઘાત નિશ્ચે કરે, બીજા કરે અથવા ન કરે.

વેદનીયાદિ અને આયુઃકર્મની વર્ગણા અધિક ઓછી-વિષમ હોય તે સમ કરવાને કાજે સમુદ્‌ઘાત કરે. તે સમુદ્‌ઘાત આઠ સમયનો હોય છે. **પ્રથમ સમયે** આત્મપ્રદેશોનો અધઃ ઉર્ધ્વ

લોકના છેડા લગે દંડ કરે. **બીજે સમયે** પૂર્વાપર લોકાંત લગે કપાટ કરે. **ત્રીજે સમયે** દક્ષિણોત્તર લોકાંત લગે આત્મપ્રદેશ વિસ્તારીને મંથાનરૂપ કરે. **ચોથે સમયે** અંતર પૂરીને સમગ્ર લોકવ્યાપી થાય. **પાંચમે સમયે** આંતરા સંહરે. **છઠ્ઠે સમયે** મંથાન સંહરે. **સાતમે સમયે** કપાટ સંહરે અને **આઠમે સમયે** દંડ પણ સંહરીને શરીરસ્થ થાય. તેમાં પહેલે-આઠમે સમયે ઔદારિક કાયયોગી હોય. બીજે-છઠ્ઠે-સાતમે સમયે ઔ. મિશ્ર યોગી હોય અને ત્રીજા, ચોથા પાંચમા સમયે કાર્મણ કાર્યયોગી હોય છે અને આ ત્રણ સમયે અણાહારીપણું હોય છે. અહીં ઘણો વિસ્તાર છે પણ તે પંચસંગ્રહાદિ ગ્રંથાન્તરથી જાણવો. (ઉપર કહ્યા પ્રમાણે કેવલી સમુદ્‌ઘાત બધા કેવલી ન કરે)

કેવલી સમુદ્‌ઘાત કર્યા, પૂર્વે અંતર્મુહૂર્ત કાળ પ્રમાણે આવર્જિતકરણ કરે. અર્થાત્ મન-વચન-કાયાના અતિ શુભ વ્યાપાર ઘણા કર્મોને સત્તામાંથી દૂર કરે. આ કાર્ય બધા જ કેવલી કરતા હોવાથી તેને **'આવશ્યકકરણ'** અથવા **આયોજિકાકરણ** પણ કહે છે. કેવલી સમુદ્‌ઘાત પછી સયોગી કેવલી ભવોપગ્રાહી કર્મ ક્ષય કરવાને માટે લેશ્યાતીત (અત્યંત અપ્રકંપ, પરમનિર્જરાનું કારણભૂત) ધ્યાન સ્વીકારવા ઇચ્છતા, યોગનિરોધ કરવા માંડે તેમાં પ્રથમ બાદર કાયયોગે કરીને બાદર મનોયોગ રૂંધે, તે પછી બાદર કાયયોગ વડે જ બાદર વચન યોગ રૂંધે અને ત્યાર પછી સૂક્ષ્મ કાયયોગ વડે બાદર કાયયોગને રૂંધે. ત્યાર પછી સૂક્ષ્મ કાયયોગ વડે જ સૂક્ષ્મ મનોયોગ રૂંધે અને પછી સૂક્ષ્મ કાયયોગ વડે જ સૂક્ષ્મ વચનયોગ રૂંધે. સૌથી છેલ્લે સૂક્ષ્મ કાયયોગને પણ રૂંધતા સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ નામનું ત્રીજું શુકલધ્યાન ધ્યાવે. આ ધ્યાનના સામર્થ્યથી મુખ-નાસિકા ઉદર વિગેરે શરીરના સર્વ પોલાણ ભાગોને પૂરીને દેહનો ત્રીજો ભાગ સંકુચીને સ્વશરીરના ૨/૩ ભાગ પ્રમાણ આત્મા બને. આ ધ્યાને જ વર્તતો થકો સ્થિતિઘાતાદિક વડે આયુઃ વિના ત્રણ કર્મ સયોગિ કેવલીના ચરમ સમય લગે અપવર્તવે ચરમ સમયે સર્વ કર્મ અયોગી અવસ્થાની સ્થિતિ સમાન સ્થિતિનાં થાય. એમાંથી પણ જે કર્મનો અયોગી અવસ્થાએ ઉદય નથી તેની સ્થિતિ એક સમય ઉણી કરે. સયોગી ગુણઠાણાના ચરમ સમયે બેમાંથી કોઇ એક વેદનીય, ઔદારિક-તૈજસ-કર્મણ શરીર, છ સંસ્થાન, પ્રથમ સંઘયણ, ઔદારિકાંગોપાંગ, વર્ણચતુષ્ક, અસ્થિર, વિહાયોગતિ દ્વિક, પ્રત્યેક શુભ, અશુભ દુઃસ્વર, સુસ્વર, નિર્માણ આ ત્રીસ પ્રકૃતિનો ઉદય-ઉદીરણા વિરામ પામે

તદનંતર સમયે જીવ અયોગી કેવળી ગુણઠાણું પામે છે. તેનો કાળ પાંચ હ્રસ્વાક્ષર ઉચ્ચાર પ્રમાણ-અંતર્મુહૂર્ત માત્ર હોય છે. વળી, સૂક્ષ્મક્રિયા ધ્યાન પૂર્ણ કરીને વ્યુપરતક્રિયાઅનિવૃત્તિ

નામે ચોથું શુકલધ્યાન ધ્યાવે છે. સાથે સાથે સ્થિતિઘાતાદિક રહિત, અનુદયવંત કર્મને વેધમાન પ્રકૃતિમાં સ્તિબુક સંક્રમ વડે સંક્રમાવીને વેદતાં અયોગી ગુણઠાણાના દ્વિચરમ સમય પર્યંત જાય.

અયોગી ગુણઠાણાના દ્વિચરમ સમયે દેવગતિ, દેવ-મનુષ્યાનુપુર્વી, ૫ શરીર, ૩ અંગોપાંગ, ૫ બંધન, ૫ સંઘાતન, ૬ સંઘયણ, ૬ સંસ્થાન, વર્ણાદિ ૨૦, બન્ને વિહાયોગતિ, પરાઘાત, ઉપઘાત, અગુરૂલઘુ, ઉચ્છ્વાસ, નિર્માણ, પ્રત્યેક, અપર્યાપ્ત, સ્થિર, અસ્થિર શુભ, અશુભ, સુસ્વર, દુઃસ્વર, દુર્ભગ, અનાદેય, અપયશ, નીચગોત્ર અને બેમાંથી કોઈપણ એક વેદનીય આમ કુલ ૭૩ પ્રકૃતિઓ સત્તામાંથી સંપૂર્ણપણે ક્ષય પામે છે.

હવે અયોગી ગુણઠાણાના ચરમ સમયે કુલ ૧૨ પ્રકૃતિઓ રહી છે તેમાં નામકર્મની નવ તે આ પ્રમાણે-મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સુભગ, આદેય, યશ અને તીર્થંકર નામકર્મ તથા બેમાંથી એક વેદનીય ઉચ્ચગોત્ર અને મનુષ્યાયુ આ ૧૨ પ્રકૃતિઓ ઉદયવતી છે માટે તેને વેદતો ક્ષય કરે છે. જે જીવોએ તીર્થંકર નામ કર્મ બાંધ્યું જ નથી અર્થાત્ તીર્થંકર સિવાયના જીવો જિનનામ વિનાની ૧૧ પ્રકૃતિઓ વેદે છે અને સત્તામાંથી ક્ષય કરે છે અને અનંતતર સમયે જ મોક્ષ ગતિને પામે છે.

અહીં કેટલાક એમ માને છે કે ગતિ અને આનુપૂર્વી બન્ને સાથે જ હોય અને સાથે જ જાય. અહીં મનુષ્યગતિ છે માટે મનુષ્યાનુપૂર્વી છે. એટલે કે ૧૨ નહિં પણ તેર પ્રકૃતિઓ ઉદયમાં છે અને આ ૧૩ પ્રકૃતિઓ ચરમસમયે એક સાથે ક્ષય થાય છે. આ અહિં મનુષ્યાનુપૂર્વી વિષેનો મતાંતર જાણવો.

આ રીતે અહીં આઠે કર્મનો ઉત્તર પ્રકૃતિ સહિતનો ક્ષય વિધિ કહીને ક્ષપક શ્રેણીનું વર્ણન પૂર્ણ થયું.

સર્વ કર્મ ક્ષય થયા પછી અનંતર સમયે પૂર્વ પ્રયોગાદિ અથવા તથાસ્વભાવે જીવ ઉર્ધ્વગતિ કરે છે અને સાતરાજ ઉપર સિધ્ધશિલાની ઉપર લોકાંતે સ્થિર થાય છે. ઇત્યાદિ વાર્ણન અન્ય ગ્રંથથી જાણી લેવું.

કર્મ ક્ષય થયા પછી જીવ કેવું સુખ અનુભવે છે. તે કહે છે.

अह सुइअसयलजगसिहर-मरुअनिरुवमवहाससिद्धिसुहं।
अनिहणमव्वाबाहं, तिरयणसारं अणुहवंति ॥ ८८ ॥

કર્મ ક્ષય થયા પછી એકાંત શુદ્ધ, સંપૂર્ણ, સાંસારિક સુખના શિખર તુલ્ય, રોગરહિત,

ઉપમારહિત, સ્વાભાવિક નાશરહિત, બાધા (પીડા) રહિત,ત્રણ રત્નના સારભૂત મોક્ષ સુખને અનુભવે છે.

સિધ્ધ ભગવંતો રાગ દ્વેષાદિ દોષ રહિત છે માટે શુદ્ધ, સકળ છે માટે સંપૂર્ણ, સર્વોત્તમ-સર્વથી અધિક છે માટે શારીરિક સુખના શિખર તુલ્ય, રોગ તો શરીરને હોય અને મુક્તિમાં શરીરજ નથી માટે રોગરહિત, સિદ્ધિસુખ જેવું સંસારમાં કોઈ જ તત્ત્વ નથી કે જેથી ઉપમા આપી શકાય માટે નિરૂપમ, વૈભાવિક વિકારો સર્વથા નાશ પામ્યા છે માટે સ્વાભાવિક અને સાંસારિક સુખની જેમ કૃત્રિમ નથી માટે સ્વાભાવિક, ક્યારે અંત નથી માટે અનિધન, રાગ-દ્વેષાદિક જે સુખનો બાધક છે. તેનો સર્વથા ક્ષય થયો હોવાથી અવ્યાબાધ અને જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપી ત્રણ રત્ન, તેની આરાધનાનું ફળભૂત હોવાથી ત્રણ રત્નના સાર સમાન આવા સિદ્ધિ સુખને કર્મરહિત થયેલા તે સિદ્ધભગવંતો અનુભવે છે.

ઉપસંહાર

दुरहिगम-निरुण - परमात्थ - सुफरबहुभंग दि ट्ठि थयाओ।
अत्थाअणुसरिअव्वा, वधोदयसंतकम्माळं ॥८९॥

દુઃખે જાણી શકાય એવા સૂક્ષ્મબુદ્ધિને ગમ્ય, યથાસ્થિત અર્થવાળા, આનંદકારી અને બહુભાંગા છે જેને વિષે એવા દૃષ્ટિવાદ સૂત્ર થકી, બંધ, ઉદય અને સત્તાકર્મના વિશેષ અર્થો જાણવા. ॥૮૯॥

આ વિષયને વિશેષથી જાણવા ઈચ્છનાર વ્યક્તિ પ્રત્યે પૂજ્ય આચાર્ય ભગવંત કહે છે કે દુરધિગમ-ગંભીર અર્થવાળા, નિપુણ=સૂક્ષ્મબુદ્ધિથી જાણાય તેવા, વાસ્તવિક અર્થવાળાસૂક્ષ્મ-સૂક્ષ્મતરાર્થ જાણવામાં કુશળ આત્માઓને આનંદકારી અને ઘણા ભાંગા=વિકલ્પો બતાવ્યા છે જેમાં એવા દૃષ્ટિવાદ નામના બારમાં અંગમાંથી અહીં વિષય લીધો છે. માટે જે આત્માઓને બંધ-ઉદય-સત્તા વિશે વિસ્તારથી જાણવું હોય તેમાગે બારમું અંગ ભણવું... તેમાંથી તત્ત્વ જાણવું.

जो जत्थ अपडिपुन्नो, अत्थो अप्पागमेण बद्धोत्ति।
तं खमिऊण बहुसुआ, पुरेऊणं परिकहंतु ॥९०॥

અલ્પશ્રુતવાળા એવા મેં જ્યાં જે અપૂર્ણ અર્થ રચ્યો હોય તે ક્ષમા કરીને બહુશ્રુતો (તે તે અર્થની ગાથા) મેળવીને રૂડે પ્રકારે પ્રતિપાદન કરે.

આ ગાથામાં આચાર્યશ્રી પોતાની નમ્રતા બતાવતાં કહે છે ક આ સપ્તતિકા ગ્રંથને વિષે જે જ્યાં બંધ-ઉદય-સત્તાને વિષે અપરિપૂર્ણ-અલ્પઆગમવંત-અલ્પશાસ્ત્ર જાણ એવા મેં અધૂરો અર્થ કહેવા રૂપ અપરાધ કર્યો હોય તો તે ખમીને, બહુશ્રુત=બહુસિદ્ધાન્ત=આગમના જાણકાર ગીતાર્થ મહાપુરૂષો તે ઉણાશ પૂર્ણ કરીને તે અર્થને જણાવતી ગાથાઓ પ્રક્ષેપીને શિષ્ય આગળ-શ્રોતાજન આગળ પરિ=સામસ્ત્યપણે - પૂર્ણપણે અર્થ કહે.

गाहग्गं सयरीए, चंदमहत्तर-मयाणुसारीए।
टीगाइ-निअमिआणं, एगूणा होइ नऊईओ ॥९१॥

પૂર્વધર એવા શ્રી ચંદ્રમહત્તરાચાર્યના મતને અનુસરવાવાળી સિત્તેર ગાથા વડે આ ગ્રંથ રચાયેલ છે. (તેમાં) ટીકાકારે રચેલી નવી ગાથાઓ ઉમેરતાં નેવ્યાશી થાય છે. ॥૯૧॥

આ સપ્તતિકા ગ્રંથકર્તા શ્રી મહત્તરાચાર્યજીએ તો પૂર્વે ૭૦ જ ગાથાઓ કરી હતી. ૭૦ ને સંસ્કૃતમાં સપ્તતિ કહેવાય છે એટલે ૭૦ ગાથાનો ગ્રંથ તે સપ્તતિકા એવું ગ્રંથનું નામ થયું ત્યાર પછી ટીકાકારે ગ્રંથ દુર્બોધ= કઠીન જાણીને જે જ્યત્થ.... ગાથા નં. ૯૦ માં જણાવ્યા મુજબ ગ્રંથકર્તાની આજ્ઞાથી જ જ્યાં જરૂરી લાગી ત્યાં તેટલી ભાષ્યની ગાથાઓ નવી ઉમેરીને સરળતા કરી. એટલે વચ્ચે વચ્ચે ઉમેરેલી એ ગાથાઓ સહિત સળંગ ક્રમાંક ૯૯ ગાથાઓનો થયો એમ અહીં છેલ્લી ગાથામાં કહે છે.

જો કે અત્યારે આ ગાથા ૯૧મી છે એટલે પાછળથી બીજી પણ ગાથાઓ ઉમેરાઈ હશે. તત્વં તુ કેવલી ગમ્યં.

આ સપ્તતિકાગ્રંથનું વિવરણ કરવામાં જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્ અને સુધારીને વાંચવા વિનંતી.

આત્મશ્રેય પ્રકાશનના ઘર-ઘરમાં લોકપ્રિય બનેલા પ્રાણવાન પ્રકાશનો

- એક મજ્જેની વાર્તા (ધન્યકુમાર ચરિત્ર) રૂા. ૫૦
- એક સરસ વાર્તા (સમરાદિત્ય ચરિત્ર) રૂા. ૮૦
- એક રસમય વાર્તા (રૂપસેન સુનંદા ચરિત્ર) રૂા. ૬૫
- એક મનગમતી વાર્તા (અંજના સુંદરી ચરિત્ર) રૂા. ૬૦
- મહેરામણના મોતી (વિવિધ વાર્તાઓ) રૂા. ૮૦
- નયને તોરણ મોતીના (સાગરદત્ત ચરિત્ર) રૂા. ૮૦
- પાલવે બાંધી પ્રીત (સુરસુંદરી ચરિત્ર) રૂા. ૮૦
- પુણ્યે બાંધી પ્રીત (આરામ શોભા ચરિત્ર) રૂા. ૮૦

લેખક : **મુનિ શ્રી હર્ષશીલવિજયજી**
સંપાદક : **મુનિરાજ શ્રી કુલશીલવિજયજી**

: પ્રકાશક :
આત્મશ્રેય ચેરીટેબલ ટ્રસ્ટ
ઉમેશચન્દ્ર ભોગીલાલ શાહ
C/o. એચ. ભોગીલાલ એન્ડ કંપની,
દુકાન નં. K- ૭/૮, નવમી ગલી,
મંગલદાસ માર્કેટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

આત્મશ્રેય ચેરીટેબલ ટ્રસ્ટ
મુંબઈ-૨.

Designed & Printed by : JAYANT PRINTERY Mumbai-2. Tel.: 22057171